શ્રી પૂંજાભાઈ જૈનગ્રંથમાળા

૧ સુત્તનિપાત એ સુપ્રસિદ્ધ બૌદ્ધ ગ્રંથનો ગુજરાતી અનુવાદ	૧-૦-૦
૨. ભગવાન બુદ્ધના પચાસ ધર્મસંવાદ 'મજ્ઝિમનિકાય'ના પ્રથમ ૫૦ સંવાદો	૧-૦-૦
૩ ભગવાન મહાવીરની ધર્મકથાઓ 'નાયાધમ્મકહાસુત્ત'નો ગુજરાતી અનુવાદ	૧-૦-૦
૪ ભગવાન મહાવીરના દશ ઉપાસકો ઉવાસગદસાસુત્ત નો ગુજરાતી અનુવાદ	૦-૮-૦
૫ જૈનદૃષ્ટિએ બ્રહ્મચર્યવિચાર સ્વતંત્ર નિબંધ	૦-૫-૦
૬ સન્મતિપ્રકરણ મૂળ, ગુજરાતી અનુવાદ, ટિપ્પણો ઇ૦	૧-૮-૦
૭ જિનાગમકથાસંગ્રહ પ્રાકૃત વ્યાકરણ કોશ ટિપ્પણો સાથે	૧-૪-૦
૮ શ્રીમદ્‌ની જીવનયાત્રા શ્રીમદ્ રાજચંદ્રની જીવનકથા	૦-૮-૦
૯ શ્રી રાજચંદ્રનાં વિચાર રત્નો તેમનાં લખાણોમાંથી વિષયવાર તારવેલા ઉતારા	૦ ૧૨ ૦
૧૦ મહાવીરસ્વામીનો સંયમધર્મ શ્રી સૂત્રકૃતાંગસૂત્ર નો છાયાનુવાદ	૧-૦-૦
૧૧ મહાવીરસ્વામીનો આચારધર્મ શ્રી આચારાંગસૂત્ર નો છાયાનુવાદ	૦ ૧૨ ૦
૧૨. બુદ્ધચરિત મૂળ પાલિ ગ્રંથોને આધારે લખેલું પ્રામાણિક જીવનચરિત્ર	૧-૦-૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ અને મુંબઈ ૧

શ્રી પૂંજાભાઈ જૈનગ્રંથમાળા – ૧૩

મહાવીરસ્વામીનો અંતિમ ઉપદેશ

['ઉત્તરાધ્યયનસૂત્ર'નો છાયાનુવાદ]

સંપાદક
ગોપાલદાસ જીવાભાઈ પટેલ

अप्पा चेव दमेयव्वो अप्पा हु खलु दुद्दमो।
अप्पा दन्तो सुही होइ अस्सि लोए परत्थ य॥

પોતાની જાતને જ જીતવી જોઈએ, પોતાની જાત જ જીતવી મુશ્કેલ છે. જેણે પોતાની જાત જીતી છે, તે આ લોકમાં અને પરલોકમાં સુખી થાય છે. [૧ ૧૫]

શ્રી જૈનસાહિત્ય પ્રકાશન સમિતિ
c/o નવજીવન કાર્યાલય
અમદાવાદ

પ્રકાશક ગોપાળદાસ જીવાભાઈ પટેલ,
મંત્રી, શ્રી જૈનસાહિત્ય પ્રકાશન સમિતિ
અમદાવાદ

આવૃત્તિ પહેલી, સન ૧૯૩૭

મુદ્રક [illegible] મગનલાલ દેસાઈ,
મણિ મુદ્રણાલય અમદાવાદ

એક રૂપિયો

ઉપોદ્ઘાત

૧

આ ગ્રંથ જૈન આગમગ્રંથોમાંના 'ઉત્તરાધ્યયનસૂત્ર'નો છાયાનુવાદ છે જૈન આગમગ્રંથોમાં તેને 'મૂલસૂત્ર' કહેવાતા વિભાગમાં મૂકવામાં આવ્યો છે 'મહાવ્યુત્પત્તિ' ગ્રંથમાં 'મૂલગ્રંથ' શબ્દ 'બુદ્ધના પોતાના શબ્દો' એવા અર્થમાં આપ્યો છે બીજે પણ 'મૂલ' શબ્દ 'એના અર્થમાં વપરાયેલો જોવામાં આવે છે એટલે જૈનોએ પણ 'મૂલ' શબ્દ મહાવીરના પોતાના શબ્દો' એ અર્થમાં વાપર્યો હોય એમ બનવાજોગ છે

ઉપરની માન્યતાને બીજી રીતે પણ ટેકો મળે છે ઉત્તરાધ્યયનસૂત્રના છેલ્લા શ્લોકમાં જણાવ્યું છે કે, "આ પ્રકારે મુમુક્ષુઓને માન્ય એવા ૩૬ ઉત્તમ (ઉત્તર) અધ્યયનો પ્રગટ કરીને જ્ઞાતપુત્ર શ્રીમહાવીર ભગવાન પરિનિર્વાણ પામ્યા, એમ હું કહું છું' [૩૬,૨૬૭] કલ્પસૂત્રના જિનચરિતમાં પણ કહ્યું છે કે, મહાવીર ભગવાન

તેમના છેવટના 'પજ્જુસન' દરમ્યાન પુણ્યના તથા પાપનાં ફળ વર્ણવતા ૫૫ અધ્યયનો અને ૩૬ અણુપૂછ્યા પ્રશ્નોનું વિવરણ કરીને નિર્વાણ પામ્યા 'કલ્પલતા'કાર જણાવે છે કે એ ૩૬ પ્રશ્નોનું વિવરણ એ જ ઉત્તરાધ્યયનસૂત્ર જૈન આગમોમાં '૩૬ અધ્યયનો' અને 'અણુપૂછ્યા પ્રશ્નો' એ બને વિશેષણો લાગુ પડે તેવો બીજો કોઈ ગ્રંથ ન હોવાથી તે માન્યતા સ્વીકારવામાં વાંધો લાગતો નથી ઘણાં આગમોની શરૂઆત એવી રીતે થાય છે કે જંબુસ્વામીએ સુધર્મસ્વામીને પ્રશ્ન પૂછ્યો હોય અને સુધર્મસ્વામી એ પ્રશ્નના જવાબમાં તે આગમ કહી બતાવતા હોય પરંતુ ઉત્તરાધ્યયનમાં તેવું કાંઈ જણાતું નથી તેથી તેના અધ્યયનોને 'અણુપૂછ્યા પ્રશ્નોનું વિવરણ' એવું વિશેષણ બંધબેસતું આવે છે અલબત્ત બીજા સોળમા અને ઓગણત્રીસમા અધ્યયનમા સુધર્મસ્વામીએ જંબુસ્વામીને ઉદ્દેશેલા મનાતા કેટલાક પ્રાસ્તાવિક શબ્દો છે જેમકે श्रुतम् मयायुष्मंस्तेन भगवता एवमाख्यातम्। પરંતુ તે બધું કોઈએ પૂછેલા પ્રશ્નના જવાબમા કહ્યું હોય એવું નથી

આ ઉપરાંત, 'ઉત્તરાધ્યયન નામનો જે અર્થ નીકળી શકે તેમ છે, તે ઉપરથી પણ ઉપરની દલીલને ટેકો મળે છે 'ઉત્તરખંડ ઉત્તરપક્ષ 'ઉત્તરમંત્ર 'ઉત્તરવલ્લી' વગેરે પ્રયોગોમા ઉત્તર શબ્દ પછીનું' છેવટનું' એવા અર્થમાં વપરાયો છે એટલે ઉત્તરાધ્યયનનો અર્થ છેવટનાં — અંતિમ — અધ્યયનો એવો જ થાય 'સૂત્ર' શબ્દ તો જૈનો અને બૌદ્ધો 'શાસ્ત્રમંત્ર'

એવા અર્થમાં જ વાપરે છે તેને અને બ્રાહ્મણોના સૂત્રગ્રંથોની શૈલીને કશી લેવાદેવા નથી

જૈનપરંપરા 'ઉત્તરાધ્યયન'ના વિષયને મહાવીર ભગવાને છેક છેવટે કહ્યો હતો એવું માન્ય રાખે છે પરંતુ 'ઉત્તરાધ્યયન' નામનો અર્થ એ રીતે કરતી નથી નંદીસૂત્રની ટીકામાં કહ્યું છે કે આ અધ્યયનો સર્વ અધ્યયનોના નિગમ – સાર – રૂપ છે" એટલે કે, તે 'ઉત્તર' શબ્દનો અર્થ 'ઉત્તમ' શ્રેષ્ઠ', એવો લે છે 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના ટીકાકારો પણ 'ઉત્તર' શબ્દનો અર્થ એવો જ લે છે પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે, પુસ્તકના કે તેના વિભાગના નામ તરીકે એ શબ્દ 'અંતિમ'—'છેવટનું' એવા જ અર્થમાં વપરાય છે

આ બધી ચર્ચા ધ્યાનમાં ગણી આ અનુવાદનું નામ 'ભગવાન મહાવીરનો અંતિમ ઉપદેશ એવું રાખ્યું છે છતા તે ઉપરથી એવું માનવાની જરૂર નથી કે એ આખું સૂત્ર ભગવાન મહાવીરના જ શબ્દોમાં છે કે, બીજા પણ કોઈ એક જ લેખકની કૃતિ છે ટીકાકારો તો દરેક અધ્યયનને આગળના કે પાછળના અધ્યયન સાથે કેવો સંબંધ છે તે દર્શાવવા તેમના રિવાજ મુજબ પ્રયત્ન કરે છે, પરંતુ ઉપરચોટિયા નજર કરનારને પણ લાગ્યા વિના રહેશે નહિ કે, તેમાં ભિન્ન ભિન્ન બાબતો જુદે જુદે સમયે જુદે જુદે હાથે એકત્રિત થયેલી છે આપણે એ વસ્તુ જરા વિગતથી તપાસીએ

ઉત્તરાધ્યયન સૂત્રનું પ્રયોજન વર્ણવતાં જૂના ગ્રંથોમાં જણાવવામાં આવે છે કે, તેનો હેતુ, 'યુવાન ભિક્ષુને

તેમના છેવટના 'પજ્જુસન' દરમ્યાન પુણ્યના તથા પાપનાં ફળ વર્ણવતા ૫૫ અધ્યયનો અને ૩૬ અણપૂછ્યા પ્રશ્નોનું વિવરણ કરીને નિર્વાણ પામ્યા 'કલ્પસૂત્ર'-કાર જણાવે છે કે એ ૩૬ પ્રશ્નોનું વિવરણ એ જ 'ઉત્તરાધ્યયનસૂત્ર' જૈન આગમોમાં '૩૬ અધ્યયનો અને 'અણપૂછ્યા પ્રશ્નો' એ બને વિશેષણો લાગુ પડે તેવો બીજો કોઈ ગ્રંથ ન હોવાથી તે માન્યતા સ્વીકારવામા વાધો લાગતો નથી ઘણા આગમોની શરૂઆત એવી રીતે થાય છે કે જંબુસ્વામીએ સુધર્મસ્વામીને પ્રશ્ન પૂછ્યો હોય અને સુધર્મસ્વામી એ પ્રશ્નના જવાબમાં તે આગમ કહી બતાવતા હોય પરંતુ ઉત્તરાધ્યયનમાં તેવું કાંઈ જણાતું નથી તેથી તેનાં અધ્યયનોને 'અણપૂછ્યા પ્રશ્નોનુ વિવરણ' એવુ વિશેષણ બંધબેસતું આવે છે અલબત્ત બીજા સોળમા અને ઓગણત્રીસમા અધ્યયનમાં સુધર્મસ્વામીએ જંબુસ્વામીને ઉદ્દેશીને મનાતા કેટલાક પ્રાસ્તાવિક શબ્દો છે જેમકે श्रुतम् मयाऽऽयुष्मंस्तेन भगवता एवमाख्यातम्। પરંતુ તે બધું કોઈએ પૂછેલા પ્રશ્નના જવાબમા કહ્યુ હોય એવુ નથી

આ ઉપરાંત 'ઉત્તરાધ્યયન' નામનો જે અર્થ નીકળી શકે તેમ છે તે ઉપરથી પણ ઉપરની દલીલને ટેકો મળે છે 'ઉત્તરકાંડ' 'ઉત્તરખંડ' 'ઉત્તરગ્રંથ' 'ઉત્તરવર્તી' વગેરે પ્રયોગોમાં 'ઉત્તર' શબ્દ 'પછીનું' 'છેવટનું' એવા અર્થમાં વપરાયો છે એટલે 'ઉત્તરાધ્યયન' નો અર્થ છેવટના — અંતિમ — અધ્યયનો એવો જ થાય 'સૂત્ર' શબ્દ તો જૈનો અને બૌદ્ધો શાસ્ત્રગ્રંથ'

એવા અર્થમા જ વાપરે છે તેને અને બ્રાહ્મણોના સૂત્રગ્રંથોની રીતીને કશી લેવાદેવા નથી

જૈનપરંપરા 'ઉત્તરાધ્યયન'ના વિષયને મહાવીર ભગવાને છેક છેવટે કહ્યો હતો એવુ માન્ય રાખે છે, પરંતુ 'ઉત્તરાધ્યયન' નામનો અર્થ એ રીતે કરતી નથી નંદીસૂત્રની ટીકામા કહ્યુ છે કે "આ અધ્યયનો સર્વ અધ્યયનોના નિગમ – સાર – રૂપ છે" એટલે કે, તે 'ઉત્તર' શબ્દનો અર્થ 'ઉત્તમ' 'શ્રેષ્ઠ', એવો લે છે 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના ટીકાકારો પણ 'ઉત્તર' શબ્દનો અર્થ એવો જ લે છે પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે, પુસ્તકના કે તેના વિભાગના નામ તરીકે એ શબ્દ અંતિમ'—'છેવટનુ' એવા જ અર્થમા વપરાય છે

આ બધી ચર્ચા ધ્યાનમાં રાખી આ અનુવાદનું નામ 'ભગવાન મહાવીરનો અંતિમ ઉપદેશ' એવુ રાખ્યુ છે છતાં તે ઉપરથી એવુ માનવાની જરૂર નથી કે એ આખુ સૂત્ર ભગવાન મહાવીરના જ શબ્દોમાં છે કે, બીજા પણ કોઈ એક જ લેખકની કૃતિ છે ટીકાકારો તો દરેક અધ્યયનને આગળના કે પાછળના અધ્યયન સાથે કેવો સબંધ છે તે દર્શાવવા તેમના રિવાજ મુજબ પ્રયત્ન કરે છે, પરંતુ ઉપરચોટિયા નજર કરનારને પણ લાગ્યા વિના રહેશે નહિ કે, તેમાં ભિન્ન ભિન્ન બાબતો જુદે જુદે સમયે જુદે જુદે હાથે એકત્રિત થયેલી છે આપણે એ વસ્તુ જરા વિગતથી તપાસીએ

ઉત્તરાધ્યયન સૂત્રનું પ્રયોજન વર્ણવતાં જૂના ગ્રંથોમા જણાવવામા આવે છે કે, તેનો હેતુ, 'યુવાન ભિક્ષુને

તેના મુખ્ય કર્તવ્યોનું ભાન કરાવવું ઉપદેશ અને દૃષ્ટાંત વડે ભિક્ષુજીવનની આવશ્યકતા તેના મન ઉપર ઠસાવવી તેના માર્ગમા આવતાં વિઘ્નો અને મુશ્કેલીઓ બાબત તેને સાવચેત કરવો તથા તેને કાંઈક સૈદ્ધાંતિક માહિતી આપવી — એ છે અહીં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે જૈન આગમોમાં ખરેખર જૂના કહી શકાય તેવા આચારાંગ સૂત્રકૃતાંગ, વગેરે ગ્રંથો — કે જેમા ઉત્તરાધ્યયનનો પણ સમાવેશ કરવામાં આવે છે — તે બધામા, પછીના — મુખ્યત્વે ગદ્ય[1] — ગ્રંથોની માફક ભાગ્યે જ કાંઈ ખાસ સૈદ્ધાંતિક કે દાર્શનિક ચર્ચાઓ કે વિવરણો હોય છે પરંતુ ઉત્તરાધ્યયનમા કેટલાંક અધ્યયનો એવા છે કે જેમા માત્ર સૈદ્ધાંતિક માહિતી છે તે જેમકે ૨૪મું ૨૬મું ૨૮મું ૨૯મું, ૩૦મું ૩૧મું ૩૩મું, ૩૪મું અને ૩૬મું આ નવ અધ્યયનોમા માત્ર સૈદ્ધાંતિક બાબતો જ ચર્ચી છે અને તે પણ પછીના આગમગ્રંથોમાં કે આગમગ્રંથોમાં પણ ન ગણાતા ગ્રંથોના લેખકોનાં પુસ્તકોમા (જેવાં કે ઉમાસ્વાતિનુ તત્ત્વાર્થસૂત્ર ') આવતી પરિભાષામા અવગત્ત, બધી બાબતોમાં તે ભાગો પછીના ગ્રંથોના મુદ્દાઓ સાથે નથી જ મળતા આવતા તેમજ તેમનું વિવરણ પણ પછીના ગ્રંથો જેવું છેક દાર્શનિક નથી

---

૧ ઉત્તરાધ્યયનના ૩૬ અધ્યયનોમાથી માત્ર ૨૯ મુ અને ૨૦ અને ૧૬ મા અધ્યયનની શરૂઆતનો ભાગ, તથા છઠ્ઠા અધ્યયનને અંતે થોડી લીટીઓ ગદ્યમા છે બાકીનો બધો ૧૬૪૩ શ્લોકો જેટલો ભાગ પદ્યમા જ છે

હવે, એક વાત તો તરત જ ધ્યાનમાં આવશે કે, માત્ર સૈદ્ધાંતિક મુદ્દાઓ ચર્ચતાં એ અધ્યયનો ગ્રંથના છેવટના ભાગમાં જ એકત્રિત કરવામાં આવ્યા છે[1]

વળી એ પણ એક ધ્યાન ખેંચે તેવી બાબત છે કે, આ છેવટના અધ્યયનો સિવાયના બીજા તમામ અધ્યયનોમાં બીજા આગમ ગ્રંથોનો કે તેમના અસ્તિત્વનો કોઈ પણ ઉલ્લેખ મળી આવતો નથી જ્યારે તે છેવટના અધ્યયનોમાં આગમોના તેમજ તેમાંય કેટલાક પછીના સમયના ગ્રંથોના ઉલ્લેખો છે[2]

---

૧ જો કે તેમનો ક્રમ સળંગ નથી, તેમની વચ્ચે ભિન્ન વિષયવાળા અધ્યયનો વેરાયેલા પડ્યા છે પરંતુ તેવા અધ્યયનોમાંથી માત્ર ૨૫ મું અધ્યયન જ વસ્તુતાએ પ્રાચીન ગણી શકાય તેમ છે, કારણ કે તેમાં સુત્તનિપાત જેવા જૂના બૌદ્ધ ગ્રંથના ફકરાઓ સાથે તદ્દન મળતા આવતા થોડા પણ તરત ધ્યાન ખેંચે તેવા ભાગો છે ૨૭ મું અધ્યયન પણ પ્રાચીન શૈલીનું છે અને તેને ગર્ગ નામના પ્રાચીન ઋષિ સાથે સાંકળવામાં આવ્યું છે ૩૨ મા અધ્યયનમાં પ્રમાદસ્થાનો વિષે સામાન્ય ધાર્મિક ચર્ચા છે, અને ૧૫ મા અધ્યયનમાં ભિક્ષુના જીવન વિષે ઉપયોગી માહિતી છે આ ચાર અધ્યયનો બાદ કરતાં ઉત્તરાધ્યયનનાં ૨૪ થી માંડી અંત સુધીનાં બધાં અધ્યયનો માત્ર સૈદ્ધાંતિક ચર્ચાને લગતાં છે

૨ જુઓ ૨૪,૩ (બાર અંગો વિષે), ૨૮,૨૧ (અંગો અને અંગબાહ્ય ગ્રંથો વિષે), ૨૮,૨૩ (૧૧ અંગો, પ્રકીર્ણો અને દૃષ્ટિવાદ વિષે) ૩૧,૧૩ અને ૧૬ (સૂત્રકૃતાંગના બે ખંડો વિષે), ૩૧,૧૪ (છઠ્ઠા અંગના ૧૯ અધ્યયનો વિષે) ૩૧,૧૭ (દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ અને વ્યવહારસૂત્રના ૨૬ અધ્યયનો વિષે) ૩૧,૧૮ આચારાંગ (પ્રકલ્પ) ના ૨૮ અધ્યયનો વિષે

આ ઉપરથી એટલું તો જરૂર ફલિત થાય છે કે, ઉત્તરાધ્યયન કોઈ એક લેખકની કૃતિ તો નથી જ. શરૂઆતમાં તે ગ્રંથ ધમ્મપદ, સુત્તનિપાત જેવા પ્રાચીન બૌદ્ધ ગ્રંથો જેવો હશે તેમાં તે વખતે સૈદ્ધાંતિક બાબતોનો સમાવેશ નહિ થયો હોય. પરંતુ પછીના વખતમાં તે ગ્રંથને શાસ્ત્રનું કે સિદ્ધાંતગ્રંથનું સ્વરૂપ આપવાના ઇરાદાથી તેમાં તેવી બાબતોવાળા પછીના અધ્યયનો એક સાથે કે જુદે જુદે સમયે ઉમેરવામાં આવ્યાં હશે. તે અધ્યયનોમાં મળી આવતી કેટલીક વિશિષ્ટતાઓ જોતાં તે નવે અધ્યયનો એક જ લેખકની કૃતિ હોય એમ માનવાનું મન થાય છે અને તેમાં આવતા આગમગ્રંથોના ઉલ્લેખો ધ્યાનમાં લઈએ તો એમ પણ કહી શકાય કે શ્વેતાંબરોના આગમગ્રંથોને નિશ્ચિત સ્વરૂપ અપાયા બાદ ઘણે વખતે એ ભાગો ઉમેરવામાં આવ્યા હશે.*

---

* જો કે ચોથા અંગગ્રંથમાં ઉત્તરાધ્યયનનાં ૩૬ અધ્યયનો જણાવવામાં આવ્યાં છે અને કલ્પસૂત્રમાં ૩૬ અણપુછ્યા પ્રશ્નોનો ઉલ્લેખ [illegible] હતા તે ઉલ્લેખો પોતે જ ક્યા સમયના [illegible] એ જ આપણે અત્યારે ચોક્કસ કહી શકીએ તેમ નથી. પરંતુ એટલું જરૂર કહી શકીએ કે, ત્રીજા અને ચોથા અંગમાં આવતી મજકુરીઓ આગમ ગ્રંથોના પ્રાચીનતમ ભાગો — કે જેમાં ઉત્તરાધ્યયનનો પણ સમાવેશ થાય છે — કરતાં તો અર્વાચીન જ [illegible] કલ્પસૂત્ર આચારાંગમાંથી જ ઘણો ભાગ ઉતારી છે એટલે ઉપર જણાવેલા કલ્પસૂત્રના ઉલ્લેખને વસ્તુતાએ પ્રાચીન પરંપરાનો કેટલો ટેકો [illegible], તે કહી શકાય તેમ નથી

એ નવ અધ્યનોને આપણે એક જ લેખકની કૃતિ માનવાની હિંમત કરી પણ શકીએ, પરંતુ તે સિવાયનાં બાકીનાં અધ્યયનોની બાબતમાં તેમ કરી શકાય તેમ નથી તેમાંનાં કેટલાક ઉપદેશાત્મક અધ્યયનો અથવા તેવા અધ્યયનોમાંના ઘણા ભાગો ધમ્મપદ કે સુત્તનિપાત જેવા જૂના બૌદ્ધ ગ્રંથોમાં પણ આપણે કલ્પી શકીએ અલબત્ત તે ભાગોમાં પણ વચ્ચે વચ્ચે કેટલાક ભાગો કે શ્લોકો એવા જરૂર છે કે, જે માત્ર જૈન ગ્રંથોમાં જ મળી આવે એ બધા ધાર્મિક સુભાષિતો કે સૂક્તો બ્રાહ્મણ ગ્રંથોમાં પણ બહુ પ્રચલિત હતાં અને તેમને માત્ર જૈનો કે બૌદ્ધોની જ માલકીનાં ન કહી શકાય બ્રાહ્મણ સંપ્રદાય પણ એ બધા સુભાષિતો કે સૂક્તોમાંથી ઘણાખરાંનો રચયિતા હોવાનો દાવો જરૂર કરી શકે એટલે એ પ્રાચીન ‘ શ્રમણ કાવ્ય ’ કહી શકીએ તેવા ભાગો એક જ લેખકના કે ભગવાન મહાવીરના માનવાને બદલે હિંદુસ્તાનના શ્રમણ સંપ્રદાયોમાં અતિ પ્રાચીન સમયથી ચાલતા આવેલા સામાન્ય વાગ્સારૂપ માનવા જોઈએ હિંદુ શું, બૌદ્ધ શું કે જૈન શું, બધા શ્રમણ સાધુઓએ એ અખૂટ ભંડારમાંથી પોતપોતાની માન્યતાઓને અનુકૂળ થાય એવા ભાગોને પોતપોતાની રીતે સ્વીકાર્યા છે, તેમાંથી પુષ્ટિ મેળવી છે, તથા પાછો તે ભંડાર પોતાના ફાળાથી વધુ સમૃદ્ધ પણ કર્યો છે

એ ધાર્મિક ઉપદેશાત્મક ભાગ ઉપરાંત પ્રાચીન દંતકથાઓવાળો એક જુદો હિસ્સો ઉત્તરાધ્યયનમાં છે ૯ નેમિરાજનો ગૃહત્યાગ ૧૨ હરિકેશબલ ૧૩ ચિત્ર અને સંભૂત (બે હરિજન ભાઈઓ) ૧૪ ઇષુકાર નગરના દેવો,

૧૮ મયન રાજા ૧૯ મૃગાપુત્ર ૨૦ અનાથ મુનિ ૨૧ સમુ પાલ ૨૨ રથનેમિ ૨૩ કેશી અને ગૌતમ અને ૨૫ સાચો યજ્ઞ — એમ તેવાં કુલ ૧૧ અધ્યયનો છે એમાંની કેટલીક દતકથાઓ બ્રાહ્મણ કે બૌદ્ધ ગ્રથોમાં પણ મળી આવે છે એટલે તેમને પણ શ્રમણ ગ્રન્થોની સામાન્ય માલિકીની જ ગણવી જોઈએ પણ તેમાના કેટલાક ભાગો ખાસ જૈન છે અને તેમને તે સપ્રદાયની જ પ્રાચીન દતકથાઓના અગભૂત માનવા જોઈએ ૯ ૧૩, ૧૪ અને ૨૦ મા અધ્યયનની દતકથાઓને પ્રથમ વર્ગની ગણી શકાય અને બાકીનીને ખાસ જૈન ગણી શકાય જો કે તેમાં પણ ૧૯ મા અધ્યયનમાં આવતું નરકનાં દુખોનું વર્ણન બીજે પણ મળી આવે તેમ છે ૨ મા અધ્યયનમા શ્રેણિક રાજા અને યુવાન સાધુની મુલાકાત સુત્તનિપાતના પબ્બજ્જાના સુત્તમાં આવતા વર્ણનને મળતી આવે છે તથા ૨૨ મા અધ્યયનમાના કેટલાક શ્લોકો સુત્તનિપાત કે ધમ્મ પદના શ્લોકોને કાઈક અશે મળતા આવે ■

આ દતકથાઓવાળો ભાગ ઉત્તરાધ્યયન સૂત્રમા પ્રથમ એકત્રિત કરવામાં આવ્યો હશે એમ કહી શકાય પછી તેમા ઉપર જણાવેલો ધાર્મિક ઉપદેશાત્મક ભાગ ઉમેરવામા આવ્યો હશે આમ ધાર્મિક ઉપદેશો તથા પ્રાચીન દતકથાઓ અને કહાણીઓ વાળો ભાગ મળીને મૂળ ઉત્તરાધ્યયનસૂત્ર બન્યુ હશે એ કેટલું જૂનું હશે તે કહેવુ અશક્ય ■ પરતુ પાટલિપુત્રના મધ્યે ઈ સ પૂર્વે ૩૦૦ ના અરસામાં જૈન આગમગ્રથો એકત્રિત કે વ્યવસ્થિત ન્થાં એવી જૈન પરપરા માની લઈએ — કે જે ન માનવાને

આપણી પાસે ખાસ કારણો નથી — તો પછી મૂળ ઉત્તરાધ્યયન સૂત્રને તે સમય જેટલુ જૂનુ તો ગણવુ જ જોઈએ પછીનો સૈદ્ધાંતિક મુદ્દાઓવાળો ભાગ ક્યારે તેમા ઉમેરાયો તે બાબતમા આપણે એટલું જ કહી શકીએ કે, ઈ ■ પ૨૬ના અરસામાં મળેલા વલભીના મ ઘે આગમગ્રથો છેવટના વ્યવસ્થિત કર્યા ત્યારે અત્યારના ઉત્તરાધ્યયનનો ઘણો ખરો ભાગ જરૂર અસ્તિત્વમાં આવી ગયો હશે

એ વાત તો ચોક્કસ કે 'ઉત્તરાધ્યયનસૂત્ર'ની મુખ્ય મહત્તા તેમાં આવેલા ઉપરના પ્રાચીન ભાગોને કારણે જ છે એ ભાગમા જ વિશિષ્ટ જીવન અને સાધનાને વરેલા શ્રમણ સપ્રદાયોએ એકઠી કરેલી કે પછીના સાધકોને માર્ગદર્શન થાય તે માટે સોંપેલી ગાથાઓ અને કથાઓનો સમાવેશ થાય છે જૈન શ્રમણોએ પોતાની કઠોર કે એકાકી સાધનામા જે ગાથાઓ દ્વારા પ્રેરણા અને માર્ગદર્શન મેળવ્યા, તેમજ જે ગાથાઓને પોતાની પાછળ આવનારાઓને માટે તેમણે અમૂલ્ય રત્નોની માફક કાળજીથી સઘરી રાખી અને નષ્ટ ન થવા દીધી, તે ગાથાઓનું આપણને આ ગ્રથમાં દર્શન થાય છે આખા ગ્રથમા કેટલુક અર્વાચીન ભલે હો, પણ તેમાં જે પ્રાચીન છે તે ખરેખર પ્રાચીન છે, અને તે આપણને તેમા જ મળી શકે તેમ છે તે ધાર્મિક ઉપદેશાત્મક ભાગો જ અતિ પ્રાચીન કાળથી જૈન સમાજને આકર્ષતા આવ્યા છે જૈનોના સ્થાનકવાસી અને શ્વેતામ્બર એ બન્ને ફિરકાઓને ઉત્તરાધ્યયન સૂત્ર પૂર્ણ રીતે માન્ય છે, દિગબરો તો બીજા આગમોની પેઠે આ ગ્રથને પણ છોડી બેઠા છે પરતુ વસ્તુતાએ

જોઈએ તો આ ગ્રંથમાં તેમની માન્યતાને પ્રતિકૂળ એવું કાંઈ જ નથી જૈન શું કે જૈનેતર શું, કોઈને પણ અતિ પ્રાચીન કાળના 'શ્રમણકાવ્ય' કહેવાતા તેજસ્વી સાહિત્યનો પરિચય કરવો હોય તો 'ઉત્તરાધ્યયનસૂત્ર' જોતું કર્યે છૂટકો જ નથી

૨

આપણે ઉપર જોઈ આવ્યા કે ઉત્તરાધ્યયનમાં છેવટે કેટલોક સૈદ્ધાંતિક ભાગ સંગ્રહેલો છે એ વિભાગ પોતે ભલે પછીના વખતમાં ઉમેરાયો હો પરંતુ એ વિભાગને મળતી કાંઈક પણ જૂની સૈદ્ધાંતિક પરંપરા તો પહેલા પણ હશે જ એક રીતે એમ જ કહેવું જોઈએ કે, એ સૈદ્ધાંતિક પરંપરાને અનુકૂળ એવા ઉપદેશો અને કથાઓનો જ ઉત્તરાધ્યયનમાં સંગ્રહ છે અને એ દૃષ્ટિએ આખા ઉત્તરાધ્યયનને એક સળંગ ગ્રંથ તરીકે જોવામાં કશો વાંધો નડે તેમ નથી અલબત્ત એ સૈદ્ધાંતિક ભાગ અતિ પારિભાષિક અને અતિ સંક્ષિપ્ત છે ૨૮ મા અધ્યાનમાં તો આખા જૈન સિદ્ધાંતને એક — બે — ત્રણ — ચાર એ પ્રમાણે છઠ સુધીના સંખ્યાનુક્રમ સાથે સાંકળીને રજૂ કર્યો છે તત્ત્વોનું એવું નિરૂપણ પરિભાષા તેમજ આખા સિદ્ધાંત સાથે નિકટનો પરિચય માગી લે છે એટલે એ ભાગ જૈનેતર વાચકને કે શરૂઆતના જૈન અભ્યાસીને પણ નીરસ કે મુશ્કેલ જ લાગવાનો પરંતુ જો જૈન આચાર જૈન સિદ્ધાંતના પાયા ઉપર જ રચાયો હોય — અને વાસ્તવિક રીતે પણ તેમ જ છે — તો વાચકે શરૂઆતમાં જ જૈન સિદ્ધાંતની આછી

રૂપરેખા સાથે પરિચિત થઈ જવું અતિ આવશ્યક છે આપણે પ્રથમ તેમ જ કરીએ

બીજાં ભારતીય દર્શનોની જેમ જૈન દર્શનનું પણ મૂળ પ્રયોજન મોક્ષ છે. તેમની પેઠે જ તે પણ માને છે કે આત્માની સદેહ સ્થિતિ એ જ દુઃખનું મૂળ છે જ્યાં સુધી આત્માને દેહબંધન છે ત્યાં સુધી તેને અંતિમ દુઃખમુક્તિ કે સુખપ્રાપ્તિ થવાની જ નથી તેથી આત્માનું સ્વાભાવિક સ્વરૂપ શું છે અને તેને દેહ શાથી પ્રાપ્ત થયો છે એ જાણવું અને તે જાણી તેને દૂર કરવાનો ઉપાય યોજવો એ જ મનુષ્યજીવનનો પરમ પુરુષાર્થ છે જૈનદર્શનનું એવું મંતવ્ય છે કે એ બધું જાણવાનો ઉપાય 'સદ્ધર્મ' સિવાય બીજો કોઈ નથી 'સદ્ધર્મ' એટલે જ્ઞાની પુરુષોએ વર્ણવેલું ભાવોનું યથાર્થ સ્વરૂપ જેના આત્મા ઉપરથી મોહનીય, આવરણીય, અંતરાયક વગેરે કર્મબંધનો દૂર થવાથી જેને આત્માના શુદ્ધ જ્ઞાનસ્વરૂપની પ્રાપ્તિ થઈ છે, તેવો પુરુષ બધા ભાવોને યથાતથ જાણી તથા વર્ણવી શકે છે તેથી કેવળજ્ઞાની જિનોએ વર્ણવેલા ભાવો જાણવા તેમાં શ્રદ્ધા કરવી અને તે પ્રમાણે આચરણ કરવું એ જ મોક્ષમાર્ગ છે

પરંતુ, અહીં પ્રશ્ન ઊભો થાય કે સદ્ધર્મ કહેવાતા માર્ગો તો અનેક છે તેમ જ દરેક ધર્મનો અનુયાયી પોતાના ધર્મપ્રવર્તકને વસ્તુસ્વરૂપને યથાતથ જાણનાર 'જિન' અને મુક્ત માનતો હોય છે તો પછી કયો તીર્થંકર મુક્ત અને કોનો ધર્મ સદ્ધર્મ એ કેમ કરીને નક્કી કરવું? તથા તે નક્કી ન થાય ત્યાં સુધી કોઈ પણ જ્ઞાની કે તેના ઉપદેશ ઉપર શ્રદ્ધા રાખી તે અનુસાર આચરણ પણ શાથી થાય? આ પ્રશ્નનો

જવાબ ૨૮મા અધ્યયનમા સૂચવવામાં આવ્યો છે તેમાં (પા ૧૬૪) માથી શ્રદ્ધા અથવા દર્શન ઉત્પન્ન થવાનાં દશ કારણો ગણાવતાં જણાવ્યુ છે કે, અનાદિકાળના સંસાર-પ્રવાહમા તરેહતરેહના દુ ખોનો અનુભવ કરતાં કરતા કોઈ યોગ્ય આત્મામાં કોઈક વાર એવી ચિત્તશુદ્ધિ થઈ જાય છે કે એ આત્માને તાત્ત્વિક પક્ષપાતની બાધક રાગદ્વેષની તીવ્રતા મટી જતા સત્ય માટેની જાગરૂકતા પ્રાપ્ત થાય છે એવા આત્માને પછી કોઈના ઉપદેશ વિના પોતાની સાહજિક બુદ્ધિથી જ અમુક સિદ્ધાંત સત્ય છે એ એમ જ છે' એવી શ્રદ્ધા અથવા રુચિ ઉત્પન્ન થાય છે બીજા કેટલાક લોકોને કોઈ પ્રત્યક્ષ સાધક કે સતના ઉપદેશથી તે સિદ્ધાંતમા શ્રદ્ધા ઉત્પન્ન થાય છે બીજા કોઈને તે સિદ્ધાંતના ગ્રંથોના અભ્યાસથી તેમાં શ્રદ્ધા થાય છે અથવા કોઈને તે સિદ્ધાંતમા કહેલી ક્રિયાઓ આચરતા કાંઈક ખાતરી કે લાભ થવાથી તેમા શ્રદ્ધા થાય છે એટલે કે એ શ્રદ્ધા થવામા કોઈ અમુક ખાસ કારણ નથી હોતું પરતુ કોઈ પણ કારણથી નીપજેલો અંધશ્રદ્ધાનો ત્યાગ રાગદ્વેષનો અભાવ અને સત્ય માટેની જાગરૂકતા એ જ મુખ્યત્વે કારણભૂત હોય છે અને એ જ યથાર્થ પણ છે

જ્યાં સુધી કોઈ પણ સિદ્ધાંતમા તીવ્ર શ્રદ્ધા ઉત્પન્ન ન થાય ત્યા સુધી તે સિદ્ધાંતનુ માત્ર જ્ઞાન કાંઈ ઉપયોગી થતું નથી તેથી ઉત્તરાધ્યયનમા તેને માટે સત્સગરૂપી ઉપાય ઉપર બહુ ભાર મૂક્યો છે સતના સહવાસમાં જ માણસમાં જોઈતી ચિત્તશુદ્ધિ અને સત્ય માટેની જાગરૂકતા ઉત્પન્ન થાય છે પરતુ તેમના સહવાસમા રહેવાનુ મળે

તે માટે અન્ય જ જાતો અને પ્રવૃત્તિઓનો ત્યાગ આવશ્યક છ અમુક પ્રકારની અહિંસાના અથવા તિતિક્ષા આવશ્યક છે, અમુક પ્રકારના આત્મનિગ્રહ તથા અપ્રમાદ આવશ્યક છે, અને એ બધાના શરણરૂપ તથા પ્રતીકરૂપ સંન્યાસ આવશ્યક છે જૈનધર્મ ગૃહસ્થાશ્રમમાં મોક્ષ ન જ થાય એમ નથી માનતો (પા ૨૮) મુક્ત જીવોના વર્ગો ગણાવતાં (પા ૨૫૦) ઓશરીરથી થયેલા જૈન સાધુ થઈને થયેલા અન્યમત પ્રાવના સાધુ થઈને સિદ્ધ થયેલા કે ગૃહસ્થાશ્રમમાંથી થયેલા એવા વર્ગો પણ ન સ્વીકારે છ પણ ગૃહસ્થાશ્રમ અનુ અંતરાયવાળો માની, તથા તેમાં સદ્ધર્મનું પાલન સંપૂર્ણ થઈ ન શકવાથી તે સંન્યાસ અને ભિક્ષાવૃત્તિને જ આવશ્યક માને છે અને તેથી ઉત્તરાધ્યયનમાં શું કે અન્ય આગમગ્રંથોમાં શું મહાપુરુષો પાસેથી ધર્મ સમજીને આકાંક્ષા તથા મમત્વભાવ વિનાના થયેલા પુરુષો આત્માના કલ્યાણમાં તત્પર થાય છે અને સર્વ સંગોનો ત્યાગ કરી, વીતરાગ થઈ અણગાર ભાવે ભિક્ષાચર્યા - ના નિયમે છે," એવા વાક્યો દે આવે છે

ઉપરના ફકરાઓમાં મહાપુરુષો પાસેથી જે વિપુલ અધ્યાત્મ જ્ઞાન મેળવવાની વાત કરી છે તેનું જૈનદર્શન પ્રમાણે શું સ્વરૂપ છે તે હવે જોઈએ ૨૮મા અધ્યયનમાં (પા ૧૬૨) કહ્યું છે કે, "જ્ઞાન એટલે જીવ વગેરે દ્રવ્યોની યથાર્થ સમજ જ્ઞાની પુરુષોએ સર્વે પો તેમના સર્વે ગુણો અને તેમના સર્વે પર્યાયો (પરિણામો)નું યથાર્થ જ્ઞાન ઉપદેશ્યું છે" આપણે અહીં ૨૮મા તેમજ ૩૬મા અધ્યયનમાં આપેલા તે તત્ત્વની તમામ વિગતોની પુનરુક્તિ ન

કરતાં જૈન દર્શન પ્રમાણે જીવ અને તેના બંધનનું સ્વરૂપ શું છે તથા તેમાંથી છૂટવાના ઉપાય શા છે, તે ટૂંકમાં સમજી લઈએ

જૈન દર્શન પ્રમાણે આ સમગ્ર લોક જીવ તથા અજીવ એ બે તત્ત્વોનો બનેલો છે. જીવ અથવા આત્મા અજીવની પેઠે અનાદિસિદ્ધ સ્વતંત્ર દ્રવ્ય છે. એ અરૂપી હોવાથી ઇન્દ્રિયગ્રાહ્ય નથી. બોધરૂપ ચેતનવ્યાપાર (ઉપયોગ) એ તેનું લક્ષણ છે. સાંખ્ય વેદાંતની માફક જૈનદર્શનમાં જીવને કૂટસ્થ નિત્ય એટલે કે અપરિણામી–અચલ માન્યો નથી. પરંતુ બીજા જડ પદાર્થો જેવો પરિણામી માન્યો છે. પરંતુ તેનો અર્થ એ નથી કે, (બૌદ્ધ દર્શનની માન્યતા પ્રમાણે) તે અખંડ પ્રકાર કોઈ સ્થિર તત્ત્વ વિનાના પરિણામોના પ્રવાહ માત્ર છે. તે નિત્ય છે અને છતાં પરિણામી છે. એટલે કે પરિણામી-નિત્ય છે. જીવો અનંત છે અને સંસારી અવસ્થામાં હંમેશાં કર્મ નામના જડ દ્રવ્ય સાથે સંબદ્ધ સ્થિતિમાં હોય છે. એ કર્મસંબંધને પરિણામે જ તેમનું સ્વાભાવિક શુદ્ધ સ્વરૂપ ઢંકાઈ જાય છે અને તેમનામાં રાગદ્વેષાદિ વિભાવો પેદા થાય છે. એ વિભાવોને કારણે પાછું તત્પ્રેરિત પ્રવૃત્તિથી નવું કર્મબંધન પ્રાપ્ત થાય છે અને એ રીતે સંસારચક્ર ચાલ્યા કરે છે. સંસારી જીવને એ કર્માદિ સાથે સંબંધ કેવી રીતે અને ક્યારે થયો એ કહી શકાય તેમ નથી. કારણ કે જીવ પોતે સ્વભાવે તો શુદ્ધ બુદ્ધ અને મુક્ત છે. તેને કર્મનો સંબંધ હોય છે ત્યારે જ તેનામાં રાગાદિ વિભાવો પેદા થાય છે, અને રાગાદિ વિભાવો જીવમાં હોય છે ત્યારે જ તેને કર્મબંધ પ્રાપ્ત

થાય છે એટને એ બીજ અને વૃક્ષ જેવા ચક્રના આદિનો વિચાર જતો કરી, કોઈ પણ એક જગાએ તે સાંકળને પકડી તેના પછીના પરિણામો સમજીએ એ જ બસ છે

ઉપર કહ્યું તે પ્રમાણે જીવમાત્ર કાય મન-વાણીથી જ્યારે જ્યારે કાંઈ પ્રવૃત્તિ કરે છે, ત્યારે તેની આસપાસના ક્ષેત્રમાંથી એક ખાસ પ્રકારની અતિ સૂક્ષ્મ રજ તેમાં ખેંચાઈ કર્મરૂપે પરિણામ પામી તેની સાથે બંધાય છે તે રજ જીવ સાથે ચોટી તેની વિવિધ સ્વાભાવિક શક્તિઓને આવરી લે છે, મૂઢ કરે છે, અંતરાય કરે છે તથા જીવને અમુક સુખદુખનો અનુભવ, વિશિષ્ટ આયુષ્ય, જાતિ કે ગોત્ર પ્રાપ્ત કરાવે છે આમ સમાગવસ્થામા જીવને તેના કર્મને અનુરૂપ ઇન્દ્રિય મન શરીર વગેરે સાધનો કે બંધનો પ્રાપ્ત થાય છે * એ આખા બંધનનું કારણ જીવની મન-વાણી કાયાની પ્રવૃત્તિ (એટને કે જૈન પરિભાષામા) યોગ' છે એ પ્રવૃત્તિઓથી જ જીવમા કર્મનું આસ્રવણ થાય છે તેથી તે પ્રવૃત્તિઓ જૈન પરિભાષામા 'આસ્રવ' કહેવાય છે પરંતુ તેમા સમજવાનું એ છે કે, તે પ્રવૃત્તિ ક્રોધ લોભ વગેરે મલિન વૃત્તિઓ (જૈનપરિભાષામા કષાયો') પૂર્વક થઈ હોય તો જ જીવમા કર્મ ઉત્પન્ન થઈ ચોટી જાય છે નહિ તો સૂકી ભીંત ઉપર નાખેલા લાકડાના ગોળાની પેઠે લાગીને તરત જ છૂટી જાય છે

---

* દરેક જીવનું કદ તેને તે વખતે જે દેહ મળ્યો હોય છે, તેટલું હોય છે, એટલે કે જૈન દર્શન પ્રમાણે જીવ માત્ર વિભુ નથી કે માત્ર અણુ પણ નથી, પરંતુ દીવાનો પ્રકાશ તેના ઉપર જે ઢાંકણું દેઈ ઉંચું પાડ્યું હોય તેટલો થાય છે તેમ તેનું પણ છે

આ પ્રમાણે ટૂંકમાં જીવના કર્મબંધનનું સ્વરૂપ છે.
હવે તેમાંથી કેમ કરીને છૂટી શકાય તે જોઈએ. એક
વાત તો ઉઘાડી જ છે કે જીવને કર્મમુક્ત કરવો હોય તો
પ્રથમ તો તેમાં નવું કર્મ આવતું અટકાવવું જોઈએ અને
બીજું જે કર્મ અગાઉ લાગી ચૂક્યું હોય તે દૂર કરવું
જોઈએ. નવું કર્મ હમેશાં પાપપ્રવૃત્તિઓને કારણે બંધાય
છે એટલે તે પાપપ્રવૃત્તિઓ બંધ કરો તો નવું કર્મ આવતું
બંધ થાય. એ વસ્તુને જૈન પરિભાષામાં સંવર (જુઓ
— અધ્ય. ૨) કહે છે. સંવર સિદ્ધ કરવાના મુખ્યત્વે
સાત ઉપાય બતાવવામાં આવે છે. તેમની વ્યાખ્યા તથા
તેમનું વિવરણ વર્ધમાન પા. ૪૮ ઇ. ૩માં આપ્યું
હોવાથી અહીં પુનરુક્તિ કરવાની જરૂર નથી.

એ પ્રમાણે સંવરથી નવું કર્મબંધન થતું તો રોક્યું
પણ પૂર્વે બંધાયેલાં જે કર્મો બાકી રહ્યાં તેમનું શું?
કર્મ સામાન્ય રીતે તેનું ફળ ભોગવાઈ રહે એટલે
આત્મામાંથી ખરી પડે છે. એ ખરી પડવાની ક્રિયાને
જૈન પરિભાષામાં નિર્જરા કહે છે. પરંતુ એ રીતે
ભોગવી ભોગવીને જ કર્મ દૂર કરવા જઈએ તો અનંત
જન્મોથી બંધાયેલાં કર્મોનો કદી પાર જ ન આવે. એટલે
તે કર્મોને દૂર કરવા માટે જૈનધર્મ તપનો સ્વીકાર કરે છે.
તપના બળથી ફળ આપ્યા પહેલાં જ કર્મ આત્મામાંથી
છૂટું પડી શકે છે. અલબત્ત એ તપ દ્વારા જે કષ્ટ ભોગવાય
છે તેને જ તે કર્મોનું ફળ એમ જરૂર કહી શકાય. પરંતુ
બંધાયેલાં કર્મોને દૂર કરવાની તપની વિશિષ્ટ શક્તિનો જૈન
ધર્મમાં સ્પષ્ટ સ્વીકાર થયેલો છે. તપના આંતર અને

બાહ્ય એના બે મુખ્ય પ્રકાર, તથા તે દરેકની જુદી જુદી વિગતો અધ્યયન ૩૦માં (પા ૧૯૮) વિસ્તારથી વર્ણવ્યા છે એટલે અહીં તેમની પુનરુક્તિ કરવાની જરૂર નથી પરંતુ તપના બાર વિભાગોમાંથી છેલ્લા વિભાગ તરીકે 'ધ્યાન' જણાવવામાં આવ્યું છે તેના ઉપર અહીં કંઈક ભાર મૂકવો જોઈએ ઉપવાસ, ઓછું ખાવું કાયક્લેશ, પ્રાયશ્ચિત્ત, વિનય શુશ્રૂષા સ્વાધ્યાય, વગેરે તપના અન્ય વિભાગો એક રીતે ધ્યાનને પુષ્ટ કરવા માટે જ છે અને વાસ્તવિક રીતે ધ્યાન જ કર્મનો સીધો અને સચોટ ક્ષય કરે છે એટલે જૈન સાધનામાર્ગને બારીકાઈથી તપાસીએ તો તેનું મુખ્ય અને અંતિમ સાધન ધ્યાન જ આવીને ઊભું રહે છે એ રીતે એ માર્ગને ધ્યાનમાર્ગ જ કહી શકાય અલબત્ત, માત્ર ધ્યાન બસ નથી ધ્યાનની સાથે સાથે નવાં કર્મો બંધાતાં અટકાવવા 'સંયમ'ની આવશ્યકતા તો છે જ પરંતુ કર્મો દૂર કરવાનું અંતિમ સાધન તો ધ્યાન જ છે

જૈનદર્શન એમ માને છે કે એ ધ્યાન ગમે તેવા બાંધાવાળા શરીરથી સિદ્ધ થઈ શકે તેમ નથી કારણકે ધ્યાન કરવામાં જોઈતા માનસિક બળ માટે વિશિષ્ટ શારીરિક બળ જોઈએ છે માનસિક બળનો એક — મુખ્ય આધાર શરીર જ છે અને શરીરબળ શારીરિક બંધારણ ઉપર નિર્ભર છે જેટલે અંશે શારીરિક બંધારણ નબળું તેટલે અંશે મનોબળ ઓછું અને તેટલે અંશે ચિત્તની સ્થિરતા ઓછી નબળા બંધારણવાળો કોઈ પણ વિષયમાં જે

એકાગ્રતા સાધી શકે છે, તે એટલી બધી ઓછી હોય છે કે તેની ગણના ધ્યાનમા થઈ શકતી નથી *

ઉત્તમ બધારણવાળાનું એક વિષયમા અતઃકરણની વૃત્તિનુ સ્થાપન તે ધ્યાન એ વ્યાખ્યા મુજબ તે અપ્રિય વસ્તુના વિયોગ માટે, પ્રિયવસ્તુની પ્રાપ્તિ માટે કે હિંસા, અસત્ય ચોરી વગેરે માટે જે સતત ચિંતન થાય તે પણ ધ્યાન ગણાય પરતુ તે ધ્યાન મોક્ષનુ સાધનભૂત નથી પરતુ જિનભગવાનની આજ્ઞા શી છે દેહનુ સ્વરૂપ શુ છે તેમાથી કેમ છુટાય વગેરે ધાર્મિક બાબતોનુ ચિંતન એ બને ખાસ ધ્યાન ન હોય તોપણ તેના સાધનભૂત હોઈ સ્વીકાર્ય છે ખરુ ધ્યાન તો ત્યારે સભવે જ્યારે આખા જગતના ભિન્ન ભિન્ન વિષયોમા અસ્થિરપણે ભટકતા મનને કોઈ પણ એક વિષય ઉપર લાવી સ્થિર કરવામા આવે છે એ સ્થિરતા દૃઢ થતાં જેમ ઘણા ઇંધણો કાઢી લેવાથી અને બચેલા થોડા સળગાવી દેવાથી અગર તમામ ઇંધણો લઈ લેવાથી અગ્નિ ઓલવાઈ જાય છે તેમ ક્રમે ક્રમે એક વિષય ઉપર સ્થિરતા આવતા છેવટે મન તદ્દન શાત થઈ જાય છે અર્થાત્ તેનુ ચચળપણુ દૂર થઈ તે નિષ્પ્રકપ બની જાય છે અને પરિણામે જ્ઞાનનાં બધાં આવરણો વિલય પામી સર્વજ્ઞપણું પ્રગટે છે ત્યારબા શરીરની શ્વાસપ્રશ્વાસાદિ સૂક્ષ્મ ક્રિયાઓ પણ અટકી જાય અને આત્મપ્રદેશનુ સર્વથા

* જૈન શાસ્ત્રે શરીરના જુદા જુદા પ્રકારના બધારણોના છ વિભાગ પાડયા છે તેમની વિગત માટે જુઓ આ પુસ્તકનુ પા ૧૨૯ ટિ ન ૧

અકંપપણું પ્રગટે ત્યારે એ ધ્યાનને પ્રભાવે સર્વ આસ્રવ અને બંધનો નિરોધ થઈ, શેષ સર્વ કર્મ ક્ષીણ થઈ મોક્ષ પ્રાપ્ત થાય છે

મોક્ષ પ્રાપ્ત થતા પહેલા કેવલજ્ઞાન તથા દર્શનની (સર્વજ્ઞત્વ અને સર્વદર્શિત્વ)ની પ્રાપ્તિ જૈનદર્શનમા અનિવાર્ય મનાઈ છે એ વસ્તુને યોગદર્શનની 'ઋતંભરાપ્રજ્ઞા' સાથે કાઇક અંશે સરખાવી શકાય તેમ છે પ્રતિબંધક કર્મ નાશ પામવાથી ચેતના નિરાવરણ થવાને લીધે તે પ્રગટ થાય છે

મોક્ષની સ્થિતિ કર્મના આત્યંતિક ક્ષય વિના નથી સંભવતી મોહનીય આવરણીય અંતરાયક વગેરે કર્મો ક્ષય પામે એટલે વીતરાગત્વ અને સર્વજ્ઞત્વ પ્રગટે છે તેમ છતા જે શરીર પ્રાપ્ત થયું છે તેનાં આરંભક આયુષ્ય વગેરે કર્મો* બાકી હોય ત્યા સુધી સંપૂર્ણ મોક્ષ થયો ન કહેવાય જ્યારે એ કર્મોનો ક્ષય થઈ શરીર પડી જાય ત્યારે સંપૂર્ણ મોક્ષ થયો કહેવાય એ કર્મોનો ક્ષય તેમનુ ફળ ભોગવવાથી જ થાય છે તે પ્રમાણે સંપૂર્ણ કર્મ નાશ પામે એટલે શરીરનો વિયોગ થતા જીવ તત જ ઊર્ધ્વગતિ કરે છે અને લોકના અંત સુધી જઈને અટકે છે જીવની સ્વાભાવિક ગતિ જ ઊર્ધ્વ છે જીવ ગતિ નથી કરતો અથવા નીચી કે તીરછી દિશામા ગતિ કરે છે તેનું કારણ પ્રતિબંધક દ્રવ્યનો સંબંધ છે કર્મનો સંગ છૂટયો એટલે

---

* તેમને જૈન પરિભાષામા ચાર 'અઘાતીકર્માશો' કહે છે તેમની વિગત માટે જુઓ પા ૧૮૬

જીવ પોતાની સ્વાભાવિક ઊર્ધ્વગતિથી ઊંચે ચાલ્યો જાય છે અને સા નાકની ટોચે આવેલા સિદ્ધ ક્ષેત્રમાં (સિદ્ધશિલા' C ૧૨) જઈને રહે છે (જુઓ પા ૨૫૧-૨) મુક્ત થયેલા જીવોમાં બીજો કશો ભેદ નથી રહેતો છતા જૈન દર્શન જીવોને અનત માનતુ હોવાથી મુક્ત જીવો એક બીજામા ભળી જઈ એક આત્મારૂપ થઈ જાય છે એમ નથી કહેતુ

૩

જૈન દર્શન પ્રમાણે ક્રમબધનનુ અને તેમાંથી છૂટવાની સાધનાનુ સ્વરૂપ ટૂકમા આપણે જોઈ આવ્યા તે ઉપરથી જે એક બે મુદ્દાઓ ઉપસ્થિત થાય છે તે હવે આપણે વિચારીએ એક વાત તો સ્પષ્ટ છે કે, અમુક સૈદ્ધાંતિક માન્યતાઓ બાદ કરતાં બાકીના સાધનામાર્ગમા જૈન દર્શન બીજા બૌદ્ધ હિંદુ વગેરે આર્ય સાધનામાર્ગોથી ખાસ જુદુ નથી પડતું અલબત્ત તેમા ઈશ્વરની પૂજા, ભક્તિ વગેરે કેટલાક અગોનો સમાવેશ નથી થતો પ તુ તેને માત્ર જૈનધર્મની જ વિશેષતા ન કહી શકાય સાખ્યો પણ ઈશ્વરવાદી નથી જ તેમજ તેમની સાધનામાં પણ ઈશ્વરની પૂજા-ભક્તિને વિશેષ સ્થાન નથી એક રીતે જૈન ધર્મ તો ઈશ્વરની પૂજાને બદલે સિદ્ધો કે મહાન આત્માઓની પૂજા-ભક્તિને સ્વીકારે પણ છે ૨૯ મા અધ્યયનમા સાધકના ગુણો વર્ણવતાં ૧૪ મા ગુણ તરીકે સ્તવસ્તુતિમગળ નામનો ગુણ સ્વીકાર્યો છે તથા એવાં સ્તવન અને સ્તુતિથી 'જીવ જ્ઞાન-દર્શન-

ચારિત્રરૂપી સદ્ધર્મ (બોધિ) પ્રાપ્ત કરે છે તથા પછી એવી આરાધના કરી શકે છે કે જેથી તે સમાગ્નો અંત લાવી મુક્ત થાય છે કે ઉચ્ચ દેવગતિ પ્રાપ્ત કરે છે, એમ કહ્યુ છે આમ ભક્તિના તત્ત્વને છેક મોક્ષ સુધી પહોચતુ જૈન સાધનાએ સ્વીકાર્યું જ છે પ્રવૃત્તિમાત્રને કર્મબંધનનુ કારણ માનનાર જૈન સાધના તે રીતે નિષ્કામ કર્મમાર્ગનો સ્વીકાર કરતી નથી પરંતુ, એક રીતે તેનો પણ થોડોઘણો સ્વીકાર "ઈર્યાપથિક કર્મોથી બધન પ્રાપ્ત નથી થતું" એ સિદ્ધાન્તમા તેમ જ 'જ્ઞાની કે ગુરુની અથવા સાધર્મીની નિષ્કામ સેવાશુશ્રૂષાના આપેક્ષિક વિધાનમાં સ્પષ્ટ દેખાઈ આવે છે જો કે આધુનિક નિષ્કામ કર્મમાર્ગની કલ્પના જૈનદર્શને વિચારી જ નથી પરંતુ તે વસ્તુ તો પ્રાચીન અન્ય આર્ય સાધનામાર્ગોને વિષે પણ કહી શકાય

તો પછી, જો સાધનામાર્ગમાં જૈન દર્શને કશુ નવુ બતાવવાપણુ નહોતુ, તો સિદ્ધાંતની બાબતમા ફેરફાર કરવાનું તેને શું કારણ મળ્યુ એ પ્રશ્ન સહેજે ઊભો થાય છે ઉપરાંત જે ફેરફાર તેણે કર્યા છે તે ન્યાયની દલીલો સામે ટકી રહે તેવા પણ નથી આત્માને સ્વભાવે શુદ્ધ-બુદ્ધ-મુક્ત તથા નિત્ય માનવો, અને છતા સંસારાવસ્થામાં વસ્તુતાએ જ કર્તા ભોક્તા અને પરિણામી માનવો સિદ્ધ અથવા મુક્ત જીવોમાં તત્ત્વની દૃષ્ટિએ ગુણ વગેરેનો કાંઈ ફરક ન હોવા છતાં તેમને ભિન્ન ભિન્ન માનવા વગેરે બાબતો પ્રથમ દૃષ્ટિએ જ ખૂચે છે આ બધાનો જવાબ જૈન દર્શને ખાસ કરેલા નયવાદ અને સ્યાદ્વાદના સ્વીકારમા આપણને સૂચિત થાય છે નયવાદ એટલે વિચારોની મીમાંસા વિરોધી દેખાતા

વિચારોના વાસ્તવિક અવિરોધનું મૂળ તપાસનાર અને તેમ કરી તેવા વિચારોનો સમન્વય કરનાર શાસ્ત્ર મનુષ્યની જ્ઞાનવૃત્તિ સામાન્ય રીતે અધૂરી હોય છે અને પ્રત્યેક વસ્તુ અનેક ધર્માત્મક હોય છે એટલે મનુષ્ય કદી કોઈ વસ્તુને સંપૂર્ણ રીતે જાણી શકતો નથી અને છતાં પોતાના પ્રયોજન પૂરતું અમુક અપેક્ષાએ વસ્તુનું અમુક સ્વરૂપ સ્વીકારીને જ જગતનો વ્યવહાર ચાલી રહ્યો છે એટલે વ્યવહારનું સત્ય આપેક્ષિક જ હોવાનું પરંતુ તેમાં યાદ રાખવાનું એટલું કે, બીજી અપેક્ષાએ તે જ વસ્તુનું સ્વરૂપ બીજો કોઈ આપણાથી જુદું માનતો હોય તો તેનો વિરોધ કરવા કરતાં તેની અપેક્ષા કેવી છે કે કેટલી સાચી છે તે તપાસવું એ જ જરૂરી છે દાખલા તરીકે જીવનો કર્મ સાથેનો સંબંધ કેટલાક ભ્રમરૂપ માને છે સ્યાદ્વાદ કહેશે કે તેમને તેમની અપેક્ષાએ તેમ માનવાની છૂટ છે પરંતુ જો તે સંબંધ ભ્રમરૂપ માનીને પણ તેમાંથી છૂટવાનું તો સાચેસાચ જ હોય તો પછી વધુ આગળ જઈને 'જીવને કર્મબંધન વાસ્તવિક જ છે' એમ માનવું એ નથી ? જૈન ધર્મે જે કહ્યું છે તે આ કર્યું છે તેણે અંતિમ મોક્ષ અને તેને માટેના પ્રયત્નનો વિચાર કાયમ રાખી, તેને માટે આવશ્યક એવો સિદ્ધાંત તારવી કાઢ્યો અને અગમ્ય વસ્તુઓમાં ફાંફાં મારી પાછી પડતી અને અટવાતી બુદ્ધિને નિષ્ફળ પ્રયત્નમાંથી મુક્ત કરી તેથી જ જૈનદર્શનને ગવિમ્મસુહાહિગમ્મ — મુમુક્ષુને સમજવામાં સહેલું' એવું વિશેષણ મળ્યું તે જમાનામાં આમ કરવાની બીજી રીતે પણ આવશ્યકતા ઊભી થઈ હતી. માણસની વિકૃત બુદ્ધિ તે વખતે પ્રચલિત ઈશ્વરકર્તૃવાદ,

માયાવાદ, એકાત્મવાદ વગેરે તાત્ત્વિક સિદ્ધાંતોમાંથી અક્રિયાવાદ નિષ્પન્ન થઈ રહી હતી એ વસ્તુ દૂર કરવા માટે ક્રિયાવાદને સીધો જરૂરી એવો સિદ્ધાન્ત રજૂ કરવાની આવશ્યકતા હતી તીર્થંકરોએ એ વસ્તુ જોઈ અને ન્યાયશાસ્ત્રની જટિલતાઓમાં કુવાય બનેલા જમાનામાં પણ હિંમતભેર ન્યાયની મહત્તા જતી કરી, આચારની મહત્તાને જ પ્રાધાન્ય આપ્યું, એ જ તેમનો તે જમાના ઉપરનો મોટો ઉપકાર છે *

એટલે આપણે તો ઉત્તરાધ્યયનના સૈદ્ધાંતિક ભાગ ઉપર ભાર મૂકવાને બદલે તેમાં જે ઉપદેશાત્મક ભાગ છે તેના ઉપર જ ભાર મૂકવો ઉચિત છે શ્રીરાજચંદ્રે જ નથી કહ્યું કે, ' જિનાગમ છે તે ઉપશમસ્વરૂપ છે ઉપશમસ્વરૂપ એવા પુરુષોએ ઉપશમને અર્થે તે પ્રરૂપ્યાં છે — ઉપદેશ્યાં છે તે ઉપદેશ આત્માર્થે છે અન્ય કોઈ પ્રયોજન અર્થે નથી

* એ જ ક્રિયાવાદની મનુષ્યબુદ્ધિએ અત્યારે કેવી વિકૃતિ કરી મૂકી છે, અને પોતાના આત્મા ઉપર કર્મ ન બંધાય તે માટે તેનો ભાર બીજાના આત્મા ઉપર નાખીને છૂટા થવાની કેવી અધાર્મિક અને અસામાજિક ભાવના ઊભી કરી છે તેના નમૂના વાણિયાશાહી જૈન ધર્મમાં ઠેરઠેર જોવા મળે છે જાત એની ન કરવી ઘરમાં પહેરો પોતે દીવો ન સળગાવવો, અગ્નિ પણ બીજા અજૈનને ત્યાંથી સળગેલો લાવી પોતાની હિંસાનો ભાર પાડોશીને આપવો — એ બધા કાર્યોમાં દયા પણ નથી ધર્મ પણ નથી અને 'સાધર્મ' નામ પામનાર જૈનધર્મની ચોખ્ખી [illegible] ઠેકડી જ [illegible]

આત્માર્થમાં જો તેનું આગમન કરવામાં ન આવે તો તે જિનાગમનું શ્રવણ-વાચન નિષ્ફળરૂપ છે

જ્યાં સુધી પ્રથમ વૈરાગ્ય અને ઉપશમનું બળ દૃઢપણે જીવમાં આવ્યું ન હોય ત્યાં સુધી 'એક આત્મા છે' કે 'અનેક આત્મા છે' ઇત્યાદિ વિચારથી ચિત્તનું સમાધાન થવાને બદલે ચપળપણું પ્રાપ્ત થાય છે અને વિચારનો નિરધાર પ્રાપ્ત થતો નથી, તથા ચિત્ત વિક્ષેપ પામી યથાર્થપણે વળી વૈરાગ્ય ઉપશમને ધારણ કરી શકતું નથી તેથી (શાસ્ત્રમાં) સિદ્ધાંતબોધ કરતાં વિશેષપણે વૈરાગ્ય અને ઉપશમનું કથન કર્યું છે વેદાંત અને જિનાગમ એ સૌનું અવલોકન નિયમ તો ઉદ્દેશજ્ઞાનપ્રાપ્તિ અર્થે જ મુમુક્ષુ જીવે કરવું ઘટે છે

* * *

અંતમાં આ પુસ્તક તૈયાર કરવામાં રવિશંકર મહેતાજીએ કરેલો શરૂઆતનાં ૨૧ અધ્યયનોનો અનુવાદ, પ્રો. જેકોબીનો અંગ્રેજી અનુવાદ, જાર્લ શાર્પેન્ટિયરનો ઉત્તરાધ્યયનસૂત્રનો ઉપોદ્ઘાત, પંડિત સુખલાલજીનું 'તત્ત્વાર્થસૂત્ર' વગેરેની જે ગીધી કે આડકતરી મદદ લીધી છે તેનો ઉલ્લેખ કરવો પ્રાપ્ત થાય છે. આ અનુવાદ આ પ્રકારના અન્ય અનુવાદોની પેઠે સીધો અનુવાદ નથી પરંતુ છાયાનુવાદ જ છે. શરૂઆતના અભ્યાસીને કે જૈનેતર વાચકને ઉપયોગી થાય તે દૃષ્ટિએ ટિપ્પણો, નોંધો, સૂચિ વગેરે ઉમેરીને તેને બને તેટલો સરળ કરવાનો પ્રયત્ન કરેલો છે. આશા છે કે આવા અનુવાદો પ્રાચીન ગ્રંથોની સેવા અને

પરિભાષાનું નડતર ઓછું કરી જુદા જુદા સંપ્રદાયોને એક બીજાના ધર્મપુસ્તકો વાચવા સુલભ કરી, પોતપોતાના સંપ્રદાય વિષે તુલનાત્મક તેમજ વ્યાપક સમજ પ્રાપ્ત કરવામાં સહાયભૂત થશે

સંપાદક

સંક્ષેપોની સમજ

આ ગ્રંથમાં ટિપ્પણ વગેરેમાં ઘણી જગાએ આ માળામાં અગાઉ પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોનાં ટિપ્પણ વગેરેનો નિર્દેશ કર્યો છે; ત્યાં પુસ્તકનું આખું નામ ન લખતાં સંક્ષિપ્ત નામ આપેલું છે. તેની સમજ આ પ્રમાણે છે:

૧ 'ધર્મકથાઓ' એટલે 'ભગવાન મહાવીરની ધર્મકથાઓ'
૨ 'દશ ઉપાસકો' એટલે 'ભગવાન મહાવીરના દશ ઉપાસકો'
૩ 'આચારધર્મ' એટલે 'ભગવાન મહાવીરનો આચારધર્મ'
૪ 'સંયમધર્મ' એટલે 'ભગવાન મહાવીરનો સંયમધર્મ'

અનુક્રમણિકા

મહાવીરસ્વામીના

અંતિમ ઉપદેશ

૧

વિનય—શિષ્યધર્મ

શ્રી સુધર્મસ્વામી કહે છે :

હે આયુષ્મન્ (જંબુસ્વામી), અંતર બાહ્ય બંધનોનો ત્યાગ કરી, (મોક્ષને અર્થે) ઘરબાર વિનાના બનેલા મુમુક્ષુનો આચાર[1] ભગવાન મહાવીરે જે પ્રમાણે વર્ણવી બતાવ્યો છે, તે પ્રમાણે હું યથાનુક્રમે કહી સંભળાવું છું. તે તમે (બધા) ધ્યાનપૂર્વક સાંભળજો.

મુમુક્ષુએ સૌથી પ્રથમ જ્ઞાની પુરુષનું શરણ સ્વીકારવું અને હંમેશ તેમના સાન્નિધ્યમાં જ રહી, તેમણે બતાવેલા માર્ગને અનુસરવો. તેમ કરવાને બદલે જે મૂઢ, 'હું બધું જાણું છું,' એવા અભિમાનથી પોતાના છંદને જ અનુસરે

---

૧. મૂળ : વિનય. વિનય = આચાર. અહીં મુખ્યત્વે શિષ્યનો આચાર — 'શિષ્યધર્મ' — વર્ણવેલો છે.

છે તે શીઘ્ર શીલભ્રષ્ટ થઈ, સર્વ તરફથી તિરસ્કારને પામે છે માટે પોતાનું હિત ઇચ્છનાર મનુષ્યે પોતાની જાતને જ્ઞાની પુરુષની આજ્ઞામાં જ સ્થાપવી. તેમ કરનારો મુમુક્ષુ ઝટ દોષરહિત થઈ ઉત્તમ શીલ અને કીર્તિ પ્રાપ્ત કરે છે. [૧-૭]

ગુરુ પાસે રહેનારા શિષ્યે, તેમની આગળ પોતાનું ડહાપણ ડહોળવાને બદલે ગુરુના વિચાર તથા તેમના શબ્દોનો ભાવ જાણવાની ઇચ્છા રાખવી. કારણકે, આચાર્યોએ ધર્મથી મેળવેલા અને હમેશ આચરેલા વ્યવહારને અનુસરનારો શિષ્ય નિંદાપાત્ર થતો નથી. વળી મૂર્ખ શિષ્યો નાનીનો સહવાસ મળ્યા છતાં ક્ષુદ્ર મનુષ્યો સાથે મશ્કરી, હાસ્યક્રીડા અને વાર્તાલાપ વગેરે નિરર્થક પ્રવૃત્તિઓમાં પોતાનો સમય કાઢી નાખે છે. પરંતુ સમજુ શિષ્ય તો તેવી પ્રવૃત્તિઓનો ત્યાગ કરી, પોતાના કલ્યાણને ઉપયોગી વસ્તુઓ સદ્ગુરુ પાસેથી શીખી લેવાની ચીવટ રાખવી. [૮-૧૦,૪૨--]

જ્ઞાની પુરુષોના સહવાસમાં રહ્યા છતાં, જો સાંસારિક ભાવોથી અને ક્રિયાઓથી વિરત થવામાં ન આવે, તો સત્સંગનું કશું ફળ નીપજતું નથી. માટે સમજુ મનુષ્યે જ્ઞાનીનો સહવાસ સ્વીકાર્યા બાદ તો અતિ હીનકર્મો[૧] તથા અન્ય પાપપ્રવૃત્તિઓનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો. પાપી ભાવો જાગ્રત થાય તેવા સ્થાનો કે પ્રસંગોથી જ

૧ મૂળ ચંડાલિય,--ચંડાળના કર્મો

તેણે દૂર રહેવું.[૧] તેમ છતાં પોતાનાથી કાંઈ દોષ થઈ જ જાય તો તે ઝટ ગુરુ આગળ કબૂલ કરી દેવો, છુપાવવો નહિ. કાયા અને મનના દોષોની પેઠે વાણીના દોષોનો પણ તેણે ત્યાગ કરવો. જેમકે અસત્ય બોલવું, 'અમુક કરીશ જ' એવું નિશ્ચયાત્મક બોલવું, પોતાને કે બીજાનું પ્રયોજન હોય કે ન હોય તો પણ કોઈ પૂછે ત્યારે દોષયુક્ત બોલવું, અર્થ વિનાનું બોલવું કે સામાનું મર્મ વીંધે તેવું બોલવું, વગેરે. ટૂંકમાં તેણે પોતાની જાતને સંપૂર્ણપણે જીતવી. પોતાની જાત જીતવી બહુ મુશ્કેલ છે. પરંતુ તેમ કરી શકનારો જ આ લોક અને પરલોકમાં સુખી થાય છે. સમજુ પુરુષે એવી ભાવના કરવી કે, 'બીજા મને વધ-બંધનાદિથી દમે તેના કરતાં હું પોતે જ પોતાની જાતને સંયમ અને તપ દ્વારા દમું એ વધારે સારું છે.' [૧૧-૧૭ ૨૮- ૧૫ ૬]

અણુપલોટેલો ઘોડો જેમ વારંવાર ચાબુકની અપેક્ષા રાખ્યા કરે છે તેમ તેણે દરેક બાબતમાં ગુરુની ટોકણીની અપેક્ષા ન રાખવી. પરંતુ, તેમના મનોગત ભાવને સમજી લઈ, તે પ્રમાણે આચરણ રાખવું. ઉત્તમ ઘોડો જેમ ચાબુક જોઈને જ માર્ગે ચાલ્યા કરે છે, તેમ તેણે

---

૧ મૂળમાં 'લુહારની કોઢ', અન્ય ઘરો કે ઘર વચ્ચેના આંતરાઓ કે રાજમાર્ગોમાં સ્ત્રીઓ સાથે ઊભા રહેવું નહિ કે વાતચીત કરવી નહીં,' એમ ■ ટીકાકાર 'લુહારની કોઢ (સમર)' એ શબ્દને બીજા બધા હલકા લોકોના સ્થાનેનો સૂચક જણાવાનું કહે છે. તેનો અર્થ, 'જ્યાં ઘણા લોકો ભેગા થતા હોય તેવી જગા,' એવો પણ થાય.

પાપકર્મનો ત્યાગ કરતા રહેવું. ઉત્તમ શિષ્યને કદી પ્રેરણા કરવી પડતી નથી અને કરવી પડે છે તો તે સહેલાઈથી તથા જલદી કરી શકાય છે. એક વાર તેને કહ્યું એટલે તે પ્રમાણે તે બધું હમેશાં સારી રીતે કરે છે. કેળવાયેલા ઘોડાને ખેલાવવામાં જેમ સવારને આનંદ આવે છે, તેમ ગુરુને પણ તેવા ચતુર શિષ્યને દોરવામાં આનંદ આવે છે. [૧૨,૪૪ ૩૭]

પોતાનો કાંઈ દોષ થાય અને ગુરુ તે માટે શાંતિથી કે કઠોરતાથી કાંઈ શિખામણ આપે તો તે શિષ્યે લાભદાયક સમજી, પ્રયત્નપૂર્વક શબ્દશઃ સ્વીકારવી સમજુ અને નિર્ભય શિષ્ય હિતશિક્ષા આપનાર ગુરુને પોતાનો હિતેચ્છુ માને છે અને સમજે છે કે 'ગુરુ મને પોતાના ભાઈ, પુત્ર કે સ્વજન જેવો ગણે છે, તેથી જ આમ (ગુસ્સે થઈને) કહે છે' તેથી ઊલટું, કુશિષ્ય હિતશિક્ષા આપનાર ગુરુને પોતાનો વેરી માને છે તથા 'ગુરુ મને ગુલામ ગણી માત્ર વઢ્યા કરે છે કે મારકૂટ કર્યા કરે છે,' એમ સમજે છે તેને ગુરુની શિખામણ દેવાની પદ્ધતિ, તથા દુષ્કૃતની રોકણી વગેરે બધું કડવું અને અરુચિકર લાગે છે ગુરુનું કહેવું સાંભળવાને બદલે તે અસભ્ય રીતે તેમની સામે થઈ જાય છે કુલીન શિષ્ય શાંત સ્વભાવના આચાર્યને પણ આકળા બનાવી દે છે ગુરુને પણ તેવા શિષ્યને દોરવામાં અણુપલોટેલા ઘોડા ઉપર બેઠેલા સવારની જેમ આનંદ આવતો નથી તેવા દુષ્ટ શિષ્યો આચાર્યની વિરુદ્ધ અનેક ઉપદ્રવો કર્યા કરે છે તેમના ઉપર કાબૂ મેળવવા તેમના દૂષણ શોધ્યા કરે છે, તથા વાણી અને કર્મથી, એકાંતમાં

અને જાહેરમાં તેમનો વિરોધ કે નિંદા કર્યા કરે છે [૨૭,૩૯,૪૧,૩૮,૨૯,૧૩,૧૭,૪૦]

બાહ્ય વિનય એ આનરિક નમ્રતાનું લક્ષણ છે તેથી સમજુ શિષ્ય બેસવા, ઊઠવા બોલવામાં ગુરુ પ્રત્યે નમ્રતા અને આદર રાખે જેમકે, તે ગુરુને પડખે, ગુરુની સામે, કે પીઠ પાછળ બેસે નહિ, તેમના અંગને[1] અંગ અડકાડીને બેસે નહિ પગ ઉપર પગ ચડાવીને કે ગોઠણ છાતી સરસા રાખીને કે પગ લાંબા કરીને બેસે નહિ ગુરુ બોલાવે ત્યારે મૂંગો રહે નહિ કે બેસી રહે નહિ ગુરુ જે પૂછે તેનો જવાબ આપે વગર પૂછ્યે કાંઈ બોલે નહિ, તથા પૂછે ત્યારે ખોટું બોલે નહિ કે ગુસ્સે થઈ જાય નહિ પોતાને કાંઈ પૂછવું હોય ત્યારે પણ આસન ઉપર બેઠો બેઠો કે પથારીમાં સૂતો સૂતો પૂછે નહિ, પરંતુ ગુરુ સામે હાથ જોડી ઊભો રહીને પૂછે આવો વિનયયુક્ત તથા ગુરુની કૃપા અને આજ્ઞાનો વાછુક શિષ્ય ગુરુને પોતાની મુશ્કેલી વિષે કાંઈ પૂછે છે, ત્યારે આચાર્ય પણ ખુશીથી તેને પોતે જેવું પોતાના ગુરુઓ પાસેથી સાંભળ્યું હોય છે, તેવું કહી સંભળાવે છે [૧૪,૧૮ ૨૩]

સમજુ શિષ્યે આહારવિહારની બાબતમાં નિયમિત બનવું ઉચિત સમયે બહાર નીકળવું અને ઉચિત સમયે પાછા ફરવું ટૂંકામાં, અયોગ્ય સમય છોડીને, જે સમયે જે કરવાનું હોય, તે સમયે તે કરવું [૩૧]

ભિક્ષાની બાબતમાં સંયમધર્મને આવશ્યક એવા

---

૧ મૂળમાં 'સાથળ' છે

કેટલાક વિધિનિષેધો જ્ઞાનીપુરુષોએ ઉપદેશ્યા છે, તે તેણે બરાબર પાળવા જેમકે, ભિક્ષા માગવા જતી વખતે તેણે લોકોની પંગત જમતી હોય ત્યાં ભિક્ષા માટે ઊભા ન રહેવું ભિક્ષા આપનારથી અતિ દૂર કે અતિ નજીક કે તેની નજર સામે જ ન ઊભા રહેવું પરંતુ એક તરફ એકલા ઊભા રહેવું તથા પોતાના જેવા બીજા ભિક્ષુઓને ઓળંગી આગળ જવાની પડાપડી ન કરવી ભિક્ષા ગ્રહણ કરતી વખતે પણ તેણે અતિ અક્કડ ન ઊભા રહેવું કે અતિ નીચા ન નમી જવું લેવામાં પણ તેણે ત્રસ વગેરે તપાસીને શુદ્ધ, જીવજંતુ વિનાનો, નિર્દોષ અને બીજાને માટે બનેલો આહાર સ્વીકારવો ત્યાર બાદ, જ્યાં ઘણાં પ્રાણી કે બીજ ન હોય, તથા જે ઉપરથી તેમજ આજુબાજુથી ઢંકાયેલી હોય તેવી જગાએ બીજા સંયત પુરુષોની સાથે બેસીને, એક પણ દાણો પડી મૂક્યા વિના યોગ્ય સમયે પરિમિત ભોજન લેવું ખાતાં ખાતાં તેણે 'આ સારું રંધાયું છે' આ ઠીક સ્વાદવાળું છે કે આ ઠીક રસવાળું છે એવું ન બોલ્યા કરવું પરંતુ સંયમપૂર્વક ખાઈ લેવું [૩૨ ૩૬]

આવો શ્રદ્ધાવાન, વિનયશીલ મેધાવી, અપ્રમત્ત વૈરાગ્યવાન મલત્રકુતા, સંયમી, તપસ્વી અને ગુરુની કૃપા તથા આજ્ઞાનો વાંછુક એવો મુમુક્ષુ શિષ્ય ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવા તથા બીજાઓને પણ દોરવા શક્તિમાન થાય છે કારણ કે પૂજ્ય જ્ઞાની, પ્રસિદ્ધ અને કૃપાવંત આચાર્યો જેના ઉપર પ્રસન્ન થાય છે તેને અર્થવાળી* વિપુલ વિદ્યા

* મોક્ષરૂપી અર્થયુક્ત, કલ્યાણકારી એવો અર્થ પણ થાય છે

આપે છે લોકમાં તેની કીર્તિ થાય છે, અને પૃથ્વી જેમ સર્વ પ્રાણીઓનું રહેઠાણ છે, તેમ તે બધા [illegible] શરણ બને છે તેનું જ્ઞાન પૂજાય છે, તેના સંશયો દૂર થાય છે અને કર્તવ્યની સંપત્તિથી તે બધાને મનગમતો થાય છે તપ આચાર અને સમાધિથી સુરક્ષિત એવો તે મહાતેજસ્વી શિષ્ય પાંચે વ્રતો પાળવા શક્તિમાન થાય છે, અને દેહ બાદ કાં તો શાશ્વત સિદ્ધ થાય છે અથવા મહાસમૃદ્ધિવાળો દેવ થાય છે [૪૫ ૪૮]

૨

પરિષહો—બાવીસ વિઘ્નો

શ્રી સુધર્મસ્વામી કહે છે હે આયુષ્મન્' જ્યાં સુધી ભિક્ષુ આંતર બાહ્ય દુર્બળતાઓ અને વાસનાઓને આધીન છે ત્યાં સુધી તેનાથી જ્ઞાની પુરુષો પામે માર્ગ જાણવા છતાં આચરી શકાતો નથી મહાવીર ભગવાને ભિક્ષુજીવનમાં સહેજે આવી પડતી એવી ૨૨ મુશ્કેલીઓ (પરિષહ) જણાવી છે, જેમની સામે અડગ ટકી રહેવાનું સામર્થ્ય પ્રાપ્ત કર્યાં વિના મુમુક્ષુ માર્ગની શરૂઆતમાં જ ભાગી પડે છે તે ૨૨ મુશ્કેલીઓ આ પ્રમાણે છે

(૧) ક્ષુધા ભિક્ષુને આહારની બાબતમાં બહુ સાવચેત રહેવાનું હોય છે અને નિર્દોષ તથા શુદ્ધ આહાર જ પ્રાપ્ત કરવાનો હોય છે પરંતુ કોઈ વાર નિર્દોષ ભોજન મળવું મુશ્કેલ થઈ જાય, તે વખતે તેણે દીન બની જઈ મર્યાદાનું ઉલ્લંઘન કરી ગમે તેવું નિષિદ્ધ ભોજન સ્વીકારી, ક્ષુધાદિ

વેદનાનું નિવારણ કરવાનું ન ઇચ્છવું પરંતુ તેને આકુળ થયા વિના સહન કરી લેવી [૨-૩]

(૨) તૃષા – તરસ (૩) શીત – ઠંડી (૪) ઉષ્ણ – ગરમી (૫) દંશમશક – ડાંસમચ્છરનો ઉપદ્રવ (૬) તથા જોઈતાં કપડાં ન મળવાથી પ્રસંગવશાત્ પ્રાપ્ત થતી નગ્નતાનું પણ તેમજ સમજવું[1] [૪-૧૩]

(૭) એ સૌથી કઠણ મુશ્કેલી તે અરતિ અથવા કંટાળો છે. માણસનું મન જ્યાં સુધી કામભોગોમાંથી પૂરેપૂરું નિવૃત્ત નથી થતું, ત્યાં સુધી તેને સ્વીકારેલા ધર્મમાર્ગ તરફ અરતિ થયા કરે છે. પરાક્રમી પુરુષ શરૂઆતમાં થતી તે અરતિનું દમન કરી પોતાના ચિત્તને પ્રિય પદાર્થો તરફ જતું રોકે તથા આત્મરક્ષિત, આરંભરહિત[2] અને ઉપશાંત થઈ, ધર્મમાં રમમાણ રહે [૧૪-૫]

---

૧ મૂળમાં ક્ષુધા વખતે 'કોઈને કાપવું – કપાવવું નહીં, કે રાંધવું – રંધાવવું નહીં' એમ છે. તૃષા વખતે 'શીત પાણીનું સેવન ન કરવું, પણ વિકૃત (નિર્જીવ પાણી) શોધવું' એમ છે. શીત વખતે 'અગ્નિ સેવવાનો વિચાર ન કરવો' એમ છે. ઉષ્ણ વખતે 'સ્નાન કરવાનો વિચાર ન કરવો, શરીર ઉપર પાણી ન છાંટવું કે પંખો ન વાપરવો' એમ છે. ડાંસમચ્છરના ઉપદ્રવ વખતે, તેમનાથી ત્રાસવું નહીં, તેમને રોકવા નહીં, તેમના પ્રત્યે મન બગાડવું નહીં કે તેમને હણવા નહીં એમ છે. વસ્ત્ર ફાટવા આવે ત્યારે, 'હવે હું કપડાં વિનાનો થઈશ, કે હવે નવાં કપડાં મેળવું એવી ચિંતા ન કરવી, તથા વસ્ત્રહીન દશા કે વસ્ત્રયુક્ત દશા બંનેને હિતકર સમજી શોક ન કરવો,' એમ છે.

૨ કામના પૂરી કરવા માટેની પ્રવૃત્તિ તે આરંભ.

(૮) સ્રી। મનુષ્યને આસક્તિનાં મુખ્ય સ્થાન સ્ત્રી છે જે બુદ્ધિમાન ભિક્ષુ તેનું સ્વરૂપ સમજી સમજે તેને શ્રમણપણું સહેલું છે તથા તે આત્માની શોધમાં આગળ વધી શકે છે. [૧૬ ૭]

(૯) ચર્યા। [એકને એક ગામમાં મમતાળા થઈ ને] સાધુને એક જગાએ ગામો વચન ... વિના નિરંતર વિચર્યા કરવાનું હોય છે નહીં તો ... જાય છે પરંતુ મનને સર્વ દોષથી મૂકી ... સાધુએ ગામ કે નગરમાં ગૃહસ્થીઓનો કે સાધારણ મનુષ્યોનો સંસર્ગ ન રાખતાં નિર્દોષ આહાર પાણીથી નિર્વાહ કરતા કરતા કોઈ એક મુકરર નિવાસસ્થાન રાખ્યા વિના અપરિગ્રહી રહીને એકલા વિચરવું [૧૮ ૮]

(૧૦) નૈષેધિકી। [સ્મશાન વગેરે સ્વાધ્યાય ધ્યાન ના સ્થાન] સાધુ જ્યારે એકાંત સ્થળમાં બીજા કોઈને ત્રાસ ન થાય તેવી રીતે, ધ્યાનાદિ નિયમ માટે બેસે ત્યારે અનેક વિઘ્નો આવી પડે તો પણ પોતાનો સમય પૂરો

(૧૨) આક્રોશ । [તિરસ્કાર] બીજાઓ નિંદા કરે તો તપી ન જવું તથા સામો જવાબ ન વાળવો પરંતુ ઉપેક્ષાબુદ્ધિથી શાંત રહેવું [૨૪-૫]

(૧૩) વધ । મુમુક્ષુને કોઈ માર મારે તોપણ તેણે મન બગાડવું નહીં તે વખતે તેણે એવી ભાવના કરવી કે સહન કરવું એ સર્વ ધર્માચરણોમાં મુખ્ય આચરણ છે તેણે વિશ્વાસ રાખવો કે, જીવનો નાશ નથી [૨૬-૭]

(૧૪) યાચના । ઘરબાર વગરના બનેલા ભિક્ષુને બધી વસ્તુઓ બીજા પાસેથી યાચીને જ મેળવવી પડે છે કોઈની પાસે હાથ લાંબો કરવો એ સહેલી વાત નથી ઘણા તેને કારણે હારી જાય છે પરંતુ સમજુ મનુષ્યે વિચારવું કે સંયમધર્મના સંપૂર્ણ પાલનને અર્થે આવશ્યક લાગવાથી જ પોતે ભિક્ષુજીવન સ્વીકાર્યું છે [૨૮-૯]

(૧૫) અલાભ । ભિક્ષુએ, ગૃહસ્થોને ઘેર રંધાઈ રહ્યા પછી વધ્યુંઘટ્યું માગી લાવીને જ પોતાનો નિર્વાહ કરવાનો હોય છે પરંતુ ઘણી વાર એમ પણ બને છે કે, તેને તેવો આહાર પ્રાપ્ત થતો નથી તેવે વખતે દીન બની જવાને બદલે તેણે એમ વિચારવું કે, 'આજે ન મળ્યું તો કાલે મળશે [૩૦-૧]

(૧૬) રોગ । ભિક્ષુને કોઈ વખત રોગ થઈ આવે, તો તેણે તેની વેદનાથી ઉદ્વિગ્ન બની જઈ, બુદ્ધિની સ્થિરતા ન ગુમાવી બેસવી પણ 'આ મારાં કર્મોનું જ ફળ છે એમ માની, તે વેદનાને સહન કરી લઈ, આત્મપરાયણ રહેવું તેવે વખતે બીજા પાસે ચિકિત્સા કરાવવાની પણ ઇચ્છા ન રાખવી કારણ કે, પોતાને માટે કાંઈ કરવું નહિ

કે કરાવવું નહિ, એ જ મનુષ્યનું સાચું શ્રમણપણું છે. [૩૨-૩]

(૧૭) तृणस्पर्श । કપડા વિનાના બરછટ, સંયમી અને તપસ્વી ભિક્ષુને તૃણ ઉપર સૂતી વખતે શરીરે પીડા થાય છે પરંતુ તેથી કરીને કપડા વગેરે મેળવવાની કામના કરવાને બદલે તે કઠોર સ્પર્શોને તે સહન કરે [૩૪-૫]

(૧૮) जल्ल । [મળ] ગરમીથી શરીર પરસેવાવાળું થઈ જાય કે મેલ અને રજથી ખરડાઈ જાય, તો પણ શરીર સુખને ખાતર ભિક્ષુ નાહવાધોવાની કામના ન કરે. જેને આર્ય એવા સંયમધર્મનું પાલન કરવું છે, અને પોતાના જૂના કર્મો ખંખેરી નાખવા છે, તેને એ બધું સહન કર્યે જ છૂટકો [૩૬-૭]

(૧૯) सत्कारपुरस्कार । મુનિ ગૃહસ્થો તરફથી સત્કારાદિની ઉત્કંઠા ન રાખે તથા તેમ કરનાર ગૃહસ્થોની સ્પૃહા ન કરે. જેને હજુ શારીરિક સુખની ઉત્કંઠા છે, જે હજુ મોમાં લંપટ છે, તેને જ ગૃહસ્થોની કે તેમના સત્કારપુરસ્કારની જરૂર રહે છે. જે અલ્પેચ્છુ છે, અલોલુપ છે તથા પ્રજ્ઞાવાન છે તેને તેવા પૂજનસત્કારની પરવા હોતી નથી [૩૮-૯]

(૨૦) ज्ञान । પોતાનામાં વિશેષ જ્ઞાન ન હોય તથા કોઈ કાંઈ પૂછતું હોય ત્યારે યાદ લાવી શકાતું ન હોય, તો તેથી ભિક્ષુએ ખિન્ન ન થઈ જવું. પણ એમ વિચારવું કે, 'મેં પૂર્વે જ્ઞાનને આવરણ કરનારાં એવાં કર્મો[1] કરેલાં છે, કે જેથી

---

[1] જુઓ અધ્યયન ૩૩

અત્યારે આમ બને છે પરંતુ હવેથી હું યોગ્ય જીવન ગાળીશ, એટલે તે કર્મો અવસ્ય દૂર થશે ' [૪૦ ૧]

(૨૧) અજ્ઞાન : પોતાના પ્રયત્ન છતા ધર્મનો કે સત્યનો સાક્ષાત્કાર ન થાય અને અજ્ઞાન ન ટળે તો તેથી તેણે અધીરા ન બની જવુ, તથા પોતાના ત્યાગ–સંયમને નિરર્થક ન માનવા [૪૨ ૩]

(૨૨) દર્શન : [શ્રદ્ધા] ભિક્ષુએ (શંકા પડતાં) 'પરલોક નથી,' 'તપથી સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, 'જિનો હતા નહિ, છે નહિ કે થશે નહિ' અને આ લોકો જે બધુ કહે છે તે ખોટુ છે' એવુ એકદમ ન માની બેસવુ, પરંતુ, ધર્મની પ્રતીતિ થવાને હજુ વધુ પ્રયત્નની અપેક્ષા છે એમ માની, શ્રદ્ધાપૂર્વક યોગ્ય પુરુષાર્થ કરવો [૪૪ ૫]

આ બધી મુશ્કેલીઓ જીતવાનો મુખ્ય ઉપાય એ છે કે, તેમનુ સ્વરૂપ પહેલેથી જાણીને સમજી રાખવુ જેથી કરીને તેમાથી કોઈ આવી પડે, ત્યારે તેનાથી હણાઈ ન જતા અચળ રહેવાય, એમ હું કહું છુ [૪૬]

૩

ચાર દુર્લભ વસ્તુઓ

શ્રી સુધર્મસ્વામી કહેવા લાગ્યા

આ સંસારમાં જીવને નીચેની ચાર વસ્તુઓ[1] પ્રાપ્ત થવી અતિ દુર્લભ છે

(૧) મનુષ્યપણું (૨) ધર્મનું શ્રવણ (૩) શ્રદ્ધા અને (૪) સંયમમાં પુરુષાર્થ [૧]

૧ સામાન્ય રીતે જીવો વિવિધ કામનાઓથી મૂઢ બની, અનેક કર્મો કરી પરિણામે સંસારમાં અનેકવિધ યોનિઓમાં જન્મ પામ્યા કરે છે તેઓ કોઈ વાર દેવલોકમાં કોઈ વાર નરકલોકમાં તો કોઈ વાર અસુરલોકમાં પણ જાય છે પરંતુ રાજાઓ જેમ કામિનીકાંચનથી કંટાળતા નથી તેમ અધમ કર્મોને વળીવળીને સ્વીકારતા તે પ્રાણીઓ વારંવાર બદલાતી યોનિઓમાં જન્મતા કંટાળતા નથી

---

૧ મૂળ પરમ અંગો (બોધિના)

કામનાઓથી મૂઢ બનેલા તથા વિવિધ કર્મોવાળા તે પ્રાણીઓ આમ અત્યંત દુઃખ અને વેદના અનુભવતા, મનુષ્યેતર યોનિઓમાં જ ભટક્યા કરે છે. તેમ કરતા કરતા, ઘણે લાંબે કાળે, ક્રમે કરીને, કોઈ વાર શુદ્ધિ પામેલા તે જીવો કર્મોનો નાશ કરી શકાય તેવું મનુષ્યપણું પ્રાપ્ત કરે છે. [૨-૭]

૨ પરંતુ એ પ્રમાણે દુર્લભ એવું મનુષ્યપણું પામવા છતાંય તપ, ક્ષમા અને અહિંસામાં પ્રવૃત્તિ કરાવનારું સદ્ધર્મનું શ્રવણ થવું દુર્લભ છે. [૮]

૩ કદાચ કોઈને સદ્ભાગ્યવશાત્ ધર્મનું શ્રવણ પ્રાપ્ત થાય, તો પણ તેમાં શ્રદ્ધા ઉત્પન્ન થવી અતિ દુર્લભ છે. કારણ, ઘણાય લોકો ધર્મ જાણવા છતાં તેનાથી દૂર રહે છે. [૯]

૪ અને કદાચ કોઈને ધર્મમાં શ્રદ્ધા પણ ઉત્પન્ન થાય, પરંતુ તે પ્રમાણે પુરુષાર્થ કરવો એ તેથી પણ દુર્ઘટ છે. કારણ કે ઘણા માણસોને સારી સારી વસ્તુઓમાં શ્રદ્ધા હોવા છતાં, તે પ્રમાણે તેઓ આચરણ નથી કરતા. [૧૦]

પરંતુ જેઓ મનુષ્યપણું પામી, સદ્ધર્મનું શ્રવણ કરી, તેમાં શ્રદ્ધાયુક્ત બની, તે પ્રમાણે આચરણ કરે છે, એટલે કે, તપ અને સંયમ દ્વારા કર્મોનો નાશ કરે છે, તેવા મંગળ અને શુદ્ધ માણસો જ, પાણીથી સિંચાયેલા અગ્નિની પેઠે, પરમ નિર્વાણ પ્રાપ્ત કરે છે. [૧૧-૧૨]

માટે, કર્મના વિવિધ હેતુઓ[૧] જાણી, તેમનો ત્યાગ

૧ મિથ્યાત્વ (તત્ત્વમાં અશ્રદ્ધા અને અતત્ત્વમાં શ્રદ્ધા), અવિરતિ (દોષોથી ન વિરમવું), પ્રમાદ, કષાય (વિષમભાવ) અને યોગ (કાય, મન, વાણીની પ્રવૃત્તિ) એ પાંચ.

કરી તથા વિવિધ પ્રકારના નીચે વ્રતો જીવગતિ સાધી પ્રયત્ન કરતા છતાં, આ જ ભવમાં જ સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત ન થઈ તો તેથી કાંઈ નિરાશ થવાનું કારણ નથી તેવા મનુષ્યો ઉત્તમ વિભૂતિવાળી દેવયોનિઓમાં જન્મ પામી, આયુષ્ય પૂરું થયે, ફરી મનુષ્યયોનિમાં સારાં ભાગ્યકુળોમાં અવતરે છે[1] ત્યાં તેમને નીચેનાં દશ ઉત્તમ અંગો પ્રથમથી જ પ્રાપ્ત થાય છે (૧) ઘર અને વાડી, સોનું અને રૂપું, પશુઓ અને નોકરચાકર (૨) સુશીલ મિત્રો (૩) સહૃદય નાતીલાઓ (૪) ઉત્તમ ગોત્ર (૫) ઉત્તમ વર્ણ (૬) આરોગ્ય (૭) તીક્ષ્ણ બુદ્ધિ (૮) ખાનદાનપણું (૯) યશ અને (૧૦) પરાક્રમ [૧૭ ૧૮]

પૂર્વજન્મના સંસ્કારોથી પ્રથમથી જ વિશુદ્ધ આચરણવાળા તેઓ અસામાન્ય માનુષિક વિભૂતિઓ ભોગવતા છતાં તેમાં અનાસક્ત રહી, શુદ્ધ બોધ પ્રાપ્ત કરે છે તથા જ્ઞાનીઓએ વર્ણવેલો સંયમપ્રધાન મોક્ષમાર્ગ સ્વીકારી, તપથી કર્માંશોનો નાશ કરી શાશ્વત સિદ્ધિ પ્રાપ્ત કરે છે

---

૧ આ ભાવના જ ગીતાના ૬, ૪૧ ૩ શ્લોક સરખાવો.

૮

અપ્રમાદ

શ્રી સુધર્મસ્વામી કહે છે

એક વાર તૂટ્યા પછી જીવનદોરી ફરી સાંધી શકાતી નથી માટે જ્યાં સુધી આયુષ્ય છે, ત્યાં સુધી પ્રમાદનો ત્યાગ કરી, કલ્યાણના માર્ગને અનુસરો પ્રમાદ, હિંસા અને અસંયમમાં જુવાની વિતાડ્યા પછી, ઘડપણ આવીને ઊભું રહેશે તે વખતે કશું થઈ શકશે નહિ, પણ અસહાય થઈ, કરેલાં કર્મોનું ફળ ભોગવવા જવું પડશે કારણ, કરેલાં કર્મો ભોગવ્યા વિના કોઈનો છૂટકો થતો નથી [૧,૩]

આયુષ્ય દરમ્યાન મૂઢ મનુષ્ય અનેક પાપો કરી તથા અનેક વેરો બાંધી ધન ભેગું કર્યા કરે છે પરંતુ મૃત્યુ બાદ જ્યારે પોતાને પોતાનાં કર્મફળ ભોગવવા જવું પડે છે, ત્યારે તે તેની સાથે આવતું નથી તેમજ તેનું રક્ષણ કરતું નથી ધન આ લોકમાં જ કર્મફળમાંથી બચાવી શકતું નથી, તો પછી પરલોકની તો વાત જ શી ? [૪,૫]

જે મગાવહાનામાં મૂઢ બની મનુષ્ય પાપકર્મો કરે છે તેઓ પણ કર્મનાં ફળ ભોગવતી વખતે બાધુપણું દાખવવા આવતા નથી આમ હોવા છતાં અનંત મોહથી મૂઢ બનેલા મનુષ્યો દીવો ઓલવાઈ ગયો હોય અને માર્ગ દેખી ન શકાય તેમ ન્યાયયુક્ત માર્ગ દેખવા છતાં દેખી શકતા નથી એ કેવું આશ્ચર્ય છે! પરિણામે, દીવાલમાં પોતે જ પાડેલા બાકામાં પેસતાં દબાઈ જઈ હણાતા ચોરની જેમ, તે મૂઢ લોકો આ લોક અને પરલોકમાં પોતાનાં જ કરેલાં કર્મોથી હણાય છે એવા મૂઢ મોહનિદ્રામાં પડેલા મનુષ્યોની વચ્ચે વિવેકી મુમુક્ષુએ જાગ્રત રહેવું તથા કશાનો વિશ્વાસ ન કરવો કારણ કે, કાળ નિર્દય છે અને શરીર અબળ છે માટે તેણે ભારંડપક્ષીની[1] પેઠે અપ્રમત્ત રહેવું સંસારમાં જે કાંઈ છે તેને પાશરૂપ સમજી મુમુક્ષુએ સાવચેતીથી પગલાં માંડવાં તથા શરીર સબળ છે ત્યાં સુધી તેનો ઉપયોગ સંયમધર્મ સાધવામાં કરી લેવો તેમ કરતાં કરતાં જ્યારે તે અશક્ત થઈ જાય ત્યારે માટીના ઢેફાની પેઠે તેનો ત્યાગ કરવો [૧-૭]

આ ગતુ શાશ્વતવાદી[2] કલ્પના કર્યા કરે છે કે, 'પહેલાં ન સધાયું તો પછી સધાશે' પણ એમ કરતાં કરતાં કામ-

---

૧ બે મુખ અને ત્રણ પગવાળું એક પક્ષી જુઓ સંયમધર્મ પા ૧૬૧ નોંધ

૨. આત્મા મરણ પછી પણ કાયમ રહે છે, અને તેના ઉપર કર્મોની અસર થતી નથી એવો વાદ તે શાશ્વતવાદ તેનાથી ઊલટો, એટલે આત્મા જેવી વસ્તુ નથી અથવા મરણ પછી કાયમ રહેતી નથી એવો વાદ તે ઉચ્છેદવાદ જુઓ સુત્તનિપાત ૭૭૮

ભોગોમાં જ જીવન પૂરું થઈ જવા આવે છે અને આયુષ્ય ક્ષીણ થતાં શરીર તૂટવા માંડે છે તે વખતે કશું કરી શકાય તેમ રહેતું નથી અને એ મૂઢ મનુષ્યને પસ્તાવાવારો આવે છે [૯]

વિવેક જલદી પ્રાપ્ત કરી શકાતો નથી અને વાં વાર લોભાવતા ભોગો ભોગવનારમાં મંદતા આણી વધારે પ્રમત્ત બનતા જાય છે માટે પ્રયત્નપૂર્વક કામભોગોમાંથી મનને રોકી તેમનો ત્યાગ કરી, અપ્રમત્તપણે આત્માનું રક્ષણ કરતા કરતા વિચરવું કળવાયેલો અને બખ્તરવાળો ઘોડો જેમ રણમઆમમાંથી સહીસલામત પાછો આવી શકે છે, તેમ પ્રથમ અવસ્થામાં અપ્રમત્તપણે કામભોગોમાંથી પોતાનું રક્ષણ કરનારો મનુષ્ય સહીસલામતીથી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે અપ્રમત્ત મોહગુણ સામે સતત ઝૂઝી વારંવાર વિજય મેળવનાર શ્રમણને અનેક પ્રતિકૂળ સ્પર્શો વેઠવા પડે છે પણ તેથી ખિન્ન થયા વિના તે પોતાના પ્રયત્નમાં અચલ રહે [૮,૧૦ ૧૨]

સંસ્કારહીન, તુચ્છ તથા રાગ અને દ્વેષથી પરવશ એવા બીજા વાદીઓના અધમાચરણથી ડામાડોળ થઈ જવાને બદલે, તેમની વિપરીતતા સમજતા મુમુક્ષુએ, કામ ક્રોધ, લોભ, માયા અને અહંકારનો ત્યાગ કરી, શરીર પડતા સુધી ગુણની ઇચ્છા કરતા વિચરવું, એમ હું કહું છું [૧૩]

૫

મરણના બે પ્રકાર

મહા પ્રયત્નથી આ વિકટ ભવસમુદ્રને તરવાની અણી ઉપર આવેલા એક મુમુક્ષુને તેના પ્રશ્નના જવાબમાં એક મહાજ્ઞાનીએ નીચે પ્રમાણે કહ્યું —

મરણ બે પ્રકારનાં હોય છે એક, 'અકામ મરણ' અને બીજું 'સકામ મરણ' અકામ મરણથી મરનારા અજ્ઞાનીને વારવાર મરવું પડે છે અને સકામમરણથી મરનારા જ્ઞાનીને વધારેમાં વધારે એક વાર મરવું પડે છે [૧ ૩]

તે બેમાંથી પ્રથમ અકામમરણને ભગવાન મહાવીરે આ પ્રમાણે વર્ણવી બતાવ્યું છે —

અકામમરણ એટલે પોતાને ન ગમતું હોય છતાં નામ થતું મરણ તે મરણ કામાસક્ત, ક્રૂરકર્મી તથા અજ્ઞાની જીવોને પ્રાપ્ત થાય છે તેઓ જીવન દરમ્યાન પ્રત્યક્ષ દેખાતાં સાંસારિક સુખોમાં જ પોતાનું જીવન વ્યતીત કરે છે

તેઓ કહે છે કે, 'આ ભોગો તો પ્રત્યક્ષ છે, પણ પરલોક કોણે દેખ્યો છે? માટે બધા ચાલે છે તેમ ચાલવું જ ઠીક છે' આવો નિશ્ચય કરી, તે ભોગાસક્ત લોકો પછી પોતાના ભોગો ખાતર ગમે તેવા અકર્મ આચરે છે તથા સ્થાવર જંગમ અનેક પ્રાણોની હિંસા કરે છે પોતાના સુખ ખાતર કોઈ પણ પાપકર્મ કરતા તેઓ અચકાતા નથી તેઓ ગમે તેવું અસત્ય બોલે છે, ગમે તેવા કપટ કરે છે તથા ગમે તેવી નિંદા કરે છે સુરા અને માંસનું અહર્નિશ સેવન કરનારા તે શઠ પુરુષો અનેક કુકર્મોથી પ્રાપ્ત કરેલા કામભોગોને જ શ્રેયરૂપ માને છે તથા મન, વચન અને કાયાથી કામિનીકાંચનમાં મૂર્છિત રહે છે આમ તેઓ આતર તેમજ બાહ્ય બંને પ્રકારની મલિનતા એકઠી કરે છે [૪-૧૦]

આ પ્રમાણે અપર્યાપ્ત કામભોગો ભોગવતા ભોગવતા અંતે જ્યારે તેમનું શરીર રોગો અને વૃદ્ધાવસ્થાથી ઘેરાઈ જાય છે, ત્યારે તેમને મૃત્યુનો તથા ત્યાર પછી પ્રાપ્ત થનારી પોતાની કાળી સ્થિતિનો ભય લાગવા માંડે છે તે વખતે, ક્રૂરકર્મ કરનારા અશીલ લોકોને પ્રાપ્ત થતા નરકસ્થાનો અને ત્યાં ભોગવવી પડતી યંત્રણાઓ તથા કર્મ અનુસાર પ્રાપ્ત થયેલા નવા સ્થાને જતા થતો પરિતાપ — એ બધા વિષે પોતે સાંભળેલી વાતો તેમને યાદ આવે છે પછી, સપાટ રસ્તો છોડી ખાડાટેકરાવાળે રસ્તે ગાડું લઈ જતા ધરી ભાગવાથી પસ્તાતા ગાડાવાળાની પેઠે, તેઓ શોક કરે છે આમ, પોતાની મરણ પછી થનારી સ્થિતિની કલ્પનાથી ભયભીત બનેલા તે મૂઢ પુરુષોને મરણનો અત્યંત

ભય લાગે છે તથા તેથી તેઓ દાવમાં હારેલા જુગારીની પેઠે પરવશપણે અનિચ્છાએ મરે છે. આનું નામ અકામ મરણ. [૧૧ ૧૬]

હવે જ્ઞાની પુરુષનું સકામમરણ વર્ણવું છું તે સાંભળો. જે પુણ્યશાળી તથા સંયમી ઋષિઓએ પોતાનું જીવન જ્ઞાની પુરુષોએ બતાવેલા ધર્મમાર્ગે વ્યતીત કર્યું હોય છે, તેઓનું મરણ પ્રસન્નતા ભરેલું તથા આઘાત વિનાનું હોય છે. કારણ કે, તેમને નિશ્ચય હોય છે કે, મરણ બાદ તે ઉચ્ચ અથવા પરમગતિને પામવાના છે. તે મરણ બધા જ ભિક્ષુઓને હોય છે એમ પણ નથી કે કોઈ જ ગૃહસ્થને નથી હોતું એમ પણ નથી. કારણ, ઘણાય ભિક્ષુઓ કરતાં કેટલાક ગૃહસ્થો જીવનની બાબતમાં ચઢિયાતા હોય છે. માત્ર મૃગચર્મ, નગ્નપણું, જટા, સંઘાટિ[1] કે મુંડનથી ઉત્તમ ભિક્ષુ બનાતું નથી. સુશીલ માણસ પછી ભલે તે ભિક્ષુ હોય કે ગૃહસ્થ હોય, તો પણ ઉત્તમ ગતિને પામે છે. જે ગૃહસ્થ પોતાના આચારનિયમનું[2] યથાતથ પાલન કરે છે તેવો શાણો ગૃહસ્થ પણ ખરેખર સુશીલ જ

---

૧. ઉત્તરીય વસ્ત્ર (ખાસ કરીને બૌદ્ધ સાધુનું)

૨. મૂળમાં સામાયિક, પૌષધ આદિ શિક્ષાવ્રતોનો ઉલ્લેખ છે. અમુક કાળ પર્યંત સ્થિર થઈ ધ્યાનાદિમાં બેસવારૂપી સામાયિક વ્રત, પ્રવૃત્તિઓના ક્ષેત્રને મર્યાદિત કરવારૂપી દેશાવકાશિક વ્રત, આઠમ, ચૌદશ, પૂનમ અને અમાવાસ્યાને દિવસે ઉપવાસ કરી સાધુજીવન ગાળવારૂપી પૌષધ વ્રત અને શ્રમણનિર્ગ્રંથોને જોઈતી વસ્તુઓ પૂરી પાડવારૂપી અતિથિસંવિભાગવ્રત — એ ચાર શિક્ષાવ્રતો કહેવાય છે.

છે દેહત્યાગ કરીને તે અવશ્ય ઉત્તમ દેવગતિને[1] પામે છે તે જ પ્રમાણે પોતાના સંયમધર્મનું યથાયોગ્ય પાલન કરનાર ભિક્ષુ પણ આ બેમાંથી એક ગતિ અવશ્ય પામે છે કાં તો સર્વ દુઃખોમાંથી હમેશને માટે વિમુક્ત થઈ સિદ્ધ થાય છે અથવા મોટી ઋદ્ધિવાળો દેવ થાય છે તે દેવલોક મોહ વિનાના, દ્યુતિયુક્ત તથા યશસ્વી યક્ષોથી (દેવોથી) વસાયેલા હોય છે સંયમ અને તપ આચરીને વાસનારહિત થયેલા ભિક્ષુઓ કે ગૃહસ્થો તે સ્થળોએ જાય છે [૧૭-૨૮]

આમ શીલવાળા બહુશ્રુત માણસો મરણ આવે ત્રાસ ન પામતા હોવાથી તથા મરણ વખતે ધીરજ ગુમાવ્યા વિના પ્રસન્ન રહેતા હોવાથી તેમનું મરણ સકામમરણ કહેવાય છે આખી જિંદગી દયાધર્મને અણીશુદ્ધ પાળનાર મેધાવી પુરુષ, યોગ્ય વખત આવ્યે, શ્રદ્ધાપૂર્વક, ગુરુસમક્ષ, લોમહર્ષનો ત્યાગ કરી, દેહના પડવાની વાટ જોતો તૈયાર રહે છે, અને ત્રણ[2] પ્રકારમાંથી એક પ્રકારના સકામમરણથી મરે છે [૨૯-૩૨]

---

૧ મૂળ यक्षसलोकता।

૨. તે ત્રણ પ્રકારો આ પ્રમાણે છે (૧) ભક્તપ્રત્યાખ્યાન મરણ પર્યંત આહારનો ત્યાગ કરવો તે આમાં પડખું ફેરવવું વગેરે શારીરિક ચેષ્ટાઓ જાતે કરવાની અથવા બીજા પાસે કરાવવાની છૂટ હોય છે (૨) ઇંગિની (ઇત્વરિત) મરણ આમાં આહારત્યાગ ઉપરાંત હાલવાચાલવાના ક્ષેત્રની પણ મર્યાદા બાંધવાની હોય છે, તથા તે ચેષ્ટાઓમાં બીજાની મદદ લેવાની હોતી નથી. (૩) પાદપોપગમન આમાં આહારત્યાગ ઉપરાંત શારીરિક ચેષ્ટામાત્રનો ત્યાગ કરવાનો હોય છે અને પાદપ – વૃક્ષ – ની જેમ નિશ્ચલ રહેવાનું હોય છે

૬

ખોટા સાધુ

અજ્ઞાની લોકો, આ અનંત સંસારમાં, અપાર દુઃખો ભોગવતા મૂઢતાથી વારંવાર જન્મમરણ પામ્યા કરે છે. પંડિત પુરુષ તો એ સંસારભ્રમણના કારણરૂપ અનેક પ્રકારના પાશોને સમજી લઈ, તથા સર્વ પ્રાણીઓ પ્રત્યે મૈત્રી અને અદ્રોહયુક્ત બની, સત્યની શોધમાં લાગવું. [૧-૨]

આસક્તિ અને સ્નેહ એ આ સંસારના મુખ્ય પાશો છે. તેમને કારણે મનુષ્ય માતપિતા, ભાઈબહેન તથા પત્નીપુત્ર વગેરેમાં મૂર્છિત રહી અનેક અકર્મો કરે છે અથવા સુકર્મો કરતો અટકે છે. પરંતુ તે સમજતો નથી કે પોતાના તે કર્મોનાં ફળ ભોગવતી વખતે તે કોઈ બચાવવા આવવાના નથી. તેમને માટે તે ધનસંપત્તિ વગેરે ઐશ્વર્ય એકઠું કરવા પ્રયત્ન કરે છે પણ જોતો નથી કે પોતાનું પારલૌકિક ઐશ્વર્ય ખોવાનું જાય છે.[૧] તેમને કારણે તે ભય અને

---

૧. મૂળમાં 'કામરૂપી -દેવ- થવાની વાતનો ઉલ્લેખ છે.

વૈરયુક્ત બની અનેક પ્રાણોની હિંસા કરે છે, પણ જોતા નથી કે દરેક જીવને પોતાની જાત પ્રિય છે તેમને કારણે તે અનેક વસ્તુઓ બીજાઓ પાસેથી લઈ લઈને એકઠી કરે છે પણ જોતા નથી કે કોઈની પાસેથી કાંઈ પણ લેવું એ નરકનું કારણ છે આ બધું વિચારી, સુજ્ઞ પુરુષે આસક્તિ અને સ્નેહનો ત્યાગ કરી, ભય અને વૈરથી નિવૃત્ત થઈ, પરિગ્રહરહિત બની, સંયમધર્મના પૂર્ણ પાલનને અર્થે ભિક્ષુ જીવન સ્વીકારવુ અને પોતાના પાત્રમા આવી પડેલુ ખાઈ, પોતાનો નિર્વાહ કરવો [૩ ૭]

અહીં કેટલાક ક્ષુદ્ર સાધુઓ એમ માને છે કે પાપ કર્મનો ત્યાગ કર્યા વિના માત્ર આચારને જાણવાથી જ સર્વ દુખમાથી વિમુક્ત થવાય છે તેઓ બંધ અને મોક્ષમા માનતા હોય છે પરતુ તે અનુસાર આચરણ કરવાને બદલે માત્ર વાતો કર્યા કરી, વાગાડબરથી જ પોતાની જાતને આશ્વાસન આપે છે પરતુ અનેક પ્રકારની વાણી કે વિદ્યાધ્યયન મનુષ્યનું રક્ષણ શી રીતે કરી શકે? તે મૂઢ લોકો પોતાને પડિત માનતા હોવા છતા, સાસારિક પદાર્થોમા જ આસક્ત હોય કે તથા મન, વચન અને કાયાથી શરીર, વર્ણ અને રૂપમા મૂર્છિત હોય છે તેઓને અનત સંસારમા લાબા માર્ગને પામેલા તથા અનત દુખના ભાગી જાણવા [૮ ૧૦]

વિવેકી પુરુષે તો બધી બાબતોમા અપ્રમત્ત થઈને, તથા ભૌતિક પદાર્થોની આકાક્ષા રાખ્યા વિના, પૂર્વકર્મના ક્ષયને અર્થે જ આ દેહને ટકાવી રાખવો તેણે કર્મોના

હેતુઓનું[1] પૃથક્કરણ કરી, તેમનો નાશ કરવામાં જ જીવન ખપાવવું તે અર્થે ભિક્ષુજીવન સ્વીકારી, તૈયાર અન્ન માગી લાવી કણનો પણ સંગ્રહ કર્યા વિના તેણે અન્નપાનની માત્રા વિચારીને ખાવું અને શરીરનિર્વાહ કરવો. એ પ્રમાણે ભિક્ષાદિમાં સાવધાન રહી, તે એક જગાએ સ્થિર થઈને રહેવાને બદલે અનિયતભાવે, કાંઈ પણ આશા રાખ્યા વિના વિચરે[2] અને પ્રમત્તોમાં અપ્રમત્ત રહી પોતાના લક્ષની સિદ્ધિમાં કાળ વિતાવે [૧૩-૧૬]

આ પ્રમાણે અપૂર્વ જ્ઞાન અને દર્શનવાળા જ્ઞાતપુત્ર, અર્હત ભગવાન વૈશાલિકે[3] કહ્યું છે [૧૭]

---

૧ જુઓ આગળ પા ૧૭ નો ૧

૨. મૂળમાં – માત્ર પીંછાં લઈને એવું વધારે છે કેટલાક એવો અર્થ પણ કરે છે કે, 'પંખી જેમ પીંછાં સાથે (બીજુ કશું સાથે રાખ્યા વિના) ફરે છે, તેમ તે કશું સાથે રાખ્યા વિના ફરે

૩ આ બધાં ભગવાન મહાવીરનાં વિશેષણો ■ જ્ઞાન એટલે વિશેષ બોધ અને દર્શન એટલે સામાન્ય બોધ જ્ઞાત નામના રાજ-વંશમાં જન્મ્યા હોવાથી જ્ઞાતપુત્ર અર્હત્ એટલે પૂજ્ય અને વૈશાલિક એટલે વૈશાલી નગરીના રહેવાસી.

૭

ઘેટાનું દૃષ્ટાંત

કોઈ અતિથિ આવે તે પ્રસંગે ઉજાણી માટે પોતાના આંગણામાં ઘેટો પાળે છે તથા તેને જોળા અને જવસ ખવરાવી ખવરાવી પુષ્ટ કરે છે. તે ઘેટો તૃપ્તિપૂર્વક બધું ખાઈ ખાઈ, મોટા પેટવાળો તથા વિપુલ દેહવાળો બને છે. પરંતુ તે જાણતો નથી કે, પોતે અતિથિ આવે ત્યારે કપાવા માટે તૈયાર થઈ રહ્યો છે. [૧ ૩]

તેવી રીતે, અજ્ઞાની મનુષ્ય પણ સ્ત્રીપ્રધાન કામભોગો ભોગવતો, મહાઆરંભો અને પરિગ્રહો કર્યા કરતો, તથા લૂટફાટ, ચોરી, જૂઠ, ક્રૂરતા તથા શઠતાથી પોતાના કામભોગો પ્રાપ્ત કરતો વિહરે છે. સંસ્કારનું ખરું થયેલું માંસ ખાઈ, સુરા પી, તે ગતોમાતો, ફુંદવાળો તથા લોહીભરેલો થયા જાય છે. પરંતુ તે મૂઢ મનુષ્ય જાણતો નથી કે પોતે નરક માટે તૈયાર થઈ રહ્યો છે. [૮ ૭]

પછી આસન, શયન, વાહન, ધન, અને બીજા કામો ભોગવાને દુષ્પ્રાપ ધનને પાછળ મૂકીને તથા ઘણું પાપ ભેગું કરીને આ દૃશ્યમાન જગતમાં જ માનનારો તથા કર્મોથી ભારે થયેલો તે પ્રાણી, અતિથિ આવ્યે શોક કરતા રોગની પેઠે, મૃત્યુ સમયે શોક કરે છે ત્યારબાદ આયુષ્યનો ક્ષય થયે દેહથી ચ્યુત થયેલો તે પરવશ બની, અંધારી, આસુરી દિશામાં જાય છે તથા આપત્તિ અને વધ જેમાં મુખ્ય છે એવી નરકની અને તિર્યંચ (પશુપખી ઇ૦) ની અધમ યોનિઓ પામે છે એક વાર એ દુર્ગતિમાં ગયા પછી તેમાંથી બહાર આવવું ઘણા લાંબા કાળ સુધી અશક્ય હોય છે[1] [૮ ૧૦, ૧૭ ૮]

તે મૂઢ મનુષ્યો કોડી સારુ હજાર રૂપિયા ગુમાવનાર મૂર્ખ[2]

---

૧ યોનિઓની કાળમર્યાદા ઇ૦ માટે જુઓ આગળ અધ્યા૦ ૩૬ શ્લોક ૧૫ ઇ૦ તથા શ્લોક ૧૭૧ ઇ૦

૨ ટીકાકાર એવી વાત ટાંકે છે કે, એક જણ હજાર રૂપિયા કમાઈ, પોતાને દેશ પાછો ફર્યો રસ્તામાં તેને એક સંઘનો સાથ મળી ગયો તેણે પોતાના હજાર રૂપિયામાંથી એક રૂપિયો વટાવી કોડીઓ લીધી અને તેટલા વડે જ મુસાફરી પૂરી કરવી એવું નક્કી કર્યું પરંતુ, એક વખત તે રસ્તામાં ક્યાં ખાવા બેઠો હતો ત્યાં એક કોડી ભૂલી ગયો થોડે દૂર ગયા બાદ બીજો પડાવ નાખ્યો ત્યારે તે વાતની તેને ખબર પડી તેણે વિચાર્યું કે, એ એક કોડી માટે બીજો રૂપિયો વટાવવો પડશે માટે બધા રૂપિયા એક ઠેકાણે દાટી દઈ, જલદી જલદી પેલી કોડી લઈ આવું તે રૂપિયા દાટતો હતો તેટલામાં કોઈએ તેને જોયો એટલે તેણે રૂપિયા તેની ગેરહાજરીમાં ત્યાંથી કાઢી લીધા. પેલું પણ પેલી કોડી કોઈએ ઉપાડી લીધેલી આમ તેના કોડી અને રૂપિયા બંને ગયા.

જેવા તથા કેરી સારૂ રાજ્ય ખોનાર રાજા[1] જેવા છે કારણ, તેઓ ૧૦૦ વર્ષ કરતા ઓછા આયુષ્યના તુચ્છ માનુષી સુખો માટે હજારગણા ઉત્તમ દૈવી આયુષ્યવાળા કામસુખો ગુમાવે છે [૧૧ ૧૩]

ત્રણ વાણિયા વિષે એક એવી લોકકથા છે કે, મૂડી લઈને તેઓ વેપાર કરવા નીકળ્યા તેમાનો એક ઘણો લાભ મેળવી પાછો આવ્યો બીજો મૂળ મૂડી સાથે જ પાછો આવ્યો અને ત્રીજો તો મૂડી પણ ખોઈને આવ્યો તેની પેઠે જ ધર્મજીવનમા પણ મનુષ્યો ત્રણ પ્રકારે વર્તે છે કેટલાક વિપુલ સદાચાર, શીલ અને વિશેષતાવાળા પુરુષાર્થી લોકો પોતાના સત્કર્મોને લીધે, પહેલા વાણિયાની પેઠે મૂળ મૂડી (મનુષ્યપણા) ઉપરાત (દેવપણાનો) લાભ પામે બીજા સામાન્ય ગૃહસ્થો સદાચરણ અને સુનનો આચરી, બીજા વાણિયાની પેઠે મૂળ મૂડી સાથે જ (ફરી મનુષ્ય બની) પાછા આવે છે જ્યારે અજ્ઞાની અને દુરાચારી લોકો, ત્રીજા વાણિયાની પેઠે, મનુષ્યપણુ પણ હારી બેસે છે અને નરક કે તિર્યંચપણાને પામે છે [૧૪-૨૧]

માટે હાનિલાભનો વિચાર કરી, મેધાવી પુરુષ પોતાના ઐહિક જીવનનો સદુપયોગ કરે

---

૧ આ વાત એવી છે કે, એક રાજાને ઘણી કેરીઓ ખાવાથી વિષૂચિકા રોગ થયો. વૈદોએ મહામહેનતે તે દૂર કર્યો, પણ ભવિષ્યમા કદી કેરી ન ખાવાની તેને તાકીદ આપી પરતુ બીજુ સર્વ રાજ્યસુખ ભોગવતો હોવા છતા, તેનુ મન કેરી માટે ફાવા નાખતુ એક દિવસ મન કાબૂમા નહિ રહેવા તેણે પુષ્કળ કેરીઓ ખાઈ લીધી અને જાન ખોયો.

૮

કપિલમુનિનો સદુપદેશ

કપિલમુનિની કથા

કપિલ નાના હતા તેવામાં જ તેમના પિતા—રાજપુરોહિત કાશ્યપ—ગુજરી ગયા. કૌશાંબીના રાજા જિતશત્રુએ તેમની જગાએ નવો પુરોહિત નીમ્યો. એક વખત તે નવો પુરોહિત ઠાઠમાઠથી રાજમાર્ગ ઉપર થઈને જતો હતો. તેને જોઈ, પોતાનો પૂર્વ વૈભવ યાદ આવવાથી કપિલની માતા યશા રડવા લાગ્યાં. નાના કપિલે રડવાનું કારણ પૂછતાં યશાએ જણાવ્યું કે, તારા પિતા જીવતા હતા ત્યારે આપણે ત્યાં આવો ઠાઠ હતો. પરંતુ તેમના ગુજરી ગયા પછી તું નાનો તેમજ અભણ હોવાથી આ બીજો બ્રાહ્મણ તે ઠાઠ ભોગવે છે. તે સાંભળી કપિલે ભણીગણી પિતાનું પદ પાછું મેળવવાનો નિશ્ચય કર્યો. માતાએ તેને તેના પિતાના મિત્ર ઇન્દ્રદત્તને ત્યાં શ્રાવસ્તિ જવાની સલાહ આપી. ઇન્દ્રદત્તે ખુશીથી કપિલને ભણાવવાનું કબૂલ કર્યું. પરંતુ તેનું ખાધાખર્ચ પોતાનાથી ઉપાડી શકાય તેમ ન હોવાથી ગામના શાલિભદ્ર શેઠને ત્યાં કપિલના ખાવાપીવાની વ્યવસ્થા કરી. ત્યાં તે શેઠની એક સ્વરૂપવાન દાસી કપિલને રોજ જમવાનું

પીરસની વખત જતા તે બનેમા અનુરાગ ઉત્પન થયો અને કપિલ પોતાનુ ભણવાકરવાનુ ભૂલી તેનામા આસક્ત થઈ ગયા. આમ ઘણો કાળ વીતી ગયો. એક વખત તે દાસીને ખિન્ન થયેલી દેખી કપિલે તેનુ કારણ પૂછ્યુ, તો તેણે જણાવ્યુ કે, 'કાલે અમારા લોકોનો મોટો ઉત્સવ છે. તે વખતે બીજી બધી સ્ત્રીઓ પૂરા શણગાર સજીને આવશે. પરંતુ મારી પાસે બીજી બધી સામગ્રી હોવા છતાં પુષ્પાદિ ખરીદવા રોકડ નાણુ કાંઈ નથી. તેથી હુ મૂઝાઉં છુ.' પછી કપિલે તેનો કાંઈ ઉપાય પૂછતા તે દાસીએ જણાવ્યુ કે 'આ નગરમા ધન નામનો શેઠ, સવારના પહોરમા પોતાને મંગળવચનોથી જગાડનાર બ્રાહ્મણને બે સોનામહોર દક્ષિણા આપે છે. માટે તમે જો વહેલા જઈ તેમ કરો, તો તેટલા પૈસાથી મારુ બધુ પતી જાય.' તે સાંભળી ઉત્સાહમાં આવી જઈ, કપિલ બીજો કોઈ પહેલાથી જાય ત્યાર પહેલા પહોંચવા ખાતર, મધરાતના જ ચાલી નીકળ્યા. રસ્તામા ચોકીદારોએ તેમને ચોર ધારી પકડ્યા અને બીજે દિવસે રાજા સમક્ષ રજૂ કર્યા. કપિલે રાજાને પોતાની સાચી હકીકત સ્પષ્ટ કહી સંભળાવી. તેથી સંતુષ્ટ થઈ રાજાએ તેમને છોડી મૂક્યા અને તેમને જોઈતુ ધન પોતાની પાસેથી માગી લેવા જણાવ્યું. આ સાંભળી ખુશ થઈ, કપિલ કેટલુ ધન માગવુ તેનો વિચાર કરવા લાગ્યા. પરંતુ જેમ જેમ તે વિચાર કરતા ગયા તેમ તેમ, સો, હજાર, લાખ અને કરોડ સિક્કાથી પણ પોતે પેલી દાસી સાથે પૂરેપૂરા એશઆરામમા રહી શકશે નહિ એમ તેમને લાગ્યું. છેવટે તેમને ભાન આવ્યુ કે, પોતે શું કરવા આવ્યા હતા અને શું કરવા બેઠા છે. એટલે ત્યાથી તે સાધુ બની ચાલી નીકળ્યા અને એક મહાન તપસ્વી બન્યા.

શ્રી સુધર્મસ્વામી કહે છે :

"અસ્થિર, અનિત્ય તથા દુઃખપૂર્ણ એવા આ સંસારમા એવુ કયુ કર્મ છે, કે જે કરવાથી દુર્ગતિ પ્રાપ્ત ન થાય ?" [1]

આ પ્રશ્નનો જવાબ, સંપૂર્ણ જ્ઞાન અને દર્શનથી યુક્ત તથા મોહરહિત એવા મુનિવર કપિલે, સર્વ જીવોના હિત, કલ્યાણ અને મોક્ષને અર્થે, આ પ્રમાણે આપ્યો છે

"વિવિધ પદાર્થોમાં સ્નેહ અથવા આસક્તિ એ સર્વ પ્રકારના બંધનનું મૂળ છે માટે મનુષ્યે સર્વ પ્રકારના સંબંધોનો ત્યાગ કરી, ફરી ક્યાંય સ્નેહ ન કરવો સ્નેહ કરાવનારા પદાર્થોમાં પણ સ્નેહ વિનાનો રહેનાર મનુષ્ય સર્વ દુખોમાંથી મુક્ત થાય છે

'રાગ અને દ્વેષને કારણે મનુષ્યના અંતરમાં અનેક ગાંઠો બંધાઈ ગઈ છે તે ગાંઠોને બંને પ્રકારે છેદી નાખી મુમુક્ષુ ભિક્ષુએ, ગમે તેટલા કામભોગો આવી મળે તોપણ તેમાં ન લેપાવું એક વાર મનુષ્ય એ લોભાવનારા વિષયોમાં ખેંચાઈ ગયો, તો પછી તે પોતાનું હિત અને કલ્યાણ સમજવાની બુદ્ધિ જ ગુમાવી બેસે છે પછી માખી જેમ બળખામાં ચોંટી જઈ નાશ પામે છે, તેમ તે મંદ અને મૂઢ મનુષ્ય નાશ પામે છે [૨ ૫]

'વિવિધ પદાર્થોથી ભરેલું આખું વિશ્વ કોઈ એક મનુષ્યને જ આપી દેવામાં આવે, તો પણ તેનાથી તેને તૃપ્તિ થાય તેમ નથી મનુષ્યની તૃષ્ણાઓ એવી દુષ્પૂર છે કારણ કે, જેમ જેમ લાભ થતો જાય છે તેમ તેમ લોભ પણ વધતો જાય ■ જુઓને, (મારે-કપિલને) બે સિક્કાની જરૂર હતી તે પછી કરોડોથી પણ પૂરી ન થઈ' [૧૬-૭]

આ જન્મમાં જેઓ કામભોગોના રસમાં આસક્ત બની પોતાના જીવનનું નિયમન નથી કરતા તેઓ સમાધિ

યોગથી ભ્રષ્ટ બની, આ જન્મ પણ ગુમાવે છે અને મૃત્યુ બાદ પણ આસુરી યોનિ પ્રાપ્ત કરે છે. ત્યાંથી છૂટીને પણ તેઓ સંસારમાં શાંતિ પામ્યા વિના સતત ભટક્યા જ કરે છે. કારણકે, અનેક કર્મોના લેપથી લીંપાયેલા તેઓને બોધ પ્રાપ્ત થવો ઘણો મુશ્કેલ હોય છે. [૧૪-૧૭]

“માટે, મનુષ્યનું સર્વસ્વ નાશ કરનારા ભોગોમાં કદી ન ફસાવું. તે ભોગોની મનોહરતા ક્ષણ ઉપરની જ છે. ચિત્ત આજે ‘આ’ તો કાલે ‘બીજું’ એમ હંમેશાં નવું માગ્યા કરે છે. અને જેને મેળવવા હમણાં જ પોતે અતિ પ્રયત્ન કર્યો હોય છે, તે જ થોડા વખત બાદ અકારું થઈ પડે છે. માટે તે ભોગોની કદી કામના ન કરવી. ઘરબાર વિનાના ભિક્ષુએ સ્ત્રી સાથે કોઈ પણ પ્રકારના પ્રસંગનો ત્યાગ કરવો. તેણે તો એકાંત-કલ્યાણકારી ધર્મને જાણીને, તેમાં જ પોતાની જાતને લીન કરી દેવી. [૧૮-૧૯]

“તે બધા કામભોગો એવા છે કે, એક વખત તેમનો પરિચય કર્યા બાદ મહાકષ્ટે પણ તજી શકાતા નથી. તેમાં પણ, સામાન્ય સંસારી જીવો માટે તો તે અશક્ય જ છે. મહાવ્રતો જેવાં સુંદર વ્રતો અણીશુદ્ધ પાળનારા કોઈ વિરલા સાધુ પુરુષો જ તે દુસ્તર ભોગોને, વેપારી વાણિયા જેમ દુસ્તર સમુદ્ર પાર કરી જાય છે, તેમ તરી જાય છે. [૬]

“પરંતુ સાધુનો વેષ પહેરવાથી કંઈ સાધુ થઈ જવાતું નથી. ઘણાય પશુ જેવા અજ્ઞાની લોકો પોતાને શ્રમણ કહેવરાવે છે. પરંતુ ખરી રીતે તો તેઓ કામભોગોમાં જ

કૂએના હોય છે તેઓ લક્ષણશાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર અંગવિદ્યા[1] વગેરેથી ભવિષ્ય જાણીને કે શુભાશુભ ફળ કહી બતાવીને કમાણી કરે છે તથા પોતાના કામભોગો પ્રાપ્ત કરે છે પરંતુ, તેઓ સાચા શ્રમણો નથી એમ આચાર્યોએ સ્પષ્ટ જણાવ્યું છે વિવિધ પાપકર્મોમાં રહેલી હિંસાને પણ તેઓ જોઈ શકતા નથી જે આર્યપુરુષોએ સાધુધર્મ ઉપદેશ્યો છે તેઓએ તો સ્પષ્ટ જણાવ્યું છે કે, હિંસા કદી ન આચરવી અહિંસાવ્રત આચરનારો મહામુનિ જ કાયમ સર્વ દુઃખો-માંથી મુક્ત થવાની આશા રાખી શકે આમ હોવાથી જે મુમુક્ષુ હિંસા નથી આચરતો તેને જ સદાચારી[2] કહી શકાય જેમ ઊંચી જમીન ઉપરથી પાણી ચાલ્યું જાય છે, તેમ તેવા મનુષ્ય પાસેથી પાપકર્મ દૂર ચાલ્યું જાય છે

---

1 લક્ષણશાસ્ત્ર શારીરિક લક્ષણો ઉપરથી શુભાશુભ ભાખવાની વિદ્યા ટીકાકાર જણાવે છે કે, હાડકાં ઉપરથી પૈસા, માંસ ઉપરથી સુખ, ચામડી ઉપરથી ભોગો આંખ ઉપરથી સ્ત્રીઓ વગેરે કહી આપવામાં આવે છે

સ્વપ્નશાસ્ત્રના નમૂના તરીકે ટીકાકાર જણાવે છે કે સ્વપ્નમાં જો અલંકારિક વસ્તુઓ, ઘોડો, હાથી, તથા સફેદ બળદ વગેરે જોવામાં આવે, તો યશ મળે, પોતાને સ્વપ્નમાં પેશાબ કરતો કે ઝાડો કરતો જુએ તો અર્થ નાશ પામે ઇ૦

અંગવિદ્યાના દૃષ્ટાંતો માથું ફરકે તો રાજ્ય મળે હાથ ફરકે તો પ્રિયમિલન થાય ઇ

2 મૂળ સમિત। સમ્+ઇ=બરાબર ચાલવું, યોગ્ય આચરણ કરવું જૈનધર્મમાં પાંચ સમિતિઓ ગણાવી છે તેમના વર્ણન માટે જુઓ અ૦ ૯, ટિપ્પણ ૩

માટે, જગતમાં જે કોઈ સ્થાવર કે જંગમ પ્રાણીઓ છે, તેમની મન, વાણી કે કાયાથી, હિંસા ન કરવી [૮ ૧૦,૧૩]

"મુમુક્ષુએ નિર્વાહ પણ ગમે તેવું નીરસ, વધ્યુંઘટ્યું તથા વાસી અન્ન[1] માગી લાવીને કરવો તેવું અન્ન પણ તેણે સંયમધર્મના નિર્વાહ અર્થે આવશ્યક ગણીને જ ખાવું, સ્વાદવૃત્તિથી નહિ' [૧૧ ૧૨]

વિશુદ્ધ પ્રજ્ઞાવાળા ઋષિએ ઉપદેશેલો આ ધર્મ જે આચરશે, તે આ સંસારસાગરને તરી જશે, અને તેણે આ લોક તથા પરલોક બન્ને સાધ્યા એમ કહેવાશે

એમ કહી શ્રી સુધર્મસ્વામી બોલ્યા

---

૧ મૂળમાં એ ઉપરાંત નીચેની વિગતો પણ છે પુરાણું કુંમાષ (જૂના અડદ) બુક્કસ (બાકળા), મંથુ (સાથવો), પુલાગ (અસાર ખાદ્ય) ૬૦

૯

નમિરાજાનો ગૃહત્યાગ

દેવલોકમાંથી ચ્યવીને મનુષ્યલોકમાં ઉત્પન્ન થયેલા નમિરાજાને[1] પોતાના મોહનીયકર્મ[2] શાન્ત થતાં પોતાના પૂર્વજન્મનું સ્મરણ થયું. તેથી વૈરાગ્યયુક્ત[3] બનેલા તે રાજાને આપોઆપ સર્વોત્તમ ધર્મનું સ્ફુરણ થયું. પછી તે રાજા પુત્રને ગાદીએ બેસાડી, આજુબાજુના પ્રદેશ સાથેની મિથિલા નગરી, લશ્કર, અંતઃપુર અને પરિજન વગેરે સર્વને તજી એકાંત સ્થળે ચાલ્યો ગયો. [૨-૪]

---

૧. પાછલા [illegible] જન્મથી તે ચક્રવર્તીનો પુત્ર થઈ જન્મતો હતો અને સંન્યાસી થઈ ધર્મસાધન કરતો કરતો ઉત્તમ દેવયોનિમાં જન્મતો હતો. છેવટના જન્મ વખતે સાધના કરતાં કરતાં વીજળી પડવાથી તેનું અકાળ મરણ થયું હતું. વધુ માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧.

૨. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૨.

૩. ભય-ત્રાન જાગ એટલે વૈરાગ્ય.

સન્યાસી થઈને બેઠેલા તે રાજર્ષિ પાસે ઇંદ્ર બ્રાહ્મણ વેશ ધારીને બોલ્યો અરે! આજે મિથિલામાં કોલાહલ શાનો મચી ગયો છે? તથા મહેલોમાં અને લોકોના ઘરોમાં આ દારુણ શબ્દો શાના સંભળાય છે? [૫-૭]

રાજર્ષિ નમિ મિથિલા નગરીમાં શીળી છાયાવાળું, મનોરમ, પત્ર, પુષ્પ અને ફળ સંયુક્ત તથા હમેશાં અનેક જીવોને ફળફૂલ વડે અનેક ઉપકાર કરતું જે ચૈત્યવૃક્ષ[1] હતું, તેને પવનથી ખેંચાઈ જતું જોઈને, તેને આશરે રહેતાં પંખીઓ દુખી, અસહાય તથા પીડિત થઈને આ અવાજો કરે છે [૮-૧૦]

દેવેંદ્ર અરે! આ તો અગ્નિ અને વાયુના સપાટામાં સપડાઈને તારું ઘર સળગી ઊઠયું છે! હે ભગવન્! તારા અંતઃપુરની બાજુ તરફ તું કેમ નજર કરતો નથી? [૧૧-૧૨]

રાજર્ષિ નમિ જેને પોતાનું એવું કાંઈ નથી, તેવા અમે સુખે વસીએ છીએ તથા જીવીએ છીએ આખી મિથિલા સળગતી હોય તોપણ મારું કંઈ સળગતું નથી[2]

---

૧ સ્મારક તરીકે રોપેલું, દેવમંદિરને લગતું અંતરા વગેરેના વાસવાળું, ચબૂતરાવાળું એટલા અર્થ થાય. 'ચૈત્યવૃક્ષ' એટલે 'ઉદ્યાનનું વૃક્ષ' એવો પણ અર્થ લઈ શકાય જુઓ આગળ અધ્યયન ૨૦-૨ ત્યાં મંડિકુક્ષિ 'ચૈત્ય'ને નંદ નામના ઉદ્યાન ઉપવન સાથે સરખાવ્યું છે

૨. આ શ્લોક લગભગ આ સ્વરૂપમાં જ જાતક (૫૩૯,૧૨૫), સંયુત્તનિકાય (૧, પા ૧૧૪), મહાવંશ (૩, પા. ૪૫૩) મહાભારત (૧૨ ૬૬૧૭) વગેરે બૌદ્ધ અને હિંદુ ગ્રંથોમાં પણ મળી આવે છે

સ્ત્રીપુત્રનો ત્યાગ કરીને નિર્વ્યાપાર બનેલા ભિક્ષુને કશું પ્રિય નથી. ‘હું એકલો છું, મારું કોઈ નથી’ એવું જાણનારા તથા સર્વબંધનોથી છૂટા થયેલા ગૃહત્યાગી ભિક્ષુ મુનિને ભારે નિરાંત[1] છે. [૧૩-૬]

ઇંદ્ર – હે રાજા! તું તો ક્ષત્રિય છે; તારે તો તારા નગરની આજુબાજુ કિલ્લો, દરવાજા, બુરજો, ખાઈઓ તથા સેંકડો શત્રુનો નાશ કરનાર શતઘ્ની યંત્રો તૈયાર કરાવી, તારા નગરને સુરક્ષિત કરવું જોઈએ.[2] [૧૮]

રાજર્ષિ નમિ – શ્રદ્ધારૂપી નગરને ક્ષમારૂપી મજબૂત કિલ્લો બંધાવી, તપ અને સંયમ[3]ને તેના આગળા બનાવી, (મન વાણી અને કાયાના નિયમન એ) ત્રણ (રૂપી બુરજ ખાઈ અને શતઘ્ની)થી તેને સુરક્ષિત[4] અને અજેય કરી પરાક્રમરૂપી ધનુષ્ય ઉપર સદાચારરૂપી[5] પણછ ચડાવી, ધૃતિરૂપી મૂઠથી તે ધનુષ્યને પકડી સત્ય વડે તેને ખેંચી તપરૂપી બાણથી કર્મરૂપી કવચને ભેદનારો મુનિ સંગ્રામનો અંત લાવી સંસારમાંથી મુક્ત થાય છે. [૨૦-૨૨]

---

૧ મૂળ सुहं।

૨ મૂળમાં બીજે ‘એટલું કરીને જજે’ (गच्छसि), એમ.

૩ મૂળ संवर। જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૩.

૪ મૂળ त्रिगुप्त। ત્રણ ગુપ્તિઓથી રક્ષિત. ગુપ્તિના વર્ણન માટે જુઓ પ્રકરણને અંતે ટિ૦ નં. ૩.

૫ મૂળ ईर्या વગેરે સમિતિઓ. સમિતિઓના વર્ણન માટે જુઓ પ્રકરણને અંતે ટિ૦ નં. ૩.

દેવેંદ્ર હે ક્ષત્રિય ! તારે તો ઊંચા મહેલો, વર્ધમાન-ગૃહો[1] અને જળમહેલો[2] બંધાવવા જોઈએ [૨૩ ૪]

રાજર્ષિ નમિ જ્યાં પોતાને હંમેશ રહેવાનું નથી એવા રસ્તામાં જે ઘર કરે છે, તે મૂર્ખ છે માણસે તો પોતાને જ્યાં કાયમનું જવાનું છે ત્યાં ઘર બનાવવું જોઈએ ! [૨૫ ૬]

દેવેંદ્ર હે ક્ષત્રિય ! તારે તો ધાડપાડુ લૂટારુ[3], ખીસાકાતરુ અને ચોર વગેરેથી નગરનું રક્ષણ કરવું જોઈએ [૨૭-૮]

રાજર્ષિ નમિ લોકો ઘણી વાર ખોટી સજાઓ જ કરે છે ખરા અપરાધીઓ છૂટી જાય છે અને નિર્દોષ માર્યા જાય છે [૨૯ ૩૦]

દેવેંદ્ર હે ક્ષત્રિય ! જે રાજાઓ હજુ તને વશ નથી થયા, તેઓને તારે વશ કરવા જોઈએ [૩૧ ૨]

રાજર્ષિ નમિ દુર્જય સંગ્રામમાં લાખો યોદ્ધાઓને જીતે, તેના કરતાં એકનો પોતાને જીતે તો તે જય ઉત્તમ છે પોતાની જાત સાથે જ લડવું જોઈએ[4] બહારનાઓ સાથે લડીને શું વળવાનું છે ? પોતાના બળથી પોતાની જાતને

---

૧ વિશિષ્ટ આકૃતિમાં બાંધેલા ઘરો. તે ઘરો સર્વોત્તમ ગણાય છે જુઓ વરાહમિહિર–બૃહત્સંહિતા ૫૩,૩૬

૨ મૂળ બાલાગ્રપોતિકા સરોવરની મધ્યમાં બાંધેલો મહેલ.

૩ મૂળ લોમહાર 'જેઓ સામાને મારી નાખીને તેનું બધું લઈ લે, તેવા નિર્દય લૂંટારાઓ'–ટીકા૰

૪ લગભગ આ જ ભાવાર્થનો ધમ્મપ નો ૧૦૩ શ્લોક જુઓ.

જીતનારો સુખી થાય છે.[1] પાંચ ઇંદ્રિયો, ક્રોધ, માન, માયા અને લોભ તથા સૌથી વિશેષ દુર્જય એવું પોતાનું મન એ જિતાયાં એટલે બધું જિતાયું [૩૩-૬]

દેવેંદ્ર હે ક્ષત્રિય ! તારે તો મોટા મોટા યજ્ઞો કરવા જોઈએ તથા શ્રમણબ્રાહ્મણોને જમાડવા જોઈએ દાન ભોગ અને યજ્ઞ એ તારું કર્તવ્ય છે [૩૭-૮]

રાજર્ષિ નમિ મહિને મહિને લાખો ગાયો દેનારાના દાન કરતાં કાંઈ ન આપનારાનું સંયમાચરણ શ્રેષ્ઠ છે [૩૯-૪૦]

દેવેંદ્ર ગૃહસ્થાશ્રમનો[2] ત્યાગ કરી તું બીજો આશ્રમ સ્વીકારવા તત્પર થયો છે તેના કરતાં તો, હે નરાધિપ ! તું ગૃહસ્થાશ્રમમાં રહીને જ પૌષધ[3] વગેરે કર [૪૧-૨]

રાજર્ષિ નમિ કોઈ અજ્ઞાની મનુષ્ય મહિને મહિને દાભની અણી ઉપર રહે તેટલું અન્ન ખાઈને ઉગ્ર તપ કરે તોપણ તે માણસ સત્પુરુષોએ બતાવેલા ધર્મને અનુસરનારા

---

૧ જુઓ આચારાંગ ૧ ૫ ૩ ૨

૨ મૂળમાં ઘોરાશ્રમ શબ્દ છે સંન્યાસી લેખકની મનોવૃત્તિએ તેની પાસે આ શબ્દ કઢાવ્યો છે એમ ગણવું જોઈએ. ટીકાકાર કહે છે કે, ગૃહસ્થાશ્રમ બરાબર પાર પાડવો એ જ ખરું મુશ્કેલ કામ છે કાયર લોકો જ સંન્યાસ વગેરે પાખંડ સેવે ■ गृहाश्रमपरो धर्मो न भूतो न भविष्यति । पालयन्ति नरा शूरा क्लीबा पाषण्डमाश्रिता ॥ તેથી તેને ઘોરાશ્રમ કહ્યો છે’ પરંતુ નમિના જવાબમાંથી તે અર્થ સૂચિત થતો નથી

૩ જુઓ પા ૧૭ નોંધ ૧

મનુષ્યના ભોગમા હિસ્સાનેય ન પહોંચે ! [૪૩ ૪]

દેવેંદ્ર હે ક્ષત્રિય ! તારે તો સોનુ, રૂપુ, મણિ, મુક્તા, કાંસા વગેરેના વાસણો, વસ્ત્રો, વાહન અને ભડારની વૃદ્ધિ કરવી જોઈએ [૪૫ ૬]

રાજર્ષિ નમિ સોનારૂપાના કૈલાસ જેવા અસખ્ય પર્વતો પણ લોભી મનુષ્યને પૂરતા નથી કારણકે, ઇચ્છા આકાશ જેવી અનત છે ² ધનધાન્ય³ સમેત આખી પૃથ્વી કોઈ એક મનુષ્યને જ આપી દે, તો પણ તે તેને પૂરતી થાય નહિ આમ જાણી તપનો જ આશરો લેવો યોગ્ય છે [૪૭ ૯]

દેવેંદ્ર હે રાજન ! તુ આવા અદ્ભુત ભોગોને તજીને અસત્ વસ્તુની કામના કરે છે, તે નવાઈની વાત છે તારી તે દુષ્કામનાથી જ તારો નાશ થવાનો છે ! [૫૦ ૧]

રાજર્ષિ નમિ આ બધા કામભોગો શલ્યરૂપ છે, વિષરૂપ છે તથા ઝેરી સર્પ જેવા છે એ કામભોગોની પાછળ પડેલા લોકો, તેમને પ્રાપ્ત કર્યા વિના જ દુર્ગતિને પામે છે ક્રોધથી માણસ નીચે પડે છે માનથી અધમ ગતિ પ્રાપ્ત કરે છે માયાથી તેની સદ્ગતિનો નાશ થાય છે અને લોભથી તેને લોક બગડે છે [૫૩-૪]

---

૧ લગભગ આ જ શબ્દોમા આવા જ ભાવાર્થનો ધમ્મપદનો શ્લોક ૭૦ સરખાવો

૨ આ જ ભાવાર્થના શ્લોકો મારસયુત્ત ૨ ૨૦ ૬, દિવ્યાવદાન પા. ૨૨૪ વિષ્ણુપુરાણ ૪ ૧૦-૧૦

૩ મૂળમા 'શાલી, જવ (વગેરે ધાન્ય) અને સોનુ, ઢોર ઢાખર (વગેરે ધન)' એમ છે

હવે દેવેન્દ્રે પોતાનું બ્રાહ્મણરૂપ તજી દીધું અને પોતાનું મૂળ રૂપ ધારણ કરી તથા રાજાને નમન કરીને તે નીચેના મધુર વચનોથી તેની સ્તુતિ કરવા લાગ્યો: [૫૫]

'હે રાજા, તને ધન્ય છે! તેં ક્રોધને જીત્યો છે, માનનો પરાભવ કર્યો છે, માયાને દૂર કરી છે, અને લોભને વશ કર્યો છે. તારી સરળતાને ધન્ય છે! તારી મૃદુતાને ધન્ય છે! તારી ઉત્તમ શાન્તિને ધન્ય છે! અને તારી ઉત્તમતાને ધન્ય છે! હે મહાનુભાવ! આ લોકમાં તો તું ઉત્તમ છે જ પરંતુ મરીને પણ તું ઉત્તમ થવાનો છે; કારણ કે, સર્વ પ્રકારની મલિનતાથી રહિત એવો તું જરૂર સિદ્ધિને પામીશ કે જે બધા લોકોમાં સર્વોત્તમ પદ છે. [૫૬-૮]

આ પ્રમાણે ઉત્તમ શ્રદ્ધાથી તે રાજાની સ્તુતિ કરતો દેવેન્દ્ર તેની પ્રદક્ષિણા કરતો કરતો તેને ફરી ફરી નમસ્કાર કરવા લાગ્યો. ત્યાર બાદ તે મુનિવરના ચક્ર અને અંકુશના લક્ષણવાળા ચરણોને નમીને, કંપતા કુંડળ અને મુકુટવાળો તે ઇન્દ્ર આકાશમાં ચાલ્યો ગયો. [૫૯-૬૦]

આમ સાક્ષાત્ ઇંદ્રથી પ્રેરાયા છતાં વિદેહાધિપતિ નમિ રાજાએ પોતાની જાતને ડગવા દીધી નહિ, તથા ગૃહત્યાગ કરી શ્રમણપણું સ્વીકાર્યું.[1] બુદ્ધિમાન, પંડિત અને કુશળ પુરુષો એમ જ કરે છે અને ભોગોમાંથી નિવૃત્ત થાય છે.[2] [૬૧-૨]

---

૧. જુઓ આગળ ૧૮ ૪૬

૨. જુઓ આગળ ૧૫-૯૧ ૨૨ ૪૫

ટિપ્પણ

ટિપ્પણ નં ૧ કલિંગદેશનો કરકંડુ રાજા, પાંચાલનો દ્વિમુખરાજા, વિદેહનો નમિરાજા અને ગાંધાર દેશનો નગ્ગતિરાજા એ ચાર રાજાઓ 'પ્રત્યેકબુદ્ધ' કે 'સહસંબુદ્ધ' કહેવાય છે પ્રત્યેકબુદ્ધ એટલે ગુરુ વગેરેના ઉપદેશ વિના કે તપશ્ચર્યાદિ પૂર્વસાધના વિના જેમને પોતાના જીવનના કોઈ તીવ્ર પ્રસંગે અચાનક જ્ઞાન થઈ જાય તે — સ્વયંસંબુદ્ધ

કરકંડુ રાજાને પોતાના જુવાન બળવાન, તથા પ્રિય વાછડાને અવસ્થા થતા ઘરડો અને દુર્બળ થઈ ગયેલો જોઈને વસ્તુઓની પરિણામશીલતાનું જ્ઞાન થયું દ્વિમુખરાજાને ઇન્દ્રધ્વજના ઉત્સવ વખતે રોપેલા અને સાત દિવસ પૂજાયેલા ધ્વજના દંડને ઉત્સવ પૂરો થતા વિષ્ટમૂત્રાદિમા રખડતો જોઈ, વૈભવની અનિત્યતાનું જ્ઞાન થયું

નમિરાજાને દાહનો રોગ થયો હોવાથી તેની બધી રાણીઓ સામટી ચંદન ઘસવા બેઠી તેમના કંકણોનો એટલો મોટો અવાજ થયો કે રાજાને તે અસહ્ય થઈ પડ્યો એટલે રાણીઓએ હાથ ઉપર એકેક કંકણ રાખીને જ ચંદન ઘસવા માડ્યું આમ ઘણા ભેગા હોય ત્યાં કોલાહલ જોઈને અને એકલાપણામાં શાંતિ દેખી, તે રાજાને નિઃસંગતાની શાંતિનું જ્ઞાન થયું

નગ્ગતિરાજા સૈન્ય સાથે ફરવા નીકળ્યો ત્યા એક આંબાને મોરથી પરિપૂર્ણ દેખી, માંગલિક માની તેણે તેની એક મંજરી તોડી લીધી તેની પાછળ આવનારા સૈનિકોએ પણ તે જોઈ, તેની એક એક મંજરી તોડવા માંડી પરિણામે રાજા પાછો ફર્યો ત્યારે તે સુંદર ઝાડ ઠૂંઠું જ બની રહ્યું હતું આ ઉપરથી શ્રીની ચંચળતાનું તેને જ્ઞાન થયું

એ પ્રમાણે જ્ઞાન થતાં દરેકે પોતાના ઘરબાર તજી નગ્નપણું સ્વીકાર્યું નમિરાજાની વિશેષ માહિતી માટે જુઓ 'મહાવીરસ્વામીનો સંયમધર્મ' પા. ૯૬, ટિ ૧

ટિપ્પણ ન ૨ મોહનીય કર્મના ▮ પ્રકાર છે દર્શન મોહનીય અને ચારિત્રમોહનીય તેમાં દર્શનમોહનીયના પ્રકારો નીચે પ્રમાણે છે જેના ઉ થી તત્ત્વોના યથાર્થ સ્વરૂપની રુચિ અટકે, તે મિથ્યાત્વમોહનીય (૨) જેના ઉ થી યથાર્થપણાની રુચિ કે અરુચિ ન થતાં ડોલાયમાન સ્થિતિ રહે, તે મિશ્રમોહનીય (૩) જેનો ઉદય યથાર્થપણાની રુચિનું નિમિત્ત થવા છતાં, ઔપ ામિક કે ક્ષાયિક ભાવનાવાળી તત્ત્વરુચિનો પ્રતિબંધ કરે, તે સમ્યકૃત્વમોહનીય

ચારિત્રમોહનીય એટલે ક્રોધ માન, માયા અને લોભ એ ચાર કષાયો (તીવ્રતાના તારતમ્યભાવની દૃષ્ટિએ ૧૬ જુઓ અ૦ ૨૫ ટિ૦ ન ૧) તથા તેમના સહચારી અને ઉદ્દીપક એવા નીચેના ૯ નોકષાય હાસ્ય, રતિ અરતિ, શોક, ભય જુગુપ્સા સ્ત્રૈણભાવની વિકૃતિ પ્રકટાવનાર સ્ત્રીવેદ, પૌરુષભાવની વિકૃતિ પ્રકટાવનાર પુરુષવેદ અને નપુંસક ભાવની વિકૃતિ પ્રકટાવનાર નપુંસકવેદ એમ ચારિત્ર મોહનીયના ૨૫ ભે થાય છે કેટલાક નોકષાયમાંથી ત્રણના ત્રણે વેદોનો વેદ એવા એક નામમાં સમાવેશ કરી નોકષાયના સાત પ્રકાર માને ▮ જ્ઞાની, શાસ્ત્ર, સાધુ ધર્મ, અને દેવ વગેરેની નિં ા કરવાથી દર્શનમોહનીય કર્મ બંધાય છે તથા ક્રોધાદિને વશ થવુ મશ્કરી કરવી તથા બીજાને બેચેની કે શોક વગેરે ઉપજાવવાથી ચારિત્ર મોહનીય બંધાય છે

ટિપ્પણ ન ૩ જે જે નિમિત્તો વડે કર્મબંધન થાય તેમનો નિરોધ કરવો તે 'સંવર' ગુપ્તિ, સમિતિ ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય, ચારિત્ર તથા તપ વડે સંવર થાય છે ગુપ્તિ અને બહાપૂર્વક મન, વચન અને કાયાને ઉ માર્ગેથી રોકવારૂપી ત્રણ ગુપ્તિ ▮ અને વિવેકપૂર્વક ચાલવા બોલવા વગેરે રૂપી પાંચ સમિતિઓ ▮ (તેમના સવિસ્તર વર્ણન માટે જુઓ આગળ અધ્યયન ૨૪)

ક્ષમા, માર્દવ, આર્જવ શૌચ સત્ય સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દશ પ્રકારનો ધર્મ છે વસ્તુઓની અનિત્યતા, જીવની અશરણતા સંસારની અપૂર્ણતા જીવનું એકલાપણું, શરીરની પોતાનાથી અન્યતા, શરીરની અશુચિતા, કર્મબંધનના માર્ગો (આસ્રવ), તેમનો સંવર, કર્મનો નાશ (નિર્જરા) લોકનું સ્વરૂપ જ્ઞાનની દુર્લભતા અને ધર્મની દુર્લભતા એ બાર ભાવનાઓનું ચિંતન તે અનુપ્રેક્ષા માર્ગથી ચ્યુત ન થવા અને કર્મ ખપાવવા જે જે સહન કરવું ઘટે, તે પરિષહ (તેના ૨૨ પ્રકાર માટે જુઓ આ પુસ્તક અ૦ ૨) અને આત્મિક શુદ્ધ દશામાં સ્થિર થવા માટે બધી અશુદ્ધ પ્રવૃત્તિઓનો ત્યાગ તે ચારિત્ર વાસનાઓને ક્ષીણ કરવા જોઈતું આધ્યાત્મિક બળ કેળવવા શરીર, ઇંદ્રિય અને મનને તપાવવા તે તપ

છ આભ્યંતર અને છ બાહ્ય તપોની વિગત માટે જુઓ આગળ અધ્યયન ૩૦

મનુષ્યત્વ પામીને પણ આર્યત્વ પામવું વળી મુશ્કેલ છે ઘણા લોકો દસ્યુ અને મ્લેચ્છ જાતિમાં[1] ઉત્પન્ન થાય છે આર્યત્વ પામીને પણ પાંચે ઇન્દ્રિયો પૂરેપૂરી પામવી મુશ્કેલ છે ઘણા લોકો એક કે બીજી ઇંદ્રિય વિનાના હોય છે પાંચે ઇન્દ્રિયો પૂર્ણ હોઈને પણ ઉત્તમ ધર્મનું શ્રવણ પ્રાપ્ત થવું મુશ્કેલ છે ઘણા લોકો પાખંડી ગુરુઓની સેવા કરે છે ઉત્તમ ધર્મનું શ્રવણ પ્રાપ્ત થવા છતાં તેમાં શ્રદ્ધા ઉત્પન્ન થવી દુર્લભ છે ઘણા લોકો મિથ્યાત્વને[2] સેવ્યા કરે છે ઉત્તમ ધર્મમાં શ્રદ્ધા પ્રાપ્ત થવા છતાં શરીરથી તેનું આચરણ મુશ્કેલ છે ઘણાય લોકો કામભોગોમાં મૂઢ રહે છે માટે હે ગૌતમ! એક ક્ષણ પણ પ્રમાદ ન કર [૧૬-૨૦]

તારું શરીર દિવસે દિવસે જીર્ણ થતું જાય છે તારા કેશ ધોળા થતા જાય છે અને તારી કાન, આંખ, નાક જીભ અને ત્વચા વગેરે ઇંદ્રિયોનું તેમજ બીજું પણ સર્વ પ્રકારનું બળ ઘટતું જાય છે અને તને બેચેની,[3] ગડગૂમડ વિષૂચિકા વગેરે રોગો થવા લાગ્યા છે આમ તારું શરીર ક્ષીણ તથા નષ્ટ થતું જાય છે, માટે હે ગૌતમ! એક ક્ષણ પણ પ્રમાદ ન કર [૨૧-૭]

---

૧ ટીકાકારના જણાવ્યા પ્રમાણે દેશની સીમાઓ ઉપર રહેનારા ચોરો તે દસ્યુ અને જેમનું બોલેલું આર્યોથી સમજાતું નથી તેવા શક, યવન વગેરે તે મ્લેચ્છ 'તે જાતે વર્ણોમાં ધર્માધર્મ, ગમ્યાગમ્ય અને ભક્ષ્યાભક્ષ્યનું જ્ઞાન હોતું નથી અને તેઓ નર્યા પશુ જેવા હોય છે' આર્ય-અનાર્યની જૈન કલ્પના માટે જુઓ 'ધર્મકથાઓ' પા. ૨૦૧-૭

૨ જુઓ પા ૧૯ નો. ૧ ૩ મૂળ અરતિ.

કમળ જેમ શરદ ઋતુના નિર્મળ જળને પણ સ્પર્શ કરતું નથી, તેમ તું પોતાની બધી આસક્તિઓ દૂર કર અને સર્વ પ્રકારના સ્નેહબંધનોથી રહિત થા વિપુલ ધન-ભંડાર, સ્ત્રી અને મિત્રબાંધવોનો તે ત્યાગ કર્યો છે હવે ફરી તેમની કામના કરી, વમન કરેલી વસ્તુને રખે ખાવા જતો ! [૨૮ ૩૦]

આ સમયે કોઈ જિન નજરે પડતો નથી, પરંતુ તેમણે ઉપદેશેલો અને ઘણાઓએ સ્વીકારેલો માર્ગ તો છે જ[1] માટે હે ગૌતમ ! એક ક્ષણ પણ પ્રમાદ ન કર કાંટાવાળો વિષમ માર્ગ છોડીને, તું તેમણે બતાવેલા સાફ ધોરી માર્ગને અનુસર નબળો ભારવાહક વિષમ માર્ગે ચડીને પછી જેમ પસ્તાય, તેમ ન કર [૩૧ ૩]

મોટા સમુદ્રને તો તું તરી ગયો છે હવે કિનારે આવીને કેમ અટકે છે ? સામે પાર જલદી નીકળી જવા ત્વરા કર અગાઉ થઈ ગયેલા સિદ્ધપુરુષોની શ્રેણીને[2] અનુસરીને તું ક્ષેમ અને કલ્યાણયુક્ત ઉત્તમ સિદ્ધલોકને પ્રાપ્ત કરી શકીશ માટે હે ગૌતમ ! એક ક્ષણ પણ પ્રમાદ ન કર [૩૪ ૫]

મુનિએ પ્રબુદ્ધ અને શાંત થઈને ગામ કે નગરમાં સંયમધર્મને અનુસરતા અનુસરતા વિચરવું, તથા લોકોને શાંતિમાર્ગનો ઉપદેશ કરવો [૩૬]

---

૧ આ શબ્દો મહાવીરના મોમાં મુકાયા છે, તે નવાઈ પામવા જેવું છે ૯–૪૧ ની પેઠે આ પણ લેખકની જ ભૂલ હોવાનો વધુ સંભવ છે

૨. મૂળ अकलेवरश्रेणी ।

આ પ્રમાણે બુદ્ધે[1] મારી રીતે કહેવાં તથા અર્થયુક્ત પદોવાળાં આ વચનો સાંભળીને ભગવાન ગૌતમ રાગ અને દ્વેષને છેદી, સિદ્ધગતિને પામ્યા, એમ હું કહું છું [૩૭]

ટિપ્પણો

ટિપ્પણ નં. ૧ આ તથા પછીના શ્લોકમાં કાળગણનાના જૈન પારિભાષિક શબ્દો વપરાયેલા છે 'અસંખ્ય વર્ષો' એટલે કેટલાં તે સમજવા માટે નીચેનું કોષ્ટક જાણવું આવશ્યક છે

એક યોજન એટલો ઊંડો અને એટલી જ પહોળાઈનો ગોળ ખાડો હોય તેને ઝીણામાં ઝીણા વાળના ટુકડાઓથી ઠાંસી ઠાંસીને ભરવામાં આવે પછી તેમાંથી દર ૧૦ વરસે એક એક ટુકડો કાઢે, તો તે ખાડો ખાલી થતાં જે વખત લાગે તે વ્યવહાર પલ્ય કહેવાય

તેવા અસંખ્ય વ્યવહાર પલ્ય = ૧ ઉદ્ધાર પલ્ય

અસંખ્ય ઉદ્ધારપલ્ય = ૧ અદ્ધાપલ્ય

૧૦ × (૧ કરોડ × ૧ કરોડ) અદ્ધાપલ્ય = ૧ સાગર.

જૈનો કાળચક્રના ઊંચે ચડતો અને નીચે ઊતરતો એવા બે ભાગ પાડે છે ઊંચે ચડતો ભાગ તે ઉત્સર્પિણી કહેવાય અને નીચે ઊતરતો તે અવસર્પિણી કહેવાય ઉપર જણાવેલ ૧૦ (કરોડ×કરોડ) સાગર વર્ષોની એક ઉત્સર્પિણી થાય અને તેટલાં જ બીજાં વર્ષોની એક અવસર્પિણી થાય તેવી અસંખ્ય ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓ વ્યતીત થાય તો તે 'સંખ્યાતીત' એટલે કે ઉપર જણાવેલો અસંખ્ય વર્ષોનો કાળ કહેવાય

ટિપ્પણ નં. ૨ 'અનંત કાળ' એટલે કે અનંત ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓ વ્યતીત થતાં થતો કાળ

ટિપ્પણ નં. ૩ સંખ્યેય કાળ વધારેમાં વધારે ૧ કરોડ પૂર્વોનો ગણાય છે એક પૂર્વ એટલે ૭૦૫૬ ० ०००००० વર્ષ

---

૧ ભગવાન મહાવીર માટે મૂળમાં આ શબ્દ વાપરેલો છે

૧૧

સાચો શાસ્ત્રજ્ઞ

જેણે શાસ્ત્રનો મર્મ જાણ્યો નથી, જે અહંકારી છે, જે લુબ્ધ છે, જે ઇંદ્રિયનિગ્રહી નથી, તથા જે નિરંતર ગમે તેમ લપલપ કર્યા કરે છે, તે (ઘણું ભણ્યો હોય તોય) વિનીત[1] ન કહેવાય કે શાસ્ત્રજ્ઞ પણ ન કહેવાય [૨]

નીચેના પાંચ કારણથી સાચું શિક્ષણ પ્રાપ્ત થતું નથી માન, ક્રોધ, પ્રમાદ રોગ અને આળસ [૩]

નીચેના આઠ કારણથી માણસ સુશિક્ષિત કહેવાય છે તે હમનશીન નથી હોતો, સતત ઇંદ્રિયનિગ્રહી હોય છે તે બીજાને ચોટ લાગી જાય તેવું બોલતો નથી તે સુશીલ હોય છે તે દુરાચારી નથી હોતો તે રસલંપટ નથી હોતો તે સત્યમાં રત હોય છે તથા ક્રોધી નથી હોતો [૪ ૫]

નીચેના ૧૪ દોષોવાળો મુનિ અવિનીત[1] કહેવાય છે

---

૧ વિનીત એટલે સુશિક્ષિત — સંસ્કારી અહીં સામાન્ય સભ્યતા — નમ્રતાનો અર્થ નથી

અને તે નિર્વાણ પામી શકતો નથી. તે વારંવાર ગુસ્સે થઈ જાય છે; તેનો ક્રોધ ઝટ શમતો નથી; કોઈ તેની સાથે મિત્રતાથી બોલવા જાય, તોપણ તે તેનો તિરસ્કાર કરે છે; શાસ્ત્ર ભણીને તે અભિમાન કરે છે; બીજાના દોષોના ખોળ્યા કરે છે; મિત્રો ઉપર પણ ગુસ્સે થઈ જાય છે; પોતાના પ્રિય મિત્રનું પણ પીઠ પાછળ ભૂંડું બોલે છે; કોઈ પણ બાબતમાં ઝટ સોગંદ ખાય છે[1]; મિત્રનો પણ દ્રોહ કરે છે; અહંકારી હોય છે; લુબ્ધ હોય છે; ઇંદ્રિયનિગ્રહી નથી હોતો; એકલપેટો[2] હોય છે; અને બધાને અપ્રીતિકર હોય છે. [૭૯]

નીચેના પંદર કારણથી બુદ્ધિમાન માણસ સુવિનીત કહેવાય છે: તે અનુદ્ધત[3] હોય છે; ચાપલો[4] નથી હોતો; કપટી નથી હોતો; કુતૂહલી નથી હોતો; કોઈનો તિરસ્કાર નથી કરતો; તેનો ક્રોધ ઝટ ઊતરી જાય છે; મિત્રતાથી વર્તનાર પ્રત્યે તે સદ્ભાવ રાખે છે; શાસ્ત્ર ભણીને તે અભિમાન નથી કરતો; તે અહંકારી નથી હોતો; કોઈના દોષોના ખોતરણા નથી કરતો; મિત્રો ઉપર ગુસ્સે નથી થતો; અપ્રિય મિત્રનું પણ પીઠ પાછળ ભલું જ બોલે છે; ટંટાફિસાદ[5]

---

1 મૂળ 'પ્રતિજ્ઞાવાદી'. 'પ્રકીર્ણવાદી' એવો પાઠ લઈ 'જેમ તેમ બવારો કર્યા કરનારો' એવો અર્થ પણ લેવાય.

2 મૂળ 'અસંવિભાગી'.

3 મૂળ 'નીચવર્તી'.

4 મૂળ 'અચપલ'.

5 મૂળ 'કલહ' (વાચિક ઝઘડો) અને 'ડમર' (એટલે કે મારામારી).

નથી કરતો જ્ઞાનવાન[1] હોય છે તથા એકાગ્ર[2] હોય છે [૧૦ ૩]

જે શિષ્ય હમેશા સદ્ગુરુની સોબતમા રહે છે, યોગ્ય પ્રવૃત્તિવાળો[3] હોય છે, તપસ્વી[4] હોય છે, તથા પ્રિયકર અને પ્રિયવાદી હોય છે, તે શાસ્ત્રજ્ઞાનનો અધિકારી છે [૧૪]

જેમ શખમા રહેલુ દૂધ બેવડુ ઉજ્જ્વળ દેખાય છે, તેમ સાચા શાસ્ત્રજ્ઞ ભિક્ષુના ધર્મ, કીર્તિ અને શાસ્ત્રજ્ઞાન પણ બમણા શોભે છે સાચો શાસ્ત્રજ્ઞ ભિક્ષુ કબોજ[5] દેશના જાતવાન તથા કશાથી ન ભડકનાર[6] અને વેગમા બધાથી શ્રેષ્ઠ ઘોડા જેવો (શ્રેષ્ઠ) હોય છે, ઉત્તમ અશ્વ ઉપર સવાર થયેલા તથા જેની બને બાજુ બાર પ્રકારના વાજિંત્રોનો આબરા ઘોષ[7] થઈ રહ્યો છે, એવા શૂરવીર જેવો દૃઢ પરાક્રમી હોય છે હાથિણીઓથી વીંટળાયેલા અને સાઠ

---

૧ મૂળ જાતવાન બળદની પેઠે ગાડીનો ભાર વહન કરે છે

૨ મૂળ પ્રતિસલીન

૩ મૂળ યોગવાન્ । મન વાણી અને કાયાની પ્રવૃત્તિ તે યોગ

૪ મૂળ ઉપધાનવાન્ । શાસ્ત્ર ભણતી વખતે કરવુ પડતુ વિશિષ્ટ તપ તે ઉપધાન

૫ કાબૂલ દેશ

૬ મૂળ કથક 'કોઈ પણ અવાજથી કે શસ્ત્રપ્રહારથી ન ભડકનાર શ્રેષ્ઠ જાતિનો ઘોડો'–ટીકા૦ બુદ્ધના ઘોડાનુ નામ કથક હતુ આઇલ વિશેષણ માટે જુઓ 'ધર્મકથાઓ', પા ૨૪૭

૭ મૂળ નદીઘોષ

વર્ષની ઉમરના[1] ગજરાજ જેવો બળવાન તથા દુર્ધર્ષ હોય છે તીક્ષ્ણ શીંગડાવાળા મજબૂત ખૂંધવાળા તથા ગાયોના ધણના સ્વામી વૃષભની પેઠે તે (શાસ્ત્રસમૂહમા) વિરાજે છે તીક્ષ્ણ દાઢાવાળા, ઉત્કટ, દુર્ધર્ષ તથા સર્વ જાનવરોમા શ્રેષ્ઠ સિંહ જેવો તે (શ્રેષ્ઠ) હોય છે શંખ ચક્ર અને ગદાધારી પરાક્રમી વીર વાસુદેવની[2] પેઠે તેનુ બળ પણ અસ્ખલિત હોય છે ચાર સેનાઓવાળા[3] અને ચૌદ રત્નોવાળા[4] ચક્રવર્તીની પેઠે તે મહા ઋદ્ધિવાળો હોય છે હજાર નેત્રવાળા[5] વજ્રાયુધ દેવોના અધિપતિ તથા પુર રાક્ષસના મહાન્ શક્ર જેવો તે (શત્રુનો અભિભવ કરનારો) હોય

---

1 મૂળ ષષ્ટીહાયન કૌટિલ્યે (૨૩૧ ૧૫) તો ૪૦ વર્ષના હાથીને ઉત્તમ કહેલો છે બૌદ્ધ ગ્રંથોમા તથા મહાભારતમા પણ ૬૦ વર્ષના હાથીને માટે ષષ્ઠીહાયન શબ્દ વપરાયેલો મળે છે

2 પાંડવો કૃષ્ણ, બલરામ દ્રૌપદી વગેરેવાળી જૈન મહાભારત પણ છે તે માટે જુઓ ભગવાન મહાવીરની ધર્મકથાઓ અધ્ય ૧૬

3 હાથી, ઘોડા, રથ અને મનુષ્યની

4 સેનાપતિ, ગૃહપતિ પુરોહિત, હાથી, ઘોડો સુતાર સ્ત્રી ચક્ર છત્ર, ચામર, મણિ, કાકિણી (૨૦ કોડીની કિંમતનો સિક્કો), તરવાર અને દંડ એ ચૌદ રત્નો ચક્રવર્તીને હોય છે બૌદ્ધ પરંપરામા સામાન્ય રીતે, ચક્ર ગજ, તુરગ, મણિ સ્ત્રી ગૃહપતિ અને સેનાપતિ — એ સાત જ હોય છે

5. ટીકાકાર જણાવે છે કે, ઇંદ્રને પાંચસો મંત્રી છે તેમની ૨૦ આંખો તેના જ કામમા આવતી હોવાથી તે હજાર આંખોવાળો કહેવાય છે કૌટિ૦ (૨૯ ૧૦) જણાવે છે કે, ઇંદ્રને ૧૦૦૦ ઋષિઓ મંત્રીરૂપે છે તેથી તે તેની હજાર આંખો કહેવાય

છે, અંધકારનો નાશ કરનારા ઊગતા સૂર્યની પેઠે તે તેજથી જ્વલંત હોય છે નક્ષત્રોથી વીંટળાયેલા, તારાઓના પતિ, પૂનમના[1] ચંદ્ર જેવો તે પરિપૂર્ણ હોય છે તથા મહિયારી મિલકત રાખનારા સામાજિકોના સુરક્ષિત તથા વિવિધ ધાન્યથી પરિપૂર્ણ કોઠાર જેવો તે સુરક્ષિત તથા વિવિધ ગુણોથી ભરેલો હોય છે જંબુદ્વીપ[2]ના અધિપતિ દેવ[3]ના સ્થાનક તથા બધા વૃક્ષમાં શ્રેષ્ઠ એવા સુદર્શન નામના જંબુવૃક્ષ જેવો હમેશાં પાણીવાળા, સાગરને મળનારી, નીલપર્વત[4]માંથી નીકળતી તથા બધી નદીઓમાં શ્રેષ્ઠ એવી સીતા નામની નદી જેવો તથા વિવિધ ઔષધિઓથી દેદીપ્યમાન, મહાન તથા બધા પર્વતોમાં શ્રેષ્ઠ મંદરગિરિ જેવો તે (સર્વમાં શ્રેષ્ઠ) હોય છે તેમજ અખૂટ પાણીવાળા તથા વિવિધ રત્નોથી પરિપૂર્ણ એવા સ્વયંભૂરમણ[5] સમુદ્ર જેવો (ગુણોથી અખૂટ તથા પરિપૂર્ણ) હોય છે સમુદ્ર જેવા ગંભીર, મનથી પણ જીતવાને અશક્ય, નીડર, દુષ્પ્રધર્ષ, વિપુલ શાસ્ત્રજ્ઞાનથી પરિપૂર્ણ તથા સ્વ પરનું

---

૧ મૂળ 'પૂર્ણમાસી' મહિનો જે દિવસે પૂરો થાય તે દિવસ આપણે અહીં અમાવાસ્યાએ મહિનો પૂરો થયેલો ગણાય છે

૨ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં ૧

૩ મૂળમાં 'અનાઢિઅ દેવ' એવું છે ટીકાકાર જણાવે છે કે 'અનાદૃત' એ દેવનું નામ છે

૪ જુઓ ટિપ્પણ નં ૧

૫ જુઓ ટિપ્પણ નં ૧ સ્વયંભૂ-વિષ્ણુ જેમાં સૂવે છે તે સમુદ્ર?

દુર્ગતિમાંથી રક્ષણ કરનાર એવા તે શાસ્ત્ર પુરુષો કર્મોનો ક્ષય કરી ઉત્તમ ગતિને પામ્યા છે [૧૫-૧]

તેથી, મોક્ષને ઇચ્છનાર ભિક્ષુએ શાસ્ત્રજ્ઞાનનો આશરો સેવો જેથી તે પોતાની અને બીજાની મુક્તિ સાધી શકે, એમ હું કહું છું [૩૨]

ટિપ્પણો

ટિપ્પણ નં ૧ જૈનો સમગ્ર લોકના અધો, મધ્યમ અને ઊર્ધ્વ એવા ત્રણ ભાગ કલ્પે છે તેમાં અધોલોકમાં નરકભૂમિઓ આવેલી છે, ઉર્ધ્વલોકમાં દેવભૂમિઓ છે અને મધ્યમલોકમાં જંબુદ્વીપ વગેરે મનુષ્યભૂમિઓ છે મધ્યમલોકમાં અસંખ્ય દ્વીપો અને સમુદ્ર આવેલા છે તે દ્વીપો અને સમુદ્રો, ઘંટી અને તેના થાળાની માફક, એકની પાછળ ગોળ ફરતો બીજો એ રીતે ગોઠવાયેલા છે તેમાં જંબુદ્વીપ સૌથી મધ્યમાં છે, અને સ્વયંભૂરમણ દ્વીપ તથા સમુદ્ર સૌથી છેલ્લા છે જંબુદ્વીપમાં ભરત વગેરે સાત ક્ષેત્રો છે અને તે દરેકને એકબીજાથી જુદા પાડતા તેમની વચમાં હિમવાન, મહાહિમવાન, નિષધ નીલ, રૂક્મી અને શિખરી એ ■ પર્વતો ■ જંબુદ્વીપની આજુબાજુ લવણસમુદ્ર વીંટળાયેલો છે તેમાં આવેલા દ્વીપો આંતરદ્વીપ કહેવાય ■ તે સમુદ્રની આજુબાજુ ધાતકીખંડ દ્વીપ છે તેની આજુબાજુ કાલોદધિ છે, અને તેની આજુબાજુ પુષ્કરવરદ્વીપ ■ તથા તેની આજુબાજુ પુષ્કરોદધિ છે એમ સ્વયંભૂરમણ સુધી સમજવું લવણસમુદ્ર સિવાય બીજા સમુદ્રોમાં આંતરદ્વીપો નથી દરેક સમુદ્ર દરેક દ્વીપથી બમણા વિસ્તારનો છે જંબુદ્વીપનો વિસ્તાર લાખ યોજન એટલો ■ જંબુદ્વીપ (આંતરદ્વીપો સાથે), ધાતકીખંડ અને અર્ધો પુષ્કરદ્વીપ, એમ અઢી દ્વીપમાં માણસનો સદ્ભાવ છે, તેથી તે મનુષ્યલોક કહેવાય છે

૧૨

હરિકેશ બલ[1]

હરિકેશ બલની કથા

મતંગગંગાના તીર ઉપર હરિકેશ (ચાંડાળ) લોકોનો અધિપતિ બલકોટ્ટ રહેતો હતો. તેને ગૌરી અને ગાંધારી એમ બે સ્ત્રીઓ હતી. ગૌરીનો પુત્ર બલ કદરૂપો, કજિયાખોર તથા બધાને અપ્રીતિકર હતો. એક વખત બધાં ચાંડાળ કુટુંબો ગામબહાર ઉજાણી કરવા ગયાં હતાં. ત્યાં પણ તે છોકરાએ ગડબડાટ કરવા માંડ્યો. તેથી ઘરડેરાઓએ તેને ઉજાણી પૂરી થાય ત્યાં સુધી ન આવવાનું કહી, દૂર હાંકી કાઢ્યો. તે દૂર ઊભો ઊભો બધું જોવા લાગ્યો. તે વખતે ત્યાં એક સાપ નીકળ્યો. તે ઝેરી હોવાથી બધાએ તેને મારી નાખ્યો. થોડી વાર પછી ત્યાં એક બીજો સાપ નીકળ્યો. પરંતુ તે ઝેરી ન હોવાથી તેને લોકોએ જવા દીધો. આ જોઈ, દૂર ઊભેલા બલને વિચાર આવ્યો કે, પોતાના દોષથી જ માણસ પરાભવ પામે છે. પેલો સાપ ઝેરી હતો, તો તેને લોકોએ મારી નાખ્યો, અને બીજો ઝેરી ન હતો તો તેને નિરાંતે

---

૧ હરિકેશ એટલે ચાંડાલ – ટીકા૦ આ આખું અધ્યયન જાતક ૪૯૭ સાથે સરખાવવા જેવું છે.

જવા દીધો. આવો વિચાર આવતાં તથા પૂર્વ સંસ્કારો જાગૃત થવાથી તેણે મુનિ પાસે ધર્મ સાંભળી દીક્ષા લીધી અને પોતાના દોષો દૂર કરવા ઉત્કટ તપ કરવા માંડ્યું. એક વખત તે ફરતો ફરતો વારાણસી નગરી પાસે તિન્દુકવનમાં આવી પહોંચ્યો, અને એક તિન્દુકવૃક્ષ નીચે યક્ષના સ્થાનકે તેણે ઉતારો કર્યો. તે યક્ષ તેના તપથી પ્રસન્ન થઈ તેની તહેનાતમાં રહેવા લાગ્યો.

એક વખત વારાણસીના રાજા કૌશલિકની પુત્રી ભદ્રા તે યક્ષની પ્રતિમાનું પૂજન કરવા આવી. પૂજા કરતી વખતે ત્યાં બેઠેલા ગંદા અને કદરૂપા હરિકેશ મુનિને જોઈને તેને સૂગ આવી. આથી ચિડાઈ પેલો યક્ષ તેના શરીરમાં ભરાયો. એટલે તે કુંવરી ગાંડા જેવી થઈ ગઈ. રાજાએ અનેક ઉપચાર કર્યા છતાં તે સાજી ન થઈ. છેવટે યક્ષ તે કુંવરીને મોએ જ બોલ્યો કે મારા સ્થાનકમાં બેઠેલા મુનિ પ્રત્યે આ કુંવરીએ સૂગ બતાવી છે, માટે હવે જો આ કુંવરીને તે ગંદા મુનિને પરણાવે, તો જ હું તેના શરીરમાંથી નીકળું. રાજાએ નિરુપાય થઈ, તેમ કરવાનું કબૂલ કર્યું એટલે કુંવરી સાજી થઈ ગઈ. પછી રાજાએ તેને શણગારી પેલા મુનિ પાસે મોકલી દીધી. પરંતુ મુનિએ તેનો સ્વીકાર ન કર્યો. પરંતુ રાજાએ તો વચનથી પોતાની પુત્રીને તે મુનિને જ આપી દીધી હોવાથી બીજું કોઈ તેની સાથે લગ્ન કરે તેમ રહ્યું નહિ. છેવટે, રાજાના પુરોહિત સુભદ્રે તેની સાથે લગ્ન કરવાનું કબૂલ કર્યું.

ચાંડાળકુળમાં ઉત્પન્ન થયેલો પરંતુ ઉત્તમ ગુણોવાળો હરિકેશ બલ નામનો એક જિતેંદ્રિય ભિક્ષુ હતો. તે ભિક્ષુ હરવાફરવામાં, ભિક્ષા માગવામાં, બોલવામાં, મળમૂત્ર ત્યાગવામાં (તથા વસ્તુઓની લે-મૂક કરવામાં જીવજંતુનો નાશ ન થાય તેની) કાળજીવાળો હતો. સંયમી હતો. સુસમાહિત હતો, જિતેંદ્રિય હતો તથા મન, વાણી અને

કાયાનું અશુભ પ્રવૃત્તિઓમાંથી રક્ષણ કરતો વિચરતો હતો એક વખત ભિક્ષાર્થે ફરતો ફરતો તે, બ્રાહ્મણો સાથે રાજપુરોહિત જ્યાં યજ્ઞ કરતો હતો, ત્યાં યજ્ઞમંડપ આગળ આવી પહોંચ્યો [૧ ૩]

તપથી સુકાઈ ગયેલા અને જીર્ણ, મલિન તથા નકામા જેવા વસ્ત્રપાત્ર વગેરે ઉપકરણોવાળા તે ગદા મુનિને આવતો દેખી, પેલા અસભ્ય બ્રાહ્મણો તેનો ઉપહાસ કરવા લાગ્યા પોતાની ઉચ્ચ બ્રાહ્મણજાતિના મદથી ગર્વિષ્ઠ બનેલા, હિંસક, અજિતેંદ્રિય, અબ્રહ્મચારી અને મૂઢ એવા તે બ્રાહ્મણો તેને કહેવા લાગ્યા

' આવો મહામણો, કાળો, વિકરાળ, બૂચિયો,[1] ચીથરેહાલ, મેલોજૂન, અપશુકનિયો તથા ઉકરડેથી વીણી આણેલા કપડા ગળે વીંટીને તું કોણ અહીં આવ્યો છે? અહીં શા માટે ઊભો રહ્યો છે? અહીંથી વેગળો થા!"

[૪ ૭]

ત્યારે વાગણસી નગરીની બહાર જે તિંદુક વૃક્ષ નીચે તે મુનિએ ઉતારો કર્યો હતો, તે વૃક્ષનિવાસી યક્ષે તે મહામુનિ ઉપર અનુકંપાથી, પોતાનું શરીર અદૃશ્ય રાખી, તે મુનિ જ બોલતા હોય તે પ્રમાણે આ જવાબ આપ્યો[2]

'ઘરબારનો ત્યાગ કરનારો હું શ્રમણ છુ, સંયમી છુ, બ્રહ્મચારી છુ ; મારું અન્ન જાતે રાંધતો નથી, પરંતુ

---

१ મૂળ 'ફોક્કનાસ' સાથે સ્થૂલોન્નતા ચ નાસા ।

૨ આ યક્ષની ઉમેરણી વાર્તાના સ્વાભાવિક પ્રવાહમાં ભંગ પાડે છે, અને જે સહેજે બનવું જોઈએ તેને યક્ષની મારપીટનું પરિણામ ઠરાવી, વાર્તાના મૂળ પ્રયોજનને જ મારી નાખે છે

યાચકવૃત્તિથી જીવું છું. તેથી બીજાએ પોતાને માટે તૈયાર કરેલા અન્નમાંથી વધ્યુંઘટ્યું માગવા ભિક્ષાકાળે આવ્યો છું. તમે તો અહીં યાચક વગેરેને ઘણુંય અન્ન વહેંચી રહ્યા છો, તથા જાતે પણ પુષ્કળ અન્નપાન ખાઓપીઓ છો. માટે, મને તપસ્વી જાણી જે કાંઈ વધ્યુંઘટ્યું હોય તે આપો. [૮-૧૦]

પુરોહિત : અહીંયાં બ્રાહ્મણો માટે જ ભોજન તૈયાર કરેલું છે અને બ્રાહ્મણ સિવાય તે બીજા કોઈને આપવાનું નથી. માટે અહીંથી ચાલ્યો જા. [૧૧]

હરિકેશ મુનિ : ખેડૂતો (અતિવૃષ્ટિ થાય કે અવૃષ્ટિ થાય તો પણ પાકની) આશાએ જેમ ઊંચી નીચી એમ બંને પ્રકારની જમીનમાં બીજ વાવે છે, તેમ ગણીને તમે મને પણ દાન આપો. મારા જેવું હલકું પાત્ર પણ તમને કાંઈક પુણ્યપ્રાપ્તિ કરાવશે. [૧૨]

બ્રાહ્મણો : જગતભરમાં જાણીતું છે કે જાતિ અને વિદ્યાથી યુક્ત અમે બ્રાહ્મણો જ દાન માટે ઉચિત ક્ષેત્રો છીએ. તેમાં વાવેલાં બીજ પુણ્યરૂપે (અચૂક) ઊગી નીકળે છે. [૧૩]

હરિકેશ મુનિ : ક્રોધ, માન, હિંસા, જૂઠ, ચોરી અને અપરિગ્રહથી મુક્ત એવા બ્રાહ્મણોને જાતિ તથા વિદ્યાથી હીન જ ગણવા જોઈએ. તેમને દાન માટે ઉત્તમ પાત્રો કહી શકાય નહિ. વિદ્યાની બાબતમાં પણ તમે માત્ર વાણીનો ભાર ઊંચકો છો. કારણકે વેદ ભણીને પણ તેનું

---

૧. એટલે કે પેટા પણ જ સમજવો.

તાત્પર્ય જાણતા નથી ખરી રીતે તો ઊંચ નીચને ઘેર સમાનતાથી વિચરતા મુનિઓ જ અન્નના ઉત્તમ ક્ષેત્ર છે [૧૪ ૫]

પુરોહિત મારી સમક્ષ તુ વેદવિત્ અધ્યાપકોની આમ નિંદા કરવાની હિંમત કરે છે ! તો સાંભળી, મારુ આ સઘળુ અનપાન ભલે વણસી જાય પણ હે નિર્ગ્રંથડા ! તને તેમાંથી એક કણ પણ હું આપવાનો નથી [૧૬]

હરિકેશ મન સત્પ્રવૃત્તિઓ વડે સુસમાધિયુક્ત તથા મન, વાણી અને કાયાની અસત્પ્રવૃત્તિથી ત્યાગ કરનારા, જિતેન્દ્રિય એવા મને જો ભિક્ષા નહિ આપો, તો તમે તમારા આ યજ્ઞથી શુ લાભવાના છો ? [૧૭]

પુરોહિત અરે ! અહીં આટલામા કોઈ છે કે નહિ ? આને દંડા વડે કે ધોકા વડે મારીને ગળચુ પકડી બહાર કાઢી મૂકો [૧૮]

એ પ્રમાણે અધ્યાપકના વચન સાંભળીને ત્યાં કેટલાય જુવાનિયાઓ દંડા, સોટી અને ચાબખા લઈને દોડી આવ્યા તથા તે ઋષિને મારવા લાગ્યા [૧૯]

તે વખતે કૌશલિક રાજાની ભદ્રા નામની સુંદર પુત્રી તે સાધુને આમ મારવામા આવતો જોઈ, ગુસ્સે થયેલા તે જુવાનિયાઓને વારવા લાગી

"યક્ષના ફરમાણથી મારા પિતા કૌશલિક રાજાએ જાતે મને એ મુનિને આપી દીધી હતી, પરંતુ જેમણે તો મનથી પણ મારી કામના કરી નહિ અને મારો અસ્વીકાર કર્યો, તે જ આ ઉગ્ર તપસ્વી, જિતેન્દ્રિય, તથા બ્રહ્મચારી મુનિ છે એ ઘોર વ્રતી ઘોર પરાક્રમી અને મહાશક્તિમાન

કુશલ પુરુષ કહાવણ્ મનુના નથી દર્શ, યજ્ઞન્ ભ (પૂપ), તૃણ્ કાષ્ઠ અને અગ્નિનો ઉપયોગ કરીને, તથા સવારસાંજ પાણીમા નાહી નાહીને તમે મૂર્ખતાથી પ્રાણીઓની હિંસા કરો છો, તથા પાપને જ વધારો છો [૩૮-૯]

બ્રાહ્મણો હે ભિક્ષુ! તો પછી કેવી રીતે યજ્ઞ કરીએ તો પાપકર્મો દૂર થાય? હે મુનિ! કુશલ પુરુષ કયા યજ્ઞને શ્રેષ્ઠ યજ્ઞ કહે છે? [૪૦]

હરિકેશ બલ જિતેંદ્રિય પુરુષ તો છ જીવકાયોની[૧] હિંસા, જૂઠ ચોરી, પરિગ્રહ, સ્ત્રી, માન અને માયાના ત્યાગરૂપી યજ્ઞ કરે છે એ પાચ મહાવ્રતોથી[૨] બરાબર સુરક્ષિત થઈ, આ જીવનની આકાંક્ષાનો ત્યાગ કરી તથા શરીરની મમતા અને ટાપટીપનો ત્યાગ કરી તેઓ શ્રેષ્ઠ એવો મહાયજ્ઞ કરે છે [૪૧ ૨]

બ્રાહ્મણો તે યજ્ઞનો અગ્નિ કયો? તેનુ અગ્નિસ્થાન કયુ? તેના સુચા (કડછી) છાણા,[૩] લાકડા વગેરે સાધનો કયા? તથા હે ભિક્ષુ! તે અગ્નિમા તમે કયો હોમ કરો છો [૪૩]

હરિકેશ બલ તપ એ અગ્નિ છે જીવ એ અગ્નિસ્થાન મન વાણી અને કાયાના યોગો (પ્રવૃત્તિઓ) તે સુચાઓ[૪]

---

૧ પૃથ્વી, પાણી, તેજ, વાયુ, વનસ્પતિ અને જંગમ પ્રાણીઓ. કાય એટલે વર્ગ

૨. મૂળ 'પાચ સવર'

૩ મૂળ કરીષાગ, અગ્નિ સળગાવવાનું સાધન

૪ તેમના વડે શુભ પ્રવૃત્તિરૂપી ઘી હોમવાથી તપરૂપી અગ્નિ પ્રજ્વલિત થાય છે

શરીર એ અગ્નિ સળગાવવાનું સાધન[1] છે, કર્મ એ લાકડાં છે એ પ્રમાણે સંયમ, યોગ અને શાંતિરૂપી, ઋષિઓએ વખાણેલો હોમ હું કરું છું [૪૪]

બ્રાહ્મણો તમારું જળાશય[2] કયું? તમારું શાંતિતીર્થ[3] કયું? કયાં નાહીને તમે પાપ ધુઓ છો? હે યક્ષપૂજિત સાધુ, અમે તે તમારી પાસેથી જાણવા ઇચ્છીએ છીએ [૪૫]

હરિકેશ મુનિ ધર્મ એ મારું જળાશય છે બ્રહ્મચર્ય એ મારું શાંતિતીર્થ છે તે નિર્મળ છે અને તેમાં નાહવાથી જરા પણ મેલ રહેતો નથી[4] તેમાં નાહીને નિર્મળ વિશુદ્ધ અને શાંત બની હું દોષનો ત્યાગ કરું છું એ સ્નાન કુશળ પુરુષોએ શોધેલું છે, અને એ મહાસ્નાનને જ ઋષિઓએ વખાણેલું છે તેમાં સ્નાન કરી, નિર્મળ અને વિશુદ્ધ થયેલા મહર્ષિઓ ઉત્તમ સ્થાનને પામ્યા છે એમ હું કહું છું [૪૬ ૭]

---

૧ છાણાંથી જેમ અગ્નિ સળગાવાય છે, તેમ શરીર વડે તપરૂપી અગ્નિ સળગાવાય છે

૨ મૂળ દ્રહ

૩ નાહવાનો ઓવારો તે તીર્થ

૪ મૂળ "તેમાં નાહવાથી આત્માની લેશ્યા શુદ્ધ થાય છે" લેશ્યા માટે જુઓ અ૦ ૩૪, ટિપ્પણ નં ૧

૧૩

બે હરિજન ભાઈઓ

ચિત્ર અને સંભૂતની કથા

કાશીનગરમાં સંગીત તથા નૃત્યકળામાં પ્રવીણ એવા ચિત્ર અને સંભૂત નામના બે હરિજન ભાઈઓ રહેતા હતા. તેઓને સંગીતની એવી હટે હતી કે ક્યાંક સંગીત કે નૃત્ય થતું જોતાં તેઓ ત્યાં દોડી જતા અને લોકો પણ તેમના સંગીતથી મુગ્ધ થઈ, બીજાને ભૂલી, તેમની આસપાસ જ ભેગા થઈ જતા. પરંતુ જ્યારે જાણવામાં આવતું કે તેઓ તો હરિજન છે, ત્યારે આભડછેટથી ચિડાઈ લોકો તેમને મારીપીટી હાંકી કઢતા. વારંવાર "પોતાની હલકી જાતિને કારણે જ લોકોને હાથે એવો પરાભવ થતો સહન ન થવાથી,' એક પ્રસંગે તે બંને ભાઈઓએ કંટાળીને આત્મહત્યા કરવાનો નિશ્ચય કર્યો. પરંતુ એક મુનિએ તેમને તેમ કરતાં વાર્યાં અને જણાવ્યું કે મૃત્યુથી શરીર દૂર થશે, પરંતુ જે કર્મોથી તે શરીર તમને પ્રાપ્ત થયું છે, [illegible] નહીં થાય. માટે આ શરીરથી જ એ કર્મો દૂર કરવાનો પ્રયત્ન કરો.

મુનિના ઉપદેશથી શાંત થઈ, બન્નેએ દીક્ષા લઈને કઠોર તપશ્ચર્યા આદરી. એક વખત ફરતા ફરતા તે બન્ને ભાઈઓ "હસ્તિનાપુરમા આવી પહોંચ્યા" તેમના તપપ્રભાવથી આકર્ષિત થયેલો તે નગરનો રાજા સનત્કુમાર ચક્રવર્તી પોતાની સ્ત્રી સુનંદા સાથે તેમને નમસ્કાર કરવા આવ્યો. નમસ્કાર કરતી વખતે સ્ત્રીરત્ન સુનંદાની એક લટ સંભૂતના પગે અડકી. તે સ્પર્શથી મોહિત થઈ "તેણે 'નિયાણું'[1] બાંધ્યુ કે, મારા તપના ફળરૂપે આવતા જન્મમા હું આવા સ્ત્રીરત્નવાળો ચક્રવર્તી થાઉં ચિત્રે તેને ઘણો વાર્યો, પણ તેણે પોતાનો સંકલ્પ જતો કર્યો નહિ મૃત્યુ બાદ બન્ને સૌધર્મ દેવલોકમા 'પદ્મગુલ્મ' નામના વિમાનમા દેવ તરીકે જન્મ્યા. ત્યાથી ચ્યવીને સંભૂત કંપિલપુરમા ચૂલણી રાણીને પેટે બ્રહ્મદત્ત ચક્રવર્તી તરીકે જન્મ્યો અને ચિત્ર પુરિમતાલમા એક શેઠના કુટુંબમા ઉત્પન્ન થયો, તથા ધર્મનું શ્રવણ પ્રાપ્ત થતા સંન્યાસી થયો.'[2]

વિપુલ સુખૈશ્વર્ય ભોગવતા બ્રહ્મદત્તને એક વખત પોતાની સામે થતુ નૃત્ય તથા પુષ્પનો દડો જોઈ, પૂર્વજન્મમા પદ્મગુલ્મમા જોયેલી તેવી જ વસ્તુઓ યાદ આવી તથા સાથે એ પણ યાદ આવ્યુ કે, ત્યા હું છેલ્લા પાચ જન્મથી જ સાથે રહેનાર મારો ભાઈ ચિત્ર સાથે હતો. આ જન્મમા તેને શોધી કાઢી પોતાના વૈભવમા ભાગી બનાવવા માટે ઉત્સુક થયેલા બ્રહ્મદત્તે નીચેની અધૂરી ગાથાનો ઘોષ કરાવ્યો અને તે પૂરી કરનારને પોતાની સામે લાવવાનો હુકમ કર્યો

> दासा दसण्णे आसी, मिआ कालिंजरे नगे ।
> हंसा मयंगतीराए, सोवागा कासिभूमिए ॥
> देवा य देवलोगम्मि आसि अम्हे महिड्ढिआ—

---

1 મૂળ 'નિદાન' પોતાના તપનું અમુક ફળ મળે એવો સંકલ્પ.
2. મૂળમા શ્લોક ૧-૨

અર્થ 'દશાર્ણ' દેશમાં આપણે દાસ તરીકે સાથે જ હતા, પછી કાલિંજર પહાડમાં મૃગ તરીકે જ હતા, પછી મૃતગંગાતીરમાં હંસ થયા પછી કાશીમાં શ્વપાક (ચાંડાળ) થયા તથા ત્યાંથી દેવલોકમાં દેવ થયા' સંન્યાસી થયેલા ચિત્રે તે ગાથાઓ સાંભળી અને 'પૂર્વના સ્નેહથી પોતામાં અનુરાગવાળા રે તે રાજાને મળી, તેને વિષયભોગમાંથી છોડાવી 'ધર્મને માર્ગે' લાવવાની શુભેચ્છાથી તેની ખૂટતી કડી આ પ્રમાણે પૂરી કરી આપી

'इमा णो छट्ठिया जाई, अन्नमन्नेण जा विणा।

અર્થ —' આ આપણો છઠ્ઠો જન્મ છે તેમાં આપણે એકબીજાથી છૂટા પડ્યા છીએ

આ નિશાનીથી ઓળખાયેલા ચિત્રનો, પછી 'કંપિલપુરમાં બ્રહ્મદત્ત સાથે મેળાપ થયો ત્યાં બન્ને પરસ્પર પોતે કરેલા કર્મોના ફળરૂપ સુખ દુઃખની વાત કરવા લાગ્યા બ્રહ્મ તે કહ્યું, "પૂર્વે જન્મમાં આપણે બન્ને એકબીજાને વસવનારા, એકબીજામાં અનુરક્ત અને એકબીજાનું હિત ઇચ્છનારા ભાઈઓ હતા ત્યાર પછીના જન્મોમાં પણ આપણે સાથે રહ્યા હતા માત્ર આ છઠ્ઠા જન્મમાં આપણે છૂટા પડ્યા છીએ. ચિત્રે કહ્યું, 'હે રાજન્ તમે નિયાણાને વશ થઈને કર્મો કર્યાં, તેને પરિણામે આપણે બન્ને જુદા પડ્યા [3]

ત્યાર પછીનો સંવાદ નીચે અનુવાદમાં છે

બ્રહ્મદત્ત મનુષ્યનું દરેક શુભાશુભ કર્મ ફળ આપે જ [illegible] કરેલા કર્મથી કોઈનો છૂટકો થતો નથી સત્ય અને શૌચથી યુક્ત એવા શુભ કર્મો વડે [illegible] આજ આ

---

१ સૂતગંગાકે

२ મૂળમાં શ્લોક ૨૫.

३ મૂળમાં શ્લોક ૩-૭ ૨.ઝ્યાતના આ ગાથા આગમાં અવતરણચિહ્નમાં મૂકેલા શબ્દો કે બીના મૂળના જ છે

ઋદ્ધિ પામ્યો છું હે ચિત્ર ! તારું પણ તેમ જ છે ?[1] [૯-૧૦]

ચિત્ર હે સમ્ભૂત ! તું તારી પોતાની જાતને પુણ્ય ફળથી યુક્ત મોટી ઋદ્ધિવાળી અને મોટા પ્રભાવવાળી જાણે છે મારું પણ તેમ જ છે હે રાજન્ ! મારી પાસે પણ ઘણી ઋદ્ધિ અને કાંતિ છે[2] (પરંતુ) સંત પુરુષોએ અર્થથી ગંભીર અને થોડા અક્ષરોવાળી ગાથાઓમાં પરમ ગંભીર ઉપદેશ મનુષ્યોને ઉપદેશ્યો છે[3] તે અનુસાર (જગતના પદાર્થોનું સ્વરૂપ સમજી, તેમની આસક્તિ છોડી,) વિવેકી પુરુષો પ્રવ્રજ્યા લઈ, શીલ અને ગુણથી યુક્ત થઈ, (પરમ સિદ્ધિ પ્રાપ્ત કરવા) યત્નશીલ બને છે હું પણ તે કારણથી (મારી બધી ઋદ્ધિ છોડી,) શ્રમણ થયો છું [૧૧-૨]

બ્રહ્મદત્ત ઉચ્ચ, ઉદય, મધુ કર્ક અને મધ્ય એ મારા પાંચ પ્રસિદ્ધ મહેલો છે પંચાલના ઉત્તમોત્તમ રાચરચીલાથી સજેલું અને ધનભંડારોથી ભરેલું આ મારું ઘર તું પોતાનું માન[4] એ દુઃખપૂર્ણ પ્રવ્રજ્યાનો ત્યાગ કરી, સ્ત્રીઓથી વીંટળાયેલો તું, નાટ્ય, ગીત અને વાજિંત્રો સાથે માનુષિક કામભોગો ભોગવ હે ભિક્ષુ ! પ્રવ્રજ્યા મને દુઃખરૂપ લાગે છે [૧૩ ૪]

---

1 જાતક ૪૯૮-૧
2 જાતક ૪૯૮-૩
3 જાતક ૪૯૮-૮
4 જાતક ૪૯૮-૧૦

ચિત્ર હે રાજા ! બધુ ગીત વિલાપ જેવુ છે બધુ નાટ્ય વિડમ્બનારૂપ છે બધા આભરણો ભારરૂપ છે તથા બધા કામો દુઃખાવહ છે મૂઢ લોકોને જ સુખરૂપ દેખાતા તે દુઃખાવહ કામોમા જે સુખ નથી મળતું, તે સુખ કામોથી વિરક્ત અને શીલગુણમા રત એવા તપોધન ભિક્ષુને મળે છે

હે રાજા ! આ જીવન ક્ષણભંગુર છે તે દરમ્યાન જો પુણ્યકર્મો ન કર્યા, તો પછી પરલોકમાં પસ્તાવુ પડે છે કારણ સિંહ જેમ હરણને પકડી જાય છે તેમ અંત વખતે મૃત્યુ માણસને ઉપાડી જાય છે તે વખતે તેણે ભોગવેના ભોગો કે તેના સગાસબંધી તેના દુઃખમા ભાગ પડાવી શકતા નથી કે તેની સાથે જતા નથી ત્યાં તો તેણે કરેનાં ભાગ નરમા કર્મો જ જાય છે અને તેમનુ ફળ તેને એકલાને જાતે જ ભોગવવુ પડે છે

વળી હે નરેંદ્ર ! મનુષ્યોમા ચાડાળની જાતિ અધમ ગણાય છે તે આપણે બન્નેએ ભોગવેલી છે તે વખતે આપણે બધાં મનુષ્યોને અપ્રીતિકર હતા તે વખતે બધા લોકો આપણી જુગુપ્સા કરતા હતા [1] અત્યારે આપણે જે સારી સ્થિતિમા છીએ, તે આપણે કરેલા સારા કર્મોનુ જ ફળ છે માટે અત્યારે ભોગો ભોગવવામા વખત ગુમાવવાનુ છોડી પછીના જન્મ માટે તૈયારી કર કારણ કે દાસદાસી ગાયભેંસ ખેતર ઘર, ધન અને ધાન્ય એ બધુ છોડી પરવશ થઈને પોતે કરેલા કર્મો સાથે પ્રાણી સારા કે નરસા જન્મમા જાય છે ચિતામા મૂકેલા તેના તુચ્છ શરીરને

---

1 ગાથા ૪૯૮-૧૬

બાગી, તેની સ્ત્રી, પુત્ર અને સગાસંબંધીઓ પછી બીજો નવો આશરો ગોવે છે

હે રાજન્! જીવિત નિરંતર મૃત્યુ તરફ દોડી રહ્યું છે, અને વૃદ્ધાવસ્થા માણસનું રૂપ અને બળ હરી લે છે માટે હે પંચાલના રાજા! તું મારું કહેવું સાંભળી આ મહા આરંભવાળાં કર્મો કરવાં છોડી પ્રવ્રજ્યા લઈ મહાર નીકળી આવ અને સંયમધર્મનો સ્વીકાર કર[1] [૧૫ ૨૬]

બ્રહ્મદત્ત હે સાધુ! તું જે કહે છે, તે હું પણ જાણું છું પરંતુ આ ભોગો આસક્તિ ઉત્પન્ન કરનારા છે અને મારા જેવાથી હે આર્ય! તે છોડી શકાય તેમ નથી[2] હસ્તિનાપુરના મોટી ઋદ્ધિવાળા રાજાને જોઈને, હે ચિત્ર! (પૂર્વજન્મમાં) મેં તેના જેવા ભોગો પ્રાપ્ત કરવા માટે નિયાણું બાંધ્યું હતું (તે તું જાણે જ છે) પૂર્વજન્મની તે આસક્તિ હજુ મારામાંથી દૂર થઈ ન હોવાથી,[3] હું ધર્મને જાણતો છતાં કામભોગોમાં મૂર્છિત છું કાદવમાં ખૂંચી ગયેલો હાથી જેમ કિનારો જોયા છતાં કાંઠે આવી શકતો નથી, તેમ મારી પણ દશા છે[4] [૨૭ ૩૦]

ચિત્ર કાળ ચાલ્યો જાય છે કામભોગોમાં રાત્રી એક પછી એક ગતી પૂરી થાય છે પરંતુ માણસના ભોગો નિત્ય નથી ફળ વિનાના ઝાડને પક્ષીઓ છોડી દે છે, તેમ

1. જાતક ૪૯૮–૨૦
2. જાતક ૪૯૮–૨૧
3. મૂળમાં "તે નિયાણાનું પ્રાયશ્ચિત ન કર્યું હોવાથી"
4. જાતક ૪૯૮–૨૨

વધન આવતા ભોગો પુરુષને છોડી દે છે આમ છતાં, અત્યારે તું ભોગોને છોડવાને અશક્ત હોય તો તું ગૃહસ્થાશ્રમમાં રહીને જ આર્ય કર્મો કર ધર્મમાં સ્થિત રહે અને તારી સમગ્ર પ્રજા તરફ અનુકંપા રાખ. એટલાથી પણ તું મરીને કામરૂપી દેવની ઉચ્ચ ગતિ પામીશ.[1] તું આરંભ અને પરિગ્રહમાં ખૂબ ખૂંચેલો હોવાથી ભોગોનો સર્વથા ત્યાગ કરવાનું તને કહેવું એ નકામો લવારો કરવા જેવું છે ઠીક! તો આવજો! હું જાઉં છું [૩૧ ૩]

આમ કહી, ચિત્ર મુનિ પોતાને માર્ગે ચાલતા થયા પરંતુ બ્રહ્મદત્ત રાજાએ તો તેમનું કાંઈ જ કહેવું ગણકાર્યું નહિ અને ઉત્તમોત્તમ કામભોગો જ ભોગવ્યા કર્યાં પરિણામે તે ઉત્તમોત્તમ નરકને પામ્યો પરંતુ કામભોગોથી વિરક્ત અને ઉત્કટ ચારિત્ર અને તપવાળો ચિત્ર મહર્ષિ ઉત્તમોત્તમ સંયમ પાળીને ઉત્તમોત્તમ સિદ્ધગતિને પામ્યો.[2] [૩૪ ૫]

---

૧ જાતક ૪૯૮-૨૪

૨ બૌદ્ધ ગ્રંથોમાં 'ચિત્તસંભૂત જાતક' (નં૦-૪૯૮)માં આ અધ્યયનના જેવો જ પ્રસંગ છે આ અધ્યયનના અનુવાદમાં નીચે નોંધમાં જાતકના સરખા શ્લોકોનો ક્રમાંક બતાવ્યો છે, તે ઉપરથી જણાશે કે બંનેમાં સરખા સ્થળો ઘણાં છે પરંતુ બંને રૂપાંતરો જોયા બાદ અચૂક લાગે છે કે, એ બંને કોઈ ત્રીજી મૂળ અસાંપ્રદાયિક કથા ઉપરથી પોતાને અનુકૂળ આવે તેવા ફેરફાર સાથે રચવામાં આવ્યાં છે

૧૪

ઇષુકાર નગરના દેવો

આગલા જન્મમાં એક જ વિમાનમાં રહેનારા કેટલાક દેવો ત્યાંથી ચ્યવીને સ્વર્ગલોક જેવા રમ્ય, સમૃદ્ધ અને પ્રસિદ્ધ એવા પુરાતન ઇષુકાર નગરમાં પોતાના બાકી રહેલા કર્મોને કારણે ઉત્તમ કુળોમાં મનુષ્યરૂપે જન્મ્યા. ચાર જણ વેદ જાણનાર બ્રાહ્મણ કુળમાં પુરોહિત, તેની પત્ની યશા તથા તેમના બે કુમારોરૂપે જન્મ્યા. બીજા બે જણ તે નગરનાં રાજારાણી તરીકે જન્મ્યા. રાજાનું નામ ઇષુકાર હતું અને રાણીનું નામ કમલાવતી હતું. [૧-૩]

પેલા પુરોહિતના બે પુત્રો ધીરે ધીરે મોટા થઈ, પોતાના કર્તવ્યોનું પાલન યથાયોગ્ય કરતા કરતા પૂર્વજન્મના સંસ્કારોને કારણે જન્મ જરા અને મૃત્યુના ભયનો વિચાર કરી, તથા કામસુખોનું નિરીક્ષણ કરી, વિરક્ત થયા. પછી મોક્ષની કાંક્ષાવાળા અને શ્રદ્ધાવાળા તે બંને પિતા પાસે આવીને કહેવા લાગ્યા : 'આ ગૃહસ્થાશ્રમ બ-

અંતરાયવાળો તથા અશાશ્વત જાણી, તથા આયુષ્યને પણ ટૂંકું જોઈ, અમને ઘરમાં આનંદ મળતો નથી માટે તમારી રજાથી અમે સંન્યાસી થવા ઇચ્છીએ છીએ [૪-૭]

તે સાંભળી, તેમને તપમાંથી રોકવાની ઇચ્છાવાળા તેમના પિતાએ તેમને કહ્યું 'વેદ વિદ્ કહે છે કે પુત્ર વિનાનાને ઉત્તમ લોક પ્રાપ્ત થતો નથી માટે વેદો જાણી, બ્રાહ્મણોને જમાડી, પુત્રોને ઘરકારભાર સોંપી, તથા સ્ત્રીઓ સાથે કામભોગો ભોગવીને, હે પુત્રો! તમે અરણ્યવાસી ઉત્તમ મુનિ થજો'[1] [૮-૯]

તૃષ્ણાથી તેમજ મોહને કારણે વધેલા શોકાગ્નિથી સંતપ્ત ચિત્તવાળા તથા કામિનીકાંચનથી તેમને લોભાવવાનો પ્રયત્ન કરતા પોતાના પિતાને તે કુમારોએ આ પ્રમાણે વિચાર પૂર્ણ જવાબ આપ્યો

ભણેલા વેદો બચાવી શકતા નથી જમાડેલા બ્રાહ્મણો અંધારામાંથી અંધારામાં લઈ જાય છે તેમ જ સ્ત્રીઓ અને પુત્રો પણ કોઈને બચાવી શકતા નથી તો પછી કોણ તમારું આ વચન કબૂલ રાખે[2]? કામભોગો ક્ષણમાત્ર સુખવાળા અને બહુ કાળ દુઃખવાળા છે તેમાં સુખનો લેશ પણ નથી વળી મોક્ષ સુખની પ્રાપ્તિમાં[3] તેઓ અંતરાયરૂપ હોઈ, અનર્થની ખાણરૂપ છે કામિની અને કાંચનમાં

1 આ પ્રસંગ જેવો જ પ્રસંગ જાતક ૫૦૯ અને મહાભારત ૧૨ ૬૫૨૧ ઇ, તથા ૯૯૨૮ ઇ૦માં છે આ શ્લોક માટે જુઓ જાતક ૫૦૯ ૪ અને મહાભારત ૧૨ ૬૫૨૭ ૯૯૩૩

2 જાતક ૫૦૯ ૫, ૫૪૩ ૧૩૮

3 મૂળ સંસારથી છૂટકો મેળવવામાં

આમમ્ન રહેનાર તથા તેમને માટે જ્યાં ત્યાં ભટકતો પુરુષ રાતદિવસ પરિતાપ પામ્યા કરે છે અને અંતે 'મારું' 'તારું'[૧] કર્યા કરતા તેને મૃત્યુ ઉપાડી જાય છે"[૨] [૧૦-૧૫]

પુરોહિત જે વસ્તુઓ માટે લોકો તપ તપે છે, તે બધી વસ્તુઓ — ધન, સ્ત્રીઓ, કુટુંબ અને ઉત્તમ કામભોગો — એ બધું અત્યારે જ તમને અધીન છે તો પછી તમે શા માટે તપ કરવાની ઇચ્છા રાખો છો? [૧૬]

પુત્રો મૃત્યુ વખતે એ ધનસંપત્તિ, કામભોગો કે પ્રિય સંબંધીઓ કામ આવતા નથી તે વખતે બધું પાછળ મૂકી એકલા જવું પડે છે તે વખતે પોતે કરેલાં કર્મો સાથે આવે છે જીવન દરમ્યાન ધર્મ ન આચરતો પ્રાણી તે વખતે પસ્તાય છે, માટે અમે તો એ ધર્મ આચરવા માટે ગુણધારી શ્રમણો થઈ ભિક્ષાવૃત્તિ સ્વીકારીશું [૧૭]

પુરોહિત અરણીઓ ઘસવાથી પહેલાં નહિ એવો અગ્નિ જેમ ઉત્પન્ન થાય છે, દૂધમાંથી જેમ ઘી ઉત્પન્ન થાય છે, અને તલમાં જેમ તેલ ઉત્પન્ન થાય છે, તેમ હે તાત, શરીરના પરમાણુઓ (એકઠા મળતાં)થી પહેલાં નહિ એવો આત્મા ઉત્પન્ન થાય છે અને પાછો નાશ પામે છે (મર્યા બાદ કાયમ રહેનારી આત્મા જેવી શરીરથી જુદી એવી કશી વસ્તુ જોવામાં આવતી નથી માટે પરલોકનો ખ્યાલ કરી આ લોકના સુખ નકામાં ન જવા દો') [૧૮]

---

૧ મૂળ 'આ મારું છે — નથી,' 'આ મારે કરવું છે — નથી,' જુઓ મહાભારત ૧૨, ૬૫૪૨

૨. જુઓ આચારાંગ ૧,૨૧,૧, સૂત્રકૃતાંગ ૧,૫,૨,૧૮, ૧૦,૧૮

પુત્રો આત્મા અમૂર્ત હોવાથી દેખવામા આવતો નથી પરતુ તે અમૂર્ત હોવાથી જ નિત્ય છે અજ્ઞાન વિપર્યય વગેરે કારણોથી તેને બધ પ્રાપ્ત થાય છે અને તે બધ જ સસારનુ કારણ કહેવાય છે અમે અત્યાર સુધી ધર્મ નહોતો જાણ્યો, તેથી જ અત્યાર સુધી પાપકર્મ કર્યા કર્યા અને મોહથી બધાઈને સસારમા પડી રહ્યા પરતુ હવે તેવુ નહિ કરીએ[૧] ચારે બાજુથી પીડા પામેલા અને ઘેરાયેલા આ લોકમા અમોઘ (એવો કાળ) વિચરયા જ કરે છે એવી દશામા અમે ઘરમા રહીને આનદ મેળવી શકીએ તેમ નથી[૨] [૧૯-૨૧]

પુરોહિત લોક શાથી પીડાયેલો છે? અને શાથી ઘેરાયેલો છે? તમે અમોઘ કોને કહો છો? હે પુત્રો! હુ તે જાણવા માગુ છુ[૩] [૨૨]

પુત્રો મૃત્યુથી લોક પીડાયેલો છે જરાથી ઘેરાયેલો છે જે જે રાત્રીઓ જાય છે, તે પાછી નથી આવતી તેથી તે રાત્રીઓને અમે અમોઘ કહીએ છીએ[૪] અધર્મ કરનારની રાત્રીઓ અફળ જાય છે અને ધર્મ આચરનારની રાત્રીઓ સફળ થાય છે [૨૩ ૫]

પુરોહિત હમણા આપણે થોડો વખત વધુ સસારમા

---

૧ જાતક ૫૦૯-૨૦

૨ મહાભારત ૧૨,૬૫૨૮

૩ મહા૦ ૧૨,૬૫૨૯

૪ મહા૦ ૧૨, ૬૫૩૦

ભેગા રહીએ, ત્યાર બાદ આપણે બધા[1] સમ્યક્ત્વયુક્ત[2] બની, સમાન ઝોળી પરિવ્રાજક થઈશું [૨૬]

પુત્રો જેને મૃત્યુ સાથે મિત્રતા હોય, અથવા જે પોતાને મૃત્યુ નથી એમ અવશ્ય જાણતો હોય, તે જ એવો વિચાર કરી શકે કે 'આ હું આવતી કાલે કરીશ'[3] માટે અમે તો આજે જ ધર્મનો સ્વીકાર કરીશું, કે જેના સ્વીકારથી ફરી જન્મ લેવો નથી પડતો અમે નહી ભોગવેલું એવું પણ કાઈ બાકી નથી કે જેમા અમારો રાગ રહી જાય અને તેવું કાંઈક હોય તોપણ, અમારી શ્રદ્ધા અમારા તે રાગને દૂર કરવા સમર્થ છે [૨૭-૨૮]

આમ કહી, તે પુત્રો ચાલતા થયા એટલે પુરોહિતે પોતાની સ્ત્રીને કહ્યુ

હે વાસિષ્ઠિ! પુત્રોના ગયા પછી ઘરવાસ કરવો યોગ્ય નથી મારો પણ હવે ભિક્ષુ થવાનો સમય આવી પહોંચ્યો છે વૃક્ષ જ્યા સુધી શાખાઓયુક્ત હોય ત્યા સુધી જ તેને વાસ્તવિક રીતે વૃક્ષ કહી શકાય શાખાઓ કપાઈ ગયા

---

૧ મૂળ દુહઓ। એટલે કે બંને પક્ષ

૨. અંતઃકરણ શુદ્ધ થતા તથા તાત્ત્વિક પક્ષપાતની બાધક રાગ-દ્વેષની તીવ્રતા મટી જતા, આત્મામા સત્યને માટે જાગરૂકતા આવવી, એ સમ્યક્ત્વ. તેને સમ્યગ્ દર્શન પણ કહે છે તેનાથી જ્ઞેયમાત્રને તાત્ત્વિક રૂપમા જાણવાની, હેયને છોડી દેવાની અને ઉપાદેયને ગ્રહણ કરવાની રુચિ ઉત્પન્ન થાય છે, અને એ રુચિના બળથી ધર્મતત્ત્વમા નિષ્ઠા પ્રાપ્ત થાય છે

૩ જાતક ૫૦૯-૭

પછી તે દુઃખ જ કહેવાય[1] પાંખ વિનાનું પક્ષી, રણમાં લશ્કર વિનાનો રાજા, અને જેનું બધું ડૂબી ગયું છે તેવો વહાણવટી જેવા લાગે, તેવો જ પુત્રોના ગયા પછી હું થઈ ગયો છું [૨૯-૩૦]

સ્ત્રી — રસથી ઊભરાઈ જતા, તમે એકઠા કરેલા આ કામગુણો તમારે ત્યાં ભરેલા છે. આપણે બંને તેમને ખૂબ ભોગવી લઈએ. ત્યાર બાદ આપણે મોક્ષમાર્ગે વળીશું [૩૧]

પુરોહિત — હે પ્રિયે! આપણે બધા ભોગો ભોગવી ચૂક્યા છીએ. હવે આપણી ઉમર પૂરી થવા આવી છે. હું કાંઈ ઉમર વધારવા ભોગોનો ત્યાગ કરતો નથી. હું તો લાભ-અલાભ, સુખ અને દુઃખના સ્વરૂપનું નિરીક્ષણ કરતો મુનિપણે વિચરીશ [૩૨]

સ્ત્રી — ઘરડો હંસ સામે પૂરે જવા પ્રયત્ન કરીને પાછો તણાઈ પોતાને મૂળ ઠેકાણે આવે છે, તેમ તમે અત્યારે પુત્રશોકથી ઉદ્વિગ્ન થઈ, પ્રવ્રજ્યા લેવા જાઓ છો. પણ પાછળથી પ્રવ્રજ્યાના દુઃખોથી કંટાળી ઘરના સગાંવહાલાં યાદ કરશો. તેના કરતાં અત્યારે જ મારી સાથે ભોગો ભોગવો. શ્રમણપણું સહેલું નથી [૩૩]

પુરોહિત — જેવી રીતે ફણીધર પોતાની કાંચળી ઉતારી નાખી છૂટો થઈ જલદી ભાગી જાય છે, તેવી રીતે હે સ્ત્રી, આ યુવાન છોકરાઓએ ભોગો છોડી દીધા છે. તો એકલો પડેલો હું તેમ નહિ કરી શકું?

એમ કહી તેણે પણ પુત્રોની પાછળ ચાલવા માંડ્યું.

---

૧ જાતક ૫૦૯-૨૫

ખરે જ! નબળી જાળને તોડી નાખી જેમ રોહિત મત્સ્ય ચાલ્યુ જાય છે તેમ ઉત્તમ શીલવાળા અને ઉદાર તપસ્વી એવા ધીર પુરુષો કામગુણોને છોડી દઈ, સંસારમાંથી નીકળી જાય છે [૩૪-૫]

મોટી જાળોને તોડીને આકાશમા વિચરતા ક્રૌંચો અને હંસોની પેઠે ચાલ્યા જતા પોતાના પતિ અને પુત્રોને જોઈ, તે સ્ત્રી પણ તેમની પાછળ ચાલી નીકળી [૩૬]

વિપુલ કુટુંબ, ઉત્તમ ધનસંપત્તિ તથા ભોગોને છોડીને દીકરા અને સ્ત્રીની સાથે ચાલ્યા જતા પુરોહિતનું માલકી વિનાનું થયેલું ધન આનંદપૂર્વક કબજે કરતા રાજાને જોઈ, રાણી કમલાવતી તેને કહેવા લાગી

"હે રાજા! બીજાનુ એકેલુ ધન ખાતા તને આટલો આનંદ શાનો થાય છે? આખા જગતનુ ધન તને મળે તો પણ તને તૃપ્તિ થવાની છે? અથવા મૃત્યુથી તે તારુ રક્ષણ કરી શકવાનું છે? મરણ આવ્યે સંઘુ છોડીને જ જવાનુ છે, તો તું મરણ પછી રક્ષણ કરનાર ધર્મને જ એકઠો કરવાનો પ્રયત્ન કર દાવાનળ સળગે છે ત્યારે અંદર હજારો પ્રાણીઓ સળગી મરતા જોવા છતાં, આજુબાજુના પ્રાણીઓ પોતાના આમોદપ્રમોદમા મશગૂલ રહે છે તેમની પેઠે કામભોગમા મૂર્છિત થઈને આપણે રાગદ્વેષથી સળગતા જગતને જાણતા જ નથી પરંતુ પંખિણીને જેમ પાંજરુ ગમતુ નથી, તેમ મને હવે આ સંસાર ગમતો નથી ભોગ ભોગવીને, તેમનો ત્યાગ કરી, વાયુની પેઠે અપ્રતિબંધપણે વિહરનારા મહાપુરુષો આકાશમા છૂટથી વિચરતા સ્વૈરગામી પંખીની પેઠે આનંદપૂર્વક -

વિચરે છે તેમના જેવી હું થવા ઇચ્છું છું એટલે હું તો આ બધા સંબંધો છોડીને મુનિપણું સ્વીકારીશ તથા અકિંચન, સરલ નિસ્તૃષ્ણ તથા પરિગ્રહ અને આરંભના દોષ વિનાની થઈશ કામોમાં બંધાઈને તું, મારા હાથમાં પકડાઈને તરફડતા પક્ષીઓ જેવી થવા ઇચ્છતી નથી જેમ લાલચથી જાળમાં બંધાઈને કુરર[1] પક્ષી પારધીના હાથમાં તરફડે છે, તેવી રીતે આ સંસાર વધારનાર કામભોગોમાં બંધાવાને બદલે સાપ જેમ ગરુડથી બીને ચાલે તેમ હું તેમનાથી દૂર વિચરીશ તમે પણ, જાતવાન હાથી જેમ મજબૂત બંધો તોડી નાખી, મુક્ત થઈ પોતાને મૂળ સ્થાને ચાલ્યો જાય[2] તેમ આ વિપુલ રાજ્ય તથા દુરંત કામભોગો છોડી, વિષયરહિત, લાલચ વિનાના આસક્તિ વિનાના, અપરિગ્રહી તથા ઘોર પરાક્રમી થઈ, યથાખ્યાત તપ સ્વીકારો" [૩૬-૫૦]

આ રીતે તે બધા દેવો ક્રમે ક્રમે વિવેક પ્રાપ્ત કરી ધર્મપરાયણ તથા જન્મમૃત્યુના ભયથી ઉદ્વિગ્ન બની, વીતરાગ મુનિનો સિદ્ધાંત સ્વીકારી, દુઃખના અંતને શોધી થોડા જ કાળમાં પરિનિર્વાણ પામ્યા [૫૧]

---

૧ મૂળ कुलल। પક્ષીના શ્લોકમાં તેને માટે જ ગૃધ્ર-ગીધ શબ્દ વાપર્યો છે

૨. જાતક ૪૦૯-૨૦

૧૫

સાચો ભિક્ષુ

મુનિપદ લેવાના આશયથી સત્પુરુષો પાસેથી ધર્મ સમજીને, આકાંક્ષા તથા કામાભિલાષ વિનાના કેટલાક સરળ પુરુષો આત્માના કલ્યાણમાં તત્પર થાય છે, અને સર્વ સંબંધોનો ત્યાગ કરી, રાગરહિત થઈ અજ્ઞાતભાવે ભિક્ષાચર્યા કરતા વિચરે છે

તે તેજસ્વી, વૈરાગ્યવાન તથા વેદવિત્ મહાપુરુષો[1] સર્વ પ્રકારની દુષ્પ્રવૃત્તિઓથી પોતાનું રક્ષણ કરતા કશાય મૂર્છિત થયા વિના, કાળજીથી, અહિંસક રીતે બધે વિચરે છે, અને ભિક્ષુજીવનમાં આવી પડતા ટાઢ-તડકો, ડાંસ મચ્છર, વંદન-પૂજન, સ્તુતિ નિંદા કે વધ બંધનનાં કષ્ટોને પોતાનાં જ

---

૧ મૂળમાં લાઢ શબ્દ છે લાઢનો અર્થ ટીકાકાર 'સદાચારી હોવાને લીધે પ્રધાન' એવો કરે છે પશ્ચિમ બંગાળના એક દેશના નામ તરીકે પણ આગમોમાં તે શબ્દ આવે છે જુઓ આચાર-ધર્મ પા ૭૬-૭

કર્મોનું પરિણામ માની, વ્યગ્ર કે હર્ષિત થયા વિના સમભાવે સહન કરે છે. ફાટતૂટતું કે લૂખુંપાખું જે મળે તેથી પોતાનો નિર્વાહ કરતા તે તપસ્વી પુરુષો જીવિતની દરકાર કર્યા વિના, નિર્મોહ તથા નિષ્‌પૃહી બની, બ્રહ્મચર્ય વ્રત પાળતા આત્માની ગવેષણામાં લીન રહે છે. [૧૬]

તેઓ વિવિધ વિદ્યાઓથી,[૧] વૈદકથી કે રાજા વગેરે ધનિકોની[૨] પ્રશંસા-પૂજાથી આજીવિકા મેળવવાનો વિચાર પણ નથી કરતા કે અધિક લાભની ઇચ્છાથી પહેલાંના કે નવા પરિચિત ગૃહસ્થોનો પરિચય નથી વધારતા. જે તેમને ઉત્તમ ખાનપાન માગ્યા છતાં ન આપે, તેમનો તેઓ દ્વેષ પણ નથી કરતા કે જેઓ તેવી સારી વસ્તુઓ આપે તેમના ઉપર અનુકંપા નથી કરતા. કોઈ તેમને આમામણ, ઘેંસ, કાંજી કે એવો વધ્યોઘટ્યો નીરસ આહાર[૩] આપે તો તેઓ તેની નિંદા પણ નથી કરતા કે સારી વસ્તુઓ મેળવવા ઊંચાં કુળોમાં પણ ભિક્ષા માટે નથી જતા. તેઓને વનજંગલમાં એકલા વિચરતાં દેવ-મનુષ્ય કે પશુપંખીના ભયંકર અવાજો સાંભળીને બીક નથી લાગતી કે લોકમાં ચાલતા અનેક પ્રકારના વાદોથી પોતાના સિદ્ધાંતોમાં શંકા નથી ઊપજતી.

---

૧ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧

૨. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૨

૩ મૂળમાં ઓસામણ (આયામક-અવસાવણ) જવની ઘેંસ, વધ્યોઘટ્યો આહાર, ખાટી કાંજી (સૌવીર) જવનું પાણી અને નીરસ પિંડ – એટલાં છે.

આમ, ઘરબાર, મિત્ર ઇ૦ બંધનો વિનાના તે ભિક્ષુઓ લૂખુંસૂકું તથા ઓછું ખાઈ, જિતેંદ્રિય રહી, બીજા પ્રાણીઓને દુઃખ ન થાય તે રીતે જોઈ તપાસી ગતી ક્રિયાઓ કરતા કરતા સંયમધર્મને અનુસરે છે [૭-૧૬]

ટિપ્પણો

ટિપ્પણ નં. ૧ મૂળમાં તે વિદ્યાઓનાં નીચે પ્રમાણે નામો ટીકાકારે તે તે વિદ્યાનું સ્વરૂપ સમજાય તેવાં ઉદાહરણ પણ આપ્યાં છે તે પણ નમૂનારૂપે દરેક વિદ્યા સાથે આપ્યાં

વસ્ત્રચ્છેદવિદ્યા કપડું ફાટી જાય, ઉંદરડા કાપી નાખે કે મેસ અને કાદવથી બગડે, તે ઉપરથી શુભાશુભ કહેવાની વિદ્યા

સ્વરવિદ્યા મોર, મરઘડા વગેરેના ષડ્જ, ઋષભ ઇ૦ અવાજો ઉપરથી શુભાશુભ ફળ કહેવાની વિદ્યા જેમકે મોરનો સ્વર (અમુક વખતે) સંભળાય તો ધન મળે, પ્રિયનો વિયોગ ન થાય, પશુ, પુત્ર અને મિત્રોની પ્રાપ્તિ થાય, અને સ્ત્રીઓના પ્રિય થવાય મરઘડાનો (ઋષભ) સ્વર સાંભળી, રાજ્ય, સેનાપતિપદ કે ધન મળે ઇ૦

ભૌમવિદ્યા ભૂમિ અવાજ સાથે ફાટે કે કંપે તે ઉપરથી કોને કોને કેવી પીડા થાય તે કહેવાની વિદ્યા

અંતરીક્ષવિદ્યા આકાશના વિવિધ રંગો ઉપરથી શુભાશુભ કહેવાની વિદ્યા જેમકે, કપિલ રંગનું આકાશ દેખાય તો અનાજનો નાશ થાય ઇ૦

સ્વપ્નવિદ્યા સ્વપ્નમાં ગાયનથી રુદન પ્રાપ્ત થાય, નર્તનથી વધબંધન પ્રાપ્ત થાય, હાસ્યથી શોક અને પઠનથી કલહ થાય – એ પ્રમાણે સ્વપ્ન ઉપરથી શુભાશુભ કહેવાની વિદ્યા

લક્ષણવિદ્યા સ્ત્રીપુરુષનાં લક્ષણો ઉપરથી તેમનો સ્વભાવ, નસીબ વગેરે કહેવાની વિદ્યા

દંડવિદ્યા લાકડીના સ્વરૂપ ઉપરથી શુભાશુભ કહેવાની વિદ્યા જેમકે, એક પર્વવાળી હોય તો પ્રશંસા થાય બે પર્વવાળી હોય તો કલહ થાય ઇ૦

વાસ્તુવિદ્યા ઘર વગેરેના લક્ષણ વર્ણવની વિદ્યા.

અંગવિકારવિદ્યા હાથ, આંખ વગેરેના ફરકવા ઉપરથી શુભાશુભ કહેવાની વિદ્યા

સ્વરવિદ્યા: કોયલ, કાગડો, ઘુવડ, ગધેડું શિયાળ અને આખલો ડાબી બાજુથી બોલે તો બધાં કામોમાં સફળતા મળે–એ પ્રમાણે વિવિધ પશુપંખીના અવાજો ઉપરથી શુભાશુભ કહેવાની વિદ્યા

મંત્ર પ્રસિદ્ધ છે **મૂલ** વશીકરણ ઇ૦ માટે કરવામાં આવતા મૂળ વગેરે ઔષધિના પ્રયોગો

વૈદ્યવિદ્યા (મૂળમાં) જેવીકે, વમન, વિરેચન, નાસ, નેત્રાંજન સ્નાન અને રોગચિકિત્સા

આમાંથી, વરાહમિહિરની બૃહત્સંહિતામાં ૭૨મા અધ્યાયમાં વસ્ત્રછેદવિદ્યાનું વર્ણન છે, ૫૨માં અંગવિદ્યા છે ૫૩મા વાસ્તુવિદ્યા છે અને ૮૮ ૯૦ અને ૯૫મા પંખી, શિયાળ કાગડો વગેરેના શબ્દ ઉપરથી શુભાશુભ કહેવાની વિદ્યા છે પ્રો જેકોબી આમાં જ્યોતિષવિદ્યાનો ઉલ્લેખ નથી તે ઉપર ધ્યાન ખેંચે છે, અને ગ્રીક અસર પહેલાનું આ કથન છે એમ જણાવે

ટિપ્પણ ૨ મૂળમાં, ક્ષત્રિયો, ગણરાજાઓ, ઉગ્રો, રાજપુત્રો, બ્રાહ્મણો, ભોગિકો અને અનેક પ્રકારના શિલ્પીઓ – એટલા જૈનોને મતે ઉગ્ર અને ભોગો પણ ક્ષત્રિયો જ હતા ઉગ્રો એ પ્રથમ તીર્થંકર ઋષભદેવના જ વંશજો હતા અને તેમને ઋષભદેવે શહેરોના કોટવાળપદ ઉપર નીમ્યા હતા ભોગિકો એ ઋષભદેવે માનને પાત્ર ગણેલા લોકોના વંશજો હતા

૧૬

બ્રહ્મચર્ય

હે આયુષ્મન્ ! જેને સંયમ પ્રાપ્ત કરી, કર્મોના નિરોધથી સમાધિ પ્રાપ્ત કરવી છે, તથા મન વચન કાયા તથા ઇંદ્રિયો ઉપર જય મેળવી તેમનું દુષ્પ્રવૃત્તિમાંથી રક્ષણ કરવું છે, અને એ રીતે અપ્રમત્તપણે મોક્ષધર્મ આચરવો છે, તેને વીર્યનિરોધરૂપી (સ્થૂળ) બ્રહ્મચર્ય સિદ્ધ કર્યા વિના ચાલે તેમ નથી

પરંતુ તે જનનેન્દ્રિયનો નિરોધ પણ બીજી આનુષંગિક નાની મોટી સાવચેતીઓ વિના દુષ્કર છે માટે જિનધર્મમાં મહાત્મા પુરુષોએ તેની વાડરૂપે નીચેના દશ પ્રસંગોનો ત્યાગ કરવાનું ઉપદેશ્યું છે જેઓ (અભિમાનથી કે પ્રમાદથી) તે પ્રસંગોમાં બેદરકાર રહે છે, તેઓને ધીમે ધીમે પોતાના મનમાં શંકા ઉત્પન્ન થાય છે, પછી વિષયભોગોની કાંક્ષા ઉત્પન્ન થાય છે, અને પછી બ્રહ્મચર્યની આવશ્યકતા જ છે કે નહિ એની વિચિકિત્સા ઉત્પન્ન થાય છે અને તેમના

બ્રહ્મચર્યનો ભેદ થઈ જાય છે તેમને ઉન્માદ અને બીજા દીર્ઘકાલિક રોગો પ્રાપ્ત થાય છે તથા તેઓ કેવળીએ કહેલા ધર્મથી ભ્રષ્ટ થાય છે

તે દશ પ્રસંગો આ પ્રમાણે છે

૧ ભિક્ષુએ કોઈ પ્રકારના સંસર્ગ વિનાના શયન અને આસન વાપરવાં તથા સ્ત્રી, પશુ અને નપુંસકના સંસર્ગવાળાં શયનાસન ન વાપરવાં.

૨ બ્રહ્મચારીએ માત્ર સ્ત્રીઓને કથા ન કહેવી કે સ્ત્રી સંબંધી કથા ન કરવી

૩ બ્રહ્મચારીએ સ્ત્રીઓની સાથે એકાસને ન બેસવું

૪ બ્રહ્મચારીએ સ્ત્રીઓની સુંદર કે આકર્ષક, મનોહર કે મનોરમ ઇંદ્રિયો તરફ જોવું નહિ કે તેમનું ચિંતન ન કરવું

૫ બ્રહ્મચારીએ ભીંતડા પાછળ રહીને પડદા પાછળ કે ભીંત પાછળ રહીને, સ્ત્રીઓનાં કૂજિત રુદિત, ગીત, હસિત સ્તનિત ક્રંદન કે વિલાપના શબ્દો ન સાંભળવા

૬ બ્રહ્મચારી નિર્ગ્રંથે પૂર્વે ભોગવેલા ભોગો કે કરેલી ક્રીડાઓ સંભારવી નહિ

૭ બ્રહ્મચારીએ રસકસવાળો ઉત્તેજક આહાર ન લેવો

૮ બ્રહ્મચારીએ પ્રમાણથી વધારે ખાનપાન ન કરવું

૯ બ્રહ્મચારીએ શરીરની અને કપડાંની ટાપટીપ ન કરવી.

૧૦ બ્રહ્મચારીએ જનનેંદ્રિય ઉપરાંત શબ્દ રૂપ, રસ, ગંધ અને સ્પર્શની ઇંદ્રિયોને પણ વશ ન થવું

સ્ત્રીઓ વડે સંકીર્ણ ઘર મનોરંજક સ્ત્રીકથા, સ્ત્રીઓનો પરિચય, તેમની ઇંદ્રિયોનું નિરીક્ષણ, તેઓનું કૂજિત, રુદિત, ગીત અને હાસ્ય તેઓની સાથે ભોજન અને બેઠક, રમતગમત અને પ્રમાણથી વધારે ખાનપાન, તથા શરીરની ટાપટીપ આ બધી વસ્તુઓ માણસને પ્રિય છે અને તેથી તેનો ત્યાગ કરવો મુશ્કેલ છે પરંતુ આત્માની શોધ કરનારા માણસને માટે તો એ તાલપુટ વિષ[1] જેવી છે જેને સમાધિ પ્રાપ્ત કરવી છે, તેણે આ બધાં શંકાસ્થાનો છોડી દેવાં જોઈએ અને ધીરજથી જિતેંદ્રિય અને સમાધિ યુક્ત બની, ધર્મને માર્ગે વિચરવું જોઈએ

જે આ દુષ્કર બ્રહ્મચર્યનું આચરણ કરે છે, તેને દેવ, દાનવ, ગાંધર્વ વગેરે સર્વ નમસ્કાર કરે છે

આ ધર્મ ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે અને જિને બતાવેલો છે એ જ માર્ગથી પૂર્વે કેટલાય જીવો સિદ્ધ થયા છે, અત્યારે થાય છે, અને હજુય થશે

---

૧ ૨૦-૪૫માં કાલકૂટ છે 'હાથમાં લેવાથી તાળવું ફાટી જાય તે તાલપુટ એવો અર્થ કરવામાં આવે છે

૧૭

પાપી શ્રમણો

કેટલાક દુરાચારી શ્રમણો પ્રવ્રજ્યા લઈને તથા દુર્લભ એવું મનુષ્યત્વ પ્રાપ્ત કરી પછી સ્વચ્છંદે વિહરે છે. તેઓ કહે છે: 'અમારી પથારી મજબૂત છે, ઓઢવાનું વસ્ત્ર પણ સારું છે તથા ખાવાપીવાનું પણ ઠીક મળે છે. વર્તમાનમાં જે કંઈ થાય છે તે પણ અમે જાણીએ છીએ. તો અમારે ભણીને શું કામ છે?' આમ નિંદગી તે પ્રમાદીઓ આચાર્યોને મૂકી ચાલ્યા જ જાય છે. [૧-૩]

જે દુરાચારીઓ આચાર્ય વગેરેથી આદરસત્કાર પામે છે તેમને ખિન્નદ્રષ્ટિ કરતા નથી. જે પ્રમાદના મદમાં પોતાના દુષ્કર્મો વગેરે ઉત્કટ વાયુના પેઠે માન પામે છે, એમ આયમન ન હોય ત્યારે પણ પાસે જ ... જે નિષ્ઠા આચરતા નથી અને ગુરુઓની પથારીમાં ... સૂઈ રહે છે. [૧૮-૧૧,૨૧]

તે કપટી, બકવાદી, લુબ્ધ અને અસંયમી એવા પાપી શ્રમણો પોતાનું ઘર છોડીને પાછા બીજાના ઘરોની ખટપટમાં લાગ્યા રહે છે તેઓ કજિયાખોર, ક્રોધી, અધર્મી, નાસ્તિક, ચંચળ તથા દુરાચારી હોય છે તેઓ બીજાને અપ્રીતિકર હોય છે તથા ગમે ત્યાંથી વિવાદ ઊભો કરે છે તે અભિમાની શ્રમણો પોતાને શાસ્ત્ર કે આચાર શીખવનારની સેવા કરવાને બદલે નિંદા કરે છે સદ્ધર્મનો ત્યાગ કરે છે અને બીજા વિધર્મોને સેવે છે તેઓ વારંવાર સંપ્રદાય બદલ્યા કરે છે અને દુરાચાર કરતાં અચકાતા નથી તેઓ તપશ્ચર્યામાં તો ઠેઠ જ મંદ હોય છે [૪૫, ૧૧૭,૧૭-૮]

તે પ્રમાદી શ્રમણો હાલતા ચાલતા પોતાનાથી નાના પ્રાણો, બીજો અને લીલી વનસ્પતિ કચરાય તેનો ખ્યાલ નથી રાખતા, પોતાની પથારી, પાટિયું પીઠ, આસન, પાત્ર અને કંબળને જોયા તપાસ્યા વિના જ વાપરે છે કે મૂકે છે, અથવા જુએ તપાસે તોપણ બેદરકારીથી કે બીજે ધ્યાન રાખીને તેઓ ધૂળવાળા પગે સૂવે છે ઉતાવળા ચાલે છે અને જેને તેને ઓળંગે છે આમ છતાં તેઓ પોતાને મહાસંયમી માને છે, અને કોઈ સમજાવવા જાય તો સામા થાય છે [૧૭,૧૬]

આમ પાંચે[1] કુશીલોનાં આચરનારા તે અસંયમી વેશધારીઓ ભિક્ષુઓમાં હલકા પડી જાય છે, લોકમાં ઝેરની પેરે નિંદાય છે અને તેમના બંને લોક બગડે છે [૨૦ ૧]

---

૧ જૈનોનાં પાંચ વ્રતથી વિરુદ્ધ પાંચ દુરાચરણ તે.

૧૮

મયત રાજા

ક [illegible] નગરમાં મયન નામે રાજા રાજ્ય ક [illegible] તે એક વખત મધુરથી [illegible] વ હને [illegible] ક ના કાંપિલ્યપુરથી [illegible] આવેલા [illegible] નામના કેવળજ્ઞાની મુનિ [illegible] ઉપર તેમની [illegible] ઉપર [illegible] ઉદ્યાનમાં પુછવા આવ્યા (૧૩)

તે ઉદ્યાનમાં આવેલા એક [illegible] મુનિ ધ્યાન ધરતા હતા [illegible] ધ્યાન [illegible] ઊઠ્યા હતાં અને [illegible] મુનિની [illegible] જોતાં [illegible] હતાં. [illegible] તે મુનિ [illegible] નજરે પડ્યા. તેમને [illegible] રાજા તેમને પોતાના [illegible] નહિ [illegible] મુનિને નમસ્કાર કરી પોતે [illegible] (૧૮)

પ્રથમ તો, ધ્યાનમાં બેઠેલા તે મુનિએ રાજાને કાઈ જવાબ ન આપ્યો તેથી વધુ ગભરાઈ, તે રાજા મુનિને પોતાનુ ઓળખાણ આપતો કહેવા લાગ્યો "હે ભગવન્! હું સયત રાજા છુ આપ મને જવાબ આપો ક્રોધ પામેલા મુનિઓ પોતાના તેજથી કરોડો માણસોને પણ બાળી નાખે છે, એમ મે સાભળ્યુ છે" [૯-૧૦]

આ સાભળી મુનિએ રાજાને જવાબ આપ્યો "હે રાજા! તુ નિર્ભય થા તથા તે જ પ્રમાણે બીજા પ્રાણીઓને પણ અભય આપનારો થા તુ જે મૃત્યુના ભયથી ઉદ્વેગ પામી આમ ક્ષમાપના કરે છે, તે જ મૃત્યુ તરફ તુ બીજા પ્રાણીઓને શા માટે ધકેલે છે? આ અનિત્ય જીવલોકમા સુખની ઇચ્છાથી માણસે શા માટે બીજા પ્રાણોની હિંસા કરવી જોઈએ? દરેકને મરણ આવવાનું જ છે તો પછી વીજળીના ઝબકારા જેવા જીવિતમા કે તેના સુખોમા[1] આસક્તિ શી? પોતે પ્રિય માનેલા સુખો કે સ્ત્રી પુત્ર, તથા સંબધીઓ વગેરે સુખના સાધનો મર્યા બાદ સાથે આવતા નથી ઊલટુ, મરેલા પિતાને પુત્રો અને મરેલા પુત્રને પિતા ઘર બહાર કાઢે છે પછી તે માણસે પેદા કરેલા દ્રવ્યથી અલકૃત થઈ, પરપુરુષો તેણે સાચવેલી સ્ત્રીઓ સાથે હૃષ્ટ અને તુષ્ટ થઈ ક્રીડા કરે છે પરતુ, પેલો માણસ તો પોતે કરેલા શુભાશુભ કર્મો સાથે જ પરલોકમા જાય છે' [૧૧ ૭]

---

૧ મૂળમા 'રૂપોમા' એટલે કે, રૂપ વગેરે વિષયોમા

ગર્દભાલી મુનિના આ ઉપદેશથી સંયત રાજાએ સંવેગ અને નિર્વેદ પામી, રાજપાટ વગેરે છોડી દીધું અને તેમની પાસે જૈન ધર્મની દીક્ષા લીધી. [૧૯.]

ફરતા ફરતા એક વાર તે સંયત મુનિને બીજા એક મુનિનો ભેટો થયો. તે મુનિ પહેલાં ક્ષત્રિય રાજા હતા અને પછી રાજ્ય છોડી, સાધુ થયા હતા. તેમણે સંયતને જોઈ તેને પૂછ્યું: 'તારું રૂપ પ્રસન્ન દેખાય છે, તેવું તારું મન પણ હશે. તારું નામ શું? તારું ગોત્ર શું? શા માટે તું સાધુ[1] થયો? તું જ્ઞાનીઓની સેવા કેમ કરે છે? અને તું વિનીત કેમ કહેવાય છે?[2]' [૨૦-૧]

સંયતે જવાબ આપ્યો: 'મારું નામ સંયત છે. ગોત્રથી હું ગૌતમ છું. વિદ્યા અને આચરણનો પાર પામેલા એવા ગર્દભાલી મુનિ મારા આચાર્ય છે. જે લોકો (ધરમમારગમાં પડી રહી) પાપ કરે છે, તે ઘોર નરકમાં પડે છે; અને જેઓ (પ્રવ્રજિત થઈ) આર્યધર્મને અનુસરે છે, તે દિવ્ય ગતિને પામે છે, (એમ જાણી,) હું તે ધર્મને આચરતો સંયમપરાયણ રહું છું. [૨૨-૨૫.]

ક્રિયાવાદ, અક્રિયાવાદ, વિનયવાદ અને અજ્ઞાનવાદ[3] એ ચાર પ્રકારના સેંકડો વાદોની બાબતમાં ગમે તે અપનું

---

૧ મૂળમાં માહણ છે. 'કોઈને ન મારનાર એવો — સાધુ' એવો તેનો અર્થ ઘટાવવામાં આવે છે. જોકે, પ્રાકૃતમાં બ્રાહ્મણ શબ્દના રૂપ તરીકે પણ તે જ શબ્દ આવે છે.

૨ છેલ્લા બે પ્રશ્નોમાં 'કેમ' શબ્દને બદલે 'કેવી રીતે' (કઈ ભાવનાથી) એ શબ્દો પણ મૂકી શકાય.

૩ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧

માણુમ શી નિર્ણય કરી શકે? એટલે બુદ્ધ, વિદ્યાચરણ સપન્ન, સત્ય, સત્યપરાક્રમ અને નિર્વાણ પામેલા જ્ઞાતપુત્રે એ બાબતમા (જે) પ્રકાશ પાડ્યો છે (તેને હું અનુસરુ છુ) હવે હું સમજ્યો છુ - એ બધા અનેક પ્રકારના વાદો એ માયાવચન છે, જૂઠ છે, અર્થ વિનાના છે અનાથ છે, તથા તેમા માન્યતા રાખવી એ મિથ્યા માન્યતા છે હવે હું 'પરલોક છે, તથા આત્મા છે,' એ જાણુ છુ હું પોતે પૂર્વે મહાપ્રાણ નામના વિમાનમા* દ્યુતિવાળો દેવ હતો અહીં જેમ સો વર્ષનુ આયુષ્ય ગણાય છે, તેમ ત્યા દિવ્યપાલી અને મહાપાલી[1] વર્ષાનુ આયુષ્ય હોય છે બ્રહ્મલોકમાથી ચ્યવીને હુ મનુષ્યલોકમા આવ્યો છુ તથા મારુ તેમજ બીજાનુ આયુષ્ય જેમ છે તેમ જાણુ છુ [૨૩૯]

સયમી અને બુદ્ધિમાન પુરુષ ઉપર જણાવેલી વિવિધ માન્યતાઓની રુચિનો તથા આપમતિનો ત્યાગ કરીને તથા તે બધા વાદોને અનર્થરૂપ જાણીને, દેહનુ અનિત્વ અને તેની ક્રિયાશીલતા ઉપદેશનારો ઉત્તમ સિદ્ધાત[2]

---

* વિમાનનો જૈન અર્થ બહુધા, દેવના નિવાસસ્થાન જેવો.

૧ પાલી એટલે પલ્યોપમ અને મહાપાલી એટલે સાગરોપમ વર્ષો જુઓ આ પર ટિ૦ ૧ બ્રહ્મલોકનું આયુષ્ય ૧૦ સાગરોપમ વર્ષનું આ જ ગ્રથમા ૩૬ ૨૨૫મા જણાવ્યુ છે આ ૨૮મા શ્લોકની રચના ગૂચવે તેવી છે પરતુ તેનો ભાવ સ્પષ્ટ

૨ મૂળમા 'ક્રિયા' એવો જ શબ્દ છે જૈનો આત્માના અસ્તિત્વમા માને છે, પરતુ તે નિષ્ક્રિય કે કૂટસ્થ છે એમ નથી માનતા.

ભરત જૈન કથામાં જણાવ્યા પ્રમાણે તે પ્રથમ ચક્રવર્તી હોઈ, પ્રથમ તીર્થંકર ઋષભદેવના જ્યેષ્ઠ પુત્ર થતા હતા. તે અયોધ્યામાં રાજ્ય કરતા હતા. બ્રાહ્મણકથામાં દુષ્યંતના પુત્ર ભરતને 'ચક્રવર્તી' 'સાર્વભૌમ' તરીકે વર્ણવેલો છે.

સગર જૈન કથા પ્રમાણે તે અયોધ્યાનો રાજા હોઈ બીજા તીર્થંકર અજિતનાથનો નાનો ભાઈ થતો હતો. તે બીજો ચક્રવર્તી હતો અને તેને અજિતનાથે જ દીક્ષા આપી હતી. ટીકામાં તેની અને તેના ૬૦,૦૦૦ પુત્રોની જે કથા આપી છે, તે રામાયણમાં આવતી સગર રાજાની વાતનું વિચિત્ર રૂપાંતર છે. બૌદ્ધ જાતક ૫૪૧ તથા ૫૪૩માં પણ 'સાગર' રાજાની હકીકત આવે છે.

મઘવન્ જૈન કથામાં આ રાજા વિષે કશી જ ખાસ માહિતી નથી. માત્ર એટલું જ જણાવ્યું છે કે, તે ત્રીજો ચક્રવર્તી હતો તથા શ્રાવસ્તીના રાજા સમુદ્રવિજય અને ભદ્રારાણીનો પુત્ર થતો હતો. બ્રાહ્મણ કે બૌદ્ધ ગ્રંથોમાં પણ તેની કાંઈ ખાસ માહિતી મળતી નથી. વેદમાં તેનું નામ આવે છે તથા પછીના વખતમાં તે ઇંદ્રના બીજા નામ તરીકે પ્રસિદ્ધ થયું છે, એટલું અહીં જણાવી લઈએ.

સનત્કુમાર જૈન કથા પ્રમાણે હસ્તિનાપુરના અશ્વસેન રાજા અને સહદેવી રાણીનો પુત્ર તથા ચોથો ચક્રવર્તી. આ રાજાની રાણી સુનંદાની લટનો સ્પર્શ થવાથી સંભૂતે નિયાણું બાંધ્યું હતું એ વાત ૧૩ મા અધ્યયનમાં આવી ગઈ છે. છાંદોગ્ય ઉપનિ૦ ૭-૧-૧-૨૬ ૨ મા અને બીજા પુરાણોમાં એક ઋષિના નામ તરીકે તે નામ આવે છે.

શાંતિઃ શાંતિ કુંથુ અને અર એ ત્રણ ચક્રવર્તી હોવા ઉપરાંત ૧૬ ૧૭ અને ૧૮ મા તીર્થંકર પણ હતા. શાંતિ હસ્તિનાપુરના રાજા વિશ્વસેન અને ઐરાવી રાણીના પુત્ર હતા. તેમના પૂર્વજન્મની જૈન કથામાં શિબિરાજા અને કબૂતરની વાત (મહાભારત ૩ ૧૩૯, ૧૯૩) લઈ દેવામાં આવી છે. કુંથુ હસ્તિનાપુરના

માર રાજા અને શ્રીદેવી રાણીના પુત્ર હતા અને અર એ ગજપુરના રાજા સુદર્શનના પુત્ર હતા તે એ વિષે જૈન કથામાં પણ બીજી કશી ખાસ માહિતી આપી નથી.

મહાપદ્મ એ નવમા ચક્રવર્તી હતા અને હસ્તિનાપુરમાં રહી રાજ્ય કરતા હતા તેમના મોટાભાઈ વિષ્ણુકુમારને ૨૦મા તીર્થંકર મુનિસુવ્રતના શિષ્યે દીક્ષા આપી હતી તેમણે રાજા બની બેઠેલા પોતાના પિતા પદ્મોત્તરના પ્રધાન નમુચિ પાસેથી ત્રણ પગલામાં આવે તેટલું રાજ્ય માગી લઈ, આખું રાજ્ય લઈ લીધું હતું એ કથા વિષ્ણુ અને બલિરાજાની કથા સાંભરી આવ્યા વિના રહેતી નથી.

હરિષેણ એ કાંપિલ્યના રાજા મહાહરિના પુત્ર તથા ૧૦મા ચક્રવર્તી હતા

જય રાજગૃહના રાજા સમુદ્રવિજયના પુત્ર તથા ૧૧મા ચક્રવર્તી તે હજાર રાજાઓ સાથે પ્રવ્રજિત થયા હતા એવો ઉલ્લેખ મૂળ અધ્યયનમાં જ છે

દશાર્ણભદ્ર આ રાજા મહાવીરનો સમકાલીન હતો. મહાવીર જ્યારે તેના ઉદ્યાનમાં આવ્યા, ત્યારે કોઈએ ન કર્યો હોય તેવો તેમનો સત્કાર કરવાનો તેણે વિચાર કર્યો હતો પરંતુ ઇંદ્રે પોતાનો વૈભવ બતાવી તેનું અભિમાન હરી લીધું અને પછી તે રાજા સાધુ થઈ ગયો એવી હકીકત જૈન કથામાં છે મૂળ અધ્યયનમાં પણ 'શક્રથી પ્રેરાઈને તેણે દીક્ષા લીધી' એવી હકીકત છે

કરકંડુ, દ્વિમુખ, નમિ અને નગ્નતિની કથા ૯મા અધ્યયનના ટિપ્પણમાં છે

ઉદ્રાયન આ રાજા પણ મહાવીરનો સમકાલીન હતો કથામાં તેને સિંધુસૌવીર દેશના રાજા તરીકે વીતભયપત્તનમાં રહેતો વર્ણવ્યો છે તેની રાણીનું નામ પ્રભાવતી હતું તથા તે ચેટક રાજાની પુત્રી થતી હતી આ રાજાએ મહાવીર પોતાના નગરમાં આવ્યા ત્યારે તેમની પાસેથી દીક્ષા લીધી હતી, તથા પોતાનો પુત્ર પણ રાજ્ય લંપટીમાં ન બંધાય તે માટે રાજગાદી પોતાના ભાણેજને આપી

દીધી હતી તે બાહેનેજ, પણ તે રાત વિચાર બદલી રાજ્ય પાછું ન લઈ લે તે માટે તે રાજાને ઝેર ખવરાવી મારી નાખ્યો હતો આ રાજાને અવંતીના ચંડપ્રદ્યોત સાથે યુદ્ધ થયું હતું અને તેમાં તે હાર્યો હતો રાજા મરી ગયા બાદ તેનો પુત્ર રાજ્ય ન મળવાથી ખિન્ન થઈ ચંપામાં પોતાની માસીના પુત્ર કૂણિક પાસે ચાલ્યો ગયો હતો—એવી હકીકત જૈન કથામાં છે આ કથા બૌદ્ધોના દિવ્યાવદાન ગ્રંથમાં આવતી રુદ્રાયણની કથાને મળતી આવે છે તથા વત્સોના રાજા ઉદાયનની કથાના ઘણા ભાગો આમાં ઉમેરાયેલા દેખાઈ આવે છે

કાશીરાજ તેનું નામ નંદન હતું તથા તે કાશીના અગ્નિશિખ રાજાનો પુત્ર થાય તે ૭મો બળદેવ ગણાય છે

વિજય દ્વારિકાવતીના રાજા બ્રહ્મરાજનો પુત્ર અને વાસુદેવ દ્વિપૃષ્ઠનો મોટો ભાઈ

મહાબલ : હસ્તિનાપુરના બલરાજાનો પુત્ર આ રાજા ૧૩મા તીર્થંકર વિમલનાથના વખતમાં થઈ ગયો, એમ જૈન કથામાં જણાવ્યું ■

૧૯

મૃગાપુત્ર

વનો અને ઉપવનોથી શોભિત સુગ્રીવ નગરમાં બલભદ્ર નામે રાજા રાજ્ય કરતો હતો. તેને મૃગા નામની પટરાણી હતી, તથા બલશ્રી નામે યુવરાજ પુત્ર હતો. તે બલશ્રી માતાપિતાને બહુ પ્રિય હતો, સ્વભાવે મુનીશ્વર જેવો હતો તથા લોકમાં મૃગાપુત્ર નામથી પ્રસિદ્ધ હતો. રાજાએ તેને નંદન નામનો મહેલ તથા સર્વ પ્રકારના ઉત્તમ વૈભવો આપ્યા હતા. તે મહેલમાં રહી તે દોગુંદક[1] દેવની પેરે સ્ત્રીઓ સાથે વિવિધ ભોગો ભોગવતો હતો. [૧-૩]

એક વખત તે પોતાના મહેલના ઝરૂખામાં ઊભો ઊભો નગર તરફ જોતો હતો. તેવામાં તેણે તપ, નિયમ, સંયમ, શીલ અને ગુણોથી યુક્ત એવા કોઈ પ્રતાપી શ્રમણને જોયા. તેમનાં દર્શન થતાં તેના ચિત્તની વૃત્તિ નિર્મળ થઈ અને

---

૧ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧

તેને પોતાનો પૂર્વજન્મ તથા તે વખતે પાળેલું શ્રમણપણું યાદ આવ્યું આમ થવાની સાથે તેનો ઇંદ્રિયોના વિષયો પ્રત્યેથી રાગ ઊતરી ગયો અને સંયમધર્મ પાળવા માટે તેના મનમાં ઉત્કટ ઇચ્છા જન્મી તરત જ તે પોતાના માતાપિતાને જઈને કહેવા લાગ્યો

હે માતાપિતા ! પાંચ મહાવ્રતો તથા તેથી પ્રાપ્ત થતી ઉત્તમ ગતિ મેં જાણી છે તથા વિષયભોગોથી પ્રાપ્ત થતી દુર્ગતિ અને તેનાં દુઃખો પણ મેં જાણ્યાં છે તેથી હવે મને આ સંસારના કામો ઉપર વૈરાગ્ય આવ્યો છે માટે મને પ્રવ્રજ્યા લેવાની રજા આપો [૪-૧૦]

' હે માતાપિતા ! હું જે ભોગો ભોગવું છું તે બધા મને વિષફળ (કિંપાક) જેવા દેખાય છે તે દેખાવમાં મનોહર પરંતુ પરિણામે દુઃખ આપનારા છે વળી તે ભોગો ભોગવનાર આ શરીર પણ અશુચિમાંથી જન્મેલું હોઈ અનિત્ય [illegible] તથા દુઃખ, ક્લેશ વ્યાધિ અને રોગનું ધામ છે માટે મને તેમાં હવે પ્રીતિ થતી નથી જન્મ જરા રોગ અને મરણથી યુક્ત આ સંસાર આખો દુઃખરૂપ જ છે અને તેમાં પ્રાણીઓ નર્યો ક્લેશ જ ભોગવ્યા કરે છે અને તો પ્રિય માનેલાં ધન, ધાન્ય સ્ત્રી, પુત્ર સગાંસંબંધી અને આ શરીર એમ બધું જ છોડી બધાને પરવશપણે ચાલ્યા જવું પડે છે [૧૧-૭]

તે વખતે જેણે જીવન દરમ્યાન ધર્મરૂપી ભાથું બાંધી લીધું હોય છે તે માણસ જ સુખી થાય છે અને જેણે પાપ જ ભેગાં કર્યાં હોય છે તે ભાથા વિના લાંબી

મુસાફરીએ નીકળેલા મુસાફરની પેઠે દુખી થાય છે તેથી, જેમ ઘર બળતું હોય છે ત્યારે ઘરધણી તેમાંથી સારવસ્તુને કાઢી લે છે, અને અસાર વસ્તુને પડી રહેવા દે છે તેમ જરા અને મૃત્યુથી સળગેલા આ સંસારમાંથી હું તમારી અનુમતિ લઈ, મારા આત્માને બચાવી લેવા ઇચ્છુ છુ" [૧૮-૨૩]

તેના આવા વચન સાભળી તેના માતપિતાએ તેને કહ્યુ

"હે ભાઈ! તારુ કહેવુ બરાબર છે પરંતુ, શ્રમણપણુ કાઈ સહેલુ નથી તેમા હજારો ગુણ પ્રાપ્ત કરવા પડે છે, જગતમા દરેક પ્રાણી પ્રત્યે — પછી ભલે તે શત્રુ હો કે મિત્ર — સમભાવ રાખવો પડે છે, જીવતા સુધી દરેક પ્રકારની હિંસાનો ત્યાગ કરવો પડે છે અપ્રમાદી રહીને અસત્યનો ત્યાગ કરી, હમેશા હિત અને સત્ય વચન જ બોલવુ પડે છે દાતણ જેવી ચીજ પણ બીજાએ આપ્યા વિના લઈ શકાતી નથી, નિર્દોષ અને ખપે તેવા ખાનપાન ભિક્ષા કરીને માગી લાવવા પડે છે ઉગ્ર એવુ બ્રહ્મચર્ય મહાવ્રત ધારણ કરવુ પડે છે ધન ધાન્ય અને નોકરચાકરના પરિગ્રહનો ત્યાગ કરવો પડે છે, સર્વ આરંભોનો ત્યાગ કરી, નિર્મમતા કેળવવી પડે છે, ચારે પ્રકારના આહારનો રાત્રે ત્યાગ કરવો પડે છે એક પણ દાણાનો સચય કરી શકાતો નથી તથા ભૂખ, તરસ, ટાઢ તડકો, ડાંસમચ્છર, બીજાના આક્રોશ, ખૂચે તેવી પથારી અણીવાળા દાભનો સથારો, સ્નાનાદિ શારીરિક સરકારોનો ત્યાગ, તાડન, તર્જન, વધ, બધ, ભિક્ષાચર્યા, યાચના અને અલાભ વગેરે કાટા અને દુખો સહન કરવા પડે છે [૨૪ ૩૨]

હે પુત્ર[1] તું તો સુખમાં ઊછરેલો છે, સુકુમાર છે, અને હમેશાં સુમાર્જિત રહેવાની ટેવવાળો છે તારાથી એ બધું કેમ સહન થશે? વળી તું કામભોગોના રસનો ભોગી છે તારાથી મોટા મુનિને મુશ્કેલ એવું ઘોર બ્રહ્મચર્ય વ્રત કેમ કરીને પળાશે? કબૂતરની જેમ રોજનું ધાન રોજ માગી લેવાની (કાપોતી) વૃત્તિ અને વાળ ચૂંટાવવા વગેરે નિયમો તારાથી કેમ અમલમાં મુકાશે? શ્રમણપણું નહિ તો જીવતા લગી, વિસામો લીધા વિના ગુણોના મહાસમુદ્ર રૂપ સંયમ માટે પ્રયત્ન કર્યા કરવો પડે છે તે સંયમધર્મ લોઢાના ભારે વજનવાળા ભારાની જેમ ઊંચકવો મુશ્કેલ છે આકાશગંગાના પ્રવાહ અને ગંગાના સામા પૂરની પેઠે દુસ્તર છે સમુદ્રની પેરે પાર કરવો અશક્ય છે તથા રેતીના કોળિયા જેવો સ્વાદરહિત છે તપ કરવું એ તરવારની ધાર ઉપર ચાલવા જેવું છે ચારિત્ર પાળવું એ સર્પની પેરે નિશ્ચલ દૃષ્ટિ[2] રાખવા જેવું છે લોઢાના જવ ચાવવા જેવું છે સળગતી અગ્નિની શિખાને પીવા જેવું છે પવનનો કોથળો ભરવા જેવું છે ત્રાજવામાં મેરુ પર્વત તોળવા જેવું છે તથા સમુદ્રને હાથથી તરવા જેવું છે તરુણાવસ્થામાં, નમતા શરીરે તથા વૃત્તિઓ દમતા પહેલાં તું તે ચારિત્ર કેમ કરીને પાળી શકીશ? માટે હે પુત્ર, હમણાં તો તું રૂપ રસ, ગંધ સ્પર્શ અને શબ્દ એ પ્રમાણે પાંચ પ્રકારના માનુષી કામભોગો ભોગવ અને ભુક્તભોગી થયા બાદ સંયમનો સ્વીકાર કરજે " [૩૩ ૪૩]

---

૧ સાપ બીજા પ્રાણીની પેઠે આંખ મીંચી શકતો નથી

આ સાંભળી મૃગાપુત્રે માતાપિતાને કહ્યું

“હે માતાપિતા ! તમે જે કહો છો તે ખરું છે. જેને સંસારસુખની હજુ લાલસા છે તેને માટે સંયમધર્મનું પાલન ખરેખર મુશ્કેલ છે. પરંતુ જેને આ લોકમાં તૃષ્ણા જ નથી તેને માટે તે મુશ્કેલ નથી. વળી તમે વર્ણવ્યાં તેના કરતાં પણ અનેકગણાં ભયંકર દુઃખો અને શારીરિક તથા માનસિક વેદનાઓ મેં આ જન્મમાં (પૂર્વે) સહન કર્યાં છે. નરક વગેરેની હીન યોનિઓમાં અહીંના કરતાં પણ અનંતગણાં વધારે ટાઢ, તડકો અને બીજાં દુઃખો મેં સહન કર્યાં છે. તે દુર્ગતિઓ વખતે હું ભઠ્ઠીઓમાં રંધાયો છું, કરવતથી કપાયો છું, ટિંગાયો છું, ખેંચાયો છું, પિલાયો છું, ફાડી ખવાયો છું, કાળી તલવારો ભરમાલો અને તીક્ષ્ણ શૂળોથી છેદાયો-ભેદાયો છું. રોઝ વગેરેની પેઠે પરોવાયો અને નેતરના માર સાથે હંકાયો છું.[1] હરણની પેઠે, પક્ષીની પેઠે અને માછલાંની પેઠે ફાંદાઓમાં અને જાળોમાં બંધાયો, રૂંધાયો તથા પકડાયો છું. સુતાર જેમ ઝાડને વહેરે, છોલે અને ચીરે તેમ વહેરાયો — ચિરાયો છું; તથા લુહાર જેમ લોઢાને તપાવે અને ટીપે તેમ ટિપાયો છું. આમ મનુષ્યલોકમાં દેખાય છે તેના કરતાં પણ અનંતગણી દુઃખદાયી ભયંકર વેદનાઓ તે તે ગતિઓમાં મેં ભોગવી છે, અને નિમેષમાત્ર શાંતિ કે સુખ વિના તેમને નિરંતર સહન કરી

1. ‘રોઝ વગેરેની પેઠે’ એનો અર્થ ‘રોઝ વગેરેની યોનિઓમાં જન્મીને’ એવો પણ થઈ શકાય. અલબત્ત મૂળમાં તો નરકલોકમાં પહેલાં ... જ વર્ણન છે.

છે તો પછી સંયમધર્મ પાળવામાં પડનારાં દુઃખો સહેવા મને શું થવાનું છે?"[1] [૪૩-૭૪]

આ સાંભળી મૃગાપુત્રનાં માતાપિતાએ કહ્યું:

"જો તારો આવો દૃઢ સંકલ્પ છે, તો તું સુખે પ્રવ્રજ્યા લે. પરંતુ શ્રમણોને એક મહા દુઃખ છે; અને તે એ કે, કાંઈ દુઃખ કે મુશ્કેલી આવી પડે તો પણ તેમનાથી તેનો પ્રતિકાર કરી શકાતો નથી; પણ મૂંગે મોંએ તેને સહન કરવું પડે છે. તે બાબતમાં તારો નિશ્ચય શો છે તે અમને કહે (જેથી અમને શાંતિ થાય)." [૭૫]

જવાબમાં મૃગાપુત્રે કહ્યું:

"હે માતાપિતા! તમારું કહેવું બરાબર છે. પણ અરણ્યમાં રહેતાં પશુઓ અને પંખીઓનાં દુઃખનો પ્રતિકાર કોણ કરે છે? જંગલમાં એકલા ફરનારા મૃગને રોગ થાય છે ત્યારે તેની દવા કોણ કરે છે? તેની ખબર કોણ પૂછે છે? તેને આહારપાણી કોણ લાવી આપે છે? એ તો જ્યારે રોગ મટે ત્યારે જાતે ઊઠીને પોતાની ચરવાની કે પાણી પીવાની જગાએ જાય ત્યારે આહારપાણી પામે છે. તેવી રીતે હું પણ મૃગચારીપણે એકલો રહીશ, અનેક જગાએ ફરીશ તથા ફરીને જ આહાર મેળવીશ." [૭૬-૭૯]

આ સાંભળી માતાપિતાએ સંતુષ્ટ થઈ તેને પ્રવ્રજ્યા લેવાની રજા આપી. પછી મૃગાપુત્રે, મહાનાગ જેમ કાંચળીને મમત્વ વિના છોડી દે, કે કોઈ માણસ કપડાંને લાગેલી ધૂળ

---

1. જુઓ ટિપ્પણ નં. ૨.

ખખેરી નાખે તેમ વૈભવ, મિત્ર સ્ત્રીપુત્ર અને સગાંસ્વજનનો ત્યાગ કર્યો, તથા પાંચ મહાવ્રતો, સમિતિઓ, ગુપ્તિઓ તથા આંતરબાહ્ય તપ—યુક્ત[1] બની, મમત્વ, અહંકાર, સંગ અને ગર્વનો[2] ત્યાગ કરી, લાભ અલાભ, સુખ દુઃખ જીવિત મરણ, નિંદા-પ્રશંસા તથા માન અપમાન વગેરેમાં સમભાવ વાળો બની, સર્વ પ્રકારના કષાયો[3], દંડો, શલ્યો, ભય, હાસ્ય અને શોકથી નિવૃત્ત થઈ, આકાંક્ષા અને બંધન વિનાનો થઈ વિચરવા લાગ્યો ને આ લોકમાં બદ્ધ નહોતો પરલોકમાં પણ બદ્ધ નહોતો તથા ખાવાનું મળે કે ન મળે તોપણ સમભાવયુક્ત રહેતો હતો. અયોગ્ય પ્રવૃત્તિઓ દ્વારા પ્રાપ્ત થતું કર્મબંધન તેણે, રોક્યું હતું[4] તથા આધ્યાત્મિક ધ્યાન

---

૧ જુઓ પાન ૪૫ ટિપ્પણ નં. ૩

૨. મૂળ ગારવ. દીપિકામાં જણાવ્યા પ્રમાણે પોતાને મળેલ રિદ્ધિ, રસ અને સાતા (સુખશાન્તિ) એ ત્રણે બાબતનો ગર્વ.

૩ ક્રોધ, માન, માયા લોભ વગેરે દુષ્ટ વૃત્તિઓ તે કષાયો, મન, વાણી અને કાયાની અસત્ પ્રવૃત્તિ તે દંડ (તેનાથી આત્મા દંડાતો હોવાથી), અને દંભ, ભોગની લાલસા અને સત્ય ઉપર શ્રદ્ધાનો અભાવ અથવા અસત્યનો આગ્રહ એ ત્રણ શલ્યો (શલ્ય કાંટાની પેઠે જ્યાં સુધી શરીર મનમાં ભોંકાયેલા હોય ત્યાં સુધી શરીર-મનને અસ્વસ્થ કરી દઈ, આત્માને કોઈ કાર્યમાં એકાગ્ર ન થવા દેતા હોવાથી.)

૪ જૈનોને મતે પાપકર્મ કરતી વખતે આત્મા બહારથી કર્મરજને પોતાની તરફ ખેંચે છે અને પછી તે રજથી તે મલિન થાય છે. એટલે તે તે પાપકર્મ તેમ જ તે કર્મરજની દાખલ થવાની ક્રિયાને આસ્રવ કહેવામાં આવે છે.

અને આધ્યાત્મિક ક્રિયાઓથી તેણે ઉત્તમ શાંતિ અને શાસન[1] પ્રાપ્ત કર્યાં હતાં [૯૪-૯૩]

આ પ્રમાણે જ્ઞાન, ચારિત્ર, દર્શન[2] અને તપથી તથા શુદ્ધ ભાવનાઓથી આત્માને સારી રીતે વાસિત કરી અને ઘણાં વર્ષ સુધી શ્રમણપણું પાળી છેવટે તેણે માસિક અનશન (ઉપવાસ) કરી દેહત્યાગ કર્યો અને ઉત્તમોત્તમ સ્થિતિ પ્રાપ્ત કરી [૯૪]

જેવી રીતે મૃગાપુત્ર ઋષિ ભોગોમાં ત્યાગબુદ્ધિથી નિવૃત્ત થયા, તેવી રીતે બુદ્ધિમાન પુરુષે ભોગોનું સ્વરૂપ વિચારી તેમાંથી નિવૃત્ત થવું તથા તે મુનિના વચન તપપ્રધાન ચારિત્ર તથા ત્રિલોકમાં પ્રખ્યાત એવી તેમની સિદ્ધિ પામ્યાની હકીકત જાણીને તથા ધન અને મમતાને મહા ભયાવહ સમજીને ઉત્તમ સુખાવહ અને નિર્વાણગુણ પમાડનારી ધર્મરૂપી ધુરાને ધારણ કરવી, એમ હું કહું છું [૯૮-૯]

---

1 ધર્મજ્ઞાન

2 જૈન પરિભાષામાં જગતના પદાર્થોને યથાર્થ રૂપથી તત્ત્વાની રુચિ તે દર્શન કહેવાય છે જુઓ પા ૭૮, નો ૨.

ટિપ્પણો

ટિપ્પણ નં ૧. ટીકાકારના જણાવ્યા પ્રમાણે ત્રાયસ્ત્રિંશ દેવોનું બીજું નામ જ દોગુંદક છે. જૈન પ્રક્રિયામાં દેવોના ઇંદ્ર વગેરે ૧૦ વર્ગો પાડેલા છે. ઇંદ્ર એ સ્વામી છે, ત્રાયસ્ત્રિંશ દેવો મંત્રી અથવા પુરોહિતનું કામ કરે છે, અને તેમને ઇંદ્ર પણ પૂજ્ય માને છે. આત્મરક્ષક દેવો શસ્ત્ર વડે રક્ષા કરે છે, લોકપાલ સરહદની રક્ષા કરે છે. અનીક દેવો સૈનિક કે સૈનાધિપતિનું કામ કરે છે, આભિયોગ્ય દેવો દાસનું કામ કરે છે, કિલ્બિષિક દેવો અંત્યજ જેવા છે ઈ૦

ટિપ્પણ નં ૨. મૂળમાં જે નરક-વર્ણન છે, તે ટૂંકાવી નાખ્યું છે. પરંતુ બીજા ધર્મોનાં નરકવર્ણનો સાથે તુલના કરવા માટે અહીં એટલું જણાવી દેવું બસ થશે કે, આ વર્ણનમાં વજ્રવાલુકા અને કલંબવાલુકા નામની નદીઓની પગ ચીરી નાખે તેવી રેતીનો, વૈતરણી નદીના અસ્ત્રાની ધાર જેવા તીક્ષ્ણ પાણીનો, અસિપત્ર વનના તરવારની ધારવાળા પાનનો, કાંટાવાળા ઊંચા શાલ્મલીવૃક્ષનો તથા તપાવેલા રથોનો ઉલ્લેખ છે. એક જગાએ એમ પણ જણાવ્યું છે કે 'મને રુધિર અને માંસ બહુ પ્રિય હતાં તેથી મને મારું જ માંસ તોડી તોડીને ખવરાવવામાં આવતું તથા ઊકળતું લોહી, ચરબી કે ધાતુના રસ પાવામાં આવતા'

૨૦

અનાથતા

એક વખત મગધનો મહા ઐશ્વર્યશાળી રાજા શ્રેણિક[1] મંડિકુક્ષિ નામના ચૈત્ય[2] તરફ વિહારયાત્રાએ[3] નીકળ્યો. તે ઉદ્યાન અનેક વૃક્ષો, લતાઓ, પુષ્પો અને પક્ષીઓથી

---

૧ બૌદ્ધ ગ્રંથોમાં જેને બિંબિસાર નામથી ઓળખવામાં આવ્યો છે તે રાજા. ગૌતમબુદ્ધ પ્રવ્રજ્યા લઈ ચાલી નીકળ્યા, ત્યારે આ બિંબિસાર રાજાએ તેમની સુકુમાર કાંતિ જોઈ, એવી સુખોચિત અવસ્થામાં ફેર સાધુપણું સ્વીકારવા બાબત ચર્ચા કરી હતી. તે આની સાથે સરખાવવા જેવી છે. જુઓ સુત્તનિપાત પા. ૮૭-૮

૨. ટીકાકાર એનો અર્થ ઉદ્યાન લે છે. તથા મૂળમાં પણ પછીના શ્લોકમાં તેનો ઉદ્યાન તરીકે જ ઉલ્લેખ કરેલો છે. ઉપરાંત, રાજા ત્યાં વિહારયાત્રાએ નીકળવાનો ઉલ્લેખ છે એટલે પણ એ જ અર્થ સુસંગત લાગે છે.

૩ કૌટિલ્ય જેને 'યાત્રાવિહાર' કહે છે તે. તેને બદલે અશોકે ધર્મયાત્રા યોજી (શિલા ૮)

યુક્ત હોઈ, નંદનવન જેવું મનોરમ હતું ત્યાં તેણે એક સુકુમાર સાધુને ઝાડ નીચે સમાધિમાં બેઠેલા જોયા. તેમની સુખોચિત નાની અવસ્થા તથા સુંદર આકૃતિ, અને છતાં તેમનો મુનિવેશ દેખી, રાજાને અત્યંત કુતૂહલ થયું. તેથી તેણે તેમનાં ચરણમાં નમસ્કાર કરી, તેમની પ્રદક્ષિણા કરી, તથા બહુ દૂર નહિ તેમજ બહુ નજીક પણ નહિ એવી રીતે બેસી, હાથ જોડી તેમને પૂછ્યું

"હે આર્ય ? તમારી અવસ્થા તરુણ છે, છતાં આ ભોગકાળમાં જ તમે શા કારણથી પ્રવ્રજિત થયા છો, તે કૃપા કરીને મને કહો. મને તે સાંભળવાની બહુ ઇચ્છા છે [૧૮]

મુનિએ કહ્યું "હે મહારાજ ! હું અનાથ છું. મારે કોઈ નાથ નથી. મારા ઉપર અનુકંપા રાખે તેવું કોઈ મને મળ્યું નહિ, તેથી હું સાધુ થયો છું [૯]

આ સાંભળી શ્રેણિક રાજા હસીને બોલ્યો

"(ગુણ અને રૂપની) આટલી ઋદ્ધિ તમારી પાસે હોવા છતાં, કોઈ તમારા નાથ ન હોય એમ કેમ બને ? ભલે હું તમારો નાથ થાઉં છું. હવે સગાંસંબંધીથી યુક્ત થઈ તમે ઉત્તમ એવા માનુષિક કામભોગો ભોગવો. કારણકે મનુષ્યપણું બહુ દુર્લભ છે. [૧૦૨]

આ સાંભળી મુનિએ કહ્યું "હે રાજા ! તું પોતે જ અનાથ છે, તો પછી બીજાનો નાથ શી રીતે થવાનો હતો ?" [૧૦]

પોતે કોઈ દિવસ નહિ સાંભળેલું એવું તેનું વચન સાંભળી, નવાઈ પામી શ્રેણિક રાજા બોલ્યો "મારે

ઘોડાઓ છે, હાથીઓ છે, મનુષ્યો છે નગરો છે અંતપુર છે, આજ્ઞા છે, ઐશ્વર્ય છે આમ સર્વ કામો પૂરાં પાડનારી ઉત્તમ સંપદા મારી પાસે હોવા છતાં હું અનાથ કેમ કરીને કહેવાઉં ? હે ભગવન્ ! તમે ખોટું બોલો છો !" [૧૦-૫]

મુનિએ કહ્યું "હે રાજા ! તું અનાથ શબ્દનો અર્થ જાણતો નથી, કે તેનું મૂળ જાણતો નથી માણસ કેમ કરીને અનાથ કહેવાય, તથા હું શા માટે સાધુ થયો, તે હું તને કહી સંભળાવું છું તે તું સાંભળ [૧૬-૭]

'સુપ્રસિદ્ધ કૌશાંબી[1] નગરીમાં પુષ્કળ સંપત્તિવાળો મારો પિતા રહે છે પહેલી વયમાં જ મને આકરી આંખની વેદના શરૂ થઈ તથા મારા આખા શરીરે અતિશય દાહ ઊપજ્યો શત્રુએ કોપે ભરાઈ શરીરના મર્મસ્થાનમાં ભોંકેલું તીક્ષ્ણ શસ્ત્ર જેમ પીડા કરે, તેવી મારી આંખની વેદના હતી તેમજ મારી બરડામાં, હૃદયમાં અને માથામાં ઘોર તથા વજ્ર જેવી કઠોર પીડા થતી હતી [૧૮ ૨૧]

"મારા ઉપચાર માટે વિદ્યા અને મંત્રથી ચિકિત્સા કરનારા, મંત્ર અને જડીબુટ્ટીના પ્રયોગોમાં કુશળ વૈદ્ય શાસ્ત્રમાં વિશારદ અને વિદ્વાન એવા વૈદ્યાચાર્યો બોલાવવામાં આવ્યા તેમણે વૈદ્યશાસ્ત્રમાં કહેલી અને ચાર વ્યૂહોવાળી[2]

---

[1] અમદાવાદથી ૨૦ માઈલ દૂર આવેલું આજનું કોસમ પ્રાચીન કાળમાં વત્સોની રાજધાની વધુ માટે જુઓ ધર્મકથાઓ પા ૨૦૦, નો ૬

[2] રોગ, રોગનો હેતુ આરોગ્ય અને ઔષધ એ ચિકિત્સાશાસ્ત્રના ચાર વ્યૂહ

મારી ચિકિત્સા કરી, પણ તેઓ મને તે દુઃખમાંથી મુક્ત કરી શક્યા નહિ એ મારી અનાથતા છે [૨૨ ૩]

"મારે માટે મારો પિતા પોતાનું બધું ધન આપી દેવા તૈયાર હતો, પરંતુ મને દુઃખમુક્ત કરી શક્યો નહિ — એ મારી અનાથતા છે પુત્રશોકથી વ્યાકુળ એવી મારી માતા પણ મને દુઃખમાંથી મુક્ત કરી શકી નહિ — એ મારી અનાથતા છે મારા મોટા અને નાના ભાઈઓ તથા મારી મોટી અને નાની બહેનો પણ મને દુઃખમાંથી મુક્ત કરી શક્યા નહિ — એ મારી અનાથતા છે મારામાં અનુરાગવાળી તથા મને જ અનુસરનારી મારી સ્ત્રી ખાનપાન સ્નાન, ગંધમાલ્ય અને વિલેપનનો ત્યાગ કરી, અશ્રુપૂર્ણ નેત્રે મારી પાસે જ બેસી રહેતી, એક ક્ષણ પણ મારાથી અળગી થતી નહોતી, છતાં તે પણ મારા દુઃખમાંથી મને મુક્ત કરી શકી નહિ — એ મારી અનાથતા છે [૨૩ ૩૦]

"ત્યારે મને વિચાર આવ્યો કે, અંત વિનાના આ સંસારમાં વારંવાર આવી વેદનાઓ અવશપણે ભોગવ્યા કરવી એ બહુ આકરું છે માટે હું જો આ વિપુલ વેદનાથી એક વાર પણ છૂટો થાઉં, તો તરત બધાનો ત્યાગ કરી પ્રવ્રજ્યા લઉં અને જન્મમરણના સંસારચક્રમાંથી મુક્તિ સાધું આ વિચાર કરતો હું રાત્રે સૂઈ ગયો અને સવારે ઊઠ્યો ત્યાં તો મારી બધી વેદના દૂર થઈ ગઈ તેથી ગઈ કાલે સવારે જ માગ સગાવહાલાંની અનુજ્ઞાથી હું સાધુ થયો છું હવે હું અનાથ મટી, મારો તેમજ બીજા પણ સ્થાવરજંગમ પ્રાણીઓનો નાથ થયો

છુ એમ મને લાગે છે કારણકે આપણા પોતાના સુખ અને દુ:ખનો આપણો આત્મા જ કર્તા છે તેમ જ સારે માર્ગે જનારો આપણો આત્મા જ આપણો મિત્ર છે અને ખોટે માર્ગે જનારો આપણો આત્મા જ આપણો શત્રુ છે આપણી પોતાની વૈતરણી નદી તથા નરકનું ઘોર શાલ્મલી વૃક્ષ[1] પણ આપણો જ આત્મા છે તથા કામદુગ્ધા ગાય અને સ્વર્ગનું નંદનવન પણ આપણો જ આત્મા છે ' [૩૦-૭]

આ પ્રમાણે તે ઉગ્ર સયમશીલ મહામુનિએ વિગતથી કહેલો ઉપદેશ સાભળી રાજા શ્રેણિક સંતુષ્ટ થઈ અંજલિ જોડીને કહ્યુ હે મહર્ષિ ! તમે અનાથપણું સરસ રીતે સમજાવ્યુ હે મુનિ ! તમારો મનુષ્યજન્મ સફળ છે તમે તેના વડે સારામા સારો લાભ મેળવ્યો છે તમે જ સાચા સનાથ છો તથા સબાંધવ છો કારણકે, તમે જિનોત્તમના માર્ગમા સ્થિત છો. હે સયત ! તમે હવે સર્વ અનાથોના તથા સર્વ ભૂતોના પણ નાથ છો. હે મહાભાગ હું તમારી ક્ષમા માગુ છુ મે તમારા ધ્યાનનો ભંગ કર્યો તથા તમને ભોગો તરફ ખેચવા પ્રયત્ન કર્યો, તેની મને ક્ષમા આપો [૫૪-૭]

રાજાઓમા સિંહરૂપ તે રાજા આ પ્રમાણે અનગારોમા સિંહરૂપ તે મુનિની પરમ ભક્તિથી સ્તુતિ કરીને અંત:પુર પરિજન અને બધુઓ સાથે નિર્મળ ચિત્તથી ધર્મમા અનુરક્ત થયો અને રોમાંચિત થઈ તેમની પ્રદક્ષિણા કરી તથા માથા વડે અભિવંદન કરી ત્યાંથી પાછો ફર્યો [૫૮ ૬૦]

---

[1] જુઓ પા ૧૦૯, ટિ ૨

૨

પ્રસંગવશાત્ એક બીજી પણ અનાથતા અહીં વર્ણવવામાં આવે છે[1]

કેટલાક કાયર પુરુષો નિર્ગ્રંથ ધર્મનો લાભ પામીને પણ રિબાય છે. પ્રવ્રજ્યા લીધા છતાં પ્રમાદને કારણે મહાવ્રતોને બરાબર ન પાળતા અને આત્માને નિગ્રહમાં ન રાખતા તે લોકો રસોમાં લંપટ રહે છે. તેથી તેમનું બંધન મૂળથી છેદાતું નથી. [૩૮-૯]

તે લોકો ચાલવામાં, બોલવામાં, ભિક્ષા લેવામાં, વસ્તુઓ લેવામૂકવામાં અને મળમૂત્રનો ત્યાગ કરવામાં[2] જરા પણ સાવધ નથી રહેતા. ઘણા વખતથી મુંડ થવા છતાં તેમનાં વ્રતો અસ્થિર હોય છે તથા તેઓ તપ અને નિયમથી ભ્રષ્ટ થયેલા હોય છે. તેવા લોકો લાંબા કાળ સુધી આત્માને ક્લેશ આપવા છતાં ધીર પુરુષોના માર્ગનું અનુસરણ કરી, સંસારનો પાર પામી શકતા નથી. [૪૦-૧]

ઉત્તમ જિનોના માર્ગની વિરાધના કરીને તે સ્વચ્છંદી કુશીલ સાધુઓ સામુદ્રિકશાસ્ત્ર,[3] સ્વપ્નવિદ્યા,

---

૧ ૩૮થી ૫૩ સુધીના વચમાં આવતા આ શ્લોકો મૂળ અધ્યયનના પ્રસંગમાં જુદા પડી આવે છે. તે શ્લોકો જૂના નથી પરંતુ પ્રકરણની સંકલનામાં ૩૮ મા શ્લોકમાં આવતા અનાથતા શબ્દને કારણે ઉમેરી લેવાયેલા છે, એમ જરૂર કહી શકાય. તેમને અનુવાદમાં જુદા વિભાગ તરીકે જ આપ્યા છે.

૨. સમિતિઓનું વર્ણન છે. જુઓ પા ૪૬, ટિ૦ ૩

૩ સ્ત્રીપુરુષના શારીરિક ચિહ્નો ઉપરથી શુભાશુભ ભાખવાની વિદ્યા.

નિમિત્તશાસ્ત્ર,[1] મંત્રતંત્ર[2] અને ઇંદ્રજાળ[3] વગેરે પાપમાર્ગોથી આજીવિકા ચલાવે છે, અગ્નિની પેઠે સર્વભક્ષી થઈને પોતાને માટે ખાસ ખરીદાયેલો કે નોતરાથી નિયત થયેલો[4] એવો કોઈ પણ પ્રકારનો દોષિત આહાર છોડતા નથી તથા આમ કુરરીની[5] પેઠે ભોગ અને રસમાં આસક્ત થઈ, શોક કરતા આ લોકમાં પણ પરિતાપ પામે છે અને અહીંથી મરીને પણ સંસારમાં જ રખડયા કરે છે [૪૫,૪૭,૫]

એવા માણસો પોલી મૂઠી જેવા અસાર છે છાપ વિનાના ખોટા સિક્કા જેવા કિંમત વિનાના છે અને વૈડૂર્ય મણિની પેઠે ચળકતા કાચ જેવા નકામા છે જ્ઞાનીઓમાં તેમની કશી કિંમત નથી તેઓ માત્ર જીવિકા માટે સાધુના ચિહ્નો ધારણ કરીને ફરે છે પરંતુ વાસ્તવિક રીતે તેઓ કુશીલ અને અસંયત હોય છે [૪૨-૮]

---

૧ ધરતીકંપ ઉલ્કાપાત ધૂમકેતુનું દર્શન વગેરે નિમિત્તો ઉપરથી શુભાશુભ કહેવાની વિદ્યા

૨ મૂળમાં 'કોઉહલ' શબ્દ છે એટલે કે, પુત્રાદિ પ્રાપ્ત થાય તે માટે સ્નાન, ઔષધ વગેરે બતાવવા તે

૩ મૂળમાં 'કુહેડવિદ્યા' શબ્દ છે

૪ જૈન સાધુ અચાનક જઈને ગૃહસ્થને ઘેર ઊભો રહે અને ત્યાંથી જે જ ધુંધરણું મળે તેનાથી નિર્વાહ ચલાવે એવો વિધિ છે પોતાને નિમિત્તે તૈયાર થયેલો કે આણેલો આહાર સ્વીકારવાનો તેને નિષેધ [illegible] કારણકે, તેથી તે હિંસાદિ પાપનો ભાગી થાય છે

૫. જુઓ ૧૪ ૪૬, ત્યાં કુરર છે 'તે જેમ માંસની લાલચથી જળમાં બધાઈ પારધીના હાથમાં તરફડે છે તેમ

જેવી રીતે પીધેલું કાલકૂટ[1] વિષ માણસને હણે છે, તથા ખોટી રીતે પકડેલું શસ્ત્ર પકડનારનું જ ઘાતક નીવડે છે, તેવી રીતે વિષયભોગથી યુક્ત ધર્મ વશમાં ન આવેના વેતાળની માફક, નુકસાનકારક જ નીવડે છે. ગળું કાપનાર શત્રુ પણ જેવું નુકસાન નથી કરતો, તેવું નુકસાન તે દુરાચારી લોકો પોતે જાતે પોતાની દુરાત્મતાથી કરે છે. તે માણસોનો નગ્ન વેશ (એટલે, સાધુપણું) નકામો છે. તે માણસો અગત્યની બાબતોમાં જ અવળા ચાલે છે. તે લોકોનો આ લોક પણ સિદ્ધ નથી થતો કે પરલોક પણ સિદ્ધ નથી થતો. દુઃખીન અને હંમેશા દુઃખપૂર્ણ એવા તે લોકો એક અંધારામાંથી બીજા અંધારામાં આથડયા કરે છે; તથા અંતે નરક તથા તિર્યંચયોનિરૂપી દુર્ગતિને પામે છે. દયાવિહોણા તે અસાધુઓ મૃત્યુ સમયે ઘણો પસ્તાવો કરે છે, પરંતુ તે વખતે કોઈ તેમનું શરણ થતું નથી. [૪૫-૯]

માટે બુદ્ધિમાન પુરુષ જ્ઞાનગુણથી યુક્ત, ચતુર્થ પુરુષાર્થરૂપ મોક્ષના તત્ત્વબોધને લગતું અને સારી રીતે કહેવાયેલું મહાશાસ્ત્ર જેવું આ અનુશાસન સાંભળીને, કુશીલોના માર્ગને છોડી, મહાનિર્ગ્રંથોને માર્ગે જ ચાલે. ચારિત્ર અને આચારના ગુણોથી યુક્ત થઈને ઉત્તમ સંયમ પાળનારો અને કર્મોનો નાશ કરી નિરાસ્રવ થયેલો પુરુષ જ વિપુલ, ઉત્તમ અને ધ્રુવ પદને પામે છે.[2] [૫૧-૨]

---

1 ૨૧૨૩માં 'તલપુટ' હતું

૨૧

સમુદ્રપાલ

ચંપા[1]નગરીમાં ભગવાન મહાવીરનો શિષ્ય પાલિત નામે શ્રાવક વાણિયો રહેતો હતો. તે જૈન સિદ્ધાંતમાં બહુ કુશળ હતો. એક વખત વહાણવટું ખેડતો ખેડતો તે શ્રાવક પિહુંડ[2] નામે નગરમાં આવી પહોંચ્યો. ત્યાં રહી વેપાર કરતાં કરતાં ત્યાંના કોઈ વાણિયાએ તેને પોતાની દીકરી પરણાવી. વખત જતાં તે સગર્ભા થઈ ત્યારે તે વાણિયો તેને લઈ પોતાને દેશ પાછો ફર્યો. [૧-]

---

૧ ચંપા અંગદેશની રાજધાની. ભાગલપુરથી ત્રણ માઈલ દૂર આવેલું આજનું ચંપાનાલા. વધુ માટે જુઓ 'ધર્મકથાઓ', પા. ૧૭૫ ૬. બૌદ્ધગ્રંથોમાં રાજગૃહ જે સ્થાન ભજવે છે, તે જૈનગ્રંથોમાં ચંપા ભોગવે છે. એ વસ્તુ, બિંબિસાર પછી તેના પુત્ર અજાતશત્રુનો રાજ્યકાળ સૂચવે છે.

૨ પિહુંડ બહારદેશનું કોઈ બંદર હોય એવી કલ્પના કરી શકાય.

રસ્તામાં, અવશ્ય સમુદ્રમાં જ પાલિતની સ્ત્રીએ એક પુત્રને જન્મ આપ્યો. તેનો જન્મ સમુદ્રમાં થયો હોવાથી તેનું નામ સમુદ્રપાલ રાખવામાં આવ્યું. થોડા વખત બાદ પાલિત શ્રાવક, ક્ષેમકુશળ, કુટુંબ સાથે ચંપામાં પોતાને ઘેર પહોંચ્યો. [૪-૫]

પાલિતનો પુત્ર ધીમે ધીમે મોટો થવા લાગ્યો. ક્રમે ક્રમે તે બોતેર[1] કળામાં પારંગત થયો, અને તેના પિતાએ તેને રૂપિણી નામની રૂપવાન કન્યા સાથે પરણાવ્યો. વ્યવહારકુશળ સુરૂપ અને પ્રિયદર્શી એવો સમુદ્રપાલ પોતાની સ્ત્રી સાથે પોતાના રમ્ય મહેલમાં દોગુન્દક[2] દેવની પેઠે ક્રીડા કરતો વખત વિતાવવા લાગ્યો. [૭]

એક વખત તે પોતાના મહેલના ઝરૂખામાં બેઠો હતો. ત્યાંથી તેણે મોતની સજા પામેલા અને તેને યોગ્ય વેશ પહેરેલા એક માણસને વધભૂમિ તરફ લઈ જવાતો જોયો. તેને જોઈ સમુદ્રપાલને વિચાર આવ્યો કે, અશુભ કર્મનું કેવું દુષ્ટ પરિણામ આવે છે? [૮-૯]

એ ઉપરથી વિચાર કરતા કરતા તે પોતાની રોજની ચર્યાથી ભય પામ્યો અને સમજ્યો કે, દુર્લભ એવા મનુષ્યજીવન દરમ્યાન, જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી બુદ્ધિમાને મોક્ષ માટે જ ઉદ્યમવંત થવું જોઈએ. આમ વિચારી, તેણે મહાક્લેશરૂપ સંગનો અને ભયાવહ એવા સર્વ

---

૧ ૭૨ કળાના સુવિસ્તૃત વર્ણન માટે જુઓ આ માળાનું 'ધર્મકથાઓ,' પા ૧૯૩ ઇ૦

૨ જુઓ આગળ પાન ૨૦૯, ટિ. ૧

પ્રકારના મોહનો ત્યાગ કરી, સંયમધર્મનું અનુશીલન કરવાને અર્થે માતાપિતાની અનુજ્ઞાથી પ્રવ્રજ્યા લીધી અને વ્રત તથા શીલનું પાલન યત્નપૂર્વક કરવા માંડ્યું [૧૦ ૧]

તેણે અહિંસા, સત્ય અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતો ધારણ કર્યાં અને જિને કહેલા ધર્મ અનુસાર સર્વ પાપપ્રવૃત્તિઓનો ત્યાગ કરી, તથા બધા ભૂતો તરફ અનુકંપાયુક્ત થઈ, સક્ષમ, સંયત, બ્રહ્મચારી અને જિતેંદ્રિય બની વિચરવા માંડ્યું [૧૨ ૩]

તે મુનિ પોતાનું બળાબળ જાણી વખતોવખત રાષ્ટ્રમાં ધર્માનુસાર વિહાર[1] કરતો તે વખતે સિંહની પેઠે તે શબ્દાદિના ભયથી ડરતો નહિ દુ ખકર વચન સાંભળીને અસત્ય કે અસભ્ય બોલતો નહિ પ્રિય કે અપ્રિય પૂજા કે નિંદા કશાની આકાંક્ષા રાખતો નહિ દેવ, મનુષ્ય કે પશુએ કરેલા જીવલેણ ઉપદ્રવો સંગ્રામને મોખરે ઊભેલા ઉત્તમ હાથીની જેમ, ચલિત થયા વિના કે ભય પામ્યા વિના સહન કરતો ટાઢતડકો, ડાંસમચ્છર તથા અનેક જાતના રોગોની વેદના, ઊંહકાર પણ કર્યા વિના અને પહેલાં પોતે કરેલાં કર્મોનું ફળ ભોગવાઈ જાય છે એમ માની સહન કરતો રાગ, દ્વેષ અને મોહનો ત્યાગ કરી, સતત જાગ્રત રહેતો ગમે તેવા વિકટ પ્રસંગે પણ મેરુની જેમ અકંપિત રહી આત્માને વશ રાખતો તથા મનુષ્યોના અનેક જાતના

---

૧ 'સાધુ ચલતા ભલા' એ ન્યાયે એક ઠેકાણે સ્થિર વાસ કરવાની સાધુને મનાઈ છે તેનું એક ઠેકાણેથી બીજે ઠેકાણે વિચરવું તેને 'વિહાર' કહે છે

અભિપ્રાયોનું સત્ય સ્વરૂપ પ્રકાશમાં લાવતો તે દયાળુ મુનિ લોકોના સંસર્ગ અને ટાપટીપ વિનાના તથા જીવજંતુ રહિત સ્થળોમાં જ રહેતો, તથા પૂર્વના યશસ્વી ઋષિઓએ સહન કરેલાં મ_ સંકટો અને ઉપદ્રવો સમભાવથી સહન કરતો [૧૪ ૯,૨૨]

આમ, સ્તુતિ નિંદા રતિ અરતિ વગેરેને સમાન રીતે સહન કરી, સંસારના સંસર્ગ વિનાનો, આત્મહિતપરાયણ, મુક્તિના મુખ્ય સર્વ સાધનોથી યુક્ત, શોકરહિત, અહંકાર વિનાનો અને અપરિગ્રહી એવો તે મુનિ પરમાર્થ સાધવાના ઉપાયોરૂપી જ પ્રવૃત્તિ કરતો વિચરતો હતો તે જ્ઞાનયુક્ત મહર્ષિ ઉત્તમોત્તમ ધર્મનો સંચય કરી આકાશમાં સૂર્ય શોભે તેમ શોભતો હતો [૨૦ ૧,૨૩]

આમ કરતાં કરતાં પુણ્યપાપરૂપી દ્વંદ્વનો નાશ કરી, સર્વ પ્રકારે નિર્લેપ અને વિપ્રમુક્ત બનેલો તે સમુદ્રપાલ, સંસારના મહાપ્રવાહને સમુદ્રની પેઠે તરીને, જેમાંથી પુનરાગમન નથી એવી દશાને પામ્યો [૨૪]

૨૨

રથનેમિ

શૌર્યપુર[1] નામે નગરમા વસુદેવ સમુદ્રવિજય વગેરે દશ દશાર્હ[2] ભાઈઓ રહેતા હતા સૌથી નાના વસુદેવને રોહિણી અને દેવકી નામની બે રાણીઓ[3] હતી તથા તે દરેકથી તેમને અનુક્રમે રામ અને કેશવ નામના બે પુત્ર થયા હતા સૌથી મોટા સમુદ્રવિજયને શિવા નામની રાણીથી

---

૧ શૌરિ એટલે કૃષ્ણ તેમનું (વસાવેલું) પુર તે શૌર્યપુર બ્રાહ્મણ ગ્રંથોમા જણાવ્યા મુજબ વસુદેવ પ્રથમ મથુરામા રહેતા હતા આ અધ્યયનનો આખો પ્રસગ દ્વારિકામા બન્યો છે તે ૨૨-૩ વગેરે શ્લોકો ઉપરથી જણાય છે

૨. દશાર્હો યદુના વશમાથી ઊતરી આવેલા યાદવો જ હતા

૩ ટીકાકાર જણાવે છે કે ખરી રીતે વસુદેવને ૭૨૦૦૦ રાણીઓ હતી પરતુ અહી એની જ જરૂર હોવાથી બેનો જ ઉલ્લેખ કર્યો છે

અરિષ્ટનેમિ નામનો પુત્ર થયો હતો[૧] એ અરિષ્ટનેમિ સર્વ શુભ લક્ષણ અને ચિહ્નથી યુક્ત હતા તેમનો બાંધો, આકૃતિ અને સ્વર સર્વોત્તમ હતા[૨] તેમનો વર્ણ શ્યામ હતો તથા તેમનુ પેટ માછલીના આકારનું હતુ [૧ ૬]

અરિષ્ટનેમિ ઉમરે આવતા કેશવે[૩] તેમને માટે ઉગ્રસેન[૪] પાસે તેની કન્યા રાજીમતી[૫] માગુ કર્યું તે રાજીમતી સુશીલ, દેખાવડી, સર્વલક્ષણસંપન્ન તથા વીજળી જેવી દેદીપ્યમાન હતી [૬-૭]

---

૧ અરિષ્ટનેમિને રથનેમિ નામનો મોટો ભાઈ હતો, એ વાત આગળ આવશે

૨ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં ૧

૩ કેશવ અને રામ એટલે કૃષ્ણ અને બલભદ્ર બ્રાહ્મણ ગ્રંથોમા કૃષ્ણનો મહિમા જ વધારે છે પરંતુ જૈન ગ્રંથોમા તો ગૃહસ્થ કૃષ્ણ કરતા તીર્થંકર અરિષ્ટનેમિનો પ્રભાવાતિશય બતાવવા જુદા જુદા અનેક પ્રસંગો આપેલ છે

૪ કંસનો પિતા કંસને મારી કૃષ્ણે તેને મથુરાની ગાદી આપી તે અને દેવક બંને આહુકના પુત્ર થાય દેવકી દેવકની પુત્રી હતી બ્રાહ્મણ અને જૈન બંને માન્યતા પ્રમાણે, કૃષ્ણે કંસને મારી નાખ્યો હોવાથી તેના સસરા જરાસંધે મથુરા ઉપર હુમલા કરવા માંડયા, તેથી કૃષ્ણે ત્યાથી ભાગીને પશ્ચિમ સમુદ્રને કિનારે દ્વારિકા વસાવી અને બધાને ત્યા આણ્યા.

૫. હરિવંશ તથા વિષ્ણુપુરાણમા ઉગ્રસેનની કન્યાનું નામ સુતનુ આપ્યુ છે અહીં પણ ૩૭ મા શ્લોકમા રાજીમતી માટે રથનેમિએ સુતનુ સંબોધન વાપર્યુ છે, તે કદાચ તેનુ બીજુ નામ હોવાને કારણે પણ હોય

ઉગ્રસેને કેશવનું આગ્રુ કબૂલ રાખ્યું પછી, અરિષ્ટનેમિને બધી ઔષધિઓથી સ્નાન કરાવી, કૌતુક અને મંગળ[1]થી યુક્ત કરી, વસ્ત્રાભૂષણથી વિભૂષિત કરી તથા વાસુદેવના મોટા ગંધહસ્તી[2] ઉપર બેસાડી બધા વિવાહમંડપ તરફ ચાલ્યા [૮-૧૩]

ત્યાં જતાં અરિષ્ટનેમિએ વાડામાં અને પાંજરામાં પૂરેલાં અને ભયથી કંપતાં પ્રાણીઓ જોયાં તેમને જોઈ, તેમણે પોતાના સારથિને[3] પૂછ્યું આ બધાં પ્રાણીઓને શા માટે આમ પૂરવામાં આવ્યાં છે? સારથિએ જવાબ આપ્યો તમારા વિવાહોત્સવમાં આવેલા માણસોના ભોજન માટે [૧૪-૭]

આ સાંભળી જીવો પ્રત્યે દયાવૃત્તિ રાખનાર અરિષ્ટનેમિનું દિલ દુભાયું તેમણે વિચાર કર્યો કે મારા વિવાહ નિમિત્તે આ બધા જીવો હણાય તો તે મારે માટે પરલોકમાં કલ્યાણરૂપ નહિ થાય [૧૮-૯]

તરત તેમણે પોતાનાં આભૂષણો ઉતારી સારથિને આપી દીધાં અને સંસારનો ત્યાગ કરવાની ઇચ્છાથી

---

૧ રાત્રે કુસ્વપ્નાદિક આવ્યાં હોય તેના નિવારણ અર્થે તેમજ શુભ શુકનને અર્થે કરાતા વિધિ

૨ ઉત્તમ જાતિનો હાથી તેના ગંધમાત્રથી સામાન્ય હાથીઓ ભાગી જાય છે

૩ ૧૦મા શ્લોકમાં હાથીએ બેસીને જવાની વાત છે પછીના શ્લોકોમાં જાણે રથમાં બેઠા હોય તેવો ઉલ્લેખ છે

શિબિકામાં બેસી, તે રૈવતક[1] પર્વત તરફ ચાલ્યા. ત્યાં રિવાજ મુજબ (ભાવી તીર્થકરનો) નિષ્ક્રમણોત્સવ કરવા સર્વ સામગ્રી સાથે આવેલા દેવો અને હજારો મનુષ્યોથી વીંટળાયેલા વૃષ્ણિપુંગવ અરિષ્ટનેમિએ દીક્ષા લીધી[2] અને પોતાને હાથે પાંચ મૂઠી ભરીને પોતાના કોમળ અને વાંકડિયા કેશો ઉખાડી નાખ્યા[3]. તે વખતે વાસુદેવે પ્રસન્ન થઈ તેમને કહ્યું: હે દમે વર! તું તારા ઇચ્છિત મનોરથને સત્વર પામ, તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર, ક્ષમા અને નિર્લોભતા દ્વારા પોતાની ઉન્નતિ કર. ત્યાર બાદ રામ, કેશવ તથા બીજા બધા અરિષ્ટનેમિને વંદન કરી, દ્વારિકા પાછા ફર્યા. [૨૦ ૭]

અરિષ્ટનેમિની પ્રવ્રજ્યાની વાત સાંભળીને રાજકન્યા રાજીમતી હાસ્ય અને આનંદથી રહિત થઈ ગઈ[4]. તેણે

---

૧ કાઠિયાવાડનો ગિરનાર એ જ રૈવતક. તેના ઉપર ઘણાં જૈન મંદિરો છે. માઘે પોતાના શિશુપાલવધમાં (સર્ગ ૪) રૈવતકનું વર્ણન કર્યું છે.

૨ તે વખતે ચિત્રા નક્ષત્ર હતું. શ્રીમહાવીરભગવાનના જીવનના નિર્વાણ સિવાયના મુખ્ય પાંચ બનાવો જેમ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થયા હતા, તેમ અરિષ્ટનેમિના ગર્ભ, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ ચિત્રા નક્ષત્રમાં થયા હતા.

૩ જૈન સાધુઓ વાળ કપાવવાને બદલે હાથથી ઉખાડી નાખે છે. તે ક્રિયાને લોચ કહે છે.

૪ રાજીમતીના એ શોકપ્રસંગ ઉપર સંઘગણિપુત્ર વિક્રમે નેમિદૂત કાવ્ય લખ્યું છે. તેમાંના દરેક શ્લોકની ચોથી લીટી કાલિદાસના મેઘદૂતમાંથી લીધી છે.

વિચાર્યું કે, 'તેમણે મારો ત્યાગ કર્યો. મારા જીવતરને ધિક્કાર છે. મારે પણ હવે પ્રવ્રજ્યા લેવી એ જ શ્રેયસ્કર છે. [૨૮-૯]

આમ વિચારી તેણે પણ કૂચડી અને કાંસકીથી સજેલા કેશોનો લોચ કર્યો. તેને પણ વાસુદેવે પ્રસન્ન થઈને કહ્યું: હે કન્યે! તું પણ આ ઘોર સંસારસાગરમાંથી જલદીથી તરી જા. તેની પાસે ત્યાં તેનાં ઘણાં સ્વજન પરિજનોએ પણ પ્રવ્રજ્યા લીધી.[1] [૩૦-૨]

---

૧ ટીકામાં આપેલી કથામાં કેટલીક વધુ વિગતો જણાવેલી છે તે અહીંથી આગળ વધતાં પહેલાં જાણી લેવી ઠીક થશે. અરિષ્ટનેમિ પેલાં પ્રાણીઓ જોઈને પાછા ફર્યા ત્યારે તેમનાં માતાપિતાએ તેમને ઘણા ઘણા સમજાવ્યા. પણ તે લગ્ન કરવા કબૂલ ન થયા. માત્ર તે એક વર્ષ વધુ ઘેર રહેવા કબૂલ થયા. તે વર્ષ પૂરું થયા બાદ તેમણે રૈવતક પર્વત ઉપર જઈને દીક્ષા લીધી.

આ બાજુ અરિષ્ટનેમિએ પોતાનો ત્યાગ કરેલો હોવાથી રાજીમતી પણ ખિન્ન થઈ ગઈ અને અરિષ્ટનેમિનું જ ધ્યાન કરવા લાગી. અરિષ્ટનેમિનો મોટો ભાઈ રથનેમિ તેના ઉપર મોહિત થયો હતો. અરિષ્ટનેમિ સાથે રાજીમતીનું લગ્ન બંધ રહ્યું એટલે તેણે રાજીમતીને વશ કરવાનો પ્રયત્ન કરવા માંડ્યો. પણ રાજીમતીએ તેને ચોખ્ખું જણાવી દીધું કે, હું મનથી તો અરિષ્ટનેમિને જ પરણી ચૂકી છું અને પ્રવ્રજ્યા લેવાની છું. છતાં રથનેમિએ ન માન્યું ત્યારે રાજીમતીએ એક વખત તેને સાનમાં લાવવા પોતાનું એઠું દૂધ પી જવાનું તેને કહ્યું. ત્યારે રથનેમિએ કહ્યું કે, એઠી વસ્તુ કૂતરું જ ચાટે. માણસ થઈને હું તારું એઠું કેમ કરીને ચાટું?

હવે, રાજીમતી રૈવતક પર્વત ઉપર જતી હતી તે વખતે[1] મુશળધાર વરસાદ વરસવાથી ભીંજાઈને તે એક અંધારી ગુફામાં પેસી ગઈ. ત્યાં પોતાનાં ભીનાં વસ્ત્રો શરીર ઉપરથી ઉતારી તેણે પહોળાં કર્યાં. અરિષ્ટનેમિનો મોટો ભાઈ રથનેમિ પ્રવ્રજિત થઈ તે ગુફામાં જ ધ્યાન કરતો હતો. રાજીમતીને એકાંતમાં વસ્ત્રરહિત દશામાં જોતાં તેનું મન ચલિત થયું. એટલામાં રાજીમતીએ પણ તેને દેખ્યો. તેને જોઈ, ભયગ્રસ્ત રાજીમતી છાતી ઉપર હાથ રાખી, કંપતી નીચે બેસી ગઈ. રથનેમિએ તેને કહ્યું: હે સુરૂપે! હે ચારુભાષિણી! હું રથનેમિ છું. હે સુતનુ! તું મારો સ્વીકાર કર, તને કશી હરકત આવશે નહિ. આપણે ભોગ ભોગવીએ. મનુષ્યપણું દુર્લભ છે. ભુક્તભોગી થઈને ફરી પાછાં આપણે જિનમાર્ગનું આચરણ કરીશું. [૩૭-૮]

સાધનાનો ઉત્સાહ જેનો ભાંગી ગયેલો છે એવા તથા વાસનાથી હારેલા રથનેમિનું આવું કહેવું સાંભળી, હિંમત હારી જવાને બદલે પોતાની જાત, કુળ અને શીલ સાચવતી

ત્યારે રાજીમતીએ તેને કહ્યું કે તો પછી તારા ભાઈએ છોડેલી મને મેળવવા તું શા માટે પ્રયત્ન કરે છે?

બીજી બાજુ, દીક્ષા લીધા બાદ ચોપનમે દિવસે અરિષ્ટનેમિને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તે ખબર જાણી, કૃષ્ણ, બળભદ્ર, રાજીમતી વગેરે બધા તેમનાં દર્શને ગયા. તેમનો ઉપદેશ સાંભળી રથનેમિ, રાજીમતી વગેરે અનેક સ્ત્રીપુરુષોએ તેમની પાસેથી દીક્ષા લીધી.

1. ટીકાની કથા એમ જણાવે છે કે, "એક વખત, અરિષ્ટનેમિનાં દર્શન કરવા રાજીમતી રૈવતક પર્વત ઉપર જતી હતી ત્યારે

અરિષ્ટનેમિની આકૃતિને મૂળમાં સમચતુરસ્ર સંસ્થાન શબ્દથી ઓળખાવી છે. શરીરનો આકાર તેને સંસ્થાન કહે છે. તેના છ પ્રકાર છે. સમચતુરસ્ર : પલાંઠી વાળીને બેસાડે ને તેના બે ઢીંચણ વચ્ચેનું અંતર, જમણો ખભો અને ડાબા ઢીંચણ વચ્ચેનું અંતર, ડાબા ખભા અને જમણા ઢીંચણ વચ્ચેનું અંતર અને પલાંઠીના મધ્ય પ્રદેશથી કપાળનું અંતર એ સરખાં હોય, અને સર્વાંગે સુંદર હોય તો તે સમચતુરસ્ર સંસ્થાન કહેવાય. નાભિ ઉપર સંપૂર્ણ સુંદર અવયવ હોય અને હેઠેના પ્રદેશમાં હીનાધિક હોય, તો તે ન્યગ્રોધપરિમંડળ સંસ્થાન કહેવાય. નાભિથી નીચે સંપૂર્ણ અવયવ હોય અને ઉપર હીનાધિક હોય, તો તે સાદિ સંસ્થાન કહેવાય. હાથ, પગ, મસ્તક, ગ્રીવા સુલક્ષણ હોય અને હૃદય, પેટ હીન હોય, તો તે કુબ્જ સંસ્થાન કહેવાય. હૃદય તથા પેટ સુલક્ષણ હોય અને હાથ પગ, શીર, ગ્રીવા કુલક્ષણ હોય, તો તે વામન કહેવાય. અને સર્વ અંગોપાંગ કુલક્ષણ-હીનાધિક હોય તો તે હુંડક સંસ્થાન કહેવાય.

૨૩

કેશી–ગૌતમ સંવાદ

જિન તીર્થંકર પાર્શ્વનાથ[1]ના વિદ્યા અને આચરણમાં પારગામી એવા કેશીકુમાર[2] નામના મહાયશસ્વી[3] શ્રમણશિષ્ય હતા તે એક વખત શિષ્યસમુદાય સાથે

---

૧ મહાવીર પહેલાં ૨૫૦ વર્ષ પૂર્વે થઈ ગયેલા ૨૩મા જૈન તીર્થંકર તે ઈ સ પૂર્વે ૮૧૭ માં બનારસના ઇક્ષ્વાકુવંશના રાજા અશ્વસેનને ત્યાં જન્મ્યા હતા, એવી પરંપરા છે જુઓ સંયમધર્મ, પા ૪૫–૮ તેમના પૂર્વભવોની લાંબી કથામાં સુવર્ણબાહુ રાજાના ભવની કથામાં કાલિદાસના નાટકમાંથી દુષ્યંત–શકુંતલા અને સખીઓના પ્રથમ મેળાપનો આખો પ્રસંગ શબ્દશ આપેલો છે

૨ મૂળમાં કેસીકુમાર સમણે છે કેટલાક 'કુમારસમણ'ને વિશેષણ તરીકે લઈ, 'કુંવારી અવસ્થામાં શ્રમણ થનારા' એવો અર્થ લે છે

૩ મૂળમાં 'અવધિજ્ઞાન અને શ્રુતજ્ઞાન યુક્ત' એવું વિશેષણ પણ છે તેમના અર્થ માટે આગળ જુઓ અધ્ય૦ ૨૮ ટિ. ન ૧

એક ગામથી બીજે ગામ ફરતાફરતા શ્રાવસ્તી[1] નગરીમાં આવી પહોંચ્યા ત્યાં ગામ બહાર, જીવજંતુ રહિત રહેવાનું તથા સૂવાનું સ્થાન જોઈને, તિંદુક નામના ઉદ્યાનમાં તેમણે ઉતારો કર્યો [૧૪]

તે જ અરસામાં, વર્ધમાન નામથી લોકમાં પ્રસિદ્ધ એવા જિનભગવાન (મહાવીર) ના મહાયશસ્વી જ્ઞાન અને ચરિત્રના પારગામી, તથા બાર અંગોના[2] જાણકાર શિષ્ય ભગવાન ગૌતમ પણ, શિષ્યસમુદાય સાથે ફરતાફરતા તે જ નગરીમાં આવી પહોંચ્યા અને ગામ બહાર આવેલા કોષ્ઠક ઉદ્યાન ઊતર્યા [૫૮]

મન, વચન અને કાયાનું દુષ્પ્રવૃત્તિમાંથી રક્ષણ કરતા તથા સમાધિયુક્ત એવા તે બંને ત્યાં રહેતા હતા તે વખતે બંનેના શિષ્યસમુદાયમાં એવો વિતર્ક ઊભો થયો કે 'વર્ધમાને ઉપદેશેલો પંચમહાવ્રતોવાળો આ ધર્મ કેવો અને મહામુનિ પાર્શ્વે ઉપદેશેલો ચાર મહાવ્રતવાળો[3] આ ધર્મ કેવો ? વળી અચેલક,—વસ્ત્રરહિત રહેવાનો મહાવીરનો આચારવિધિ કેવો, અને અન્તર તથા ઉત્તરીય વસ્ત્રો

---

૧ પ્રાચીન કોશલ દેશની રાજધાની સાકેત અથવા અયોધ્યાથી ઉત્તર તરફ પચાસેક માઇલ દૂર રાપ્તી નદીના દક્ષિણ કિનારે આવેલા સાહેતમાહેતના ખંડેરોને શ્રાવસ્તીના વર્તમાન અવશેષ ગણવામાં આવે છે જુઓ 'ધર્મકથાઓ' પા ૨૫૮

૨ જૈન ધર્મના મૂળ પ્રસિદ્ધ ૧૨ ગ્રંથો જુઓ 'સંયમધર્મ', પા. ૨૦૬

૩ મૂળ ચાતુર્યામ પાર્શ્વના ધર્મમાં બ્રહ્મચર્યવ્રતને અપરિગ્રહવ્રતમાં સમાવી ચાર જ મહાવ્રતો ગણાવાતાં

પહેરવાની છૂટવાળો પાર્શ્વનો આચારવિધિ કેમ? એક જ કાર્ય માટે પ્રવર્તેલા એ બેમાં આવો તફાવત પડવાનું કારણ શું? [૯-૧૩]

શિષ્યોના મનનો આવો વિતર્ક જાણી, કેશી અને ગૌતમ બંનેએ પરસ્પર મળવાનો નિશ્ચય કર્યો. પાર્શ્વનાથની પરંપરાને (મહાવીર) પહેલાની હોવાથી વડીલ જાણી, યોગ્યાયોગ્ય સમજનાર ગૌતમ પોતે તિંદુકવનમાં આવ્યા. કેશીકુમારે પણ તેમને આવેલા જાણી, તેમનો યથાયોગ્ય સત્કાર કર્યો, તથા નિર્જીવ અને નિર્દોષ એવાં પરાળ, દાભ વગેરે[1] તેમને બેસવા માટે આપ્યાં. [૧૪-૭]

તે વખતે બીજા સંપ્રદાયના પણ ઘણા સાધુઓ તથા ગૃહસ્થો કૌતુકથી ત્યાં ભેગા થયા. પછી, કેશીએ ગૌતમને કહ્યું, "હે મહાભાગ! હું કાંઈક પૂછવા માગું છું." એટલે ગૌતમે જવાબ આપ્યો, "હે ભદન્ત[2]! આપની મરજી મુજબ પૂછો."

ત્યારે કેશીએ પૂછ્યું, "વર્ધમાન અને પાર્શ્વનાથ બંને એક જ કાર્ય માટે પ્રવર્તેલા હોવા છતાં એકે ચાર વ્રત ઉપદેશ્યાં અને બીજાએ પાંચ ઉપદેશ્યાં, એનું કારણ શું? [૧૮-૨૪]

ગૌતમે જવાબ આપ્યો, "પ્રજ્ઞા વડે જ ધર્મતત્ત્વનો નિશ્ચય કરી શકાય છે. શરૂઆતના મુનિઓ ઋજુજડ એટલે કે, સરળ પણ જડ હતા. તેથી તેમને ધર્મ સમજવો મુશ્કેલ હતો અને

---

૧ મૂળમાં 'પરાળ અને પાંચમું દાભતૃણ' એમ છે. શાળી, વ્રીહિ, કોદરા અને રાળકના ચાર પરાળ છે તે તથા દાભતૃણ મળી 'તૃણપંચક' કહેવાય છે.

૨ મૂળમાં, પૂજ્ય એવા અર્થનો 'ભંતે' શબ્દ છે.

એક ગામથી બીજે ગામ ફરતાફરતા શ્રાવસ્તી[1] નગરીમાં આવી પહોંચ્યા. ત્યાં ગામ બહાર, જીવજંતુ રહિત રહેવાનું તથા સૂવાનું સ્થાન જોઈને, તિંદુક નામના ઉદ્યાનમાં તેમણે ઉતારો કર્યો. [૧-૪]

તે જ અરસામાં, વર્ધમાન નામથી લોકમાં પ્રસિદ્ધ એવા જિનભગવાન (મહાવીર)ના મહાયશસ્વી જ્ઞાન અને ચારિત્રના પારગામી, તથા બાર અંગોના[2] જાણકાર શિષ્ય ભગવાન ગૌતમ પણ શિષ્યસમુદાય સાથે ફરતાફરતા તે જ નગરીમાં આવી પહોંચ્યા અને ગામ બહાર આવેલા કોષ્ટક ઉદ્યાન ઊતર્યા. [૫-૮]

મન, વચન અને કાયાની દુષ્પ્રવૃત્તિમાંથી રક્ષણ કરતા તથા સમાધિયુક્ત એવા તે બંને ત્યાં રહેતા હતા તે વખતે બંનેના શિષ્યસમુદાયમાં એવો વિતર્ક ઊભો થયો કે વર્ધમાને ઉપદેશેલો પંચમહાવ્રતોવાળો આ ધર્મ કેવો અને મહામુનિ પાર્શ્વે ઉપદેશેલો ચાર મહાવ્રતવાળો[3] આ ધર્મ કેવો? વળી, અચેલક — વસ્ત્રરહિત રહેવાનો મહાવીરનો આચારવિધિ કેવો અને આંતર તથા ઉત્તરીય વસ્ત્રો

---

૧ પ્રાચીન કોશલ દેશની રાજધાની સાકેત અથવા અયોધ્યાથી ઉત્તર તરફ પચાસેક માઈલ દૂર રાપ્તી નદીના દક્ષિણ કિનારે આવેલા સાહેતમાહેતના ખંડેરોને શ્રાવસ્તીના વર્તમાન અવશેષ ગણવામાં આવે છે. જુઓ 'ધર્મકથાઓ' પા. ૨૫૯

૨. જૈન ધર્મના મૂળ પ્રસિદ્ધ ૧૨ ગ્રંથો. જુઓ 'સંયમધર્મ', પા. ૧૧

૩ મૂળ ચાતુર્યામ. પાર્શ્વના પંથમાં બ્રહ્મચર્યવ્રતને અપરિગ્રહ વ્રતમાં સમાવી ચાર જ મહાવ્રતો ગણાતાં.

પહેરવાની છૂટવાળો પાર્શ્વનો આચારવિધિ ક્યો? એક જ કાર્ય માટે પ્રવર્તેલા એ બેમાં આવો તફાવત પડવાનું કારણ શું? [૯-૧૩]

શિષ્યોના મનનો આવો વિતર્ક જાણી કેશી અને ગૌતમ બંનેએ પરસ્પર મળવાનો નિશ્ચય કર્યો પાર્શ્વનાથની પરંપરાને (મહાવીર) પહેલાની હોવાથી વડીલ જાણી યોગ્યાયોગ્ય સમજનાર ગૌતમ પોતે તિંદુકવનમાં આવ્યા કેશીકુમારે પણ તેમને આવેલા જાણી, તેમનો યથાયોગ્ય સત્કાર કર્યો, તથા નિર્જીવ અને નિર્દોષ એવાં પરાળ, દાભ વગેરે[1] તેમને બેસવા માટે આપ્યાં [૧૪-૭]

તે વખતે બીજા સંપ્રદાયના પણ ઘણા સાધુઓ તથા ગૃહસ્થો કૌતુકથી ત્યાં ભેગા થયા પછી, કેશીએ ગૌતમને કહ્યું હે મહાભાગ! કાંઈક પૂછવા માગું છું એટલે ગૌતમે જવાબ આપ્યો, 'હે ભન્તે[2]! આપની મરજી મુજબ પૂછો

ત્યારે કેશીએ પૂછ્યું વર્ધમાન અને પાર્શ્વનાથ બંને એક જ કાર્ય માટે પ્રવર્તેલા હોવા છતાં, એકે ચાર વ્રત ઉપદેશ્યાં અને બીજાએ પાંચ ઉપદેશ્યાં, એનું કારણ શું? [૧૮-૨૪]

ગૌતમે જવાબ આપ્યો પ્રજ્ઞા વડે જ ધર્મતત્ત્વનો નિશ્ચય કરી શકાય છે શરૂઆતના મુનિઓ ઋજુજડ એટલે કે, સરળ પણ જડ હતા તેથી તેમને ધર્મ સમજવો મુશ્કેલ હતો અને

---

૧ મૂળમાં 'પલાલ અને પાંચમું દાભતૃણ' એમ છે શાળી, વ્રીહિ, કોદરા અને રાળકના ચાર પરાળ છે તે તથા દાભતૃણ મળી 'તણપંચક' કહેવાય છે

૨. મૂળમાં, પૂજ્ય એવા અર્થનો 'ભંતે' શબ્દ

પાળવો સહેલો હતો અને છેવટના મુનિઓ વક્રજડ હતા તેથી તેમને ધર્મ સમજવો સહેલો હતો પરંતુ પાળવો મુશ્કેલ હતો તેથી તે બંનેને પાંચ મહાવ્રતો સ્પષ્ટ દર્શાવવાં પડ્યાં પરંતુ વચગાળાના[1] મુનિઓ સરળ તેમજ બુદ્ધિમાન હતા, (તેથી તેમને બ્રહ્મચર્યવ્રત સ્પષ્ટ જુદું ન પાડતાં ચાર વ્રતો કહ્યાં) [૨૫-૭]

કેશીએ એ જવાબથી સંતુષ્ટ થઈ, વસ્ત્ર પહેરવા ન પહેરવા બાબતના તે બેના વિધાનમાં તફાવત પડવાનું કારણ પૂછ્યું

એટલે ગૌતમે કહ્યું પોતાના વિશિષ્ટ જ્ઞાન વડે (જુદા જુદા સાધુઓનો અધિકાર) સમજીને બંને તીર્થંકરોએ ધર્મના જુદા જુદા સાધન ફરમાવ્યાં છે પારમાર્થિક[2] રીતે તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ જ[3] મોક્ષના સાચા

---

૧ શરૂઆતના એટલે પ્રથમ તીર્થંકરના વખતના 'છેવટના એટલે ૨૪મા તીર્થંકર [illegible] મહાવીરના વખતના 'વચગાળાના એટલે બાકીના ૨૨ તીર્થંકરના સમયના

૨ મૂળમાં 'નિશ્ચયે' શબ્દ છે એક જ વસ્તુને લગતી જુદી જુદી વિચારસરણી 'નય' કહેવાય છે તેના વ્યવહારનય અને નિશ્ચયનય એવા ભેદ [illegible] વ્યવહારનય એટલે સ્થૂલગામી અને ઉપચાર-પ્રધાન વિચાર તથા નિશ્ચયનય એટલે સૂક્ષ્મગામી અને તત્ત્વસ્પર્શી વિચાર વેદાંતના વ્યાવહારિક અને પારમાર્થિક દૃષ્ટિભેદો સાથે તેમને સરખાવી શકાય વધુ માટે જુઓ અધ્ય૦ ૨૮, ટિ૦ ૯

૩ એ ત્રણને જૈન પરિભાષામાં રત્નત્રય કહે છે તત્ત્વના યથાર્થ વિવેકની અભિરુચિ તે દર્શન પ્રમાણ વગેરેથી તત્ત્વોનું યથાર્થ જ્ઞાન તે જ્ઞાન અને જ્ઞાનપૂર્વક રાગદ્વેષાદિની નિવૃત્તિ થવાથી સ્વરૂપરમણ તે ચારિત્ર

સાધનો છે અને તે બાબતમાં તો મને તીર્થંકરો એકમત છે બાહ્ય વેષ વગેરેનું પ્રયોજન તો એટલું જ છે કે, તેના વડે લોકોને ખબર પડે (કે આ સાધુ કયા પથનો છે) તથા સાધુને પોતાને સયમનિર્વાહમાં તે ઉપયોગી થાય, તેમજ (પોતે અમુક ધર્મનો છે એવુ) તેને ભાન રહે' [૩૧ ૩]

એ સાભળી કેશીએ કહ્યુ, 'હે ગૌતમ તમારી પ્રજ્ઞા સુન્દર છે મારા બંને સશય દૂર થઈ ગયા હવે હુ જે કહું તેનો ઉકેલ આપો [1] હે ગૌતમ! હજારો શત્રુઓની વચમા તમે ઊભા છો અને તેઓ તમારા ઉપર હુમલો કરે છે તેમને તમે શી રીતે જીત્યા? [૩૪-૫]

ગૌતમ એકને જીતવાથી પાચ જિતાયા પાચને જીતવાથી દસ જિતાયા, અને એ દસને જીતવાથી બધા જિતાઈ ગયા [૩૬]

કેશી એ શત્રુઓ તે કયા?[2]

ગૌતમ નહિ જિતાયેલો આત્મા એ એક શત્રુ છે તેમા ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર ઉમેરતા પાચ થયા તેમાં પાચ ઇદ્રિયો ઉમેરતા દશ થયા શાસ્ત્રમા કહ્યા

---

૧ મૂળમા તો અહી પણ, 'હવે મારા બીજા સશયનો જવાબ આપો' એમ ■ પરતુ અહીથી આગળ કેશી સિદ્ધાતભેદ વિષે કશી શંકા નથી પૂછતા, પરતુ જૈન સિદ્ધાતોને જ સમરથા કે કેટલી રીતે રજૂ કરે છે અને ગૌતમ તેનો ઉકેલ આપે ■ જાણે શ્રોતાવર્ગને એમ સૂચિત ન કરતા હોય કે, મૂળ સિદ્ધાંતોમા બંને તીર્થંકરોમા કશો તફાવત નથી.

૨ પછીના સવાદમાથી કેશીનો એ બીજો પ્રશ્ન બા‌‌‌‌ કર્યો છે, અને જવાબમા જ સમાવી લીધો છે

અનુસાર તે બધાને જીતીને, હે મુનિ ! હું બધા શત્રુઓની વચ્ચે નચિંત થઈ વિચરું છું [૩૮]

કેશી જગતમાં અનેક પ્રાણીઓ પાશ વડે બંધાયાં છે તમે તે પાશમાંથી કેવી રીતે છૂટયા ? [૪૧]

ગૌતમ રાગદ્વેષરૂપી તીવ્ર પાશો અને ભયંકર એવા સ્નેહપાશોને શાસ્ત્રમાં જણાવેલા ઉપાયો વડે છેદીને હું હલકો થઈ વિચરું છું [૪૩]

કેશી ભયંકર ફળવાળી એક ઝેરી વેલ છે તેને તમે કેવી રીતે ઉખાડી નાખી ? [૪૫]

ગૌતમ ભવતૃષ્ણારૂપી ભયંકર લતાને સર્વથા જડમૂળમાંથી ઉખેડી નાખી, તેનાં ઝેરી ફળમાંથી છૂટો હું શાસ્ત્રાનુસાર વિચરું છું [૪૮]

કેશી ઘોર અને પ્રજ્વલિત અગ્નિઓ બધાં પ્રાણીઓને બાળે છે તેમને તમે કેવી રીતે બુઝાવ્યા ? [૫૦]

ગૌતમ કામ ક્રોધ, માયા અને લોભરૂપી કષાયો એ અગ્નિ છે જ્ઞાની—તીર્થંકરરૂપી મહામેઘથી ઉત્પન્ન થયેલા, તેના વચનોરૂપી પ્રવાહમાંથી શાસ્ત્રોપદેશ,[1] શીલ અને તપરૂપી ઉત્તમ જળ લઈ, હું સતત તેમના ઉપર છાંટું છું એમ શાસ્ત્રોપદેશરૂપી ધારાથી છંટાયેલા અને મેદાયેલા તે અગ્નિઓ મને બાળતા નથી [૫૩]

કેશી સાહસિક, ભયંકર દુષ્ટ અને આમથી તેમ દોડતો આ અશ્વ તમને ઉન્માર્ગે કેમ નથી લઈ જતો ? [૫૫]

ગૌતમ મનરૂપી એ દુષ્ટ અશ્વને શાસ્ત્ર તથા

---

૧ ઉપરનો તો શાસ્ત્રજ્ઞાન પણ આપ્તજનોની વાણીરૂપ જ છે

ધર્મશિક્ષારૂપી લગામ વડે જાતવંત (કંથક)[1] ઘોડાની પેઠે બરાબર કબજે રાખું છું તેથી તે માર્ગમાં જ રહે છે [૫૮]

કેશી કુમાર્ગોથી ભરેના જગતમાં ઘણાં પ્રાણીઓ ઉન્માર્ગે જઈ નાશ પામે છે તમે વચ્ચેમાર્ગું હોવા છતા ઉ માર્ગે જઈ કેમ નાશ નથી પામના ? [૬૦]

ગૌતમ ખોટા સિદ્ધાંતો એ ઉન્માર્ગો છે તેમને હું જાણું છું તેથી, જિને કહેના ઉત્તમ માર્ગને જ વળગી રહી, હું નાશ નથી પામતો [૬૩]

કેશી મોટા જળપ્રવાહમા તણાતા પ્રાણીઓ માટે શરણરૂપ, આધારરૂપ અને પ્રતિષ્ઠારૂપ દ્વીપ કયો ? [૬૪]

ગૌતમ જરા મરણરૂપી દ્વીપ ઉત્તમ શરણરૂપ, આધાર રૂપ અને પ્રતિષ્ઠારૂપ છે [૬૮]

કેશી મોટા પ્રવાહોવાળા સમુદ્રમા આમતેમ તણાતી નાવડીમા બેઠેલા તમે કેમ કરીને પાર ઊતરશો ? [૭૦]

ગૌતમ જે નાવડી છિદ્રવાળી હોય છે, તે પાર નથી જઈ શકતી, પરંતુ જે છિદ્રરહિત છે, તે જરૂર પાર જઈ શકે શરીર એ નાવડી છે જીવ નાવિક છે સંસાર એ સમુદ્ર છે તેને મહર્ષિઓ તરી જાય છે [૭૩]

કેશી આંધળા કરી નાખે એવા આ ઘોર અંધારામા આ પ્રાણીઓ ભટકે છે તેમને અજવાળું કોણ કરી આપશે ? [૭૫]

ગૌતમ જેનો સંસાર ક્ષીણ થયો છે એવા સર્વજ્ઞ જિનરૂપી સૂર્ય ઉદય પામ્યો છે તે સર્વ લોકમા પ્રાણીઓને અજવાળું કરી આપશે [૭૮]

---

1 જુઓ પા. ૫૫, નો ૬

અનુસાર તે શત્રુને જીતીને, હે મુનિ ! હું બધા શત્રુઓની વચ્ચે નચિંત થઈ વિચરું છું [૩૮]

કેશી : જગતમાં અનેક પ્રાણીઓ પાશ વડે બંધાયાં છે. તમે તે પાશમાંથી કેવી રીતે છૂટ્યા ? [૪૧]

ગૌતમ : રાગદ્વેષરૂપી તીવ્ર પાશો અને ભયંકર એવા સ્નેહપાશોને શાસ્ત્રમાં જણાવેલા ઉપાયો વડે છેદીને હું બંધનમુક્ત થઈ વિચરું છું. [૪૩]

કેશી : ભયંકર ફળવાળી એક ઝેરી વેલ છે. તેને તમે કેવી રીતે ઉખાડી નાખી ? [૪૫]

ગૌતમ : ભવતૃષ્ણારૂપી ભયંકર લતાને સર્વથા જડમૂળમાંથી ઉખેડી નાખી, તેનાં ઝેરી ફળમાંથી છૂટી હું શાસ્ત્રાનુસાર વિચરું છું. [૪૮]

કેશી : ઘોર અને પ્રજ્વલિત અગ્નિઓ બધાં પ્રાણીઓને બાળે છે. તેમને તમે કેવી રીતે બુઝાવો છો ? [૫૦]

ગૌતમ : કામ, ક્રોધ, માયા અને લોભરૂપી કષાયો એ અગ્નિ છે. જ્ઞાની—તીર્થંકરરૂપી મહામેઘથી ઉત્પન્ન થયેલા, તેમના વચનોરૂપી પ્રવાહમાંથી શાસ્ત્રોપદેશ,[૧] શીલ અને તપરૂપી ઉત્તમ જળ લઈ, હું સતત તેમના ઉપર છાંટું છું. એમ શાસ્ત્રોપદેશરૂપી ધારાથી છંટાયેલા અને બુઝાયેલા તે અગ્નિઓ મને બાળતા નથી. [૫૩]

કેશી : સાહસિક, ભયંકર, દુષ્ટ અને આમતેમ દોડતો આ અશ્વ તમને ઉન્માર્ગે કેમ નથી લઈ જતો ? [૫૫]

ગૌતમ : મનરૂપી એ દુષ્ટ અશ્વને હું શાસ્ત્ર તથા

---

૧. ભેદરે તો શાસ્ત્રજ્ઞાન પણ આસજનોની વાણીરૂપ જ ■

ધર્મશિક્ષારૂપી લગામ વડે જાતવત (કથક)[1] ઘોડાની પેઠે બરાબર કબજે રાખુ છુ, તેથી તે માર્ગમા જ રહે છે [૫૮]

કેશી કુમાર્ગોથી ભરેના જગતમા ઘણા પ્રાણીઓ C માર્ગે જઈ નાશ પામે છે તમે વટેમાર્ગુ હોવા છતાં ઉન્માર્ગે જઈ કેમ નાશ નથી પામતા ? [૬૦]

ગૌતમ ખોટા સિદ્ધાતો એ ઉન્માર્ગો છે તેમને હુ જાણુ છુ તેથી, જિને કહેલા ઉત્તમ માર્ગને જ વળગી રહી, હુ નાશ નથી પામતો [૬૩]

કેશી મોટા જળપ્રવાહમા તણાતા પ્રાણીઓ માટે શરણરૂપ, આધારરૂપ અને પ્રતિષ્ઠારૂપ દ્વીપ કયો ? [૬૪]

ગૌતમ જરા મરણરૂપી દ્વીપ ઉત્તમ શરણરૂપ, આધારરૂપ અને પ્રતિષ્ઠારૂપ છે [૬૮]

કેશી મોટા પ્રવાહોવાળા સમુદ્રમા આમતેમ તણાતી નાવડીમા બેઠેલા તમે કેમ કરીને પાર ઊતરશો ? [૭૦]

ગૌતમ જે નાવડી છિદ્રવાળી હોય છે, તે પાર નથી જઈ શકતી, પરતુ જે છિદ્રરહિત છે, તે જરૂર પાર જઈ શકે શરીર એ નાવડી છે જીવ નાવિક છે સસાર એ સમુદ્ર છે તેને મહર્ષિઓ તરી જાય છે [૭૩]

કેશી આધળા કરી નાખે એવા આ ઘોર અધારામા આ પ્રાણીઓ ભટકે છે, તેમને અજવાળુ કોણ કરી આપશે ? [૭૫]

ગૌતમ જેનો સસાર ક્ષીણ થયો છે એવા સર્વજ્ઞ જિનરૂપી સૂર્ય ઉદય પામ્યો છે તે સર્વ લોકમા પ્રાણીઓને અજવાળુ કરી આપશે [૭૮]

---

૧ જુઓ પા. ૫૫, નો ૬

૨૪

પ્રવચનમાતા

પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ એ આઠને શાસ્ત્રની 'માતાઓ' (પ્રવચનમાતા) કહી છે કારણ, બાર અંગગ્રંથોમાં[1] આવેલા જિનના સમગ્ર ઉપદેશનો તે આઠમાં સમાવેશ થઈ જાય છે.[2] [૧-]

તેમનું સામાન્ય લક્ષણ નીચે પ્રમાણે છે

૧ કોઈ જંતુને ક્લેશ ન થાય તે માટે સાવધાનતાપૂર્વક ચાલવું, તે ઈર્યાસમિતિ ૨ સત્ય, હિતકારી, પરિમિત અને સંદેહ વિનાનું બોલવું તે ભાષાસમિતિ ૩ જીવનયાત્રામાં

---

૧ જુઓ પા. ૧૩૨, નો ૨

૨ મા ધાતુનો અર્થ 'સમાવેશ્ થવો' એવો પણ થાય છે તેથી આ લીટીમાં જણાવ્યા પ્રમાણે, પ્રવચન'—એટલે કે ઉપદેશ અથવા શાસ્ત્રનો જે આઠમાં સમાવેશ થાય છે તે 'પ્રવચનમાતા કહેવાય

સ્વાધ્યાયને છોડીને, પોતાના શરીર તરફ તથા ચાલવા તરફ ધ્યાન રાખીને સંયમીએ ચાલવું [૪ ૮]

૨ ભાષાસમિતિ બુદ્ધિમાન સંયમીએ ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય વાચાલતા અને નિંદા એ આઠ બાબતોનો ત્યાગ કરી યોગ્ય કાળે, દોષરહિત અને પરિમિત વાણી બોલવી [૯ ૧૦]

૩ એષણાસમિતિ ભિક્ષુએ આહાર, વસ્ત્ર, રહેઠાણ વગેરે માગવામા (એષણા) તપાસવામા (ગવેષણા), લેવામા (ગ્રહણૈષણા) અને ભોગવવામા (પરિભોગૈષણા) દોષરહિત થવું પ્રયત્નવાન સાધુએ માગતી વખતે તથા તપાસતી વખતે આપનારને લગતા સોળ[1] તથા લેનારને લગતા સોળ[2] દોષોનો ત્યાગ કરવો લેતી વખતે તેને લગતા દશ દોષોનો ત્યાગ કરવો અને ભોગવતી વખતે તેને લગતા ચાર દોષોનો ત્યાગ કરવો [3] [૧૧ ૧]

---

૧ મૂળમા 'ઉદ્ગમદોષો

૨ મૂળમા, 'ઉત્પાદનદોષો.

૩ એ બધા દોષોના સવિસ્તર વર્ણન માટે જુઓ સંયમધર્મ' પા. ૧૭૧-૩ ઉદાહરણરૂપે જણાવીએ તો, સાધુને ઉદ્દેશીને કરેલું, રાખી મૂકેલું કે આણેલું અન્ન એ ઉદ્ગમદોષથી દોષિત કહેવાય ગૃહસ્થનું કોઈ „તકર્મ કરીને કે ભવિષ્ય ભાખીને કે વૈદું વગેરે કરીને મેળવેલું અન્ન એ ઉત્પાદનદોષથી દોષિત કહેવાય શંકાયુક્ત કે અયોગ્ય અવસ્થાના દાતા પાસેથી લીધેલું કે સચિત્ત પદાર્થયુક્ત અન્ન એ લેવાના દોષથી દોષિત કહેવાય અને દૂધખાંડ વગેરે મેળવીને સ્વા„ કરીને ખાવું, પ્રમાણ બહાર ખાવું કે આપનારની સ્તુતિનિંદા કરીને ખાવું, વગેરે ભોગવતી વખતના દોષથી દોષિત કહેવાય.

૪ આદાન (નિક્ષેપ) સમિતિ : ભિક્ષુએ સામાન્ય વ્યવહાર મુજબ[1] કે કારણવશાત્[2] ગ્રહણ કરેલી વસ્તુઓ લેતી કે મૂકતી વખતે તેમને આંખ વડે તપાસવી અને રજોહરણ વડે સાફ કરી ત્યાર બાદ તેમને લેવી કે મૂકવી. [૧૩ ૪]

૫ ઉચ્ચાર સમિતિ : મળમૂત્ર, બળખો, લીંટ, શરીરનો મેલ, નિરુપયોગી આહાર તેમજ બીજી વસ્તુઓ, (મરતી વખતે) પોતાનું શરીર તથા બીજી તેવી ફેંકી દેવાની વસ્તુઓ લોકોની અવરજવર ન હોય તથા કોઈની નજર પડે તેમ ન હોય તેવી જગાએ[3] કોઈને હરકત ન આવે તેવી જગાએ, ઊંચીનીચી નહિ તેવી સરખી જગાએ, ઘાસપાંદડાંથી ઢંકાયેલી ન હોય એવી જગાએ, થોડા વખત પહેલાં જ (અગ્નિ વગેરેથી) નિર્જીવ થયેલી જગાએ, મોકળાશવાળી જગાએ[4] ઊંડે સુધી નિર્જીવ હોય તેવી જગાએ[5] (ગામ વગેરેથી) બહુ નજીક ન હોય તેવી જગાએ, (ઉંદર વગેરેનાં) દર કે છિદ્ર ન હોય તેવી જગાએ, તથા જીવજંતુ અને બીજ વગેરેથી રહિત જગાએ ફેંકી આવવી [૧૫ ૮]

---

૧ મૂળ 'ઓઘોપધિ

૨ મૂળ 'ઔપગ્રહિકોપધિ

૩ અહીં મૂળમાં આ વિશેષણના જે ચાર પ્રકાર થઈ શકે, તે દર્શાવતો જુદા આર્યા છંદમાં શ્લોક છે જેમકે અવરજવર ન હોય, તેમ નજરે પડે તેવું ન હોય અવરજવર ન હોય પણ નજરે પડે તેવું હોય, ઇ૦ તે પછીનો ઉમેરો છે તથા નિષ્પ્રયોજન છે એ દેખીતું છે

૪ ઓછામાં ઓછી એક હાથ.

૫ ઓછામાં ઓછી ચાર આંગળ

હવે ગુપ્તિઓનું વર્ણન કરવામા આવે છે

મનોગુપ્તિ ચાર પ્રકારની છે ચિંતવનના વિષયોના ચાર પ્રકારને અનુસરીને તે ચાર પ્રકાર આ પ્રમાણે છે સત્ય, મૃષા, સત્ય-મૃષા,[1] ન-સત્યમૃષા[2] પ્રયત્નવાન ભિક્ષુએ પોતાના મનને બીજાનુ અનિષ્ટ તાકવારૂપી સરંભના, બીજાને પરિતાપ આપવારૂપી સમારંભના, અને બીજાની હિંસારૂપી આરંભના ધ્યાનોથી પાછુ વાળવુ [૧૯-૨૧]

વચોગુપ્તિ પણ તે જ પ્રમાણે ચાર પ્રકારની છે પ્રયત્નવાન ભિક્ષુએ સરંભ, સમારંભ વગેરેમા પ્રવર્તતી વાણીને રોકવી [૨૨-૩]

તે જ પ્રમાણે, પ્રયત્નવાન ભિક્ષુ ઊભા રહેતાં, બેસતાં, આળોટતા, ઓળગતા, ચાલતા તેમ જ પોતાની અન્ય ઇંદ્રિયોની પ્રવૃત્તિ વખતે સરંભ, સમારંભ વગેરેમા પ્રવર્તતા પોતાના શરીરને રોકે [૨૪-૫]

પાચ સમિતિઓ સદાચારમા પ્રવૃત્તિ માટે છે અને ગુપ્તિઓ સર્વ પ્રકારની અશુભ પ્રવૃત્તિમાથી નિવૃત્તિ માટે છે જે મુનિ આ આઠ પ્રવચનમાતાઓને ભલે પ્રકારે સેવે છે, તે પંડિત આ સમગ્ર સસારમાથી ઝટ મુક્ત થાય છે, એમ હું કહું છુ [૨૬-૭]

---

૧ જેમકે, વનમા ઘણા આબા દેખીને કોઈ ચિંતવે કે, 'આ આબાનું વન છે,' તો તે સત્ય પણ છે અને મૃષા પણ છે, કારણકે, તેમા બીજાં વૃક્ષ કે લતા, તૃણ વગેરે પણ હોય.

૨ વ્યવહારના આદેશ, નિર્દેશના વચનો, જેવા કે, 'ઘડો લાવ,' 'ડુંગર બળે છે' ઇત્યાદિ, સત્યમિથ્યા બંને નથી.

૨૫

સાચો યજ્ઞ

બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થયેલો જયઘોષ નામનો મહાયશસ્વી બ્રાહ્મણ સંસારથી ઉદ્વેગ પામી[1] મહાવ્રતરૂપી યજ્ઞ આચરનારો (જૈન) યતિ થયો [૧]

ઇન્દ્રિયોના સમૂહનો નિગ્રહ કરનાર તથા સન્માર્ગે પ્રવર્તેલો તે મહામુનિ, એક વાર ગામેગામ ફરતો ફરતો વારાણસી નગરીમાં આવી પહોંચ્યો, તથા ગામબહાર આવેલા એક મનોહર ઉદ્યાનમાં ઊતર્યો [૨ ૩]

---

૧ ટીકાકાર એવી કથા આપે છે કે, જયઘોષ તથા વિજયઘોષ બન્ને જોડકા ભાઈઓ હતા. જયઘોષે એક વખત નદીકિનારે આરડતા દેડકાને ગળતો સાપ જોયો. પાછળથી એક નોળિયે આવીને સાપને પકડ્યો આ દેખી તેને વિચાર આવ્યો કે સંસારમાં બળવાન નબળાને ખાય છે અને મૃત્યુ સૌથી બળવાન હોઈ બધાને ખાય છે માટે ધર્મ જ બધા દુઃખોમાંથી રક્ષણ કરી શકે તેમ છે એમ માની તેણે પ્રવ્રજ્યા લીધી આ વાત ટૂંકમાં નિરયાવલીસૂત્રમાં આવે [illegible] ત્યાં નોળિયાને બ[illegible] '[illegible] છે

તે અરસામા તે નગરમા વિજયઘોષ નામનો વેદવિત્ બ્રાહ્મણ યજ્ઞ કરતો હતો પેલા જયઘોષ મુનિ પોતાના મહિનાના ઉપવાસનું પારણુ કરવા, વિજયઘોષના યજ્ઞમા ભિક્ષા માગવા આવ્યા તેમને આવેલા જોઈ વિજયઘોષે કહ્યુ

"હે ભિક્ષુ ! તને ભિક્ષા આપવાનો નથી માટે તુ બીજે જા ! અહીં તો વેદવિત્, યજ્ઞાર્થી, જ્યોતિષાગ જાણનારા, ધર્મના પારગામી, તથા પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવાને સમર્થ એવા બ્રાહ્મણોને જ છ રસોથી યુક્ત[1] એવુ આ ભોજન આપવાનુ છે [૪ ૮]

આ સાભળી, તે મુમુક્ષુ[2] મહામુનિએ માઠુ માઠુ લગાડયા વિના, તેના હિતને અર્થે[3] તેને પૂછ્યુ, 'હે બ્રાહ્મણ, તુ વેદોનુ મુખ, યજ્ઞોનું મુખ, નક્ષત્રોનુ મુખ, ધર્મોનું મુખ, કે પોતાનો તથા બીજાનો ઉદ્ધાર કરવા કોણ સમર્થ છે તે જાણે છે ?'

એનો જવાબ ન આપી શકવાથી તે બ્રાહ્મણે આખી પરિષદ્ સહિત હાથ જોડી તે મહામુનિને જ તેનો ઉત્તર આપવાની વિનતિ કરી [૧૩ ૫]

મુનિએ કહ્યુ, 'વેદોનુ મુખ અગ્નિહોત્ર છે, યજ્ઞાર્થી પુરુષ એ યજ્ઞોનું મુખ છે નક્ષત્રોનુ મુખ ચદ્રમા છે, અને

---

૧ મૂળ सवकामिरम् – કામના કરવા લાયક સર્વ પદાર્થોવાળુ

૨ મૂળ, 'ઉત્તમાર્થગવેષક

૩ મૂળમા, અન્નપાન કે નિર્વાહને અર્થે નહિ, એટલુ વધારે ■

ધર્મોનુ મુખ કાસ્યપ (તીર્થંકર ઋષભદેવ) છે જે પ્રમાણે ગ્રહો વગેરે ચંદ્રને વદન અને નમસ્કાર કરતા હાથ જોડી તેની પાસે ઊભા રહે છે, તે પ્રમાણે મધળા ઉત્તમ પુરુષો તેમને નમન કરે છે આ યજ્ઞવાદી બ્રાહ્મણો, - જેમનુ બ્રાહ્મણપણું (જ્યોતિષ વગેરે) વિવિધ (યજ્ઞ) વિદ્યાઓમા આવી રહ્યુ છે જેઓનુ અજ્ઞાન, રાખથી ઢંકાયેના અગ્નિની જેમ, (વ્યર્થ) સ્વાધ્યાય અને તપથી ઢંકાઈ રહ્યુ છે, તથા જેઓ લોકમા બ્રાહ્મણ કહેવાય છે અને અગ્નિની પેઠે પૂજાય છે, તેઓ સાચા બ્રાહ્મણો નથી તેઓ પોતાનો કે બીજાનો ઉદ્ધાર કરી શકે તેમ નથી અમે તો તેને જ બ્રાહ્મણ કહીએ છીએ જેને કુશળ પુરુષોએ આ પ્રમાણે વર્ણવ્યો છે [1] [૧૬-૮]

'આવેનામા જે આસક્તિ નથી કરતો, અને જતાનો જે શોક નથી કરતો આર્ય વચનમા જે આનદ પામે છે ઓપીને તથા અગ્નિમા નાખીને શુદ્ધ કરેના સોના જેવો જે નિર્મળ છે જે રાગદ્વેષ અને ભય વિનાનો છે તપસ્વી છે શરીરે કૃશ છે ઇંદ્રિયનિગ્રહી છે જેના લોહી ને માસ સુકાઈ ગયા છે જે સુવ્રતી છે તથા નિર્વાણ પામેલો છે સ્થાવર જગમ પ્રાણોને બરાબર જાણી લઈ જે ત્રણે પ્રકારે[2] તેમની હિંસા

૧ ૧૭-૧૮ ૧૯ શ્લોકોનો અર્થ બહુ સદિગ્ધ છે ટીકાકાર ચદ્ર અને ગ્રહોની ઉપમાવાળા ભાગનો કાસ્યપની સાથે સબધ જોડી, 'મણહારિણો શબ્દથી દેવો' એવો અર્થ ગણી લે છે ટૂકમા, ટીકા પણ સગત અર્થ ઉપજાવવા માટે ખેંચાખેંચ અને ઉમેરા કરવા પડે છે

૨. મન વાણી અને કાયાથી અથવા કરવા કરાવવા કે અનુમતિ આપવાથી

નથી કરતો; ક્રોધથી, હાસ્યથી, લોભથી, કે ભયથી જે અસત્ય વચન નથી બોલતો; સચિત્ત કે અચિત્ત કોઈ પણ પદાર્થ — થોડો હો કે ઘણો પરંતુ — બીજાએ આપ્યા વિના જે નથી લેતો; મન, વચન અને કાયાથી દેવ, મનુષ્ય અને પશુયોનિ વિષયક મૈથુન જે નથી સેવતો; પાણીમાં કમળની પેઠે જે કામભોગોથી અલિપ્ત રહે છે; જે અલોલુપ છે; જે ભિક્ષાજીવી[1] છે; ઘરબાર વિનાનો છે; નિષ્કિંચન છે; ગૃહસ્થોના સંસર્ગ વિનાનો છે; તથા પૂર્વ સબંધો ને સગાંઓનો ત્યાગ કરી, જે ફરી તેઓમાં આસક્તિ નથી રાખતો — તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. [૨૦૬]

"પશુઓને (યજ્ઞમાં) બાંધવા (અને હોમવા) વગેરે યજ્ઞકર્મો તથા (તેનું વિધાન કરનારા બધા વેદો) પાપકર્મના કારણરૂપ હોઈ, દુરાચારી પુરુષને બચાવી શકતા નથી; કારણ કે, કર્મો જ જગતમાં બળવાન છે. માત્ર મૂંડાવાથી શ્રમણ થવાય નહિ; માત્ર ૐકારથી બ્રાહ્મણ થવાય નહિ; માત્ર અરણ્યવાસથી મુનિ થવાય નહિ; અને માત્ર દાભના વસ્ત્રથી તાપસ થવાય નહિ. પરંતુ, સમતાથી શ્રમણ, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ, જ્ઞાનથી મુનિ, અને તપથી તાપસ થવાય. કર્મથી જ માણસ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર થાય છે. જે ગુણો વડે માણસ સાચો સ્નાતક (બ્રાહ્મણ) થઈ શકે છે, તે ગુણો જ્ઞાની પુરુષોએ વર્ણવેલા છે. તે ગુણોવાળા તથા સર્વ કર્મોથી મુક્ત એવા પુરુષને અમે

---

1. મૂળ 'मुहाजीवी'।

બ્રાહ્મણ કહીએ છીએ એવા ગુણવાળા શ્રેષ્ઠ બ્રાહ્મણો જ પોતાનો કે બીજાનો ઉદ્ધાર કરવાને સમર્થ છે [૩૦ ૫]

આ પ્રકારે પોતાનો સંશય દૂર થયા બાદ, વિજયઘોષ બ્રાહ્મણે મહામુનિ જયઘોષને ઓળખ્યા[1] તથા સંતુષ્ટ થઈ હાથ જોડી તેમને કહ્યું: "સાચું બ્રાહ્મણત્વ શું છે તે તમે મને બરાબર સમજાવ્યું. તમે જ સાચા યજ્ઞ કરનારા છો; તમે જ સાચા વેદવિત્ છો, તથા જ્યોતિષાંગને જાણનારા છો. તમે જ ધર્મનો પાર પામેલા છો અને તમે જ બીજાનો તેમજ પોતાનો ઉદ્ધાર કરવા સમર્થ છો, માટે હે ભિક્ષુશ્રેષ્ઠ! તમે અમારા ઉપર કૃપા કરી આ ભિક્ષા ગ્રહણ કરો!" [૧-૯]

એટલે જયઘોષે કહ્યું, "હે બ્રાહ્મણ! મારે ભિક્ષાની જરૂર નથી; પરંતુ તું જલદી સંસારમાંથી નીકળી જા! ભયરૂપી ભમરીઓવાળા આ ઘોર સંસારસાગરમાં ભટક્યા ન કર! ભોગોમાં કર્મનું બંધન છે. જે અભોગી છે તે બંધાતો નથી. ભોગી સંસારમાં ભમે છે અને અભોગી તેમાંથી મુક્ત થાય છે. માટીનો ભીનો ગોળો ભીંત ઉપર ચોંટી જાય છે; પરંતુ વિરક્ત પુરુષો સૂકા ગોળાની પેઠે ચોંટતા નથી. [૪૦ ૩]

પછી જયઘોષ મુનિ પાસે ઉત્તમ ધર્મ સાંભળીને વિજયઘોષે પ્રવ્રજ્યા લીધી; અને તે બંને સંયમ તથા

---

૧ સંજાનંતો તયં તં તુ પાઠ પ્રમાણે. જુઓ નિરયાવલી, ૫૨૩

તપ વડે પૂર્વકર્મોનો નાશ કરીને સર્વોત્તમ સિદ્ધિ પામ્યા, એમ હું કહું છું [૪૪૫][1]

---

૧ આ અધ્યયન પણ હેતુમા ૧૨મા અધ્યયન જેવુ જ છે તેમજ આમાના કેટલાક શ્લોકો પાલિ ત્રિપિટકમાના શ્લોકોને મળતા આવે છે જેમકે ૧૬ = મહાવગ્ગ ૬,૩૫,૮ = સુત્તનિપાત ૫૬૮૯, મહાવસ્તુ ૩, ૨૪૬,૭ ૧૭ = સુ નિ ૫-૮ ૨૮ = સુ નિ ૬૨૮, ધમ્મપ ૪૦૪ ઇ૦ ૩૧= ધમ્મ૦ ૨૬૪ ૩૩ = સુ નિ ૧૩૬

૨૬

સાધુની ચર્યા

શ્રી સુધર્મસ્વામી કહે છે : હવે હું તમને યતિની દશવિધ ચર્યા[1] કહી સંભળાવું છું. સર્વ દુઃખોમાંથી મુક્ત કરનાર તે ચર્યાને આચરીને અનેક નિગ્રંથો સંસારસાગરને તરી ગયા છે.

૧ આવશ્યિકા : સ્વસ્થાનથી બહાર કોઈ આવશ્યક પ્રયોજનને અર્થે જ જવું તે. ૨ નૈષેધિકી : બહારથી સ્વસ્થાને આવ્યા બાદ સમયોચિત કાર્યોમાં પ્રમાદ ન કરવો (તેનો નિષેધ કરવો) તે. ૩ આપૃચ્છના : પોતાનું કામ કરવામાં પોતાનું ડહાપણ ન ડહોળતાં ગુરુને પૂછીને જ કામ કરવું તે. ૪ પ્રતિપૃચ્છના : ગુરુની આજ્ઞાનુસાર કામ શરૂ કરતાં વચ્ચે બીજું કામ નીકળે (કે બીજાનું કામ નીકળે), તો

---

૧ મૂળ : 'સમાચારી'

ગુરુને ફરી પૂછવુ તે[1] ૫ છદના પોતાના અન્નપાનાદિમા બીજા યતિને નિમત્રણ આપવુ તે ૬ ઇચ્છાકાર પોતાનુ કે બીજાનું કામ ઇચ્છાપૂર્વક (ખુશીથી) કરવુ તે ૭ મિ'યાકાર થયેના દોષો માટે જાતને નિન્દી તે ૮ તથાકાર આમ કે વડીલની આજ્ઞાને 'યથાર્થ છે' એમ કહી સ્વીકારવી તે ૯ અભ્યુત્થાન ગુરુજનોની પૂજા, વિનય વગેરેમા તત્પર રહેવુ તે ૧૦ ઉપસપદા જ્ઞાનાદિ પ્રાપ્ત કરવાને અર્થે ગુરુની સોબતમાં રહેવુ તે [૧-૭]

બુદ્ધિમાન ભિક્ષુએ દિવસ તથા રાતના ચાર ચાર ભાગ (પૌરુષી) પાડવા, તથા તે દરેકમાં તે તે કાળને ઉચિત કાર્યો[2] કરવા [૧૧,૧૭]

જેમક, પહેલા ભાગ (પૌરુષી)[3]મા સ્વાધ્યાય, બીજામાં ધ્યાન, ત્રીજામા ભિક્ષા અને ચોથામા ફરી સ્વાધ્યાય તે જ પ્રમાણે રાત્રે પણ પહેલી પૌરુષીમા સ્વાધ્યાય, બીજીમા ધ્યાન, ત્રીજીમા નિદ્રા અને ચોથીમા ફરી સ્વાધ્યાય [૧૨ ૧૮,૪૪]

---

૧ કેટલાક એવો અર્થ કરે છે કે, બીજાનું કામ કરવાનું હોય, ત્યારે ગુરુની આજ્ઞા મેળવ્યા બાદ જ્યારે કામ કરવાનું શરૂ કરે, ત્યારે ફરી રજા લેવી તે પ્રતિપૃચ્છના કેટલાક વળી એમ પણ કહે છે કે પોતાનુ કે બીજાનુ કામ કરતા પહેલા રજા લેવી તે આપૃચ્છના, અને શરૂ કરતી વખતે ફરી પૂછવુ તે પ્રતિપૃચ્છના.

૨ મૂળમા 'ઉત્તરગુણ' શબ્દ છે પચમહાવ્રત એ ભિક્ષુના મૂલગુણ છે, તેમની અપેક્ષાએ સ્વાધ્યાય વગેરે ઉત્તરગુણ છે

૩ પૌરુષી એટલે દિવસ કે રાતનો ચોથો ભાગ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન ૧

તેની વિશેષ વિગત આ પ્રમાણે છે

પહેલી પૌરુષીમાં, સૂર્યોદય થયે, શરૂઆતમાં બે ઘડી સુધીમાં[1] વસ્ત્ર વગેરે બારીકાઈથી તપાસી લેવાં અને તેમાં જીવજંતુ વગેરે હોય તે કાળજીથી દૂર કરવાં [૮ ૨૧]

પહેલાં મુમતી[2] તપાસી લેવી પછી ગુચ્છો[3] તપાસવો ત્યાર બાદ ગુચ્છાને હાથમાં લઈ બીજાં વસ્ત્ર નીચે પ્રમાણે તપાસવાં

(ઉભડક બેસી,) વસ્ત્રને ઊંચું પકડવું મજબૂત પકડવું ઉતાવળ ન કરવી અને બધી બાજુ પ્રથમ આંખથી તપાસી લેવું ત્યાર બાદ તેને ખંખેરવું અને પછી તેને ગુચ્છાથી સાફ કરવું [૨૪]

તે બધું તપાસવાનું કામ પ્રમાદપૂર્વક કરે, તો પૃથ્વી પાણી અગ્નિ, વાયુ, વનસ્પતિ અને જંગમ જીવોની હિંસા થાય અને જો બરાબર કાળજીથી કરે તો તેમનું રક્ષણ થાય માટે અરસપરસ વાતચીત કરતાં ગામનાકની વાત કરતાં કોઈને કશાનો નિયમ આપતાં, પાઠ આપતાં કે બીજા પાસેથી પાઠ લેતાં લેતાં તે ક્રિયા ન કરવી [૨૯ ૩૧]

તપાસતી વખતે વસ્ત્રને કે શરીરને નચાવવું નહીં વાળવું આમળવું નહીં, તપાસ્યા વિના કશો ભાગ જવા દેવો

---

૧ મૂળમાં તો 'પહેલી પૌરુષીના પ્રથમ ચતુર્થાંશમાં' છે ૩૨ ઘડીનો દિવસ ગણીએ, તો દરેક પૌરુષી આઠ ઘડીની થાય અને તેનો ચોથો ભાગ બે ઘડીનો થાય

૨ જૈન મુનિઓ મોં ઉપર જે પટ્ટી બાંધે છે તે.

૩ લૂછવા સાફ કરવા માટે વપરાતું ઊન વગેરેનું વસ્ત્ર કે પીંછી

નહી, ઉપર નીચે તેને ક્યાય અડાડવુ નહી, કે જેથી ઝાટકવુ નહિ પરતુ હાથ ઉપર તેને પહોળુ કરી, ઉજજનુ જોઈ લેવા[૧] [૨૫]

વસ્ત્રને વિપરીત રીતે કે ઉતાવળે ન તપાસી લેવુ વસ્ત્રને ચોળવુ નહી, ઝાટકવુ નહી વિખેરી ન નાખવુ, વગર તપાસ્યે સરકાવી ન દેવુ કે હાથનાચણુ ગમે તેમ ખી ન તપાસવુ પરતુ વસ્ત્રને મજબૂત પકડવુ તેને લાબુ કે જમીન સાથે રગદોળાતું ન રાખવુ આખા વસ્ત્રને સામટુ એક નજરે જોઈ ન નાખવુ શરીર કે વસ્ત્રને ધ્રુણાવવુ નહી, તેને તપાસવાની વિધિની મર્યાદા વિષે પ્રમાદ ન કરવો કે તપાસતા તપાસતાં કશાની શકા ઊપજતાં આગળીથી વેઢા ન ગણુના ટૂકમા, તે ક્રિયામા ઓછાપણુ, વધારેપડતાપણુ, કે વિપરીતપણુ ન આવવા દેતા, યોગ્ય રીતે તે ક્રિયા કરવી [૨૬-૮]

આ પ્રમાણે બધો સાજ તપાસી લઈ, ગુરુને નમસ્કાર કરી, હાથ જોડી તેમને પૂછવુ કે, હવે હું શુ કરુ? જો તે કોઈ સેવાચાકરી ફરમાવે તો તે ખેદરહિતપણે કરવી અને નિયમ પ્રમાણે સ્વાધ્યાય કરવાનું જ કહે, તો તેમ કરવુ સ્વાધ્યાય એ સર્વ દુખમાથી મુક્ત કરનાર વસ્તુ છે એ બરાબર જાણવુ [૮,૧૦,૨૧]

---

૧ અહી મૂળમા, ૨૪મા શ્લોકમા વર્ણવેલી ■ ગીતા (છપ્પુરિમા) અને આ છ મળી ૧૨ વિધાન થયા – એવા ભાવનો શબ્દ છે તેનો અને તેની પછીના 'નવખોડા શબ્દનો અર્થ કરવામાં બહુ મતભેદ ■

ત્યાર બાદ પહેલી પોરુષીનો ચોથો ભાગ બાકી રહે, ત્યારે સ્વાધ્યાયના કાળનું ઉલ્લંઘન કર્યા વિના[1] પાત્રો વગેરે તપાસી લેવાં [૨૨]

પછી ત્રીજી પોરુષીમાં (નીચેનાં છમાંથી કોઈ કારણસર આહાર પાણીની શોધમાં નીકળવું ૧ ક્ષુધાદિ વેદનાની નિવૃત્તિને અર્થે ૨ ગુરુ વગેરેની સેવાને અર્થે ૩ (ભૂખે અંધારાં આવ્યા વિના) કાળજીથી ચાલી શકાય તે માટે ૪ સંયમના નિર્વાહને અર્થે ૫ જીવન ટકાવવાને અર્થે અને ૬ ધર્મધ્યાન થઈ શકે તે માટે [૩૩]

નીચેનાં ૬ કારણોએ સાધુ કે સાધ્વી ભિક્ષા માગવા ન જાય તો તેથી આજ્ઞાનું ઉલ્લંઘન થયું કહેવાય નહિ ૧ બીમારીને કારણે ૨ કોઈ વિઘ્ન આવ્યે ૩ બ્રહ્મચર્ય કે મન વાણી અને કાયાના નિયમનને અર્થે ૪ પ્રાણીદયાને અર્થે,[2] ૫ તપને કારણે કે ૬ શરીરનો નાશ કરવા માટે[3] [૩૪-૫]

---

૧ આ પાદના અર્થની બાબતમાં ઘણી શંકા છે. મૂળમાં 'અપડિક્કમિત્તુ કાલસ્સ' એમ છે. કેટલાક તેનો એવો અર્થ કરે છે, 'કાળને લગતા દોષોનું પ્રતિક્રમણ કર્યા વિના'. પરંતુ અહીં આ પોતે જ આખો વિધિ વિગતવાર ને ક્રમવાર વર્ણવવા બેઠા છે, ત્યાં 'અમુક કર્યા વિના' એવું વિધાન કરવાનો અવકાશ જ નથી. પણ પોરુષીની શરૂઆતમાં સ્વાધ્યાય તપાસીને અંતે જ સ્વાધ્યાય તપાસવાનો વિધિ પણ શા માટે છે તે કહી શકાતું નથી.

૨. ચોમાસામાં કે ઉનાળામાં અચાનક ઘણા જીવો આવી ગયા હોય તે કારણે.

૩ કોઈ કારણસર 'આમરણાંતિક સંલેખના — આમરણ ઉપવાસ સ્વીકાર્યો હોય તે વખતે. જુઓ 'સંયમધર્મ' પા ૧૬૬

ભિક્ષા લેવા જતા પહેલા ભિક્ષુ પોતાનો બધો સાજ નજરથી તપાસી લે, અને પછી અર્ધા યોજનની અંદર જ ભિક્ષા માટે ફરે [૩૬]

આહાર વગેરેથી પરવારી, પાત્ર વગેરે બાંધી મૂકી, ચોથી પોરુષીમાં સર્વ પદાર્થો પ્રગટ કરનાર સ્વાધ્યાય કરે [૩૭]

તે ચોથી પૌરુષીનો ચોથો ભાગ બાકી રહે, ત્યારે સ્વાધ્યાયનો કાળ પૂરો કરી, તથા ગુરુને વંદન કરી, પથારી વગેરે તપાસવા માંડે, તથા મળમૂત્રની જગાઓ જોઈ લે [૩૮-૯]

ત્યાર બાદ, સ્થિર થઈને બેસી,[1] જ્ઞાન, દર્શન અને ચારિત્રને લગતા દિવસ દરમ્યાન જે કાંઈ અતિચાર થયા હોય તેમનો અનુક્રમે વિચાર કરે ત્યાર બાદ ગુરુને નમસ્કાર કરી, તેમની આગળ તે દોષોની કબૂલાત કરે એ પ્રમાણે નિઃશલ્ય થઈ તથા ગુરુને નમસ્કાર કરી, સ્થિર થઈને ધ્યાન કરે ધ્યાન પૂરુ થયે, ગુરુને નમસ્કાર કરી, સ્તુતિમંગળ કરી,[2] સ્વાધ્યાયના કાળની રાહ જુએ [૪૦-૩]

રાત્રે, ઉપર જણાવ્યા પ્રમાણે પહેલી પૌરુષીમાં સ્વાધ્યાય કરવો બીજીમાં ધ્યાન કરવું, ત્રીજીમાં નિદ્રાને અવકાશ આપવો, અને ચોથી પૌરુષીનો સમય થાય એટલે બીજાઓને

---

૧ મૂળ કાયોત્સર્ગ શરીરની પ્રવૃત્તિ બંધ કરી ધ્યાનસ્થ થવું તે તેને માટે પણ મૂળમાં, 'સર્વ દુઃખમાંથી મુક્તિ અપાવનાર' એવું વિશેષણ છે જુઓ અધ્ય ૨૬ ૧૨

૨ અરિહંત સિદ્ધ, ધર્મગુરુ વગેરેને 'નમોત્થુણં' કહી નમસ્કાર કરવારૂપી સ્તુતિ

નિદ્રામાં ગરમડ ન થાય તે રીતે સ્વાધ્યાય કરવો. જ્યારે તે પૌરુષીનો ચોથો ભાગ બાકી રહે, ત્યારે સ્વાધ્યાયના કાળથી નિવૃત્ત થઈ, ગુરુને નમસ્કાર કરી સ્થિર થઈને બેસવું અને રાત દરમ્યાન જ્ઞાન દર્શન અને ચારિત્રને લગતા જે કાંઈ દોષો થયા હોય તેમને અનુક્રમે યાદ કરવા અને પછી ગુરુને નમસ્કાર કરી તેમની આગળ તે બધા દોષોની કબૂલાત કરવી. [૪૪–૯]

એ વિધિ પૂરો થયા બાદ, ગુરુને નમસ્કાર કરી ફરી સ્થિર થઈને બેસવું અને વિચારવું કે હવે હું કઈ જાતનું તપ અંગીકાર કરું. પછી, ગુરુને નમસ્કાર કરી, તથા તેમની પાસે તપનો નિયમ લઈ સિદ્ધો વગેરેની સ્તુતિ કરવી. [૫૦-૨]

આ પ્રમાણે સાધુની ચર્યા ટૂંકમાં કહી. તેને આચરીને બહુ જીવો આ સંસારસાગરને તરી ગયા છે, એમ હું કહું છું. [૫૩]

ટિપ્પણો

ટિપ્પણ ન. ૧. ભિક્ષુએ બધાં કાર્યો પૌરુષી પ્રમાણે કરવાનાં હોવાથી તથા સૂર્યના તડકામાં ઊભા રહી છાયાની ■ બાઈ ઉપરથી સમય જાણવો એ અપરિગ્રહી સાધુને વધુ અનુકૂળ થઈ પડે તેમ હોવાથી, મૂળમાં અનેક શ્લોકોમાં પૌરુષી કેવી રીતે માપવી તેની રીત બતાવી છે તે આ પ્રમાણે:

ક. જમણો કાન સૂર્ય તરફ રાખી ઊભા રહેવું અને પગના ઢીંચણની ઢાંકણીથી કાંઈક નીચેના ભાગ ઉપર (એટલે પગના અંગૂઠાની બાજુએ જમીન ઉપરથી પગના નળા ઉપર વેંત ભરતાં

બીજી વેંતનો છેડો આવે તે જગાએ) હાથની તર્જની આગળી રાખવી. પછી, તે આંગળીની છાયા જ્યાં પડે, ત્યાં સુધી પોતે ઊભા હોય ત્યાંથી પગલાં માપવાં. અષાડ મહિનામાં બે પગલે પહેલી અને પાછલી પોરુષી થાય. પોષ મહિને ચાર પગલે પહેલી અને પાછલી પોરુષી થાય. અને ચૈત્ર તથા આસો મહિને ત્રણ પગલે પહેલી પોરુષી થાય. બીજા આઠ મહિનાઓમાં શ્રાવણ વદિ પડવાથી પોષ સુદિ પૂનમ સુધી છાયા વધે, અને મહા વદિ પડવાથી અષાડ સુદિ પૂનમ સુધી છાયા ઘટે તેનું પ્રમાણ આ પ્રમાણે : સાત દિવસે એક આંગળ વધે - ઘટે, પખવાડિયે બે આંગળ અને મહિને ચાર ચાર આંગળ. જ્યારે ૧૫ દિવસનું પખવાડિયું નહિ હોય ત્યારે, છઠ્ઠે દિવસે આંગળ વધે-ઘટે, પણ અષાડથી વૈશાખ સુધીના છ મહિનાના કૃષ્ણપક્ષમાં એકેક તિથિ ઘટે છે, એટલે ચૌદ દિવસનું પખવાડિયું થાય છે. એ છ મહિના ૨૯ દિવસના ગણવા અને બાકીના ૩૦ દિવસના ગણવા. એ હિસાબે બાકી વર્ષ ૩૫૪ દિવસનું થઈ રહે.

ख દરેક પોરુષીના પણ ચાર ભાગ પાડવાના હોય છે. પોણી પોરુષી જાણવાની રીત આ પ્રમાણે છે :

જેઠ, અષાડ, શ્રાવણમાં પોરુષીના માપમાં	છ	આંગળ	વધારવાં
ભાદરવો, આસો અને કાર્તિકમાં	,, આઠ	,,	,,
માગશર, પોષ, મહામાં	,, દસ	,,	,,
ફાગણ, ચૈત્ર, વૈશાખમાં	,, આઠ	,,	,,

ग રાતની પોરુષી જાણવાની રીત આ પ્રમાણે છે : જે કાળને વિષે જે નક્ષત્ર આખી રાત રહેતા હોય - એટલે કે સૂર્યાસ્ત સમયે ઊગી સૂર્યોદયે અસ્ત થતા હોય - તે નક્ષત્ર આકાશના ચોથે ભાગે પહોંચે, ત્યારે એક પોરુષી થયેલી જાણવી. જેમકે શ્રાવણ મહિનામાં ૧૪ દિવસ ઉત્તરાષાઢા, ૭ દિવસ અભિજિત્, આઠ દિવસ શ્રવણ અને એક દિવસ (પૂનમે) ધનિષ્ઠા - એ પ્રમાણે.

કરવાની જેમ તેમ ભાર ચલાવે છે. મેં તેમને ભણાવ્યા ગણાવ્યા તથા સભાળપૂર્વક ખાનપાનથી પોષ્યા છે, છતાં પાંખો આવ્યા પછી હંસ જેમ ચારે દિશામાં ચાલ્યા જાય તેમ તેઓ ચાલ્યા જાય છે. માટે એવા દુષ્ટ શિષ્યોનું મારે શું પ્રયોજન છે? હવે હું કંટાળ્યો છું. માટે, ગળિયા ગધેડા જેવા એ દુષ્ટ શિષ્યોને છોડી, હું દૃઢ તપસ્યા અંગીકાર કરું.' [૮-૧૬]

આમ વિચારી મૃદુતા, ગંભીરતા અને સમાધિયુક્ત તે મહાત્મા ગર્ગ મુનિ શીલપરાયણ બની વિહરવા લાગ્યા. [૧૭]

૨૮

મોક્ષગતિનો માર્ગ

હવે હું તમને, જિન ભગવાને કહેલો, મોક્ષગતિનો સાચો માર્ગ[1] કહી સમજાવું છું. તે તમે સાંભળો. વસ્તુસ્વરૂપને જાણનારા જિનોએ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને[2] મોક્ષમાર્ગ કહ્યો છે. તેને અનુસરીને ઘણાય જીવો સદ્ગતિ પામ્યા છે. [૧-૩]

---

૧ મૂળ, મોક્ષમાર્ગગતિ. આ અધ્યયનમાં જૈન દર્શનના પારિભાષિક શબ્દો તથા સિદ્ધાંતો અતિ સંક્ષેપમાં ગણતરીની ઢબે ખડકેલા છે. જૈન પરિભાષાથી છેક જ અણજાણ અભ્યાસીને એ રીતે આ અધ્યયન ઘણું મુશ્કેલ લાગવાનું. પ્રકરણને અંતે આપેલાં વિસ્તૃત ટિપ્પણોમાંથી, તેને કાંઈક મદદ મળી રહેશે એવી આશા છે.

૨ ચારિત્રમાં તપનો સમાવેશ થઈ જાય છે; છતાં કર્મક્ષય કરવામાં તેનું અસાધારણત્વ બતાવવા માટે તેને જુદું જણાવ્યું છે.–ટીકા

૧ જ્ઞાન એટલે જીવ વગેરે દ્રવ્યોની યથાર્થ સમજ[1] જ્ઞાની પુરુષોએ સર્વે દ્રવ્યો, તેમના સર્વે ગુણો અને તેમના સર્વે પર્યાયો (પરિણામો) નું યથાર્થ જ્ઞાન ઉપદેશ્યું છે [૪ ૫]

રૂપ, રસ, સ્પર્શ વગેરે ગુણો જેને આશ્રયે રહે છે તે દ્રવ્ય કહેવાય (આધારભૂત) એક દ્રવ્યને આશ્રયીને રહેના તે ગુણો કહેવાય અને પર્યાયોનું લક્ષણ એ છે કે તેઓ દ્રવ્ય તેમજ ગુણ બંનેને આશ્રયેલા હોય છે[2] [૬]

ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્ગલ અને જીવ એ છ દ્રવ્યો છે આ સમગ્ર લોક એ છ દ્રવ્યરૂપ છે એમ જિનોએ કહ્યું છે

ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણ દ્રવ્યો એક[3] છે કાલ પુદ્ગલ અને જીવ એ ત્રણ દ્રવ્યો અનંત છે [૭-૮]

પદાર્થોની ગતિમાં નિમિત્ત — સહાયક — થવું એ ધર્મનું લક્ષણ છે પદાર્થોની સ્થિતિમાં સહાયક થવું એ અધર્મનું લક્ષણ છે[4] સર્વ દ્રવ્યોને પોતામાં અવકાશ — સ્થાન — આપવું એ આકાશનું લક્ષણ છે પોતાની મેળે વર્તતા પદાર્થોને વર્તવામાં અથવા પોતપોતાના પર્યાયો — પરિણામો — ની ઉત્પત્તિમાં પ્રવર્તમાન બધા દ્રવ્યોને નિમિત્ત

---

૧ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં ૧

૨. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં ૨.

૩ 'એક' એટલે કે એ અખંડ દ્રવ્યો છે તેઓ કોઈ બીજાના કારણ નથી, તેમ કોઈ ચીજ એમાંથી બનતી નથી.

૪ આવા લક્ષણવાળા ધર્મ અને અધર્મ દ્રવ્યો જૈન દર્શન સિવાય બીજું કોઈ માનતું નથી. તેમના વિવરણ માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં ૩

રૂપે મદદરૂપ થવું, એ કાળનું લક્ષણ છે.[1] જીવનું લક્ષણ 'ઉપયોગ' એટલે કે બોધરૂપ વ્યાપાર અથવા ચેતના છે જ્ઞાન, દર્શન, સુખ દુઃખ વગેરેથી તે ઓળખાય છે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને 'ઉપયોગ' (બોધવ્યાપાર) એ બધાં જીવનાં લક્ષણ છે શબ્દ (ધ્વનિ), અંધકાર, ઉદ્યોત (રત્ન વગેરેનો પ્રકાશ), પ્રભા (ચન્દ્રાદિનો પ્રકાશ), છાયા, આતપ (તડકો), વર્ણ ગંધ, રસ, સ્પર્શ — એ પુદ્ગલનું[2] લક્ષણ છે [૭૧૨]

એકત્વ, પૃથક્ત્વ, સંખ્યા સંસ્થાન (આકૃતિ) સંયોગ અને વિભાગ એ પર્યાયોનું લક્ષણ છે (એટલે કે પર્યાયો પદાર્થોમાં એકત્વ વગેરે પ્રતીતિના હેતુ છે) [૧૩]

જીવ, અજીવ, બંધ, પુણ્ય, પાપ આસ્રવ સંવર નિર્જરા અને મોક્ષ એ નવ તથ્યો એટલે કે તત્ત્વો[3] છે [૧૪]

---

૧ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં ૪

૨. આ સંજ્ઞા પણ જૈન શાસ્ત્રમાં જ પ્રસિદ્ધ છે બીજાં દર્શનોમાં તેને સ્થાને પ્રકૃતિ, પરમાણુ વગેરે શબ્દ વપરાય છે વિશેષ માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં ૫

૩ અજીવ એટલે જીવ વિનાનાં બાકી દ્રવ્યો બંધ એટલે જીવ અને કર્મનો સંબંધ એ કર્મબંધના હેતુરૂપ હિંસા, અસત્ય, વગેરે પ્રવૃત્તિઓ તે આસ્રવ (પા. ૧૦૭, નો ૪) સંવર એટલે સમિતિ, ગુપ્તિ વગેરે વડે કર્મને આત્મામાં દાખલ થતું રોકવું તે. (જુઓ પા. ૪૬, ટિ૦ ૩) નિર્જરા એટલે બંધાયેલાં કર્મોને તપ વગેરેથી ખંખેરી નાખવાં તે. મોક્ષ એટલે સકલ કર્મના ક્ષયથી સ્વસ્વરૂપે આત્માનું સ્થિત થવું તે અહીં 'તત્ત્વ'નો અર્થ

જે એ નવ તત્ત્વોના અસ્તિત્વમાં ભાવપૂર્વક શ્રદ્ધા અથવા રુચિ તેનું નામ સમ્યક્ત્વ અથવા દર્શન[1] [૧૬]

તે નીચેના કારણોથી ઉત્પન્ન થાય છે :

(૧) નિસર્ગ : પાપરહિત કોઈ પુરુષને બીજાના ઉપદેશ વિના પોતાની નૈસર્ગિક બુદ્ધિથી[2] પાપપુણ્ય વગેરે તત્ત્વોમાં, એ સત્ય છે એ એમ જ છે એવી શ્રદ્ધા અથવા રુચિ ઉત્પન્ન થાય છે.

(૨) ઉપદેશ : કોઈ છદ્મસ્થ[3] કે કેવળજ્ઞાની જિનના ઉપદેશથી કોઈને એ તત્ત્વોમાં શ્રદ્ધા અથવા રુચિ ઉત્પન્ન થાય છે.

(૩) આજ્ઞા : જેના રાગ, દ્વેષ અને અજ્ઞાન નષ્ટ થઈ ગયા છે એવા કોઈ પુરુષની (આચાર્યાદિકની) આજ્ઞાથી શ્રદ્ધા અથવા રુચિ ઉત્પન્ન થાય છે.

(૪) સૂત્ર : અંગ કે અંગબાહ્ય[4] સૂત્રગ્રંથોનું અધ્યયન કરતાં કરતાં કોઈને શ્રદ્ધા અથવા રુચિ ઉત્પન્ન થાય છે.

અનાદિ, અનંત અને સ્વતંત્ર 'ભાવ' નથી. પણ મોક્ષપ્રાપ્તિમાં ઉપયોગી થાય તેવું જ્ઞાન છે. મોક્ષના જિજ્ઞાસુને એ તત્ત્વનું જ્ઞાન અત્યંત આવશ્યક છે, તેને જ અહીં તત્ત્વ તરીકે ગણાવી છે.

૧. જુઓ પા. ૭૯ નો. ૨ તથા પા. ૧૦૮ નો. ૨.

૨. મૂળ : સહસંમતિ.

૩. મૂળ : છદ્મસ્થ. જેને હજુ કેવળજ્ઞાન નથી થયું એવો સાધક અવસ્થાનો પુરુષ. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧.

૪. જૈન આગમોના એ બે વિભાગો માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. [illegible]

(૫) બીજ પાણીમાં તેલનું બિંદુ પ્રસરી જાય તેમ, (અથવા જેમ એક બીજ અનેક બીજોનું જનક થાય છે, તેમ) સિદ્ધાંતના એક ભાગમાં શ્રદ્ધા ઉત્પન્ન થતાં કોઈ અધિકારી પુરુષ સમગ્ર સિદ્ધાંતમાં શ્રદ્ધાવાન થાય છે

(૬) અભિગમ (અર્થસહિત જ્ઞાન) અગિયાર અંગો દૃષ્ટિવાદ,[૧] તથા બીજા પ્રકીર્ણ શાસ્ત્રગ્રંથોનું અર્થસહિત જ્ઞાન થતાં કોઈને શ્રદ્ધા અથવા રુચિ ઉત્પન્ન થાય છે

(૭) વિસ્તાર કોઈ પુરુષને જીવ અજીવ વગેરે દ્રવ્યોના સર્વે ભાવોનું (વિસ્તારપૂર્વક) સર્વ પ્રમાણો તથા નયોથી[૨] જ્ઞાન થતાં શ્રદ્ધા અથવા રુચિ ઉત્પન્ન થાય છે

(૮) ક્રિયા દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ વિનય, સમિતિ અને ગુપ્તિ વિષયક ધર્માનુષ્ઠાનો ભાવપૂર્વક આચરવાથી કોઈમાં શ્રદ્ધા અથવા રુચિ ઉત્પન્ન થાય છે

(૯) સંક્ષેપ શાસ્ત્રગ્રંથોમાં પૂરી નિપુણતા ન હોવા છતાં, અન્ય કુમતો ન સ્વીકારનારા કોઈને શ્રદ્ધા અથવા રુચિ ઉત્પન્ન થાય છે

(૧૦) ધર્મ (સ્વભાવ) જિનોએ કહી બતાવેલા પદાર્થો[૩], શાસ્ત્રો અને ચારિત્રના ધર્મો ઠીક લાગવાથી કોઈને શ્રદ્ધા અથવા રુચિ ઉત્પન્ન થાય છે [૧૬-૨૭]

---

૧ બાર અંગોમાંનું ઘણા કાળ પૂર્વે લુપ્ત થઈ ગયેલું મનાતું ૧૨મું અંગ જુઓ 'સંયમધર્મ' પા ૬૧

૨ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં ૮

૩ મૂળ, 'અસ્તિકાય' જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં ૯

ઇત્યાદિ તત્ત્વોનો અભ્યાસ, તત્ત્વજ્ઞ પુરુષોનું સેવન તથા માર્ગભ્રષ્ટ કે કુમાર્ગીઓનો ત્યાગ — એ સમ્યકત્વ કે સમ્યગ્ દર્શનના લક્ષણ છે [૨૮]

સાચી શ્રદ્ધા વિના ચારિત્ર મળવી શકતું નથી અને શ્રદ્ધા ઉત્પન્ન થઈ એટલે ચારિત્ર આવે જ જ્યાં સમ્યક્ શ્રદ્ધા અને ચારિત્ર એકસાથે ઉત્પન્ન થયેલાં દેખાય છે, ત્યાં પણ પ્રથમ શ્રદ્ધા જ ઉત્પન્ન થઈ હોય છે જેને શ્રદ્ધા નથી, તેને જ્ઞાન નથી અને જ્ઞાન વિના ચારિત્રગુણ ક્યાંથી હોય ? ગુણરહિતને મોક્ષ નથી અને અમુક્તને નિર્વાણ – શાંતિ નથી [૨૯-૩૦]

(પોતાના સિદ્ધાંતોમાં) શંકારહિતપણું (અન્ય સિદ્ધાંતોમાં) કાંક્ષારહિતપણું (પોતાની સાધનાના ફળમાં સંદેહરૂપી) વિચિકિત્સારહિતપણું (બીજા તીર્થિકોની ઋદ્ધિ દેખીને પણ પોતાના મનમાં સ્થિરતારૂપી) અમૂઢદૃષ્ટિપણું ગુણવાનની પ્રશંસા કરવી (શિથિલ થતા સ્વધર્મીઓને) સ્થિર કરવા (સ્વધર્મીઓને અન્નપાનાદિ આપી) વાત્સલ્ય કે ભક્તિ દાખવવી અને સ્વતીર્થની ઉન્નતિ કરવી — આ આઠ સાચી શ્રદ્ધાવાળાના આચાર છે [૩૧]

૩ સર્વ કર્મોનો નાશ કરનારું એવું ચારિત્ર પાંચ પ્રકારનું છે [૧]

---

૧ આત્મિક શુદ્ધ દશામાં સ્થિર થવાનો પ્રયત્ન કરવો તે ચારિત્ર સમભાવમાં રહેવા માટે બધી અશુદ્ધ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો તે સામાયિક ચારિત્ર પછીના ચારે ભેદો પણ સામાયિક રૂપ જ છે પરંતુ કેટલીક આચાર અને શુદ્ધિની વિશેષતાને લીધે તેમને જુદા પાડ્યા છે

(૧) 'ઇત્વરિક એટલે થોડા વખત માટે કે યાવત્કથિક એટલે આખી જિંદગી માટે જે પહેલવહેલી મુનિદીક્ષા લેવામા આવે છે, તે'[१]— સામાયિક

(૨) 'પ્રથમ દીક્ષા લીધા બાદ વિશિષ્ટ શ્રુતનો અભ્યાસ કરી, વિશેષ શુદ્ધિ ખાતર જે જીવનપર્યંતની ફરી દીક્ષા લેવામા આવે છે તે તેમજ પ્રથમ લીધેલ દીક્ષામા દોષાપત્તિ આવવાથી તેનો છેદ કરી, ફરી નવેસર દીક્ષાનુ જે આરોપણ કરવામાં આવે છે, તે'[२]— છેદોપસ્થાપન ચારિત્ર

(૩) 'અમુક ખાસ તપ કરવા માટે ગચ્છનો પરિહાર — ત્યાગ — કરી, વિશુદ્ધિ પ્રાપ્ત કરવા રૂપ'[३]— પરિહાર વિશુદ્ધિ ચારિત્ર

(૪) 'જેમા ક્રોધ આદિ કષાયો તો ઉદયમાન ન હોય ફક્ત લોભનો અંશ અતિ સૂક્ષ્મપણે હોય, તે'— સૂક્ષ્મ-સંપરાય ચારિત્ર

---

૧ આ તથા પછીની ચાર–એમ પાચેય વ્યાખ્યાઓમા અવતરણોમા મૂકેલી વ્યાખ્યા અન્ય ગ્રથમાથી છે

૨ પહેલું નિરતિચાર અને બીજું સાતિચાર છેદોપસ્થાપન કહેવાય છે

૩ ટીકામા જણાવ્યા પ્રમાણે, નવની સખ્યામા મુનિઓ ગચ્છની બહાર નીકળી આ તપ અગીકાર કરે નવમાથી એક ગુરુસ્થાને રહે, ચાર તપ કરે અને બાકીના ચાર સેવાચાકરી કરે છ મહિના બા, સેવાચાકરી કરનારા તપ કરે, તપ કરનારા ચાકરી કરે એ પ્રમાણે પણ છ માસ ગયા બાદ તે આઠમાથી એક ગુરુ થાય અને જે ગુરુ થયો હતા તે તપ કરે, બાકીના સાત ચાકરી કરે. આમ દોઢ વર્ષ પૂરુ કરે

(૫) જેમાં કોઈ પણ કષાય ઉત્પન્ન નથી જ હોતો તે — યથાખ્યાત ચારિત્ર તેનો અધિકારી છદ્મસ્થ[1] પણ હોઈ શકે, તેમ જિન[1] પણ હોઈ શકે [૩૨-૩]

૪ તપના બે પ્રકાર છે બાહ્ય અને આંતર તે બંનેના છ છ ભેદ છે[2] [૩૪]

જ્ઞાનથી મનુષ્યો તત્ત્વોને જાણે છે દર્શનથી તેમાં શ્રદ્ધા કે રુચિ કરે છે, ચારિત્રથી જાતનો નિગ્રહ કરે છે અને તપથી વિશુદ્ધ થાય છે [૩૫]

સર્વ દુઃખોનો નાશ કરવાને ઇચ્છતા મહર્ષિઓ સંયમ અને તપથી પૂર્વકર્મોનો ક્ષય કરી મોક્ષગતિને પામે છે એમ હું કહું છું [૩૬]

ટિપ્પણો

ટિપ્પણ ન ૧ મૂળમાં જ્ઞાનના પાંચ પ્રકાર આ પ્રમાણે આપ્યા છે શ્રુત, આભિનિબોધિક અવધિ, મન પર્યાય અને કેવલ. સામાન્ય રીતે શાસ્ત્રથી થતા શ્રુતજ્ઞાનને ઇંદ્રિયોથી થતા આભિનિબોધિક કે મતિજ્ઞાનની પછી મૂકવામાં આવે છે અવધિજ્ઞાન એટલે મન કે ઇંદ્રિયોની સહાયતા વિના આત્માની યોગ્યતાના બળથી થઈ મૂર્ત દ્રવ્યોનું જ્ઞાન મનપર્યાયજ્ઞાન એટલે બીજાના મનના ચિંતનોનું જ્ઞાન કેવળજ્ઞાન એટલે સર્વ વસ્તુઓ અને ભાવોનુ સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન વધુ વિવરણ માટે જુઓ 'આચારધર્મ' પા ૧૮૪ વ૦

---

[1] જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન ૬

[2] મૂળમાં તે ભેદો વર્ણવ્યા નથી કારણ, ૩૦મા અધ્યયનમાં તેમનું સવિસ્તર વર્ણન છે

ટિપ્પણ નં. ૨ દ્રવ્ય, ગુણ અને પર્યાયની વિશેષ સમજ આ પ્રમાણે છે. દરેક દ્રવ્ય પોતાના પરિણામી સ્વભાવના કારણથી સમયે સમયે નિમિત્ત પ્રમાણે ભિન્ન ભિન્ન રૂપમાં પરિણત રહે છે, અર્થાત્ વિવિધ પરિણામો પ્રાપ્ત કરે છે. દ્રવ્યમાં પરિણામ ઉત્પન્ન કરવાની જે શક્તિ છે, તે જ તેનો ગુણ છે અને ગુણજન્ય જે પરિણામ, તે જ પર્યાય કહેવાય છે. એક દ્રવ્યમાં શક્તિરૂપે અનંત ગુણ છે, તે વસ્તુત: આશ્રયભૂત દ્રવ્યથી અથવા પરસ્પર અવિભાજ્ય છે. જો કે પર્યાય પણ દ્રવ્યને જ આશ્રિત છે છતાં તે ઉત્પત્તિ-વિનાશવાળા હોવાથી દ્રવ્યમાં સદા રહેતા નથી. પરંતુ ગુણ તો નિત્ય હોવાથી સદાય દ્રવ્યનો આશ્રિત છે. કોઈ દ્રવ્ય અથવા કોઈ ગુણ એવા નથી કે, જે સર્વથા અવિકૃત રહી શકે. પરંતુ વિકૃત અથવા અન્ય અવસ્થાઓ પ્રાપ્ત કરતા છતાં, કોઈ દ્રવ્ય અથવા કોઈ ગુણ પોતાની મૂળ જાતિનો—સ્વભાવનો ત્યાગ કરતો નથી. એ જ જૈન માન્યતા પ્રમાણે તેમનું 'પરિણામી નિત્યત્વ' છે. જેમ કે, આત્મા મનુષ્યરૂપે હોય અથવા પશુપક્ષીરૂપે હોય, પરંતુ એ બધી અવસ્થાઓમાં તેનું આત્મત્વ કાયમ રહે છે. તેમજ જ્ઞાન ઘટવિષયક હોય કે પટવિષયક હોય, પણ એ બધા પર્યાયોમાં ચેતનાગુણ કાયમ રહે છે.

ટિપ્પણ નં. ૩ આકાશની પેઠે ધર્મ, અધર્મ મૂર્ત હોવાથી ઇંદ્રિયગમ્ય નથી. આગમપ્રમાણથી તેમનું અસ્તિત્વ મનાય છે. તેને પોષક યુક્તિ પણ આ પ્રમાણે છે. માછલી ગતિ કરે છે, ત્યારે તે ગતિનું મૂળ કારણ તો માછલી પોતે જ છે. પરંતુ જો પાણી ન હોય તો તે ગતિ કરી શકે નહીં. એટલે તે ગતિમાં નિમિત્ત—સહકારી કારણ—પાણી છે. તે પ્રમાણે જીવ-અજીવ દ્રવ્યોની ગતિમાં સહાયક એવું તત્ત્વ સ્વીકારવું જોઈએ. તે તત્ત્વ તે ધર્મ. તે પ્રમાણે સ્થિતિમાં નિમિત્ત થનારું તત્ત્વ તે અધર્મ. આકાશ દ્રવ્યથી એ કામ સિદ્ધ થઈ શકે નહીં. કારણ કે, આકાશ તો અનંત અને અખંડ હોવાથી જડ-ચેતન દ્રવ્યને તે પોતામાં સર્વત્ર ગતિ અને

પુદ્ગલરૂપ છે પત્થર વગેરે મૂર્તિનો પ્રકાશ નહિ હોવો કે નહિ
કરી એવો ।

[ટિપ્પણ નં ૬ : છદ્મસ્થ અને જિન એ બે શબ્દોનો અર્થ
સમજવા માટે આધ્યાત્મિક વિકાસક્રમની જૈન દૃષ્ટિએ (૧૪
શ્રેણિઓ–ગુણસ્થાન–આરોહણ) છે તે સમજવી જોઈએ. દાખલા, તે
ક્રમમાં ૧૧ અને ૧૨ ગુણસ્થાને પહોંચેલાને છદ્મસ્થ કહે છે અને ૧૩
તથા ૧૪ ગુણસ્થાને પહોંચેલાને જિન કહે છે

ગુણ એ કે આત્માની સમ્યક્ત્વ ચારિત્ર, વીર્ય આદિ શક્તિઓ
અને સ્થાન એટલે તે શક્તિઓની શુદ્ધતાની તરતમતાવાળી
અવસ્થાઓ. આત્માના સહજ ગુણો ઉપરથી આવરણો એટલે ઘન
થાય છે કે નાશ પામતા જાય છે તેમ તેમ તે સહજ ગુણો પોતાના
શુદ્ધ સ્વરૂપમાં પ્રગટ થતા જાય છે ગુણસ્થાનની કલ્પના મુખ્યત્વે
મોહનીયરૂપ કર્મની વિરલતા અને સઘનતાને આધારે કરવામાં આવી છે
મોહનીય કર્મની બે શક્તિ છે દર્શનમોહનીય, જેથી આત્મામાં
તાત્ત્વિક-રુચિ કે સત્ય દર્શન થવા પામતું નથી અને ચારિત્ર-
મોહનીય જેથી આત્મા તાત્ત્વિક રુચિ કે સત્ય દર્શન પ્રાપ્ત કર્યા
છતાં તે મુજબ પ્રવૃત્તિ કરી સ્વરૂપલાભ કરી શકતો નથી

૧ જે અવસ્થામાં દર્શનમોહનીયની પ્રબળતાને લીધે
આત્મામાં તત્ત્વરુચિ જ પ્રગટી શકતી નથી, તથા જેથી તેની
મિથ્યા (સત્ય વિરુદ્ધ) હોય છે, તે અવસ્થા તે 'મિથ્યા દૃ

૨ અગિયારમે ગુણસ્થાને પહોંચ્યા છતાં પતિત થઈ પ્રથમ
ગુણસ્થાન ઉપર આવતા વચ્ચે બહુ થોડો વખત જે અવસ્થા પ્રાપ્ત
થાય છે, તે 'સાસ્વાદન. તેમાં પતનોન્મુખ આત્માને તત્ત્વ ચના
સ્વરૂપ પણ આસ્વાદ હોય છે

૩ સત્ય-અસત્ય વચ્ચે દોલાયમાન સ્થિતિ તે 'સમ્યક્મિથ્યા દૃ

૪ જેમાં આત્મા અશુદ્ધિ ઘણી સત્ય દર્શન-તત્ત્વરુચિ કરી
શકે છે તે અવિરતસમ્યગ્દૃષ્ટિ તેને અવિરત કહેવાનું કારણ એ

૧ જુઓ પા ૪૬ ટિ ન ૨.

છે કે, તેમાં દર્શનમોહનીયનું બળ ગયા છતાં, ચારિત્રમોહનીયની સત્તા સવિશેષ હોવાથી વિરતિ (ત્યાગવૃત્તિ) ઉદય નથી પામતી

૫ જે અવસ્થામાં રુચિ ઉપરાંત અલ્પાંશે પણ વિરતિ (ત્યાગવૃત્તિ) ઉત્પન્ન થાય છે, તે 'દેશવિરતિ'

૬ જેમાં ત્યાગવૃત્તિ પૂર્ણ ઉદય પામવા છતાં વચ્ચે વચ્ચે પ્રમાદ-સ્ખલન સંભવે છે, તે 'પ્રમત્તસંયત'

૭ જેમાં પ્રમાદનો સહેજે સંભવ નથી, તે 'અપ્રમત્તસંયત'

૮ જેમાં પૂર્વે કદી નહિ અનુભવેલો આત્મશુદ્ધિનો અનુભવ થાય છે અને અપૂર્વ વીર્યોલ્લાસ – આત્મિક સામર્થ્ય – પ્રગટે છે, તે 'અપૂર્વકરણ'

૯ જેમાં ચારિત્રમોહનીય કર્મના શેષ રહેલા અંશોને શમાવવાનું કે ક્ષીણ કરવાનું કામ ચાલતું હોય છે તે 'અનિવૃત્તિબાદર'

૧૦ જેમાં મોહનીયનો અંશ લોભરૂપે જ ઉદયમાન હોય છે, પણ બહુ સૂક્ષ્મ પ્રમાણમાં, તે 'સૂક્ષ્મસંપરાય'

૧૧ જેમાં સૂક્ષ્મ લોભ સુધ્ધાં શમી જાય છે, તે 'ઉપશાંત-મોહનીય' આ ગુણસ્થાનમાં દર્શનમોહનીયનો સર્વથા ક્ષય સંભવે ખરો, પણ ચારિત્રમોહનીયનો તેવો ક્ષય નથી હોતો, માત્ર તેની સર્વાંશે ઉપશાંતિ હોય છે આને લીધે જ મોહનો ફરી ઉદ્રેક થતાં આ ગુણસ્થાનથી અવશ્ય પતન થાય છે અને પ્રથમ ગુણસ્થાન સુધી પાછા જવું પડે છે

૧૨. જેમાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો સર્વથા ક્ષય થઈ જાય છે, તે 'ક્ષીણમોહનીય' અહીંથી પતન સંભવી શકતું નથી.

૧૩ જેમાં મોહના આત્યંતિક અભાવને લીધે વીતરાગદશા પ્રગટવા સાથે સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે, તે 'સયોગગુણસ્થાન' આ સ્થાનમાં શારીરિક-માનસિક-વાચિક વ્યાપારો હોય છે તેને જીવન્મુક્તિ કહી શકાય

૧૪ જેમાં શારીરિક-માનસિક-વાચિક પ્રવૃત્તિનો પણ અભાવ થઈ જાય છે તે 'અયોગગુણસ્થાન' શરીરપાત થતાં જ તેની સમાપ્તિ થાય છે અને પછી વિદેહમુક્તિ પ્રાપ્ત થાય છે

ટિપ્પણ નં. ૭ તીર્થંકરો દ્વારા પ્રકાશિત જ્ઞાનને તેમના પરમ બુદ્ધિમાન સાક્ષાત્ શિષ્ય ગણધરોએ ગ્રહણ કરી, એ જ્ઞાનને બાર અંગગ્રંથોરૂપે સૂત્રબદ્ધ કર્યું તે અંગપ્રવિષ્ટ કહેવાય છે. અને સમયના દોષથી બુદ્ધિબળ તેમ જ આયુષ ઘટતા જોઈ, સર્વસાધારણના હિતને માટે એ દ્વાદશાંગીમાંથી ભિન્ન ભિન્ન વિષયો ઉપર ગણધરો પછીના શુદ્ધબુદ્ધિ આચાર્યોએ જે શાસ્ત્રો રચ્યાં, તે અંગબાહ્ય. અર્થાત્ ગણધરરચિત ગ્રંથ તે અંગપ્રવિષ્ટ અને અન્ય આચાર્યોએ રચેલા તે અંગબાહ્ય.

ટિપ્પણ નં. ૮ તત્ત્વાર્થસૂત્ર ૧-૬માં જણાવ્યા પ્રમાણે પ્રમાણો અને નયોથી જ્ઞાન થાય છે. એ બેમાં તફાવત એ છે કે, નય વસ્તુના એક અંશનો બોધ કરે છે અને પ્રમાણ અનેક અંશોનો. વસ્તુમાં અનેક ધર્મ હોય છે. એમાંથી કોઈ એક ધર્મ દ્વારા વસ્તુનો નિશ્ચય કરવામાં આવે, ત્યારે તે નય કહેવાય છે અને અનેક ધર્મ દ્વારા વસ્તુનો અનેકરૂપથી નિશ્ચય કરવામાં આવે ત્યારે તે પ્રમાણ કહેવાય. નય વસ્તુને એક દૃષ્ટિએ ગ્રહણ કરે છે અને પ્રમાણ અનેક દૃષ્ટિઓથી ગ્રહણ કરે છે. વધુ માટે જુઓ તત્ત્વાર્થસૂત્ર (વિદ્યાપીઠ) પા. ૨૫ ઇ૦ તથા પા. ૬૮ ઇ૦

ટિપ્પણ નં. ૯ ધર્મ, અધર્મ, આકાશ, જીવ અને પુદ્ગલ એ પાંચ દ્રવ્યો 'અસ્તિકાય' કહેવાય છે. જેનો બીજો ભાગ ન થઈ શકે એવા અંશને — ખંડને અસ્તિ અથવા પ્રદેશ કહે છે. અને એના સમુદાયને કાય કહે છે. અર્થાત્ અસ્તિકાય એટલે પ્રદેશોનો સમૂહ. એ દ્રવ્યો એવા એક અખંડ સ્કંધરૂપ છે, કે જેના અવિભાજ્ય સૂક્ષ્મ અંશ બુદ્ધિથી કલ્પિત કરી શકાય. પુદ્ગલ દ્રવ્યના પ્રદેશ પોતાના સ્કંધથી જુદા થઈ શકે; જ્યારે બીજા ચાર દ્રવ્યોના પ્રદેશ તેમ થઈ શકતા નથી. કારણકે, તે ચારે અમૂર્ત છે. અમૂર્તના ખંડ ન થઈ શકે. કાલદ્રવ્ય પ્રદેશસમૂહરૂપ નથી. તેથી તેને અસ્તિકાય કહેવામાં નથી આવતું.

૨૯

પરાક્રમ

શ્રી સુધર્મસ્વામી કહે છે : હે આયુષ્યમાન જંબુ-સ્વામી ! સમ્યક્ત્વ (સમ્યક્ શ્રદ્ધા — દર્શન —) પ્રાપ્ત થયા પછી, ઉત્તરોત્તર કયા કયા ગુણોને પ્રાપ્ત કરીને જીવે કર્મશત્રુને જીતવામાં પરાક્રમ દાખવવું જોઈએ, તેનું જે વર્ણન ભગવાન મહાવીરે કરેલું છે, તે હું તને કહી સંભળાવું છું. તે વર્ણન સમજીને તથા ગુરુના બતાવ્યા પ્રમાણે શ્રદ્ધાપૂર્વક તેને અનુસરીને કેટલાય જીવો સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ તથા પરિનિર્વાણ પામી, સર્વ દુઃખોનો અંત કરી શક્યા છે.

પ્રથમ ગુણ તે 'સંવેગ' અથવા મોક્ષાભિલાષા. સંવેગથી જીવમાં તીવ્ર ધર્મશ્રદ્ધા જન્મે છે. તીવ્ર ધર્મશ્રદ્ધાથી તેની મોક્ષાભિલાષા વળી વૃદ્ધિગત થાય છે. તેથી તે જીવ અનંત કાળ સંસારમાં રખડાવનાર[1] ક્રોધ, માન, માયા

---

૧ મૂળ 'અનંતાનુબંધી' વિશેષ માટે જુઓ પ્રકરણને અંતે ટિ૰ નં૰ ૧

અને લોભનો નાશ કરે છે તથા નવાં કર્મ બાંધતો નથી ક્રોધાદિના નાશથી તત્ત્વાર્થમાં તેની અશ્રદ્ધા દૂર થાય છે અને વિશુદ્ધ શ્રદ્ધા જન્મે છે વિશુદ્ધ શ્રદ્ધાથી[1] કેટલાક જીવો તે ભવે જ સિદ્ધિ પામે છે અથવા ત્રીજે ભવે તો અવશ્ય પામે છે જ

બીજો ગુણ તે નિર્વેદ અથવા સંસારથી વિરક્તતા તેનાથી જીવ દેવ મનુષ્ય અને પશુપંખી (તિર્યંચ) સંબંધી કામભોગોમાં વિરક્ત થાય છે વિરક્ત થયા બાદ, તે ભોગસાધનોની પ્રાપ્તિ માટે આરંભ તેમજ પરિગ્રહ કરવો તજી દે છે અને એ રીતે સંસારમાર્ગનો[2] વિચ્છેદ કરી સિદ્ધિમાર્ગને[3] પામે છે

કૃષ્ણલેશ્યાનો સ્વાદ કડવા તુંબડા કરતાં, લીમડાના કરતાં અને કડવી રોહિણી કરતાં પણ અનંતગણો વધારે કડવો છે. નીલલેશ્યાનો સ્વાદ સૂંઠ, મરી અને પીપર એ ત્રણના કરતાં તેમજ ગજપીપર કરતાં પણ અનંતગણો તીખો છે. કાપોતલેશ્યાનો સ્વાદ કાચી કેરી તેમજ કાચા કોઠા કરતાં પણ વધારે ખાટો છે. તેજોલેશ્યાનો સ્વાદ પાકી કેરી કે પાકા કોઠા કરતાં અનંતગણો ખટમધુરો છે. પદ્મલેશ્યાનો સ્વાદ ઉત્તમ વારુણી (મદિરા), વિવિધ આસવો (પુષ્પમદ્ય), મધુ (મદ્ય) અને મૈરેય (સરકો) કરતાં અનંતગણો ખાટો-તૂરો-મધુરો છે. શુક્લલેશ્યાનો સ્વાદ ખજૂર, દ્રાક્ષ, ક્ષીર, ખાંડ અને સાકર કરતાં અનંતગણો મધુર છે. [૧૦-૧૫]

---

૧ એનો અર્થ પણ સમજાતો નથી. નીલકંઠ, કોકિલચ્છદ એવા અર્થ સૂચવાય છે.

૨ 'ધાન્યવિશેષ' –ટીકા.

૩ 'બીજક વૃક્ષ.' –ટીકા.

પહેલી ત્રણ લેશ્યાઓનો ગંધ ગાય, કૂતરા, કે સાપના મડદા કરતાં અનંતગણો ખરાબ છે. પછીની ત્રણનો ગંધ સુગંધીદાર પુષ્પો અને સુગંધી દ્રવ્યો કરતાં અનંતગણો ઉત્તમ છે. [૧૬-૭]

પહેલી ત્રણનો સ્પર્શ કરવત, ગાયની જીભ અને સાગના પાન કરતાં પણ અનંતગણો કકરો છે. પછીની ત્રણનો સ્પર્શ રૂ, માખણ અને શિરીષ ફૂલ કરતાં પણ અનંતગણો કોમળ છે. [૧૮-૯]

હવે લેશ્યાના પરિણામ (મુખ્યત્વે) ત્રણ પ્રકારનાં છે: ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. પછી તે દરેકના પાછા ત્રણ ત્રણ પ્રકાર ગણતાં ૯, ૨૭, ૮૧, અને ૨૪૩ પ્રકાર થાય. [૨૦]

હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મચર્ય, પરિગ્રહ — એ પાંચ આસ્રવોયુક્ત, મન, વાણી અને કાયાનું સંગોપન ન કરનારો, પૃથ્વી પાણી વગેરે છ જીવનિકાયોમાં અવિરત,[1] ઉત્કટ દોષપ્રવૃત્તિઓમાં મચ્યો રહેનારો, ક્ષુદ્ર (બધાનું અહિત વાંછનારો), સાહસિક (વિના વિચાર્યે ચોરી વ્યભિચાર વગેરે અપકૃત્યો કરનારો), આ લોક કે પરલોક કશાની પરવા ન કરનારો, નૃશંસ, અજિતેંદ્રિય — માણસ કૃષ્ણ લેશ્યા પામે છે [૨૧-૨]

ઈર્ષ્યા, અમર્ષ, તપનો અભાવ, અવિદ્યા, માયા, નિર્લજ્જતા, વિષયલંપટતા અને પ્રદ્વેષથી યુક્ત શઠ, પ્રમત્ત, રસલોલુપ ઇંદ્રિયસુખાભિલાષી, વિવિધ પાપપ્રવૃત્તિઓમાંથી

---

૧ એટલે કે પોતાના સુખ માટે તેમનો ઉપયોગ કે તેમની હિંસા કરનારો.

નિગ્ધ વૈડૂર્ય મણિ જેવો છે. કાપોત લેશ્યાનો રંગ અળસી (અતસી?)ના ફૂલ જેવો, કોયલના પીંછા[1] જેવો અને કબૂતરની ડોક જેવો છે. તેજોલેશ્યાનો રંગ હિંગળોક જેવો, ઊગતા સૂર્ય જેવો, પોપટની ચાંચ જેવો અને દીવાની જ્યોત જેવો છે. પદ્મલેશ્યાનો રંગ હરિતાલ કે હળદરના ટુકડા જેવો, અને શણ[2] તથા અસનના[3] ફૂલ જેવો છે. શુક્લલેશ્યાનો રંગ શંખ જેવો, અંક નામના મણિ જેવો, મુચકુંદ પુષ્પ જેવો, દૂધની ધારા જેવો, રૂપા જેવો તથા મોતીની માળા જેવો છે [૪-૯]

કૃષ્ણલેશ્યાનો સ્વાદ કડવા તુંબડા કરતાં, લીમડાના કે ના અને કડવી રોહિણી કરતાં પણ અનંતગણો વધારે કડવો છે. નીલલેશ્યાનો સ્વાદ સૂંઠ, મરી અને પીપર એ ત્રણના કરતાં તેમજ ગજપીપર કરતાં પણ અનંતગણો તીખો છે. કાપોતલેશ્યાનો સ્વાદ કાચી કેરી, તેમજ કાચા કોઠા કરતાં પણ વધારે ખાટો છે. તેજોલેશ્યાનો સ્વાદ પાકી કેરી કે પાકા કોઠા કરતાં અનંતગણો ખાટમધુરો છે. પદ્મલેશ્યાનો સ્વાદ ઉત્તમ વારુણી (મદિરા), વિવિધ આસવો (પુષ્પમદ્ય), મધુ (મદ્ય) અને મૈરેય ([illegible]) કરતાં અનંતગણો ખાટો-તુરો-મધુરો છે. શુક્લલેશ્યાનો સ્વાદ ખજૂર, દ્રાક્ષ, ક્ષીર, ખાંડ અને સાકર કરતાં અનંતગણો મધુર છે [૧૦-૧૫]

---

૧ એનો અર્થ પણ સમજાતો નથી. તેલકંટક, કોકિલકંટક એવા અર્થ સૂચવાય છે.

૨ 'ધાન્યવિશેષ' –ટીકા.

૩ 'બીજક વૃક્ષ' –ટીકા.

પહેલી ત્રણ લેશ્યાઓનો ગંધ ગાય, કૂતરાં, કે સાપના મડદા કરતાં અનંતગણો અગમ્ય છે પછીની ત્રણનો ગંધ સુગંધીદાર પુષ્પો અને સુગંધી દ્રવ્યો કરતાં અનંતગણો ઉત્તમ છે [૧૬ ૭]

પહેલી ત્રણનો સ્પર્શ કરવત, ગાયની જીભ અને સાગનાં પાન કરતાં પણ અનંતગણો કર્કશ છે પછીની ત્રણનો સ્પર્શ કે માખણ અને શિરીષ ફૂલ કરતાં પણ અનંતગણો કોમળ છે [૧૮ ૯]

છયે લેશ્યાનાં પરિણામ (મુખ્યત્વે) ત્રણ પ્રકારનાં છે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ પછી તે દરેકના પાછા ત્રણ ત્રણ પ્રકાર ગણતાં ૯, ૨૭, ૮૧, અને ૨૪૩ પ્રકાર થાય. [૦]

હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મચર્ય, પરિગ્રહ — એ પાંચ આસ્રવોયુક્ત, મન, વાણી અને કાયાનું અગોપન ન કરનારો, પૃથ્વી પાણી વગેરે છ જીવવર્ગોમાં અવિરત,[1] ઉત્કટ દોષપ્રવૃત્તિઓમાં મચેલો રહેતો, ક્ષુદ્ર (બધાનું અહિત વાંછનારો), માહસિક (વિના વિચાર્યે ચોરી વ્યભિચાર વગેરે અપકૃત્યો કરનારો), આ લોક કે પરલોક કશાની પરવા ન કરનારો, નૃશંસ, અજિતેન્દ્રિય — માણસ કૃષ્ણ લેશ્યા પામે છે [૨૧ ૨]

ઈર્ષ્યા, અમર્ષ, તપનો અભાવ, અવિદ્યા, માયા, નિર્લજ્જતા, વિષયલંપટતા અને પ્રદ્વેષથી યુક્ત શઠ, પ્રમત્ત, રસલોલુપ ઇંદ્રિયસુખાભિલાષી, વિવિધ પાપપ્રવૃત્તિઓમાંથી

---

૧ એટલે કે પોતાના સુખ માટે તેમનો ઉપયોગ કે તેમની હિંસા કરનારો

કરત ન થયેલો મૃ અને સાહસિક — એવો માણસ નીલ લેશ્યા પામે છે [૨૩ ૪]

વાંકુ માનનારો વાંકુ આચરનારો શઠ[1] અસરલ, પોતાના દોષ ઢાંકનાર, કપટયુક્ત વિપરીત શ્રદ્ધાવાળો અનાર્ય,[2] બીજાનુ મર્મ ચિરાઈ જાય એવુ દુષ્ટ બોલનારો, ચોર અને મત્સર યુક્ત — એવો માણસ કાપોત લેશ્યા પામે [૨૫ ૬]

નમ્ર અચપલ અમાયી અકુતૂહલી, વિનયી ઇંદ્રિય નિગ્રહી, યોગવાન,[3] ઉપધાનવાન (સ્વાધ્યાય માટે વિહિત તપ કરનારો) ધર્મપ્રિય દૃઢધર્મી પાપભીરુ અને સર્વનો હિતૈષી — એવો માણસ તેજોલેશ્યા પામે છે [૨૭ ૮]

જેના ક્રોધ માન માયા અને લોભ બહુ ઓછા થઈ ગયા છે તેવો, પ્રશાન્તચિત્ત, આત્માનુ દમન કરનારો યોગવાન, ઉપધાનવાન, સ્વલ્પભાષી ઉપશાંત તથા જિતેંદ્રિય — એવો માણસ પદ્મ લેશ્યા પામે છે [૨૯-૩૦]

આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ બેને છોડીને ધર્મધ્યાન અને શુક્લધ્યાન[4] ધ્યાનારો પ્રશાન્તચિત્ત, આત્માનુ દમન કરનારો પાંચ સત્પ્રવૃત્તિઓ (સમિતિઓ)[5] વાળો મન વાણી

---

૧ મૂઢ, નિષ્કૃતિમાન.
૨ 'સારા લક્ષણ વિનાનો' —ટીકા
૩ જુઓ પા ૨૧૬, ટિ ૮
૪ જુઓ પા. ૧૬૪ ટિ ન ૨.
૫ જુઓ પા ૧૩૬

અને કાયાનું સંગોપન કરનારો, તથા સરાગી[1] કે વીતરાગી હોવા છતાં જે ઉપશાંત અને જિતેંદ્રિય છે — એવો માણસ શુક્લલેશ્યા પામે છે.[2] [૩૧-૨]

(કાળના મોટા મોટા યુગો જેવી) અસંખ્ય અવસર્પિણીઓ અને ઉત્સર્પિણીઓના[3] (નાનામાં નાના અવિભાજ્ય અંશરૂપ) જેટલા સમયો હોઈ શકે તેમ જ લોકાકાશના[4] (નાનામાં નાના અવિભાજ્ય અંશરૂપ) જેટલા પ્રદેશો હોઈ શકે તેટલાં અશુભ લેશ્યાના સંક્લેશરૂપી અને શુભ લેશ્યાના વિશુદ્ધિરૂપી સ્થાનો છે.[5] [૩૩]

કૃષ્ણ, નીલ, કાપોત એ ત્રણ અધર્મલેશ્યાઓ છે; તે ત્રણથી જીવ દુર્ગતિ પામે છે. તેજ, પદ્મ અને શુક્લ એ ધર્મલેશ્યાઓ છે; તે ત્રણથી જીવ સદ્ગતિ પામે છે. [૫૬-૫૭]

મરણ વખતે અંતર્મુહૂર્ત આયુ બાકી રહે છે, ત્યારે પછીના ભવની લેશ્યા પરિણમવા લાગે છે. તે ક્રિયાના ત્રણ વિભાગ પાડીએ તો પરિણમવાનો પહેલો સમય વીત્યા પછી

---

૧. 'સરાગી' શબ્દનો અર્થ અહીં 'રાગયુક્ત' એમ નથી સમજવાનો. પરંતુ, જેનામાં રાગ દબાયેલો કે શાંત પડેલો હોવા છતાં નિર્મૂળ નથી થયો તેવો.

૨. આ જુદી જુદી લેશ્યાવાળાઓની જુદી જુદી મનોવૃત્તિઓના ટીકામાં આપેલાં ઉદાહરણ માટે જુઓ પ્રકરણને અંતે ટિ૦ નં૦ ૨.

૩. જુઓ પા. ૫૨, ટિ૦ નં૦ ૧.

૪. પા. ૧૬૯, ટિ૦ નં૦ ૩. મૂળમાં 'લોક' શબ્દ જ છે.

૫. એટલે કે લેશ્યાના ચડવાઊતરવા પ્રકારો અસંખ્ય છે.

અને પરિણમવાનો છેલ્લો સમય બાકી હોય ત્યારે જીવ પરભવમાં જાય છે પરિણમવાને પછીને કે છેલ્લે સમયે નહીં[1] [૫૯-૬૦]

લેશ્યાઓનું આ સ્વરૂપ વિચારીને માણસે અધર્મ લેશ્યાઓનો ત્યાગ કરવો અને ધર્મલેશ્યાઓનો સ્વીકાર કરવો એમ હું કહું છું[2] [૬૧]

ટિપ્પણો

ટિપ્પણ નં. ૧ લેશ્યા શબ્દથી બે ભિન્ન બાબતો સમજવામાં આવે છે એક તો કર્મોના સાન્નિધ્યથી આત્મામાં થતો વૃત્તિઓનો ફેરફાર અથવા, વિશિષ્ટ વૃત્તિ. અને બીજું તે પ્રકારની વૃત્તિ ઉત્પન્ન કરનાર દ્રવ્ય-પદાર્થ. પહેલીને ભાવલેશ્યા કહે છે, અને બીજીને દ્રવ્યલેશ્યા. દ્રવ્યલેશ્યાની બાબતમાં ભિન્ન ભિન્ન મત [illegible]

---

૧ આથી કરીને જીવના મરણ સમયે આગામી ભવની લેશ્યા અંતર્મુહૂર્ત જેટલો સમય અવશ્ય હોય છે તથા જીવના ઉત્પત્તિકાળે અતીતભવની લેશ્યા પણ અંતર્મુહૂર્ત અવશ્ય હોય છે નહિ તો મનુષ્ય અને તિર્યંચ દેવ કે નારકી તરીકે ઉત્પન્ન થતી વખતે મૃત્યુકાળે અંતર્મુહૂર્ત પર્યંત ઉત્તરભવની લેશ્યા કેમ કરીને સંભવે? તેમ જ દેવ અને નારકોને ચ્યવન પામ્યા બાદ મનુષ્ય કે તિર્યંચ તરીકે ઉત્પન્ન થાય ત્યારે પ્રાગ્ભવની લેશ્યા અંતર્મુહૂર્ત સુધી કેમ કરીને સંભવે? તેથી આયુષ્ય અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે પરભવની લેશ્યા પરિણમે છે, એમ સમજવું જોઈએ. તેથી જ દેવો અને નારકીઓની લેશ્યાની સ્થિતિ પણ પોતાના આયુષ્યકાળ ઉપરાંત પહેલા અને પછીના જ મળી એમ બે અંતર્મુહૂર્ત ઉમેરીને ગણાય છે —ટીકા.

૨. લેશ્યાઓની સ્થિતિ [illegible] માટે મૂળમાં જે શ્લોકો છે તે માટે જુઓ પ્રકરણને અંતે ટિ. નં. ૩

એમ માને છે કે, લેશ્યાદ્રવ્ય કર્મપરમાણુઓનુ બનેલ હોય છે, જો કે તે આઠ પ્રકારના કર્મઅણુઓથી ભિન્ન હોય છે બીજા એવુ માને છે કે, લેશ્યાદ્રવ્ય બધ્યમાન કર્મપ્રવાહ (નિષ્યદ) રૂપ જ છે ત્રીજા તેને સ્વતત્ર દ્રવ્ય માને છે

ટિપ્પણ ન ૨ જુદી જુદી લેશ્યાવાળાઓની જુદી જુદી વૃત્તિઓનુ ઉદાહરણ ટીકાકાર નીચે પ્રમાણે આપે છે છ પુરુષોએ માર્ગમા એક ફળેલુ જાબુડાનુ ઝાડ જોયુ તે જોઈ કૃષ્ણ લેશ્યાવાળો બોલ્યો, 'ચાલો એને મૂળમાથી કાપી નાખી એના જાબુડા ખાઈએ ત્યારે નીલવાળો બોલ્યો, 'આખુ ઝાડ કાપવાની જરૂર નથી એક ડાળખુ જ બસ છે તેજોલેશ્યાવાળો બોલ્યો, 'ડાળ કાપવાની પણ જરૂર નથી, એક ઝૂમખુ પણ આપણે છએને બસ છે પદ્મવાળો બોલ્યો, 'ઝૂમખુ કાપવા જતા અપરિપક્વ કાચા પણ બહુ આવી જાય માટે પાકા તોડીને જ લઈએ ત્યારે શુક્લવાળો બોલ્યો, ઝાડને હાથ લગાડી તોડવાની શી જરૂર છે? અહીં પાકીને નીચે પડેલા જ પુષ્કળ છે

લેશ્યાઓનુ આધુનિક વિવરણ નીચે પ્રમાણે છે

જે માણસ પોતાના સુખસગવડ માટે હજારો પ્રાણીઓને વિનાશ કરે, અને જે પ્રાણીઓ વડે પોતાને સુખસગવડ મળે છે, તેમના સુખની પરવા પણ ન કરે તેવા માણસની મનોવૃત્તિ કૃષ્ણ લેશ્યા કહી શકાય

જે માણસ પોતાના આરામમા તો જરા પણ કસર ન આવવા દે પરતુ જે પ્રાણીઓ વડે પોતાને સુખસગવડ મળે છે તેમની પણ વખતોવખત સારસભાળ કરતો રહે, તો તેની મનોવૃત્તિ નીલ લેશ્યા કહેવાય

જે માણસ પોતાના સુખસાધક પ્રાણીઓની જરા વધારે સભાળ લે તેવા સુખેશી મનુષ્યની મનોવૃત્તિ કાપોત લેશ્યા કહેવાય

આ ત્રણ વૃત્તિઓમા પ્રાણીઓ પ્રત્યે અકારણ મૈત્રીની કલ્પના સુધ્ધા નથી હોતી, પરતુ કેવળ સ્વાર્થનુ જ સામ્રાજ્ય વ્યાપેલુ હોય

પરઠ, જે માણસ પોતાના આત્માને કમી કરી, તેમાં સહાય કરનારા પ્રાણીઓની પણ ઉચિત રીતે સારસંભાળ રાખે, તેની વૃત્તિ તેજોલેશ્યા કહેવાય.

જે માણસ પોતાની સુખસગવડોને વળી વધુ કમતી કરે અને પોતાના આશ્રિત તથા સંસર્ગમાં આવનારા અન્ય પણ બધા પ્રાણિઓની ખેદ, ખેદ, કે ભય વિના બધી પ્રકારે સારસંભાળ રાખે, તેની વૃત્તિ પદ્મલેશ્યા કહેવાય.

જે શાતાત્મા પુરુષ પોતાના સુખસાધનોને સર્વથા ન્યૂન કરી, પોતાના શરીરનિર્વાહ યોગ્ય સાધારણ સામગ્રી માટે પણ કોઈ પ્રાણીને લેશમાત્ર દુઃખ ન પહોંચાડે, તથા જેને કશી વસ્તુ ઉપર લોલુપતા ન હોય, હૃદયમાં સતત સમભાવની જ સ્થાપના હોય, તથા જે માત્ર આત્મભાનથી જ સંતુષ્ટ રહેતો હોય, તેવા માણસની વિશુદ્ધ વૃત્તિ શુક્લલેશ્યા કહેવાય. (૫ બેચર દાસ, જ્ઞાનાંજલ વ્યાખ્યાસંગ્રહ–ટિપ્પણ)

ટિપ્પણ ન. ૩ કૃષ્ણલેશ્યાની સ્થિતિ, વધારેમાં વધારે ૩૩ સાગર વર્ષો અને ઉપરાંત એક મુહૂર્ત[1] (સાતમા નરકમાં) નીલલેશ્યાની વધારેમાં વધારે દસ સાગર વર્ષો ઉપરાંત પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે (પાંચમા નરકમાં) કાપોત લેશ્યાની ત્રણ સાગર વર્ષો ઉપરાંત પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે (ત્રીજા નરકના ઉપરના પ્રસ્તરમાં) તેજોલેશ્યાની બે સાગર વર્ષો ઉપરાંત પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે (ઈશાન દેવલોકમાં) પદ્મલેશ્યાની

---

1. ટીકાકારનું એમ કહેવું છે કે, સંપ્રદાય અનુસાર મુહૂર્ત એટલે અંતર્મુહૂર્ત જ ગણવું તથા એ વધારાનું મુહૂર્ત ઉમેરવાનું કારણ એ છે કે પરલોકમાં જે લેશ્યા મળવાની હોય, તે મરણ પામતા પહેલા એક અંતર્મુહૂર્ત વહેલી આવે છે એ ન્યાયે જ પછી પણ જાણે સમજી લેવું.

દશ સાગરથી ઉપરાંત એક મુહૂર્ત છે (બ્રહ્મદેવલોકમાં) અને શુક્લ લેશ્યાની તેત્રીસ સાગર વર્ષ ઉપરાંત એક મુહૂર્ત છે (અનુત્તરવિમાનમાં)

તે બધાની ઓછામાં ઓછી સ્થિતિ અંતર્મુહૂર્ત[1] છે [૩૪-૯]

આ તો બધી લેશ્યાઓની સામાન્ય પ્રકારે સ્થિતિ થઈ દેવ, મનુષ્ય, નરક અને તિર્યંચ એ ચાર ગતિઓ અનુસાર જુદી જુદી લેશ્યાઓની સ્થિતિ નીચે પ્રમાણે છે [૪૦]

નરકગતિમાં કાપોત લેશ્યાની ઓછામાં ઓછી સ્થિતિ દશ હજાર વર્ષ છે (પહેલા નરકના ઉપલા થરમાં) અને વધારેમાં વધારે ત્રણ સાગર વર્ષ ઉપરાંત પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે (ત્રીજા નરકના પહેલા થરમાં) તે જ પાછી નીલ લેશ્યાની ઓછામાં ઓછી સ્થિતિ છે (ત્રીજા નરકમાં) અને વધારેમાં વધારે દશ સાગર વર્ષ ઉપરાંત પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ [illegible] (પાંચમા નરકને પહેલે થરે) એ જ પાછી કૃષ્ણ લેશ્યાની ઓછામાં ઓછી સ્થિતિ છે (પાંચમા નરકમાં) અને વધારેમાં વધારે ૩૩ સાગર વર્ષ છે (સાતમા નરકમાં) [૪૧]

તિર્યંચ અને મનુષ્ય ગતિમાં શુક્લ લેશ્યા બાદ કરતાં બાકીની પાંચ લેશ્યાઓની ઓછામાં ઓછી તેમજ વધારેમાં વધારે સ્થિતિ અંતર્મુહૂર્ત [illegible][2] [૪૫]

---

૧ ટીકાકારના કથા પ્રમાણે, આ ઓછામાં ઓછી સ્થિતિ તિર્યંચ અને મનુષ્યગતિમાં જ હોય છે

૨ પૃથ્વી, પાણી અને વનસ્પતિ કાયોને વિષે પહેલી ચાર સંભવે છે તેજ, વાયુ (૨ ૩ ૪ ઇંદ્રિયવાળા) વિકલેંદ્રિય, સંમૂર્છિમ તિર્યંચ, મનુષ્ય અને નારકો વિષે પહેલી ત્રણ સંભવે છે, બાકીના બીજાને વિષે (એટલે કે જરાયુજ, અંડજ, પોતજ – ગર્ભજ – અને દેવ વિષે) છયે સંભવે છે સ્ત્રીપુરુષના સંબંધ વિના ઉત્પત્તિસ્થાનમાં સ્થિત

શુક્લ લેશ્યાની ઓછામાં ઓછી સ્થિતિ અંતર્મુહૂર્ત છે અને વધારેમાં વધારે નવ વર્ષ ઓછાં એવાં એક કરોડ પૂર્વ[1] વર્ષની છે [૪૬]

દેવોમાં કૃષ્ણલેશ્યાની ઓછામાં ઓછી સ્થિતિ દશહજાર વર્ષની તથા વધારેમાં વધારે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી છે (ભવનપતિ-વ્યંતરમાં) [૪૮] કૃષ્ણલેશ્યાની જે વધારેમાં વધારે સ્થિતિ તેમાં એક સમય અધિક ઉમેરતાં નીલલેશ્યાની ઓછામાં ઓછી સ્થિતિ થાય તથા પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ એ વધારેમાં વધારે સ્થિતિ જાણવી (ભવનપતિ, વ્યંતરમાં) [૪૯] નીલની વધારેમાં વધારે સ્થિતિમાં એક સમય ઉમેરતાં કાપોતની ઓછામાં ઓછી થાય અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ એ તેની વધારેમાં વધારે સ્થિતિ જાણવી (ભવનપતિ, વ્યંતરમાં) [૫૦] તેજો લેશ્યાની ઓછામાં ઓછી સ્થિતિ દશહજાર વર્ષની (ભવનપતિ અને વ્યંતરમાં) તેમજ એક પલ્યોપમ વર્ષની (વૈમાનિકોમાં સૌધર્મ કલ્પમાં) છે અને વધારેમાં વધારે બે સાગર વર્ષો ઉપરાંત પલ્યોપમનો અસંખ્યા-

---

ઔદારિક પુદ્ગલોને શરીરરૂપે પરિણત કરનાર એ સમ્મૂર્છિમ જીવ છે પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચ તથા મનુષ્યને સમ્મૂર્છિમ જ હોય છે ગર્ભજ મનુષ્યના મળ મૂત્ર કફ વગેરે બધા અશુદ્ધ પદાર્થોમાં તે ઉત્પન્ન થાય છે તેમના દેહનું પરિમાણ આંગળના અસંખ્યાતમા ભાગ જેટલું હોય છે તેઓ અસંયમી, મિથ્યાત્વી, તથા અજ્ઞાની હોય છે અને અપર્યાપ્ત દશામાં જ, અંતર્મુહૂર્ત માત્રમાં મરી જાય છે

૧ જુઓ પા ૧૨ ટિ ન ૩ નવ વર્ષ બાદ કરવાનું કારણ એ છે કે, એટલા મોટા આયુષ્યવાળો કોઈ મનુષ્ય આઠમે વર્ષે ચારિત્ર ગ્રહણ કરે પછી ઓછામાં ઓછું ૧ વર્ષ વીતે ત્યાર પછી શુક્લલેશ્યા અને કેવલજ્ઞાન થવાનો સંભવ છે પછી જીવન પર્યંત તે રહે

તમો ભાગ (ઈશાન દેવલોકમાં) છે [૫૩] તેજોલેશ્યાની જે વધારેમાં વધારે સ્થિતિ છે તેમાં એક સમય ઉમેરતાં પદ્મલેશ્યાની ઓછામાં ઓછી સ્થિતિ થાય (સાનત્કુમાર દેવલોકમાં) અને વધારેમાં વધારે ૧૦ (સાગર વર્ષ ઉપરાંત એક)[1] અંતર્મુહૂર્ત એટલી જાણવી (પ્રથમ બ્રહ્મલોકમાં) [૫૪] પદ્મલેશ્યાની જે વધારેમાં વધારે સ્થિતિ છે, તેમાં એક સમય ઉમેરતાં શુક્લલેશ્યાની ઓછામાં ઓછી સ્થિતિ થાય (લાંતક દેવલોકમાં) અને તેની વધારેમાં વધારે સ્થિતિ ૩૩ સાગર વર્ષ ઉપરાંત અંતર્મુહૂર્ત એટલી છે (અનુત્તર વિમાનમાં) [૫૫]

---

૧ શ્લોકમાં મુકેલ વધારો એક કારનો છે

સયમી સાધુએ સ્મશાનમા, જિન ઘરમા, ઝાડ નીચે, એકાતમા તથા બીજાએ પોતાને માટે બનાવેલા સ્થાનમા એકલા રહેવાની ઇચ્છા કરવી જ્યા તાકીનો બહુ અવરજવર ન હોય, તથા ખાસ કરીને સ્ત્રીઓ ન હોય, એવા નિર્દોષ સ્થાનમા તેણે રહેવુ તેણે જાતે કદી પોતાને માટે ઘર ન બાધવુ, કે બીજા પાસે ન બધાવવુ કારણ કે, ઘર બધાવવામા સ્થાવર-જગમ, સ્થૂલ-સૂક્ષ્મ એમ અનેક પ્રાણીઓનો દેખીતો નાશ થાય છે [૬-૯]

તે જ પ્રમાણે અન્નપાણી રાધવા-રધાવવામા પણ પાણી, ધાન્ય, જમીન કે લાકડા વગેરેમા રહેલા ઘણા જીવોનો નાશ થાય છે માટે પ્રાણીઓ ઉપર દયા લાવીને તે પ્રવૃત્તિ પણ તેણે ન કરવી-કરાવવી સાધુએ અગ્નિ પણ ન સળગાવવો કારણકે તેના જેવુ ક્રૂર પ્રસરનારુ તથા ચારેબાજુના પ્રાણીઓનો નાશ કરનારુ બીજુ કોઈ નથી [૧૦ ૨]

સાધુએ સોનારૂપાને તો મનથી પણ ન ચિંતવવુ સોનામા અને ઢેફામા સમબુદ્ધિવાળા ભિક્ષુએ વાણિયાની પેઠે કે બજારીની પેઠે વેચવા-ખરીદવાની પ્રવૃત્તિ ન કરવી તે મહા દોષનુ સ્થાન છે તેણે તો ભિક્ષાવૃત્તિથી જ જીવનનિર્વાહ કરવો તે જ સુખકર છે [૧૩ ૫]

મુનિએ શાસ્ત્રોક્તરીતે દોષરહિત વસ્તુઓ થોડી થોડી ઘણી જગાએથી માગીને મેળવવી અને મળે કે ન મળે તેમા સતોષ રાખી ભિક્ષા માટે ફરવુ તે રીતે મેળવેલો આહાર પણ તેણે સયમના નિર્વાહાર્થે ખાવો સ્વને અર્થે

૩૫

ઘર વિનાનો ભિક્ષુ

શ્રીસુધર્મસ્વામી કહે છે, નાથ કરીએ ઉપદેશેલા ગુણવાન સાધુનો માર્ગ મારી પાસેથી તમે એકાગ્ર મન સાંભળો. તે માર્ગને અનુસરીને ભિક્ષુ દુઃખોનો અંત આણી શકે છે [૧]

ગૃહવાસ તજીને પ્રવ્રજ્યા લેનારા મુનિએ હિંસા, ચોરી, અબ્રહ્મચર્ય, ઇચ્છા, કામ તથા લોભથી નિવૃત્ત થવું જોઈએ, તેમજ બીજા જીવોના બંધનનાં સ્થાનો, કે જેમાં સંસારીઓ બંધાય છે તે જાણવાં જોઈએ તથા ત્યાગવાં જોઈએ [૨-૩]

ચિત્રો, માળા અને ગંધથી સુવાસિત [illegible] યુક્ત તથા સફેદ ચંદરવાઓવાળા મનોહર અને સુંદર [illegible] ઘરની મનથી પણ ઇચ્છા નહીં કરવી. કારણ કે, કામરાગની વૃદ્ધિ કરનાર તેવા ઘરમાં ભિક્ષુની ઇંદ્રિયો વિષયોમાંથી પાછી વાળવી દુષ્કર થઈ જાય છે [૪-૫]

સયમી સાધુએ સ્મશાનમા, નિર્જન ઘરમા, ઝાડ નીચે એકાતમા તથા બીજાએ પોતાને માટે બનાવેલા સ્થાનમા એકના રહેવાની ઇચ્છા કરવી જ્યા લાકોનો બહુ અવરજવર ન હોય, તથા ખાસ કરીને સ્ત્રીઓ ન હોય, એવા નિર્દોષ સ્થળમા તેણે રહેવુ તેણે જાતે કદી પોતાને માટે ઘર ન બાધવુ, કે બીજા પાસે ન બધાવવુ કારણ કે, ઘર બધાવવામા સ્થાવર-જગમ, સ્થૂલ-સૂક્ષ્મ એમ અનેક પ્રાણીઓનો દેખીતો નાશ થાય છે [૯-૯]

તે જ પ્રમાણે અન્નપાણી રાધવા-રધાવવામા પણ પાણી, ધાન્ય, જમીન કે લાકડા વગેરેમા રહેલા ઘણા જીવોનો નાશ થાય છે માટે પ્રાણીઓ ઉપર દયા લાવીને તે પ્રવૃત્તિ પણ તેણે ન કરવી-કરાવવી સાધુએ અગ્નિ પણ ન સળગાવવો કારણકે તેના જેવુ દૂર પ્રસરનારુ તથા ચારેબાજુના પ્રાણીઓનો નાશ કરનારુ બીજુ કઈ નથી [૧૦૨]

સાધુએ સોનારૂપાને તો મનથી પણ ન ચિંતવવુ સોનામા અને ઢેફામા સમબુદ્ધિવાળા ભિક્ષુએ વાણિયાની પેઠે કે બજારીની પેઠે વેચવા-ખરીદવાની પ્રવૃત્તિ ન કરવી તે મહા દોષનુ સ્થાન છે તેણે તો ભિક્ષાવૃત્તિથી જ જીવનનિર્વાહ કરવો તે જ સુખકર છે [૧૩ ૫]

મુનિએ શાસ્ત્રોક્તરીતે દોષરહિત વસ્તુઓ થોડી થોડી ઘણી જગાએથી માગીને મેળવવી અને મળે કે ન મળે તેમા સતોષ રાખી, ભિક્ષા માટ ફરવુ તે રીતે મેળવેલો આહાર પણ તેણે સયમના નિર્વાહાર્થે ખાવો, રસને અર્થે

નહિ. તેણે સ્વાદોલુપ કે સ્નેલુપ ન થતાં, જીભને નિગ્રહમાં રાખવી તથા આસક્તિરહિત થવું [૧ ૭]

સાધુએ અર્ચન, સેવા, વંદન, પૂજન આદિ, સત્કાર, અને સન્માનની મનથી પણ ઇચ્છા ન કરવી તેણે શુક્લધ્યાનમાં લીન રહેવું, પાપકર્મરહિત થવું અકિંચન થવું અને શરીરની મમતા છોડી મરણકાળ સુધી વિચરવું [૧૮ ૯]

મરણકાળ નજીક આવ્યે તે મનુષ્ય આહાર છોડી દે એ રીતે મનુષ્યશરીરનો ત્યાગ કરીને દુઃખથી મુક્ત થવાય છે નિર્મમ નિરહંકાર વીતરાગ હિંસાદિ દોષરહિત અને કેવળજ્ઞાન પામેલો તે યતિ અમર બની પરિનિર્વાણ પામે છે, એમ હું કહું છું [૨૦ ૧]

૨૬

જીવ-અજીવ તત્ત્વ

૧

પ્રથમ જ્ઞાન અને પછી સંયમ। જે જીવનું સ્વરૂપ જાણતો નથી, કે અજીવનું સ્વરૂપ જાણતો નથી, તે સંયમની વાત ક્યાંથી જાણે? કે ધર્મમાર્ગમાં પ્રયત્નપૂર્વક પ્રવૃત્તિ પણ શી રીતે કરે? માટે જીવ અને અજીવ એ તત્ત્વોનું સવિસ્તર વર્ણન અત્રે કરવામાં આવે છે [૧]

પ્રથમ જીવ તત્ત્વ વર્ણવવામાં આવે છે જીવના બે વર્ગો છે ૧ સંસારી અને ૨ સિદ્ધ (મુક્ત) [૪ ૮]

૧ સંસારી જીવો

સંસારી જીવોના બે પ્રકાર છે (૧) ત્રસ (જંગમ) અને (૨) સ્થાવર [૧ ૮]

(૧) ત્રસ જીવો ત્રણ પ્રકારના છે અગ્નિકાય,

તિર્યંચ[1]ના બે પ્રકાર છે : ગર્ભજ અને સમૂર્છિમ.[2] તે બંનેના પાછા ત્રણ ત્રણ ભેદ છે : જળચર, સ્થળચર અને ખેચર. તેમાંથી સ્થળચરના બે ભેદ છે : ચોપગાં અને પરિસર્પ. પરિસર્પના પાછા બે વિભાગ છે : હાથ ઉપર ચાલનારા ઘો વગેરે ભુજપરિસર્પ અને પેટ ઉપર ચાલનારા સાપ વગેરે ઉરઃપરિસર્પ. તે દરેકના અનેક પ્રકાર હોય છે. [૧૭૦-૧,૧૭૮-૧૮૦]

મનુષ્યના બે પ્રકાર છે : ગર્ભજ અને સમૂર્છિમ. તેમાંથી ગર્ભજ મનુષ્યો ત્રણ પ્રકારના છે : કર્મભૂમિના, અકર્મભૂમિના અને અંતર્દ્વીપોના.[3] સમૂર્છિમ મનુષ્યોના પણ તે જ ભેદ છે. [૧૯૬-૯]

દેવોના ચાર પ્રકાર છે : ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક. તેમાંથી વૈમાનિકના પાછા બે પ્રકાર છે : કલ્પવાસી અને કલ્પાતીત. કલ્પાતીતના પણ બે પ્રકાર છે : ગ્રૈવેયક અને અનુત્તર.[4] [૨૦૫-૨૧૦,૨૧૩]

(૨) સ્થાવર જીવોના ત્રણ ભેદો છે : પૃથ્વીકાય, જળકાય અને વનસ્પતિકાય.[5] તેમાંથી વનસ્પતિકાયના બે

---

૧ પ્રકરણ અનુસાર પાંચ ઇંદ્રિયોવાળા તિર્યંચ જ સમજવા.

૨ જુઓ પા. ૨૪૨ નોંધ ૨.

૩ તે ત્રણેની માહિતી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૨.

૪ વિગત માટે જુઓ પ્રકરણને અંતે ટિ. નં. ૩.

૫ તે દરેકના સ્થૂલ અને સૂક્ષ્મ એવા બે ભેદો પાડવામાં આવે છે. જુઓ પા. ૨૪૮, નો. ૨. આ ચારના પેટાવિભાગો માટે જુઓ ટિ. નં. ૪.

લોકમાંથી, મનુષ્યલોક વગેરે વાળા નીચ્છા (મધ્યમ) લોકમાંથી કે સમુદ્રમાંથી કે બીજા જળસ્થાનમાંથી સિદ્ધ થાય છે [૫૦]

એક સમયે[1] નપુંસકમાંથી દસ જ જણ સિદ્ધ થઈ શકે સ્ત્રીઓમાંથી ૨૦ અને પુરુષમાંથી ૧૦૮ ગૃહસ્થાશ્રમમાંથી એક સમયે વધારેમા વધારે ચાર સિદ્ધ થાય જૈનેતર સાધુમાંથી ૧૦ થાય અને જૈન સાધુમાંથી ૧૦૮ થાય વધારેમા વધારે ઊંચાઈવાળા શરીરમાંથી એક સાથે બે સિદ્ધ થાય છે ઓછામા ઓછીએ ચાર અને મધ્યમ ઊંચાઈએ ૧૦૮ એક સમયે ઊર્ધ્વ લોકમાંથી ચાર સિદ્ધ થાય છે સમુદ્રમાંથી ૨ બીજા જળસ્થાનમાંથી ૩ અધોલોકમાંથી ૨૦ અને મનુષ્યલોકવાળા તીર્છા લોકમાંથી ૧૦૮ [૫૧ ૪]

સિદ્ધો આ લોકને વિષે શરીર તજી, સ્વાભાવિક ઊર્ધ્વગતિથી લોકના અગ્ર ભાગને વિષે જઈને અટકે છે આગળ અલોકમા (ગતિસહાયક ધર્માદિ તત્ત્વ ન હોવાથી)[2] જઈ શકતા નથી [૫૬]

સર્વાર્થસિદ્ધ નામના છેલા અનુત્તર દેવવિમાનની[3] ઉપર બાર યોજન જઈએ, ત્યારે છત્રાકાર ઈષત્પ્રાગ્ભાર નામની પૃથ્વી આવે છે તે ૪૫ લાખ યોજન લાંબી છે અને તેટલી જ પહોળી છે તેનો પરિઘ તેનાથી ત્રણગણો (થી વધારે એટલે ૧૪૨૩૦૨૪૯ યોજન) જેટલો છે તે પૃથ્વી મધ્યમા આઠ યોજન જાડી છે, અને પછી પાતળી થતી

---

[1] જુઓ પા ૨૩૦ નો ૧

[2] જુઓ પા ૧૬૯ ટિ ન ૩

[3] જુઓ પ્રકરણને અતે ટિ ન ૩

છે સ્કધ (એટલે કે વિભાગ) દેશ (એટલે કે સ્કધમા કલ્પેલો વિભાગ), પ્રદેશ (સ્કધનો કલ્પી શકાય તેવો સૌથી નાનો વિભાગ), અને પરમાણુ (એટલે કે સ્કધથી છૂટો એવો નાનામા નાનો અશ) [૧૦]

પરમાણુ તો લોકના એક જ પ્રદેશમા રહી શકે છે પરતુ સ્કધ તો એક અશમા તેમ જ સમગ્ર લોકમા પણ વ્યાપેલો હોય[1] [૧૧]

પ્રવાહની દૃષ્ટિએ તો તે સ્કધો અને પરમાણુઓ અનાદિ અને અનત છે માત્ર એક સ્થળ સ્થિતિની અપેક્ષાએ તેમને સાદિ કે સાત કહી શકાય તે દૃષ્ટિએ જ તેમની સ્થિતિ પણ ઓછામા ઓછી એક સમયની અને વધારેમા વધારે અસખ્ય કાળ સુધીની કહી શકાય અમુક ક્ષેત્રથી ચ્યુત થઈ ફરી તે ક્ષેત્રે આવવાનુ અતર ઓછામા ઓછુ એક સમય જેટલુ અને વધુમા વધુ અનત કાળ સુધીનુ હોઈ શકે [૧૨ ૪]

વર્ણથી, ગધથી, રસથી, સ્પર્શથી અને સસ્થાન (આકૃતિ)થી એ રીતે એમનો પરિણામ પાચ પ્રકારનો છે વર્ણની બાબતમા તેમનો પરિણામ પાચ પ્રકારનો છે કાળો, નીલો, લાલ પીળો અને સફેદ ગધની બાબતમા તેમનો પરિણામ બે પ્રકારનો છે સુગધી અને દુર્ગંધી રસની

---

૧ એટલે કે એક પરમાણુ તો એક જ પ્રદેશમા રહે, પરતુ સ્કધો ગમે તેટલા પરમાણુના બન્યા હોય તો પણ માત્ર એક પ્રદેશમા પણ સમાઈ શકે, કે બેમા ત્રણમા—એમ પોતાના પરમાણુની સખ્યા બરાબર પ્રદેશોમા પણ રહી શકે

કરે પણ તે આખા વર્ષ દરમ્યાન આયંબિલ પરિમિત[૧] જ કરે (એટલે કે ચાર ટંક, આ ટંક વગેરે છોડયા પછી પારણા વખતે આયંબિલ કરે) ત્યાર બાદ એક વર્ષ માંગી સહિત આયંબિલ કરે એટલે કે પ્રથમ આયંબિલ કરે પછી બીજે દિવસે ચાર ટંક વગેરે છોડવાનું તપ — ઉપવાસ કરી, તેને અંતે ફરી આયંબિલ કરે ઇ૦ છેવટે માસ, અર્ધમાસ એમ સર્વ આહારનો ત્યાગ કરે અને (શરીરનો) અંત લાવે [૭૫૦ ૩]

નીચેની ભાવનાઓ સમ્યક્ દર્શન, ચારિત્ર વગેરેનો ભંગ કરનારી છે, અને મરણ સમયે દુર્ગતિનું કારણ થાય છે માટ (મારણાન્તિક અનશનાદિ કરનારે) તે ન સેવવી તે પાંચ આ પ્રમાણે છે કંદર્પભાવના આભિયોગિક ભાવના કિલ્બિષિક ભાવના, મોહભાવના અને આસુરભાવના

૧ કંદર્પ (અટ્ટહાસ, મોટેથી બોલવું અને કામકથા) કૌકુચ્ય (ભ્રૂકુટિ — નેત્રાદિની ચેષ્ટા વગેરે તથા પત્ની વગેરેની બોલી બોલવા વડે બીજાને હસાવવા તે) તથા તેવા પ્રકારના શીલ, સ્વભાવ, હાસ્ય, અને વિકથા વડે બીજાને વિસ્મય પમાડવા — એમ કરનારો પ્રાણી કંદર્પ ભાવના કરે છે

૨ જે (સાધુ, મરસ આહાર કે વસ્ત્રાદિની પ્રાપ્તિ અર્થે) મંત્રો સાધીને (માણસ, પશુ, કે ઘર વગેરેની રક્ષા નિમિત્તે કૌતુક કર્મ વગેરે) ભૂતિકર્મ કરે છે તે આભિયોગિક ભાવના કરે છે

૧ 'પરિમિત એટલે કે પછી જણાવેલી કોટી સહિત નહિ એવું

જે આચાર્ય, શ્રુતજ્ઞાન, કેવળી, ધર્માચાર્ય, સંઘ અને સાધુની નિંદા કરે છે, તે કિલ્બિષિક ભાવના કરે છે.

જે રોષ ચિરકાળ ધારી રાખે છે તથા જે અમંગળ નિમિત્તો ભાખ્યા કરે છે, તે આસુરી ભાવના ઉત્પન્ન કરે છે.

શસ્ત્રગ્રહણ, વિષભક્ષણ, બળી મરવું, જળમાં પડવું, ઉપરથી પડવું એ રીતે અનાચારરૂપ મરણના ઉપાયોનું સેવન વારંવાર જે કરે તે જન્મમરણનું કારણ થઈ પડે છે (એ આસુરી ભાવનાનું વર્ણન થયું) [૨૫૪-૬૧]

જે જીવ મિથ્યાદર્શનમાં અનુરક્ત, નિયાણ (નિદાન) સહિત તથા કૃષ્ણલેશ્યાવાળા થઈને મરે છે, તેમને બીજા જન્મમાં બોધિજ્ઞાન નામનું દુર્લભ થાય છે; અને જે જીવો સમ્યગ્દર્શનમાં અનુરક્ત, નિયાણ વિનાના તથા શુક્લલેશ્યાવાળા થઈને મરે છે, તેમને આગળ જન્મમાં બોધિજ્ઞાન સુલભ થાય છે [૨૫૮-૯]

જે જીવો જિનવચનમાં અનુરક્ત થઈને તથા મલરહિત અને ક્લેશરહિત થઈને તેને ભાવપૂર્વક આચરે છે, તેઓ સંસારનો અંત કરી શકે છે. પણ જેઓ જિનવચનોને જાણતા નથી તે બિચારા વારંવાર (ફાંસો ખાઈને, ઝેર ખાઈ કમોતે મરવા રૂપ) બાળમરણ પામે છે અને (ઇચ્છા વિના ભૂખ-તરસ આદિને કારણે પરાણે મરવા રૂપ) અકામમરણ પામે છે [૨૫]

૧ કંદર્પ સિવાયની ઉપરની ભાવનાઓના નામને મળતી હલકી દેવયોનિઓ પણ છે. ટીકાકાર એમ જણાવે છે કે તે ભાવનાવાળા તે તે દેવયોનિને પામે છે.

આ આગમોનું રહસ્ય જાણનારા, સમાધિ ઉપન્ન કરનારા,[1] તથા ગુણગ્રાહી લોકો બીજાને મુક્તિ અપાવી શકે છે[2] [૨૬૦]

આ પ્રકારે મુમુક્ષુઓને માન્ય એવા ૩૬ ઉત્તમ (ઉત્તર) અધ્યયનો પ્રગટ કરીને જ્ઞાતપુત્ર શ્રીમહાવીર ભગવાન પરિનિર્વાણ પામ્યા, એમ હું કહું છું [૨૬૧]

ટિપ્પણો

ટિપ્પણ નં ૧ સ્થૂળ અગ્નિજીવોના નીચેના પ્રકાર મૂળમાં આપ્યા છે

બળતા અંગારા, ભસ્મમિશ્રિત અગ્નિકણ (મુર્મુર), અગ્નિ, (દીવા વગેરેની) જ્યોત (વચ્ચેથી થઈ ઊંચી ગયેલી) જ્વાળા, ઉલ્કા, અને વીજળી [૧૦૯-૧૦]

સ્થૂળ વાયુજીવોના પ્રકાર રહી રહીને વાતો વાયુ (ઉત્કાલિક), વંટોળિયો (મંડલિક) ઘનવાયુ (નરકની સાત ભૂમિઓની દરેકની વચ્ચે આવતું વાયુનું પડ), ગુંજારવ કરતો વાયુ, શુદ્ધ વાયુ અને સંવર્તક વાયુ (ઘાસ વગેરે એકસ્થાનેથી બીજે સ્થાને ઉપાડી જાય તે —ટીકા પ્રલયકાળનો વાયુ?) [૧૧૮-૯] એકેન્દ્રિય જીવોની એક ઇન્દ્રિય તે સ્પર્શ સમજવી

---

૧ મૂ૰ વચનોથી બીજાના મનમાં સ્વસ્થતા ઉત્પન્ન કરનારા —ટીકા

૨. ઉત્તરના ભાગના મૂળ પાઠનો અર્થ તો 'બીજાની આલોચના (પાપની કબૂલાત) સાંભળવા યોગ્ય છે,' એવો છે પરંતુ આખા ક્રમમાં તે વાત બંધબેસતી ન હોવાથી, પ્રો જેકોબીએ સૂચવેલો અવચૂરિનો અર્થ અહીં ઉતાર્યો છે ૨૪૭માં શ્લોક પછીનો આખો ભાગ નવો ઉમેરો છે, એમ તરત સમજાય છે

બે ઇંદ્રિય (સ્પર્શ અને રસવાળા) જીવોના પ્રકાર: કૃમિ, સોમંગલ, અળસિયાં, માતૃવાહક (ચૂડેલી ?), વાસીમુખ, છીપ, શંખ, શંખનક, પલ્લુક, અણુપલ્લક, કોડા, જળો (જલુકા), ચંદનક [૧૨૮-૬]

ત્રણ-ઇંદ્રિય (સ્પર્શ, રસ, ઘ્રાણવાળા) જીવોના પ્રકાર: કુંથુ, કીડી, ઉદ્દેહી, ઉત્કલિક, ઉત્તિંગ (ઊધઈ ?), તૃણાહારી, કાષ્ઠાહારી, માલુક, પત્રાહારી, કપાસની મીંજમાં થતા (કપાસાસ્થિમિંજ) (?), તિંદુક, ત્રપુસમિંજક, શતાવરી, કાનખજૂરા (ગુલ્મી), ઇંદ્રકાયિક, ઇંદ્રગોપ (ગોકળગાય) [૧૩૭-૯]

ચાર ઇંદ્રિય (સ્પર્શ, રસ, ઘ્રાણ, આંખ) વાળા જીવો: અંધિકા, પોત્તિયા, માખી, મચ્છર, ભમરા, કીટ, પતંગ, ઢંકુણ, કુંકણ, કુક્કુડ, નંદાવર્ત, વીંછી, ડોલ (ખડમાંકડી), ભૃંગરીટક, વિરલી, અક્ષિવેધક, અક્ષિલ, માગધ, અક્ષિરોડક, વિચિત્રપત્રક, ઉહિંજલિક, જલકારી, નીચક (નીચે ?), તામ્રક [૧૪૬-૯]

જળચર [પંચેન્દ્રિય (સ્પર્શ, રસ, ઘ્રાણ, આંખ, કાનવાળા) તિર્યંચો] ના પ્રકાર: માછલાં, કાચબા, ગ્રાહ, મગર, સુંસુમાર [૧૭૨]

સ્થલચર ચોપગાંના પ્રકાર: એક ખરીવાળા (ઘોડા વગેરે), બે ખરીવાળા (બળદ વગેરે), ગંડીપદ (ગોળ - કમળની કર્ણિકા જેવા પગવાળા - હાથી વગેરે), સનખપદ (સિંહ વગેરે) [૧૮૦]

ખેચરના પ્રકાર: ચર્મપક્ષ (ચામડાની પાંખવાળાં - ચામાચીડિયાં વ૦), સમુદ્ગપક્ષી (ડાબડાના આકાર જેવી પાંખવાળાં), વિતતપક્ષી (સૂપડા જેવી પાંખવાળાં) [૧૮૯] ઉ ના બે માનુષોત્તર પર્વતની પેલી પાર રહેનારાં મનાય છે

ટિપ્પણ નં. ૨ મધ્યલોકમાં જંબુદ્વીપ, તેની આજુબાજુ વીંટાઈને આવેલો લવણસમુદ્ર તથા તેની અંદર આવેલા ૫૬ અંતરદ્વીપો, તે સમુદ્રની આજુબાજુ વીંટાઈને આવેલો ધાતકીખંડ, તેની આજુબાજુ આવેલો કાલોદધિ તથા તેની આજુબાજુ આવેલો પુષ્કરદ્વીપનો માનુષોત્તર પર્વત સુધીનો અર્ધો ભાગ — એટલો ભાગ

મનુષ્યલોક કહેવાય છે તેની બહાર કોઈ પણ માણસ જન્મતો કે મરતો નથી જંબુ વગેરે બધી દ્વીપોના ભરત વગેરે (સરખા નામના સાત સાત) ક્ષેત્રોમાં વહેંચી નાખવામાં આવ્યા છે જંબુ કરતા ધાતકી-ખંડમાં તે નામના જ બમણા ક્ષેત્રો છે અને અર્ધા પુષ્કર દ્વીપમાં પણ તેટલા. એટલે દરેક નામના પાંચ પાંચ થયા તેમાંથી જેમાં મોક્ષમાર્ગને જાણનાર અને તેનો ઉપદેશ કરનાર તીર્થંકરો પેદા થઈ શકે છે તે ભાગોને કર્મભૂમિ કહે છે, અને બાકીની અકર્મભૂમિ કહેવાય છે પાંચ ભરત, પાંચ ઐરવત, અને પાંચ વિદેહ એ કર્મભૂમિઓ છે, પાંચ હૈમવત, પાંચ હૈરણ્યવત, પાંચ રમ્યક, પાંચ હરિવર્ષ, પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુ એ ત્રીસ અકર્મભૂમિઓ છે દેવકુરુ અને ઉત્તરકુરુ એ વિદેહના જ ભાગો છે પણ તે અકર્મભૂમિઓ છે [૧૯૪ ૫]

દેવ ગુણ ન ૩ ભવનવાસી દેવોના દશ ભેદો છે અસુરકુમાર, નાગકુમાર વિદ્યુત્કુમાર સુપર્ણકુમાર, અગ્નિકુમાર વાયુકુમાર સ્તનિત કુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર અને દિક્કુમાર [૨૦૪] તેઓ કુમાર એટલા માટે કહેવાય છે કે, તેઓ કુમારની માફક દેખાવમાં મનોહર, સુકુમાર તથા મૃદુ-મધુર ગતિવાળા અને ક્રીડાશીલ હોય છે તેઓ મોટે ભાગે આવાસોમાં અને ક્યારેક ભવનોમાં રહે છે આવાસ મંડપ જેવા હોય છે અને ભવન નગર જેવા હોય છે

વ્યંતરના આઠ ભેદ છે કિંનર કિંપુરુષ, મહોરગ, ગાંધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ [૨૦૫] તેઓ પણ ભવનો અને આવાસોમાં રહે છે તેઓ પોતાની ઇચ્છાથી તથા બીજાની પ્રેરણાથી ભિન્ન ભિન્ન જગાએ જાય છે એમાંથી કેટલાક મનુષ્યની સેવા પણ કરે છે

જ્યોતિષ્કના પાંચ પ્રકાર છે ચંદ્ર સૂર્ય નક્ષત્ર, ગ્રહ અને તારાઓ. તેમાંથી મનુષ્યલોકમાં આવેલા જ્યોતિષ્કો મેરુ પર્વતની આસપાસ સદા ભ્રમણ કરે છે પણ તેની બહારના સૂર્યાદિ સ્થિર છે [૨૦૬]

છે અને તેમનો પુનરાગમનકાળ ઓછામાં ઓછો એક અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે અનંતકાળ છે [૧૧૦-૬]

વાયુજીવોની આયુષ્યસ્થિતિ વધારેમાં વધારે ૩ હજાર વર્ષની છે બાકીનું બધું અગ્નિ પ્રમાણે. [૧૨૩-૪]

બે ઇંદ્રિયજીવોની આયુઃસ્થિતિ વધારેમાં વધારે ૧૨ વર્ષની છે અને કાયસ્થિતિ વધારેમાં વધારે સંખ્યેય કાળની છે બાકીનું બધું અગ્નિ પ્રમાણે.

ત્રણ ઇંદ્રિયવાળાની આયુષ્યસ્થિતિ વધારેમાં વધારે ૪૯ દિવસની છે બાકીનું બધું બેઇંદ્રિય પ્રમાણે [૧૪૧-૩]

ચાર ઇંદ્રિયવાળાની આયુષ્યસ્થિતિ વધારેમાં વધારે ૬ માસની છે બાકીનું બધું બેઇંદ્રિય પ્રમાણે [૧૫૧-૩]

નરકમાં	આયુષ્યસ્થિતિ ઓછામાં ઓછી	વધારેમાં વધારે
પહેલા ,,	૧૦ હજાર વર્ષ	૧ સાગર વર્ષ
બીજા ,	૧ સાગર વર્ષ	૩
ત્રીજા ,	૩ ,	૭
ચોથા	૭	૧૦
પાંચમા,	૧૦ ,	૧૭
છઠ્ઠા ,	૧૭ ,	૨૨ ,
સાતમા	૨૨ ,,	૩૩ ,

નારકી મરીને તરત પાછો નારકી થઈ શકતો નથી. [૧] તેની કાયસ્થિતિ જુદી નથી. તેનો પુનરાગમનકાળ ઓછામાં ઓછો એક અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે અનંતકાળ છે [૧૬૦-૮]

---

૧ જુઓ પા ૫૨ ટિપ્પણ.

આયુષ્યસ્થિતિ	જલચર	સ્થલચર	ખેચર
ઓછામા ઓછી	અન્તર્મુહૂર્ત	અન્તર્મુહૂર્ત	અન્તર્મુહૂર્ત
વધારેમા વધારે	પૂર્વકોટી[1]	ત્રણ પલ્યોપમ[2]	પલ્યોપમનો અસખ્યાતમો ભાગ[3]

કાયસ્થિતિ			
ઓછામા ઓછી	અન્તર્મુહૂર્ત	અન્તર્મુહૂર્ત	અન્તર્મુહૂર્ત
વધારેમા વધારે	૨ થી ૯ પૂર્વકોટી	૩ પલ્યોપમ વત્તા ૨ થી ૯ પૂર્વ કોટી	પલ્યોપમનો અસખ્યાતમો ભાગ અને ૨ થી ૯ પૂર્વકોટી

પુનરાગમનકાળ			
ઓછામા ઓછો	અન્તર્મુહૂર્ત	અન્તર્મુહૂર્ત	અન્તર્મુહૂર્ત
વધારેમા વધારે	અનન્તકાળ	અનન્તકાળ	અનન્તકાળ

[૧૯૮-૯૧]

મનુષ્યની ઓછામા ઓછી આયુષ્યસ્થિતિ અન્તર્મુહૂર્ત છે, અને વધારેમા વધારે ત્રણ પલ્યોપમ છે[4] કાયસ્થિતિ ઓછામા ઓછી અન્તર્મુહૂર્ત [illegible] અને વધારેમા વધારે ત્રણ પલ્યોપમ વત્તા ૨ થી ૯ (એટલે કે ૭) પૂર્વકોટી છે પુનરાગમનકાળ ઓછામા ઓછો અન્તર્મુહૂર્ત અને વધારેમા વધારે અનન્તકાળ

---

૧ નનુઓ પા ૫૨ ટિ ન ૩

૨ ગર્ભજ ભુજપરિસર્પ અને ઉરપરિસર્પનું પૂર્વકોટી અને સમૂર્છિમનું ૩૨ અને ૫૩ હજાર વર્ષનું સમૂર્છિમ સ્થલચરનું ૮૪૦૦૦ વર્ષ

૩ એ યુગલિકનુ છે બીજા ગર્ભજનુ પૂર્વકોટી અને [illegible]મૂર્છિમનુ ૭૨૦૦૦ વર્ષ

૪ એ યુગલિકનુ છે સમૂર્છિમનુ તો અન્તર્મુહૂર્ત જ ગણવુ

૨૫ આયુષ્યસ્થિતિ

	ઓછામાં ઓછી	વધારેમાં વધારે *
ભવનપતિ	૧૦ હજાર વર્ષ	એક સાગર વર્ષ થી કંઈક વધારે
વ્યંતર		એક પલ્ય વર્ષ
જ્યોતિષ્ક	પલ્યોપમનો આઠમો ભાગ	„ ને એક લાખ વર્ષ
સૌધર્મ	૧ પલ્યોપમ	બે સાગર વર્ષ
ઈશાન	„ થી કંઈક વધારે	„ થી વધારે
સનત્કુમાર	બે સાગર વર્ષ	સાત સાગર વર્ષ
માહેન્દ્ર	„ થી વધારે	„ થી વધારે
બ્રહ્મલોક	૭ સાગર વર્ષ	૧૦ સાગર વર્ષ
લાંતક	૧૦ „	૧૪ „
મહાશુક્ર	૧૪	૧૭ „
સહસ્રાર	૧૭ „	૧૮
આનત	૧૮ „	૧૯ „
પ્રાણત	૧૯ „	૨૦ „
આરણ	૨૦ „	૨૧ „
અચ્યુત	૨૧	૨૨ „
ગ્રૈવેયક-૧	૨૨ „	૨૩ „
-૨	૨૩ „	૨૪
„ -૩	૨૪ „	૨૫
„ -૪	૨૫ „	૨૬ „
„ -૫	૨૬ „	૨૭
-૬	૨૭ „	૨૮
-૭	૨૮ „	૨૯ „
„ -૮	૨૯ „	૩૦ „
„ -૯	૩૦ „	૩૧

અનુત્તરના પહેલા ચારમાં ઓછામાં ઓછી ૩૧ સાગર અને વધારેમાં વધારે ૩૩ સાગર અને પાંચમામાં ઓછામાં ઓછી તેમજ વધારેમાં વધારે ૩૩ સાગરોપમ

દેવ પણ મરીને તરત દેવ નથી થઈ શકતો એટલે તેમની કાયસ્થિતિ જુદી નથી તેઓ ચ્યુત થઈને પૃથ્વી, જળ, વનસ્પતિ અને સંખ્યાત વર્ષ આયુષ્ય વાળા ગર્ભજ-પર્યાપ્ત એ સ્થાનોમાં જ પેદા થાય છે, અન્ય સ્થાનોમાં નહીં તેમનો પુનરાગમનકાળ મનુષ્ય જેવો સમજવો [૧૧૭-૪૪]

		પૃથ્વીજીવ	પાણીજીવ	વનસ્પતિજીવ
આયુ૦	ઓછું૦	અંતર્મુહૂર્ત	અંતર્મુહૂર્ત	અંતર્મુહૂર્ત
	વધારે૦	૨૨૦૦૦ વર્ષ	૭૦૦૦ વર્ષ	૧૦૦૦૦ વર્ષ
કાય૦	ઓછું૦	અંતર્મુહૂર્ત	પૃથ્વી પ્રમાણે	અંતર્મુહૂર્ત
	વધારે૦	અસંખ્યકાળ	,,	અનંતકાળ
પુનરાગમન૦	ઓછું૦	અંતર્મુહૂર્ત	,,	અંતર્મુહૂર્ત
	વધારે૦	અનંતકાળ	,,	અસંખ્યકાળ

[૯૦-૨,૧૦૨]

ટિપ્પણ નં ૧ જૈનોની કાળદ્રવ્યની માન્યતા સમજવી મુશ્કેલ છે નીચેનું વર્ણન પં બેચરદાસકૃત 'જૈનદર્શન'માંથી ઉતાર્યું છે

'કાળ એ અઢી દ્વીપમાં (મનુષ્યલોકમાં) વર્તતો ભાવ છે, પરમ સૂક્ષ્મ છે એના ભાગ થઈ શકતા નથી અને એ એક સમયરૂપ છે એ એક સમયરૂપ હોવાથી જ તેની સાથે અસ્તિકાય શબ્દનો સંબંધ લાગી શકતો નથી કારણકે પ્રદેશોના સમુદાયનું નામ અસ્તિકાય છે

'એ એક સમયરૂપ માત્ર દ્રવ્યરૂપ છે અને પર્યાયરૂપ પણ છે દ્રવ્યરૂપે એ નિત્ય છે અને પર્યાયરૂપે અનિત્ય છે અત્યાર સુધીનો બધો કાળ અને હવે પછીનો બધો કાળ કાળરૂપે એકસરખો હોવાથી

એને નિત્ય કહેવામાં આવે છે અને એમાં પ્રતિસમયે ઉત્પત્તિ અને વિનાશ થતો હોવાથી એને અનિત્ય પણ કહેવામાં આવે છે

"આ કાળ નામનો ભાવ કોઈ પદાર્થનું નિયામક કારણ નથી, તેમ પરિણામી કારણ પણ નથી કિંતુ પોતાની મેળે જ પરિણમતા પદાર્થનું અપેક્ષા કારણ છે કારણ કે, જો પદાર્થો અમુક કાળે જ થતા જોઈએ એ બતના નિયમનું કારણ કાળ છે તો ફૂલી ગયા 'પૂરીને જેઉ છું' અને વરસાદ થશે — ઇત્યાદિ પરસ્પર સંગત વિના પ્રયોગમાં વ્યવહારો એની અપેક્ષાએ પ્રવર્તી રહ્યા છે તેનું નામ કાળ છે તથા 'આ મોટું છે અને, આ નાનું છે' એ બન્ને વ્યવહારનું નિમિત્ત પણ કાળ જ છે એ રીતે વર્તના પરિણામ અને ક્રિયા વગેરેના વ્યવહારોથી મનુષ્યલોકમાં કાળની હયાતી જણાય છે

"મનુષ્યલોકથી બહારના ભાગમાં કાળ દ્રવ્યની હયાતી જ માની નથી ત્યાં તો સઘળા પદાર્થો માત્ર પોતાની જ મેળે ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, અને સ્થિતિ કરે છે ત્યાંના પદાર્થોની હયાતી સહજ જ છે તેમાં કાળની અપેક્ષા નથી. ત્યાં આપણી પેઠે સરખે સરખા પદાર્થોની કોઈ પણ ક્રિયા એકસાથે ન થતી હોવાથી, તેઓની કોઈ પણ ક્રિયામાં કાળની જરૂર નથી પડતી. સરખે સરખા પદાર્થોમાં જે ફેરફાર એકસાથે થાય છે તેનું જ કારણ કાળ છે પરંતુ જુદા જુદા પદાર્થોમાં એક સાથે જ થતા ફેરફારોનું કારણ કાળ હોઈ શકતો નથી. કારણ કે એ જુદા જુદા ભાવોની ક્રિયાઓ એક કાળે જ થતી નથી તેમ નાશ પણ પામતી નથી માટે મનુષ્યલોકની બહારના ભાગમાં થતા કોઈ પણ ફેરફારનું કારણ કાળ હોઈ શકે નહીં તેમજ, ત્યાં જે નાનામોટાના વ્યવહાર ચાલે છે તે સ્થિતિની અપેક્ષાએ છે અને સ્થિતિ હયાતીની અપેક્ષાએ છે અને હયાતી તો સહજ છે માટે તે વ્યવહાર માટે પણ ત્યાં કાળની આવશ્યકતા જણાતી નથી

"કેટલાક આચાર્યો કાળને જુદા દ્રવ્યરૂપે માનતા નથી તેઓની માન્યતા પ્રમાણે વર્તના અને પરિણામ વગેરે પદાર્થમાત્રમા થતા ફેરફારો છે." તે ફેરફારોમાથી જે પહેલો થયો હોય તે પુરાણો કહેવાય અને પછી થયો હોય, તે નવીન કહેવાય આ બધા ફેરફારો પદાર્થોમા કોઈ બીજાની પ્રેરણા વિના થયા કરે છે તેને માટે કાળ નામનુ જુદુ દ્રવ્ય માનવાની જરૂર નથી પરતુ કાળને જુદુ દ્રવ્ય માનનારા તેમને એવો જવાબ આપી શકે કે, તેમ તો ગતિ વગેરે માટે ધર્માસ્તિકાય વગેરે માનવાની પણ જરૂર ન રહે! પરતુ કાળને જુદુ દ્રવ્ય માનનારાઓમા પણ મતભેદ છે કેટલાક તેને મનુષ્યક્ષેત્ર માત્રમા રહેલુ ગણે છે અને તેવુ હોવા છતા સપૂર્ણ લોકના પરિવર્તનોનુ નિમિત્ત થતુ માને છે તેમની દલીલ એ છે કે, કાળ પોતાનુ કાર્ય જ્યોતિશ્ચક્રની ગતિની મદદથી કરે છે માટે જ્યોતિશ્ચક્રની ગતિના ક્ષેત્રની બહાર તેને માનવો ઠીક નથી જ્યારે બીજા તેને લોકવ્યાપી કહે છે એ લોકવ્યાપી હોવા છતા ધર્માસ્તિકાયની પેઠે સ્કધરૂપ નથી, પરતુ અણુરૂપ છે એ અણુ ગતિહીન હોવાથી લોકાકાશના પ્રત્યેક પ્રદેશ ઉપર જ્યાના ત્યા સ્થિત રહે છે તેમનો સ્કધ નથી બનતો તેમનામા તિર્યક્પ્રચય (સ્કધ) થવાની શક્તિ નથી તેથી કાળ દ્રવ્યને અસ્તિકાય નથી ગણવામા આવ્યુ આમ કાળદ્રવ્યમા જોકે તિર્યક્પ્રચય નથી, તોપણ ઊર્ધ્વપ્રચય તો છે તેથી દરેક કાળઅણુમા સતત પરિણામો થયા કરે છે તે પરિણામને સમય કહે છે એ જ અન્ય દ્રવ્યોના પરિણામમા નિમિત્તકારણ થાય છે નવીનતા પુરાણતા વગેરે અવસ્થાઓ કાલઅણુના સમયપ્રવાહની અપેક્ષાએ જ સમજવી જોઈએ પરમાણુને લોકાકાશના એક પ્રદેશમાથી બીજા પ્રદેશ સુધી જતા જેટલી વાર લાગે, તેટલી વારમા કાળઅણુનો એક સમય-પર્યાય વ્યક્ત થાય

'વાસ્તવિક રીતે કાળને અલગ દ્રવ્ય માનવાની જરૂર જ નથી અને માનીએ તો પણ તેને મનુષ્યક્ષેત્રપ્રમાણ માનવાનો

પણ તે નિરર્થક છે તેને દૃષ્ટાંતથી [illegible] [illegible] [illegible]
વાળી મતિની [illegible] [illegible] કરેલી [illegible] [illegible] [illegible] [illegible]
મ[illegible]ની [illegible] [illegible] છે [illegible], [illegible] [illegible] [illegible] [illegible]
નિ[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] ([illegible] ૪ પૃ. ૧૫૭)
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
"[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] સર્વવ્યાપી [illegible] [illegible] [illegible] છે [illegible]
[illegible] તથા [illegible] આદિ [illegible] [illegible] [illegible] [illegible]
તેને પ્રકૃતિ પુરુષ ([illegible]) [illegible] [illegible] [illegible] છે [illegible]
[illegible] નિશ્ચય [illegible] છે અને [illegible] [illegible]"

સુભાષિતો

अप्पा चेव दमेयव्वो अप्पा हु खलु दुद्दमो।

अप्पा दन्तो सुही होइ अस्सिं लोए परत्थ य॥

પોતાની જાતને જીતવી જોઈએ. પોતાની જાત જીતવી જ મુશ્કેલ છે, જેણે પોતાની જાત જીતી છે, તે આ લોક અને પરલોકમાં સુખી થાય છે, [૧ ૧૫]

वरं मे अप्पा दन्तो संजमेण तवेण य।

माहं परेहि दम्मंतो बंधणेहि वहेहि य॥

બીજાઓ મને વધ–બંધનાદિથી દમે, તેના કરતાં હું પોતે જ મારી જાતને સંયમ અને તપ દ્વારા નિગ્રહમાં રાખું, એ વધારે સારું છે [૧ ૧૬]

चत्तारि परमंगाणि दुल्लहाणीह जंतुणो।

माणुसत्तं सुई सद्धा संजमम्मि य वीरियं॥

સંસારમાં જીવને બોધિના આ ચાર પરમ અંગો દુર્લભ છે : મનુષ્યપણું, સદ્ધર્મનું શ્રવણ, તેમાં શ્રદ્ધા અને તેનું આચરણ [૩ ૧]

माणुसत्तमि आयाउ जो धम्म सोच्च सद्दहे।
तवस्सी वीरियं लद्धुं संवुडे निद्धुणे रयं॥

મનુષ્યપણું પામીને જે પ્રાણી ધર્મ સાંભળી તેમાં શ્રદ્ધા કરે, અને તેમાં પુરુષાર્થ કરી, તપથી પાપકર્મને પોતામાં આવતું રોકે તે પોતાની મલિનતા દૂર કરી શકે છે [૩ ૧૧]

असंखयं जीविय मा पमायए जरोवणीयस्स हु नत्थि ताणं।
एवं वियाणाहि जणे पमत्ते किण्णु विहिंसा अजया गहिंति॥

તૂટ્યા પછી ઉચિત કરી સાંધી શકાતું નથી, માટે પ્રમાદ ન કરતા; ઘડપણ આવ્યા પછી બીજો રસ્તો નહિ. હે ત્યારે નમન હિંસક અને અયત્નશીલ મનુષ્યની શી દશા થશે તેનો વિચાર કર [૪ ૧]

सुत्तेसु यावी पडिबुद्धजीवी न वीससे पण्डिए आसुपन्ने।
घोरा मुहुत्ता अबलं सरीरं भारुण्डपक्खी व चरप्पमत्ते॥

જ્ઞાનીઓ! સૂતેલા વચ્ચે જાગતા રહેવું તીવ્ર બુદ્ધિવાળા પંડિતે આયુષ્યનો વિશ્વાસ ન કરવો. સમય નિર્દય છે અને શરીર અબળ છે માટે ભારંડ પક્ષીની પેઠે અપ્રમત્ત રહેવું [૪ ૬]

न चित्ता तायए भासा कुओ विज्जाणुसासणं।
विसन्ना पावकम्मेहिं बाला पंडियमाणिणो॥

વાણીની ચતુરાઈ બચાવી શકતી નથી, વિદ્યાનું શિક્ષણ પણ શી રીતે બચાવે? પોતાને પંડિત માનનારા મૂર્ખ લોકો પાપકર્મોમાં ખૂંચતા રહે છે [૧૦]

जो सहस्सं सहस्साणं संगामे दुज्जए जिणे।
एगं जिणेज्ज अप्पाणं एस से परमो जओ ॥ ૫૮ ૧

अप्पाणमेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ।
अप्पणामेवमप्पाणं जइत्ता सुहमेहए ॥

દુર્જય સંગ્રામમાં લાખો યોદ્ધાઓને જીતે, તેના કરતાં એક્રો પોતાને જીતે તો તે જય ઉત્તમ છે

પોતાની જાત સાથે જ લડવું જોઈએ. બહારનાઓ સાથે લડીને શું? પોતાના બળથી પોતાની જાતને જીતનારો સુખી થાય છે [૯ ૩૪ ૩૫]

पंचिन्दियाणि कोहं माणं मायं तहेव लोहं च।
दुज्जयं चेव अप्पाणं सव्वं अप्पे जिए जियं ॥

પાંચ ઇંદ્રિયો, ક્રોધ, માન, માયા અને લોભ તથા સૌથી વિશેષ દુર્જય એવું પોતાનું મન એ જિતાયાં એટલે બધું જિતાયું [૯ ૩૬]

जो सहस्सं सहस्साणं मासे मासे गवं दए।
तस्स वि संजमो सेउ अदितस्स वि किंचण ॥

મહિને મહિને લાખો ગાયો દેનારાના દાન કરતાં, કાંઈ ન આપનારાનુંય સંયમાચરણ શ્રેષ્ઠ છે [૯ ૪૦]

मासे मासे तु जो बालो कुसग्गेण तु भुंजए।
न सो सक्खायधम्मस्स कलं अग्घइ सोलसिं ॥

કોઈ અજ્ઞાની મનુષ્ય મહિને મહિને દાભની અણી ઉપર રહે તેટલું અન્ન ખાઈને ઉગ્ર તપ કરે, તો પણ તે માણસ,

સત્પુરુષોએ બતાવેલા ધર્મને અનુસરનારા મનુષ્યના સોળમા હિસ્સાનેય ન પહોંચે [૯-૪૪]

कसिणं पि जो इमं लोयं पडिपुण्णं दलेज्ज इक्कस्स ।
तेणावि से न संतुस्से इइ दुप्पूरए इमे आया ॥

વિવિધ પદાર્થોથી ભરેલું આખું વિશ્વ કોઈ એક મનુષ્યને જ આપી દેવામાં આવે, તો પણ તેનાથી તેને તૃપ્તિ થાય નહિ. મનુષ્યની તૃષ્ણાઓ એવી દુષ્પૂર છે. [૮-૧૬]

सुवण्णरुप्पस्स उ पव्वया भवे
सिया हु केलाससमा असंखया ।
नरस्स लुद्धस्स न तेहिं किंचि
इच्छा उ आगाससमा अणंतिया ॥

સોનારૂપાના કૈલાસ જેવા અસંખ્ય પર્વતો પણ લોભી મનુષ્યને પૂરતા નથી. કારણ કે ઇચ્છા આકાશ જેવી અનંત છે. [૯-૪૮]

पुढवी साली जवा चेव हिरण्णं पसुभिस्सह ।
पडिपुण्णं नालमेगस्स इइ विज्जा तवं चरे ॥

ધનધાન્ય સમેત આખી પૃથ્વી કોઈ એક મનુષ્યને જ આપી દે, તો પણ તે તેને પૂરતી થાય નહિ. આમ જાણી નિગ્રહનો આશરો લેવો એ જ ઠીક છે. [૯-૪૯]

सल्लं कामा विसं कामा कामा आसीविसोवमा ।
कामे पत्थेमाणा अकामा जन्ति दोग्गइं ॥

કામો શલ્યરૂપ છે, કામો વિષરૂપ છે તથા કામો ઝેરી સર્પ જેવા છે એ કામોની પાછળ પડેના લોગ, તેમને પ્રાપ્ત કર્યા વિના જ દુર્ગતિ પામે છે [૯-૫૩]

दुमपत्तए पण्डुयए जहा निवडइ राइगणाण अच्चए ।
एव मणुयाण जीविय गोयम मा पमायए ॥

વખત જતા પાકુ થઈ ગયેલુ ઝાડનુ પાન જેમ (અચાનક) ખરી પડે છે, તેમ મનુષ્યનુ જીવિન પણ (અચાનક) ખરી પડે છે, માટે હે ગૌતમ ક્ષણ વાર પણ પ્રમાદ ન કરીશ [૧૦ ૧]

इइ इत्तरियम्मि आउए जीवियए बहुपच्चवायए ।
विहुणाहि रय पुरे कड समय गोयम मा पमायए ॥

આ જીવિન બહુ ચપળ છે તથા વિઘ્નોથી ભરપૂર છે, માટે ક્ષણ પણ પ્રમાદ કર્યા વિના હે ગૌતમ, તુ પૂર્વે કરેના કર્મ ખખેરી નાખ [૧૦ ૩]

सव्व विलविय गीय सव्व नट्ट विडम्बिय ।
सव्वे आभरणा भारा सव्वे कामा दुहावहा ॥
बालाभिरामेसु दुहावहेसु न त सुह कामगुणेसु राय ।
विरत्तकामाण तवोहणाण ज भिक्खुण सीलगुणे रयाण ॥

બધુ ગીત વિલાપ જેવુ છે, બધુ નાટ્ય વિડંબનારૂપ છે, બધા આભરણો ભારરૂપ છે, તથા બધા કામો દુખાવહ છે હે રાજા ! જેમા મૂર્ખા લોકોને આનંદ આવે છે, તેવા દુખાવહ કામોમા તે સુખ નથી, જે સુખ કામોથી વિરક્ત અને શીલગુણોમા રત એવા તપોધન ભિક્ષુને છે [૧૩,૧૬-૧૭]

नागो जहा पङ्कजलावसन्नो दट्ठुं थलं नाभिसमेइ तीरं ।
एवं वयं कामगुणेसु गिद्धा न भिक्खुणो मग्गमणुव्वयामो ॥

કાદવમાં ખૂંપી ગયેલો હાથી જેમ કિનારો જોવા છતાં કાંઠે આવી શકતો નથી, તેમ કામગુણમાં આસક્ત થયેલા અમે સત્ય માર્ગ દેખવા છતાં તેને અનુસરી શકતા નથી [૧૩ ૩૦]

अभाहयम्मि लोगम्मि सव्वओ परिवारिए ।
अमोहाहिं पडन्तीहिं गिहंसि न रइं लभे ॥

ચારે બાજુથી પીડા પામેલા અને ઘેરાયેલા લોકમાં જ્યાં અમોઘ કાળ દોડયા જ કરે છે ત્યાં ઘરમાં રહીને અમે શાંતિ નથી મેળવી શકતા [૧૪ ૨૧]

संसयं खलु सो कुणई जो मग्गे कुणई घरं ।
जत्थेव गन्तुमिच्छेज्जा तत्थ कुव्वेज्ज सासयं ॥

જ્યાં પોતાને હમેશ રહેવાનું નથી એવા રસ્તામાં જે ઘર કરે છે તે મૂર્ખ છે માણસે તો જ્યાં પોતાને કાયમનું જવાનું છે, ત્યાં ઘર કરવું જોઈએ [૯ ૨૬]

जस्सत्थि मच्चुणा सक्खं जस्स वऽत्थि पलायणं ।
जो जाणे न मरिस्सामि सो हु कंखे सुए सिया ॥

જેને મૃત્યુ સાથે મિત્રતા છે, જે તેના હાથમાંથી ભાગી ગયો છે અથવા 'હું મરવાનો નથી' એવું જે જાણે છે તે એવો વિચાર કરી શકે કે, 'આ હું આવતી કાલે કરીશ [૧૪ ૨૭]

रसा पगामं न निसेवियव्वा पायं रसा दित्तिकरा नराणं ।
दित्तं च कामा समभिद्दवन्ति दुमं जहा साउफलं व पक्खी ॥

ઘી દૂધ વગેરે દીપ્તિ કરનારા રસો યથેચ્છ ન સેવવા કારણ કે, જેમ સ્વાદુ ફળવાળા વૃક્ષ તરફ પક્ષીઓ ટોળાબંધ દોડી આવે છે, તેમ તેવા માણસ તરફ કામવાસનાઓ દોડી આવે છે [૩૨-૧૦]

जहा दवग्गी पउरिन्धणे वणे समारुओ नोवसमं उवेइ ।
एविन्दियग्गी वि पगामभोइणो न बम्भयारिस्स हियाय कस्सई ॥

જેમ ઘણાં કાષ્ઠવાળા વનમાં પવનસહિત લાગેલો દાવાગ્નિ શાંત થતો નથી, તેમ યથેચ્છ આહાર કરનાર બ્રહ્મચારીનો ઇંદ્રિયાગ્નિ શાંત થતો નથી. અતિ આહાર કોઈને હિતકર નથી [૩૨-૧૧]

कामं तु देवीहि विभूसियाहिं न चाइया खोभइउं तिगुत्ता ।
तहा वि एगन्तहियं ति नच्चा विवित्तवासो मुणिणं पसत्थो ॥

ભલેને મન, વાણી અને કાયાનું બરાબર રક્ષણ કરનારા હોય, તથા સ્વરૂપવાન અને અલંકૃત દેવીઓ પણ જેમને ક્ષોભ પમાડવા શક્તિમાન ન હોય પરંતુ તેવા મુનિઓએ પણ, અત્યંત હિતકર જાણી સ્ત્રી વગેરેથી રહિત એવો એકાંતવાસ જ સ્વીકારવો [૩૨-૧૬]

एए य सङ्गे समइक्कमित्ता सुहुत्तरा चेव भवन्ति सेसा ।
जहा महासागरमुत्तरित्ता नई भवे अवि गङ्गासमाणा ॥

જેઓ કામવાસનાને તરી ગયા છે, તેઓને બાકીની બીજી વાસનાઓ છોડવી સ્હેલી છે. મહાસાગર તરી

જનારાને ગંગા જેવી મોટી નદીનો પણ શો હિસાબ?
[૩૨.૧૮]

> आलओ थीजणाइण्णो थीकहा य मणोरमा ।
> संथवो चेव नारीणं तासिं इंदियदरिसणं ॥
> कुइयं रुइयं गीयं हाससुत्तासियाणि य ।
> पणीयं भत्तपाणं च अइमायं पाणभोयणं ॥
> गत्तभूसणमिट्ठं च कामभोगा य दुज्जया ।
> नरस्सत्तगवेसिस्स विसं तालउडं जहा ॥

[બ્રહ્મચર્યની વાડો] સ્ત્રીઓથી ભરપૂર ઘર, મનોરંજક સ્ત્રીકથા, સ્ત્રીઓનો પરિચય, તેઓની ઇંદ્રિયોનું નિરીક્ષણ, તેઓનાં કૂજિત, રુદિત, ગીત, હાસ્ય વગેરેની સાથે ભોજન અને મેદક રસવાળું ખાનપાન અને પ્રમાણથી વધારે ખાનપાન, શરીરની ટાપટીપ અને શબ્દાદિ કામવિષયોમાં આસક્તિ એ આત્મગવેષી બ્રહ્મચારી માટે તાલપુટ વિષ જેવાં છે [૧૬,૧૧-૧૩]

> जहा य अंडप्पभवा बलागा अंडं बलागप्पभवं जहा य ।
> एमेव मोहाययणं खु तण्हा मोहं च तण्हाययणं वयंति ॥

જેમ બગલી ઇંડામાંથી પેદા થાય છે અને ઇંડું બગલીમાંથી પેદા થાય છે, તેમ મોહનું ઉત્પત્તિસ્થાન તૃષ્ણા છે, અને તૃષ્ણાનું ઉત્પત્તિસ્થાન મોહ છે [૩૨.૬]

> दुक्खं हयं जस्स न होइ मोहो मोहो हओ जस्स न होइ तण्हा ।
> तण्हा हया जस्स न होइ लोहो लोहो हओ जस्स न किंचणाइं ॥

જેને મોહ નથી, તેનુ દુખ ગયુ, જેને તૃષ્ણા નથી તેનો મોહ ગયો, જેનામા લોભ નથી, તેની તૃષ્ણા ગઈ અને જેનુ કાઈ નથી તેને લોભ નથી [૩૨ ૮]

> किरिय च रोयइ धीरे अकिरिय परिवज्जए ।
> दिट्ठीए दिट्ठीसपन्ने धम्म चरसु दुच्चर ॥

બુદ્ધિમાન પુરુષ ક્રિયામા રુચિ રાખે છે, અને અક્રિયાનો ત્યાગ કરે છે શ્રદ્ધાયુક્ત માણસે શ્રદ્ધા અનુસાર કઠણ ધર્મનુ પણ આચરણ કરવુ [૧૮ ૩૩]

> जहा गेहे पलित्तम्मि तस्स गेहस्स जो पहू ।
> सारभण्डाणि नीणेइ असार अवउज्झइ ॥
> एव लोए पलित्तम्मि जराए मरणेण य ।
> अप्पाण तारइस्सामि तुब्भेहि अणुमन्निओ ॥

જ્યારે ઘર સળગે છે, ત્યારે ઘરનો ધણી તેમાથી સારવસ્તુઓ લઈ લે છે અને અસારવસ્તુઓ જતી કરે છે તેમ જરા અને મરણથી સળગેલા આ સંસારમાં તમારી (વડીલજનોની) અનુમતિથી મારા આત્માને તારવા ઇચ્છુ છુ [૧૯ ૨૨-૩]

> अप्पा नई वेयरणी अप्पा मे कूडसामली ।
> अप्पा कामदुहा धेणू अप्पा मे नन्दण वण ॥
> अप्पा कत्ता विकत्ता य दुक्खाण य सुहाण य ।
> अप्पा मित्तममित्त च दुप्पट्ठियसुपट्ठिओ ॥

આપણો આત્મા જ નરકની વૈતરણી નદી તથા ફૂટ શાલ્મલી વૃક્ષ છે. આપણો આત્મા જ સ્વર્ગની કામદુધા ધેનુ તથા નંદનવન છે. દુઃખો અને સુખોનો આત્મા જ કર્તા અને વિકર્તા છે. સારે માર્ગે જનારો આત્મા જ મિત્ર છે અને ખરાબ માર્ગે જનારો આત્મા જ શત્રુ છે. [૨૦ ૩૬-૭]

वया अट्ठीया न भवन्ति ताणं भुत्ता दिया निंति तमं तमेणं ।
जाया य पुत्ता न हवंति ताणं को णाम ते अणुमन्नेज्ज एयं ॥

ભણેલા વેદો બચાવી શકતા નથી; જમાડેલા બ્રાહ્મણો અંધારામાંથી અંધારામાં લઈ જાય છે; સ્ત્રીઓ અને પુત્રો પણ રક્ષણ કરી શકતા નથી; તો કોણ એ બધાને સ્વીકારે? [૧૪-૧૨]

पसुबन्धा सव्ववेया य जट्ठं च पावकम्मुणा ।
न तं तायन्ति दुस्सीलं कम्माणि बलवन्ति हि ॥

પશુઓને યજ્ઞમાં બાંધવા અને હોમવા વગેરે યજ્ઞકર્મો તથા તેમનું વિધાન કરનારા બધા વેદો પાપકર્મના કારણરૂપ હોઈ દુઃશીલ માણસને બચાવી શકતા નથી. કર્મો જ આ જગતમાં બળવાન છે. [૨૫-૩૦]

न हु पाणवहं अणुजाणे मुच्चेज्ज कयाइ सव्वदुक्खाणं ।
एवारिएहिं अक्खायं जेहिं इमो साहुधम्मो पन्नत्तो ॥

પ્રાણીઓનો વધ કરનાર-કરાવનાર કદી સર્વ દુઃખોમાંથી મુક્ત થઈ શકતો નથી, એવું આ સુંદર ધર્મ ઉપદેશનારા આર્ય પુરુષોએ કહ્યું છે. [૮-૮]

न वि मुण्डिएण समणो न ओंकारेण बम्भणो ।
न मुणी रण्णवासेण कुसचीरेण तावसो ॥
समयाए समणो होइ बम्भचेरेण बम्भणो ।
नाणेण उ मुणी होइ तवेण होइ तावसो ॥
कम्मुणा बम्भणो होइ कम्मुणा होइ खत्तिओ ।
वइसो कम्मुणा होइ सुद्दो हवइ कम्मुणा ॥

માત્ર મુંડાવાથી શ્રમણ થવાય નહિ માત્ર ઓમકારથી બ્રાહ્મણ થવાય નહિ, માત્ર અરણ્યવાસથી મુનિ થવાય નહિ, અને માત્ર દાભના વસ્ત્રથી તાપસ થવાય નહિ પરંતુ, સમતાથી શ્રમણ, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ, જ્ઞાનથી મુનિ અને તપથી તાપસ થવાય કર્મથી જ માણસ બ્રાહ્મણ ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર થાય છે [૨૫ ૩૦ ૩]

नाणस्स सव्वस्स पगासणाए अन्नाणमोहस्स विवज्जणाए ।
रागस्स दोसस्स य संखएणं एगन्तसोक्खं समुवेइ मोक्खं ॥

સવ પ્રકારના જ્ઞાનને નિર્મળ કરવાથી અજ્ઞાન અને મોહનો ત્યાગ કરવાથી, તથા રાગ અને દ્વેષનો ક્ષય કરવાથી એકાંતિક સુખરૂપી મોક્ષ પ્રાપ્ત થાય છે [૩૨-૨]

तस्सेस मग्गो गुरुविद्धसेवा विवज्जणा बालजणस्स दूरा ।
सज्झायएगन्तनिसेवणा य सुत्तत्थसंचिन्तणया धिई य ॥

તેનો માર્ગ આ પ્રમાણે છે સદ્ગુરુ અને જ્ઞાનવૃદ્ધ પુરુષોની સેવા કરવી અજ્ઞાનીઓનો સંગ દૂરથી જ ત્યાગવો એકાગ્રચિત્તથી સત્શાસ્ત્રનો અભ્યાસ કરવો, તેના અર્થનું ચિંતન કરવું અને ચિત્તની સ્વસ્થતારૂપી ધૃતિ કેળવવી [૩૨ ૩]

સૂચિ

સૂચિ